હરસ-મસા
ફીશર, ભગંદર
એપોઇન્ટમેન્ટ લઇને આવવું
પીયૂષપાણિ હોસ્પિટલ
બાલમુકુન્દ પ્લોટ, શેફાલી ટાવર પાછળ, મંગલ ભવન ટાવર પાસે, નિર્મલા રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૫૭૬૩૦૦ | મો : ૯૯૨૫૯ ૧૩૨૩૧

દરરોજ બપોરે પ્રિમીયમ
ગુજરાતી થાળી
મિઠાસ અને સ્વાદનો પર્યાય
બર્થ ડે પાર્ટી હોલ + સ્પેશ્યલ મેનુ સાથે
લકઝુરીયસ 39 ROOM
સાંજે પંજાબી-સા.ઈન્ડીયન-ચાઈનીઝ-કોન્ટીનેન્ટલ મેનુ ઉપલબ્ધ
HOTEL KAVERY
PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
63566 66777
63566 66333

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૨૦
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

ઓછા ગોળની રૂા.૧૪૦
450g
Pride of Rajkot
જલારામ ચીકી
Since 1962
સોની બજાર - ઈન્દીરા સર્કલ
લીમડા ચોક - કુવાડવા રોડ (ડી-માર્ટ પાસે)

૪૧ વર્ષનો બહોળો અનુભવ ધરાવતી
હરસ,ભગંદર,ફીશરની
સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક ફોકસ-ઉલ્ટ્રાસોનિક્સ લેસર-HAL-IRC-K.S. થી
આધુનિક સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 9824066321
લાખો દર્દીઓની દવા અને પરેજીથી સફળ સારવાર

ફોન: ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪ ■ વર્ષ: ૪૯ ■ અંક: ૮૮ ■ 27 November 2026 ■ શુક્રવાર ■ કારતક વદ-૩/૪ ■ પ્રકાશન સ્થળ:અકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

ગુજરાતને રક્તરંજિત કરવાનું મોટું કાવતરું ATSએ નિષ્ફળ બનાવ્યું છે. ૬ મહિનાથી વધુ સમયની વોચ બાદ વડોદરા નજીક જરોદ બસ સ્ટેન્ડ પરથી AK-૪૭ અને ૨૩ જીવતા કારતૂસ સાથે આસામના મોહમ્મદ શાહરૂલ ઇસ્લામની ધરપકડ

વડોદરા : જૈશનો આંતકી હથિયારો સાથે ઝડપાયો

વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલો કરી પાકિસ્તાન ભાગવાનો હતો પ્લાન: ૧ વર્ષથી જૈશ સાથે જોડાયેલા આ આતંકીના ફોનમાંથી સાહિત્ય મળ્યું : જાહેર સ્થળો પર આતંક ફેલાવવામાં આવ્યો હતો

47 YEARS OF EXCELLENCE
SRAMAYEVA JAYATHE
NARAYANA SCHOOLS

Proudly Launching
Our New Branch in
NANAMAVA-RAJKOT,
ON 29TH NOVEMBER 2026.







FULFIL DREAMS
TO EXCEL IN ACADEMICS,
SPORTS, AND LIFE.





Integrated curriculum- best of multiple boards
LIFE SKILLS
YOGA VEEKSHAN
nLearn Online learning app
nSports Age-appropriate sports curriculum
disha YOUR JOURNEY
nConnect Stay Connected, Stay Informed.

ADMISSIONS OPEN
NURSERY TO VII

NANAMAVA - RAJKOT
Survey No.-49,T.P.NO.-20, F.P.No.-28/1 & 28/2.
Satyam Park-1,B/H, Sayaji Hotel, Nana Mava Main Road,
Nana Mava Village, Rajkot, Gujarat-360005
Ph: 9247921595, 9978023499.

#YourDreamsAreOurDreams
1800 102 3344 narayanaschools.in

campaign

૪૫ હજાર સ્વયંસેવકો, ૫૦૦ ચુલા અને ૧૫૦૦ વીઘામાં ભવ્ય આયોજન: તૈયારીઓ વેગવંતી

બગદાણામાં ૨૦થી ૨૫ જાન્યુઆરીએ ૨૫ લાખ ભક્તોનો મહાસાગર ઉમટશે!

ભાવનગરના બગદાણા ગુરુ આશ્રમમાં બજરંગદાસ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે ૨૦થી ૨૫ જાન્યુઆરીએ અર્ધશતાબ્દી મહોત્સવ યોજાશે



અમદાવાદ: તા.૨૭: ભાવનગર જિલ્લામાં સ્થિત સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ગુરુ આશ્રમમાં બજરંગદાસ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે યોજાનારા અર્ધશતાબ્દી મહોત્સવને લઈને તૈયારીઓ વેગવંતી બની છે. આગામી ૨૦થી ૨૫ જાન્યુઆરીના રોજ યોજાનારા આ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૨૫ લાખ શ્રદ્ધાળુઓ ઉમટશે તેવી શક્યતા છે.

આ મહોત્સવની સૌથી મોટી વિશેષતા માત્ર ભક્તોની સંખ્યા જ નહીં પરંતુ ૪૫ હજાર સ્વયંસેવકોની શિસ્તબદ્ધ સેવા અને ૨૮ સમિતિઓનું સંકલન છે. અંદાજે ૧૫૦૦ વીઘા વિસ્તારમાં ફેલાયેલા આ આયોજનમાં યજ્ઞશાળા, ધર્મસભા, ભોજનશાળા અને પાર્કિંગ સહિતની સુવિધાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

બજરંગદાસ બાપાની ૫૦મી મહાનિર્વાણ તિથિના અવસરે આયોજિત મહોત્સવ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓ માટે ત્રણ ટાઈમ ભોજન અને મહાપ્રસાદની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેના માટે વિશાળ આયોજનની વિગતે વાત કરીએ તો, ભોજન વ્યવસ્થા માટે અંદાજે ૨.૨૬ લાખ કિલો ઘઉંનો લોટ વપરાશે. મહાપ્રસાદ તૈયાર કરવા માટે આશરે ૫૦૦ ચુલા કાર્યરત કરવામાં આવશે, ઉપરાંત વિશાળ ભોજનશાળામાં એક સાથે અંદાજે ૨ લાખ લોકો મહાપ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા છે.

અંદાજે ૬ લાખ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી સંભાવના અને પરિસરમાં એકસાથે ૨ લાખ લોકો હાજર રહી શકે તે રીતે માળખાગત સુવિધાઓ ગોઠવવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓને કોઈ હાલાકી ન પડે તે હેતુથી પીવાના, સ્નાન અને શૌચાલયના ઉપયોગ માટે દરરોજ ૭૨ લાખ લિટર પાણી તથા ૨,૦૦૦થી વધુ શૌચાલય યુનિટ ઉપલબ્ધ કરાશે.

આશરે ૫૦ હજાર લોકો માટે રાત્રિ રોકાણની વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. તેની સાથે સાથે સમગ્ર પરિસરમાં ૫૦૦થી વધુ CCTV કેમેરા, ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ, ૧૦ મેડિકલ પોસ્ટ અને ૨૫ એમ્બ્યુલન્સ તૈનાત રાખવાનું આયોજન કરાયું છે. તેમજ ૩૦૦ એકરનો વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બગદાણા ગુરુ આશ્રમ ટ્રસ્ટ હેઠળ દર્શન, મહાપ્રસાદ, પાર્કિંગ, પાણી, સ્વચ્છતા, આરોગ્ય, સુરક્ષા અને ઉતારાની જવાબદારી અલગ-અલગ સમિતિઓને સોંપાઈ છે. ત્રણ શિફ્ટમાં કામ કરતા સ્વયંસેવકો છેલ્લા બે મહિનાથી સક્રિય છે.

સ્વયંસેવક મનજીભાઈ ડોડિયાના જણાવ્યા મુજબ, યજ્ઞશાળા, રસોડાં અને નવા બિલ્ડિંગનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. બગદાણા ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી ભક્તો અને સેવકો જોડાયા છે, અને દરેક સમાજના ભાઈઓ-બહેનો સહભાગી બને તેવું આયોજન કરાયું છે. તેઓ પોતે છેલ્લા ત્રણ મહિનાથી સેવામાં જોડાયેલા છે અને મહોત્સવ પૂર્ણ થાય ત્યાં સુધી બગદાણામાં રહીને સેવા આપવાનો સંકલ્પ ધરાવે છે.(૪૧.૧૪)

રાજકોટ શહેર-જીલ્લાની સંકલિત મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ: એક મહીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

રવીવાર તથા ૬ અને ૧૩ ડીસેમ્બરે બૂથ ઉપર સવારે ૧૦ થી સાંજે ૫ ખાસ કેમ્પ

રાજકોટ, તા. ૨૭: રાજકોટ જિલ્લામાં ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જે મુજબ, આજે શુક્રવારે સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આજથી ૨૬ ડિસેમ્બર દરમિયાન મતદારો પાસેથી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

૧૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવશે. મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ કરવામાં આવશે. આ ઉપરાંત તા. ૨૯ નવેમ્બર ને ડિસેમ્બર ને રવિવાર ખાસ ઝુંબેશના દિવસો (બી.એલ.ઓ.) સવારે ૧૦થી સાંજે ૫ રવિવાર, ૬ ડિસેમ્બર ને રવિવાર તથા ૧૩ રહેશે. આ દરમિયાન બૂથ લેવલ ઓફિસર સુધી બૂથ પર હાજર રહેશે. (૩.૮)

પુનિત સદ્‌ગુરૂ ભજન મંડળ દ્વારા શુક્ર-શનિ મિરાણી- રાઠોડ પરિવારમાં ભજન



રાજકોટ: શ્રી પુનિત સદ્‌ગુરૂ ભજન મંડળ દ્વારા તા.૨૭ શુક્રવારે રાત્રે ૯:૩૦ વાગ્યે સ્વ શારદાબેન એમ. મિરાણીની વરસી પ્રસંગે શ્રી કિશોરભાઈ માણેકલાલ મિરાણીને ત્યાં કચ્છી લોહાણા મહાજનવાડી જુનો મોરબી રોડ, લાતી પ્લોટ ખાતે ગિરીરાજ પાર્ટી પ્લોટ પાસે યોજાશે. તેમજ તા. ૨૮ શનિવારે રાત્રે ૯:૩૦ વાગ્યે સ્વ. જશુભાઈ વેલજીભાઈ રાઠોડને શ્રધ્ધાજલી અર્પણ કરવા માટે શ્રી ગીતાબેન જશુભાઈ રાઠોડને ત્યાં 'પ્રિયદર્શની', ૮/૨૦ મીલપરા, રઘુવીર પાર્ક ખાતે ભજન યોજાશે. ભાવિકો-સભ્યોને સમયસર પધારવા મિરાણી , રાઠોડ પરિવાર તથા પ્રમુખશ્રી જયેશભાઈ નથવાણીએ અનુરોધ કરેલ છે. (૩૫-૧૫)

શ્રી જામદુધઈ યુવક મંડળ - રાજકોટ દ્વારા વિદ્યાર્થી સન્માનનું પણ આયોજન

રાજકોટમાં વસતા જામદુધઈ ગામના સર્વજ્ઞાતિજનોનું રવિવારે સ્નેહ મિલન

રાજકોટ: શહેરમાં વસતા જામદુધઈ ગામના સર્વજ્ઞાતિજનોના સ્નેહમિલનની વર્ષ-૨૦૧૨ થી શરૂઆત કરવામાં આવેલ છે. આ વર્ષે પણ સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સરસ્વતી સન્માન, રાસ ગરબા તથા સમુહ ભોજનનું આયોજન તા. ૨૯ ને રવિવારના રોજ કરવામાં આવેલ હોવાનું કારોબારી સમિતિ, શ્રી જામદુધઈ યુવક મંડળ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

કાર્યક્રમની ઝલક: જામ દુધઈ ગામના સર્વજ્ઞાતિ પરિવારના સભ્યોને આવકાર, હોદેદારો, અધ્યક્ષ, સહયોગીઓ તથા મહેમાનોને આવકાર અને સ્ટેજ પર સ્થાન ગ્રહણ,દિપ પ્રાગટ્ય તથા સંતશ્રી ગોપાલદાસબાપુની સમુહ આરતી, અધ્યક્ષ, સહયોગીઓ તથા મહેમાનોનું સન્માન, ધો૨ણ ૧ થી કોલેજના વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ,સાંસ્કૃતિક કાર્યક્રમ,કાર્યક્રમને અનુરૂપ ટુંકું શાબ્દિક પ્રવચન, આભાર વિધી, સ્વરૂચિ સમુહ ભોજન વધુ માહિતી માટે મનસુખભાઈ પરમાર, મો.૯૪૨૬૭ ૮૩૦૯૭, ડાયાભાઈ વિરડા, મો. ૯૮૭૯૩ ૯૬૩૩૦ નો સંપર્ક સાધવો.તા.૨૯, રવિવાર, સમય: સાંજે ૪:૩૦ કલાકે, સ્થળ: શ્રી રંગીલા હનુમાનજી મંદિર, કોઠારીયા મેઈન રોડ, વિવેકાનંદ શેરી નં. ૧૪, આંબેડકર ભુવનની સામે, રાજકોટ (૩૫-૮)

બારદાનવાલા કન્યા વિદ્યાલયમાં કાલે શિવલાલભાઇ વેકરીયાની પ્રાર્થનાસભા

પૂ. પરમાત્માનંદ સરસ્વતી ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલી અર્પશે



રાજકોટ : ભૂતપૂર્વ સાંસદ, કેળવણીકાર, ખેડૂત નેતા શિવલાલભાઈ વેકરીયાનું તા. ૧૦.૧૧.૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને શાંતિ અર્થે શ્રી એ.પી. પટેલ કન્યા છાત્રાલય - રાજકોટ, શ્રી લેઉવા પટેલ બોર્ડિંગ, મવડી - રાજકોટ, એમ.જે. માલાણી કન્યા છાત્રાલય - ખામટા, ડી.બી. પટેલ કન્યા છાત્રાલય - આટકોટ, હિરપરા કન્યા છાત્રાલય - કાલાવડ, યુ.એલ.ડી. કન્યા છાત્રાલય - ગોંડલ, એમ.એમ. સભાયા કન્યા છાત્રાલય - ચાંદલી, શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ - વાણીયાવાડી - પટેલ વાડી, શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ - બેડીપરા તથા શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન - રાજકોટ વિગેરે સંસ્થાઓના સંયુકત ઉપક્રમે આયોજીત પ્રાર્થનાસભામાં આર્ષ વિદ્યામંદિર મંજુકાના પરમાત્માનંદ સરસ્વતી ઉપસ્થિત રહી સ્વ. શિવલાલભાઈને શ્રદ્ધાંજલી પાઠવશે. તા. ૨૮ શનિવારે સાંજના ૪ કલાકે, સ્થળ : બારદાનવાલા કન્યા વિદ્યાલય, 'ટોપલેન્ડ વિદ્યાભવન', એસ્ટ્રોન સોસાયટી, રાજકોટ. (૩૬.૧૦)

૨૦૧૭માં નક્કી થયેલા ફીના ધોરણોને ૯મું વર્ષ છતાં યથાવત

સમિતિએ જૂન ૨૦૨૪માં રિપોર્ટ સુપરત કર્યો પણ હજુ નિર્ણય નહીં

પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક રૂ. ૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહ માટે રૂ. ૩૦ હજારની ફીની મર્યાદા બાંધવામાં આવી હતી

અમદાવાદ, તા.૨૭: રાજ્યની ખાનગી શાળાઓની ફી નિર્ધારણની પ્રક્રિયા હાલ સરકારની ઉદાસીનતા અને ઢીલી નીતિનો ભોગ બની રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. વર્ષ ૨૦૧૭માં રાજ્ય સરકારે ખાનગી સ્કૂલો માટે ફીના જે સ્લેબ નક્કી કર્યા હતા, તેને આજે નવમું વર્ષ ચાલી રહ્યું છે, પરંતુ તેમાં એક રૂપિયાનો પણ ફેરફાર કરાયો નથી. આશ્ચર્યની વાત એ છે કે ફીના સ્લેબમાં સુધારો કરવા માટે રચાયેલી સમિતિએ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યાને પણ લગભગ અઢી વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં આ અહેવાલ શિક્ષણ વિભાગના કબાટમાં ધૂળ ખાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

રાજ્યમાં ફી નિર્ધારણ કાયદો અમલમાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં સરકારે ખાનગી શાળાઓ માટે ત્રણ મુખ્ય સ્લેબ નક્કી કર્યા હતા. આ નિયમ મુજબ, પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક રૂ. ૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહ માટે રૂ. ૩૦ હજારની ફીની મર્યાદા બાંધવામાં આવી હતી. જોકે, સમય જતાં મોંઘવારી, શિક્ષકોના પગાર અને શાળાના નિભાવ ખર્ચમાં સતત વધારો થવા છતાં ફીના આ માળખામાં કોઈ સુધારો કરાયો નહોતો. લાંબા સમયથી ફીના સ્લેબ યથાવત



રહેતા ખાનગી શાળાના સંચાલક મંડળોએ રાજ્ય સરકાર સમક્ષ અનેક વખત રજૂઆત કરી ફીમાં વધારો કરવાની માગ કરી હતી. સંચાલકોની સતત રજૂઆતો અને માગણીઓને ધ્યાનમાં રાખીને આખરે જૂન ૨૦૨૩માં શિક્ષણ વિભાગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં રાજ્યના ચાર મુખ્ય મહાનગરના જિલ્લા શિક્ષણાધિકારીને પણ સભ્ય તરીકે સામેલ કરાયા હતા. સમિતિની રચના બાદ ફીના સ્લેબમાં સુધારણા અંગે પારદર્શિતા જળવાઈ રહે તે હેતુથી વાલીઓ, સંચાલકો અને સામાન્ય નાગરિકો પાસેથી પણ સૂચનો મગાવાયા હતા.

તમામ પાસાઓનો અભ્યાસ અને સૂચનોની ચકાસણી કર્યા બાદ શિક્ષણ બોર્ડના તત્કાલિન સચિવે જૂન ૨૦૨૪માં એક વિસ્તૃત અહેવાલ શિક્ષણ વિભાગને સુપરત કર્યો હતો. સંચાલકોને આશા હતી કે અહેવાલ રજૂ થયા બાદ નવા શૈક્ષણિક સત્રથી ફીના સ્લેબમાં સુધારો થશે, પરંતુ, જૂન ૨૦૨૪માં રિપોર્ટ સોંપાયા બાદ અઢી વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં સરકારે આ મામલે કોઈ જ નક્કર નિર્ણય લીધો નથી.

શિક્ષણ જગતમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે જો સરકારને કોઈ નિર્ણય લેવો જ નહોતો તો સમિતિની રચના અને લોકો પાસેથી સૂચનો મગાવવાની કવાયત શા માટે કરવામાં આવી? ફીના જૂના સ્લેબ જ અમલમાં છે, જેને કારણે શાળા સંચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.(૩૬.૪)

૧૦ ડિસેમ્બર પછી ઠંડીનું જોર વધી શકે , રાજ્યના કેટલાક વિસ્તારોમાં પારો ૧૦થી ૧૨ ડિગ્રી સુધી ગગડશે

૧૦થી ૨૪ ડિસેમ્બર કેટલાક વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાંની પણ સંભાવના: હવામાનખાતું

રાજકોટ: ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. કચ્છનું નલિયા ૧૦.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું છે. રાજકોટમાં પણ પારો ગગડીને ૧૪.૪ ડિગ્રીએ પહોંચ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં વહેલી સવારે ઠંડીની વધુ અસર અનુભવાઈ રહી છે. પોરબંદર ૧૪.૮, ડીસા ૧૪.૯, વડોદરા ૧૬.૨, દીવ ૧૬.૫, અમદાવાદ ૧૭, કંડલા ૧૭.૫, ભુજ ૧૭.૬, દ્વારકા ૧૮.૭ અને સુરતમાં ૧૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગની તાજી આગાહી અનુસાર આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. તા. ૩ ડિસેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે કોઈ વિશેષ હવામાન ચેતવણી જાહેર કરવામાં આવી નથી. રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે અને ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાશે.

હવામાન વિભાગના લાંબા ગાળાના પૂર્વાનુમાન અનુસાર તા. ૧૦ ડિસેમ્બર પછી ઠંડીનું જોર વધી શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૧૦થી ૧૨ ડિગ્રી સુધી ગગડવાની સંભાવના છે. તા. ૧૦થી ૨૪ ડિસેમ્બર દરમિયાન કેટલાક વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાંની પણ પ્રાથમિક સંભાવના દર્શાવવામાં આવી છે. (૩૫-૯)

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર વધ્યું: નલીયા ૧૦.૮, અમરેલી ૧૩.૪ ડિગ્રી

મોડી રાત્રીના અને વહેલી સવારના સમયે ઠંડકની વધુ અસર: બપોરે ધોમધખતો તાપ

રાજકોટ, તા. ૨૭: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીના જોરમાં વધારો થયો છે અને લઘુતમ તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરી ગયો છે.

આજે કચ્છના નલીયામાં ૧૦.૮, અમરેલી ૧૩.૪, રાજકોટમાં ૧૪.૪, જામનગરમાં ૧૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છની સાથે ગુજરાતમાં શિયાળાની શરૂઆત સાથે જ ઠંડીનું જોર વધવા લાગ્યું છે, આજે નોંધાયેલા લઘુત્તમ તાપમાનના આંકડા મુજબ રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૦.૮ ડિગ્રી નોંધાયું છે, જ્યારે અમરેલીમાં ૧૩.૪ ડિગ્રી, રાજકોટમાં ૧૪.૪ ડિગ્રી, ડીસામાં ૧૪.૮ ડિગ્રી અને પોરબંદરમાં ૧૪.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે, આ ઉપરાંત અમદાવાદમાં ૧૭.૦ ડિગ્રી, વડોદરામાં ૧૬.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૮.૨ ડિગ્રી, ભુજમાં ૧૭.૨ ડિગ્રી, દમણમાં ૧૭.૬ ડિગ્રી, દીવમાં ૧૬.૫ ડિગ્રી, દ્વારકામાં ૧૮.૭ ડિગ્રી, કંડલામાં ૧૭.૫ ડિગ્રી, સુરતમાં ૧૯.૧ ડિગ્રી, ઓખામાં ૨૦.૬ ડિગ્રી અને વેરાવળમાં ૨૦.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે, જ્યારે ડાંગ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરના આંકડા ઉપલબ્ધ થયા નથી, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન પ્રમાણમાં ઊંચું રહ્યું છે, આગામી દિવસોમાં ઠંડીમાં હજુ વધારો થવાની શક્યતા છે.

કયાં કેટલી ઠંડી

શહેર	લઘુતમ તાપમાન
અમદાવાદ	૧૭.૦ ડિગ્રી
અમરેલી	૧૩.૪ ડિગ્રી
બરોડા	૧૬.૨ ડિગ્રી
ભાવનગર	૧૮.૨ ડિગ્રી
ભુજ	૧૭.૨ ડિગ્રી
દમન	૧૭.૬ ડિગ્રી
ડીસા	૧૪.૯ ડિગ્રી
દીવ	૧૬.૫ ડિગ્રી
દ્વારકા	૧૮.૭ ડિગ્રી
કંડલા	૧૭.૫ ડિગ્રી
નલિયા	૧૦.૮ ડિગ્રી
પોરબંદર	૧૪.૮ ડિગ્રી
રાજકોટ	૧૪.૪ ડિગ્રી
સુરત	૧૯.૧ ડિગ્રી
વેરાવળ	૨૦.૭ ડિગ્રી
જામનગર	૧૬.૪ ડિગ્રી

જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર: બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૧૬.૪ ડિગ્રી, મહતમ તાપમાન ૩૦.૫ ડિગ્રી, ભેજનું પ્રમાણ ૫૮ ટકા અને પવનની ગતિ ૪ કિ.મી. રહી છે.(૬.૮)

સવારે ચા મને સાજ
અકિલા
www.akilanews.com
વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક: અકિલા

ભચાઉ નજીક મોડી રાત્રે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ

કચ્છની ધરતી વધુ એક વખત ધ્રુજી ઉઠી છે. ભચાઉ નજીક મોડી રાત્રે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે: કેન્દ્રબિંદુ ભચાઉથી ૮ કિ.મી. દૂર ઉત્તર-ઉત્તર પૂર્વમાં નોંધાયું હતું, ભૂકંપની ઉંડાઇ ૨૦.૧ કિ.મી. નોંધાયાનું જાહેર થયું છે. (૭.૨૦)

વિજાણુયંત્રના વિકાસ અંગે જે. કૃષ્ણમુર્તિજીએ કરેલ વાત ફિલ્મ પર્લ હાર્બરમાં સચોટ રીતે રજુ

વૈશ્વિક તત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિજી કહેતા કે વિજાણુયંત્રનો વિકાસ અને તેના અતિરેકથી નિર્દયતા જન્મે છે અને અંતે યુધ્ધમાં નિમિત બને છે. વિશ્વયુધ્ધની આવી સત્યવાત, સત્યકથા વાસ્તવિક સ્વરૂપે હોલીવુડની ફિલ્મ પર્લ હાર્બરમાં દર્શાવવામાં આવી છે. યુધ્ધની વિનાશકતા અને તેના ઘાતક પરીણામ આજે વિશ્વમાં ચોતરફ વરતાય છે. જયારે વિશ્વયુધ્ધના મેદાનમાં અનેક દેશો તેનો સ્વાર્થ સાધવા તત્પર થયા. આ દેશોમાંથી કેટલાક વિસ્તારવાદી હતા. જેમાં આજની ત્રણ ત્રણ મહાસતા અને તેની શક્તિનું પ્રદર્શન વિશ્વના અનેક દેશોમાં સમયાંતરે થતુ રહે છે. જે વિજાણુયંત્રના વિકાસનો જ અતિરેક છે. વિશ્વયુધ્ધના સંદર્ભમાં જોવા જઈએ તો ફિલ્મ કથા પર્લ હાર્બરનો મુખ્ય નાયક એરફોર્સનો પાયલોટ ચેસાયર તેનું ફાયટર લઈને પૂર્વના દેશો પર પ્રહાર કરવા નીકળે છે. પરંતુ ત્યારે તેને જરા પણ ખ્યાલ નહોતો કે આ ફાઈટર વિમાનની નીચે મહાવિનાશક અણુબોંબ જોડાયેલો છે. જે દેશ પર આ અણુબોંબનો પ્રહાર થયો તે દેશ હતો જાપાન. તેનું શહેર એટલે હીરોશીમા. આ અણુબોંબની વિજાણુ અસર વર્ષોપર્યત રહી. આ અસહ્ય ઘટનાની ખુબ ઉંડી અસર જાપાનીઝ પર થઈ. વળતા પ્રહારની ભાવના કાયમ થઈ. તકવાદી જાપાનીઝ જાસુસોએ એક તખ્તો તૈયાર કર્યો. યુ.એસ.ના દક્ષિણ પૂર્વના દરીયાઈ વિસ્તારના કિનારા પરના પર્લ હાબરને નિશાના પર રાખવામાં આવ્યુ. જાપાનીઝ જાસુસોએ ટ્રાવેલ બેગમાં પ્રવાસીનારૂપમાં કેમેરા ગોઠવી અનેક તસ્વીરો અંકિત કરી. જેના આધારે જાપાનીઝ એરફોર્સ પાયલોટે વળતા પ્રહારો કર્યા અને તેનું પરિણામ શું આવ્યુ એ ફિલ્મમાં નિહાળી શકાય છે. (૧૬.૧)

- ભૂષણ કારેલીયા, રાજકોટ

આજના શુભ દિવસે...
વિનુભાઈ જગડા • ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧
જેને બધું ફાવે, જેને બધું ભાવે, તેના જીવનમાં દુ:ખ કદી ન આવે...

આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥ વિક્રમ સંવત-૨૦૮૩ વીર સંવત ૨૫૫૩ શાલિવહન શક-૧૯૪૮ ઇસ્વીસન-૨૦૨૬ તા.૨૮-૧૧-૨૦૨૬ શનિવાર કારતક વદ-૫ જૈન સુવિધિનાથ જન્મ કલ્યાણક

આજના ગ્રહો
સૂર્ય-વૃશ્ચિક
ચંદ્ર-મિથુન
મંગળ-સિંહ
બુધ-તુલા
ગુરૂ-સિંહ
શુક્ર-તુલા
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૭-૦૯
સૂર્યાસ્ત- ૬-૦૦
જૈન નવકારશી- ૭-૫૭
ચંદ્ર રાશિ : મિથુન (ક.છ.ઘ.)
૭-૨૪ થી કર્ક (ડ. હ.)

નક્ષત્ર-પુનર્વસ
રાહુ કાળ ૯-૫૨ થી ૧૧-૧૩
દિશાશૂળ-પૂર્વ
માંગલિક કાર્યોનો શુભ સમય
અભિજિત વિજય મુહુર્ત
૧૨-૧૩ થી ૧૨-૫૬ સાંજનો શુભ સમય ૧૮-૦૧ થી ૨૦-૩૫ સુધી
૮-૩૦ થી શુભ ૯-૫૨ સુધી ૧૨-૩૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૩૯ સુધી
૧૮-૦૧ થી લાભ ૧૯-૩૯ સુધી
૨૧-૧૮ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૪ સુધી

શુભ હોરા
૮-૦૩ થી ૮-૫૭ સુધી ૧૦-૪૩ થી ૧૩-૨૯ સુધી ૧૪-૨૩ થી ૧૫-૧૮ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી

બ્રહ્માંડના સીતારા
જન્મ કુંડલીમાં સૂર્યની સાથે શનિ હોય તો શું ફળાદેશ કરવું. સૂર્યને પિતા કારકનો ગ્રહો માનવામાં આવે છે. અને શનિને પુત્રનો ગ્રહ માનવામાં આવે છે. ઘણી વખત શનિ - સૂર્ય સાથે હોય તો સામાન્ય જાણકારોનુ ફળાદેશ કોઇક આવુ હોય છે કે પિતાની સાથે લેણુ ન રહે. પણ ખરેખર વાસ્તવીકતા અલગ જ હોય છે. અહીં શનિ અને સૂર્યની કંઈ રાશિ છે. પોતાની રાશિમાં છે કે કેમ તે બાબતને ધ્યાનમાં લેવી જોઇએ. (૫-૩)

અવસાન નોંધ

મહેન્દ્રભાઇ રાણપરા

રાજકોટ: ગો.વા. મોહનલાલ રાજશીભાઈ રાણપરાવાળા સ્વ. ધીરજલાલ મોહનલાલ રાણપરાના પુત્ર, તે હિરેનભાઈ, જીજ્ઞેશભાઈના પિતા મહેન્દ્રભાઇ ધીરજલાલ રાણપરા (ઉ.વ. ૬૪)નું તા.૨૬ ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૮, શનિવારે સ. ૧૦:૩૦ થી ૧૨ વાઘેશ્વરવાડી, રામનાથપરા, રાજકોટ ખાતે રાખેલ છે. (૩૫-૬)

વસંતબેન કાટબામણા

જૂનાગઢ: બ્રહ્મક્ષત્રિય અ.સૌ. વસંતબેન હરિલાલ કાટબામણા (ઉ.વ. ૭૦) તે હરિલાલ ડાયાલાલ કાટબામણા (નિવૃત પા.પૂ બોર્ડ)ના ધર્મપત્ની તથા અરુણ કાટબામણા (પા.પૂ બોર્ડ જુનાગઢ) નયનાબેન વીંછી (સુરત), પલ્લવીબેન સોનેજી (રાજકોટ), મીનાબેન પડિયા (સુરત) ના માતુશ્રી અને અમૃતલાલ કાટબામણા ના ભાભી અને શ્રેયાંશ, અંશ ના દાદીમાં તાં ૨૬/૧૧/૨૦૨૬ ગુરુવાર ના શ્રીજી ચરણ પામેલ છે. સદગત ની પ્રાર્થનાસભા, તા.૨૭ શુક્રવાર, બપોરે ૪.૩૦ થી ૬.૦૦, શ્રી ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ, રેલ્વે ફાટક પાસે, ગાંધીગ્રામ મેઈન રોડ, જુનાગઢ ખાતે રાખેલ છે.(મો.નં. ૮૪૬૦૦ ૨૫૩૫૨, મો.નં. ૭૫૭૩૦ ૪૯૪૫૦)

કુત્બુદીનભાઈ માંકડા

રાજુલા: મ. કુત્બુદીનભાઈ ગુલામહુસેન માંકડા (બુરહાની ફોટો ફ્રેમ) (ઉ.વ. ૫૮) તે મ.મોઈઝભાઈ ના નાનાભાઈ, ફાતેમાબેન (બાબરા), અમતુલ્લાબેન (લીમડી), મુસ્તુફા ના બાવાજી, તથા નીલોફર બેન (બાબરા), મુનીરાબેન (રાજકોટ), રજીયાબેન (અમદાવાદ-વટવા), સલમાબેન (કરાચી) ના ભાઈ, શબ્બીર તથા સકીનાબેન (લીમડી) ના કાકા તા.૨૬ ને ગુરૂવાર ના રોજ રાજુલા મુકામે વફાત થયેલ છે. તેમના જીયારતના સીપારા તા. ૨૮ શનિવારના રોજ બપોરના ૧૨ કલાકે મસ્જીદમાં રાજુલા ખાતે મરદો-બૈરોના સાથે રાખેલ છે.(૬.૬)

દુ:ખદ અવસાન - બેસણું
સ્વ. મહેન્દ્રભાઈ ઘીરજલાલ રાણપરા
સ્વ. તા. ૨૬-૧૧-૨૦૨૬, ગુરૂવાર
(ઉ.વ. - ૬૪)
મું. ટંકારાવાળા, હાલ રાજકોટ
ગો.વ

કુલ ૧૦ મુખ્ય સ્નાન પર્વો આવશે, ચાર અમૃત સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ રહેશે:૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિના પવિત્ર અવસરે ગંગાસ્નાન થશે: જ્યારે ૬ ફેબ્રુઆરીએ મૌની અમાવસ્યા, ૧૧ ફેબ્રુઆરીએ વસંત પંચમી અને ૨૦ ફેબ્રુઆરીએ માઘ પૂર્ણિમાના દિવસે પણ શ્રદ્ધાળુઓ પવિત્ર ડૂબકી લગાવશે

હરિદ્વારના અર્ધકુંભ મેળાનો પ્રારંભ ૧ જાન્યુઆરીથી: એપ્રિલમાં સમાપન

પ્રયાગરાજ:તા.૨૭:ભારતના ધાર્મિક મેળાઓમાં કુંભ અને અર્ધકુંભનું વિશેષ સ્થાન છે. દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર અવસરે ગંગામાં ડૂબકી લગાવવા માટે હરિદ્વાર પહોંચે છે. વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહાકુંભનું ભવ્ય આયોજન થયા બાદ હવે વર્ષ ૨૦૨૭માં હરિદ્વારમાં અર્ધકુંભ યોજાવા જઈ રહ્યો છે. આ મેળા દરમિયાન ગંગાસ્નાન, ધાર્મિક વિધિઓ અને વિશેષ અમૃત સ્નાન થશે.

વર્ષ ૨૦૨૭માં હરિદ્વારના અર્ધકુંભ મેળાની શરૂઆત ૧ જાન્યુઆરીથી થશે અને એપ્રિલ મહિનામાં તેનું સમાપન થશે. આ સમયગાળા દરમિયાન કુલ ૧૦ મુખ્ય સ્નાન પર્વો આવશે, જેમાં ચાર અમૃત સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ રહેશે. ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિના પવિત્ર અવસરે ગંગાસ્નાન થશે. જ્યારે ૬ ફેબ્રુઆરીએ મૌની અમાવસ્યા, ૧૧ ફેબ્રુઆરીએ વસંત પંચમી અને ૨૦ ફેબ્રુઆરીએ માઘ પૂર્ણિમાના દિવસે પણ શ્રદ્ધાળુઓ પવિત્ર ડૂબકી લગાવશે. ત્યારબાદ ૬ માર્ચે મહાશિવરાત્રિ, ૮ માર્ચે અમાવસ્યા, ૭ એપ્રિલે હિન્દુ નવવર્ષ અને ૧૫ એપ્રિલે રામનવમીના સ્નાન પર્વ આવશે.



અર્ધકુંભ દરમિયાન અમૃત સ્નાનને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૭માં ચાર મુખ્ય અમૃત સ્નાન યોજાશે. પહેલું અમૃત સ્નાન ૬ માર્ચે મહાશિવરાત્રિના દિવસે થશે. બીજું અમૃત સ્નાન ૮ માર્ચે ફાલ્ગુન અમાવસ્યાના અવસરે યોજાશે. ત્રીજું અમૃત સ્નાન ૧૪ એપ્રિલે વૈશાખી પર્વ પર થશે. જ્યારે છેલ્લું અમૃત સ્નાન ૨૦ એપ્રિલે ચૈત્ર પૂર્ણિમાના દિવસે થશે.અર્ધકુંભ, પૂર્ણકુંભ અને મહાકુંભ વચ્ચે શું છે તફાવત?

હિન્દુ ધર્મમાં અર્ધકુંભ, પૂર્ણકુંભ અને મહાકુંભનું અલગ-અલગ મહત્ત્વ છે. ધાર્મિક પરંપરા પ્રમાણે અર્ધકુંભનું આયોજન દર છ વર્ષે પ્રયાગરાજ અને હરિદ્વારમાં કરવામાં આવે છે. પૂર્ણકુંભ દર ૧૨ વર્ષે યોજાય છે અને તેના ચાર મુખ્ય સ્થળો પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક-ત્ર્યંબકેશ્વર છે. જ્યારે ૧૨ પૂર્ણકુંભ બાદ મહાકુંભનું આયોજન થતું હોવાની ધાર્મિક માન્યતા છે. મહાકુંભનું આયોજન અત્યંત વિશેષ માનવામાં આવે છે. તાજેતરમાં વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહાકુંભ યોજાયો હતો, જેમાં દેશ-વિદેશમાંથી કરોડો શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો.

હરિદ્વારમાં ગંગાસ્નાન માટે હર કી પૌડીને સૌથી પવિત્ર સ્થળોમાંનું એક માનવામાં આવે છે. અહીં આવેલા બ્રહ્મકુંડનું ધાર્મિક મહત્ત્વ ઘણું વધારે છે. પૌરાણિક માન્યતા અનુસાર સમુદ્રમંથન દરમિયાન અમૃતકળશમાંથી અમૃતનાં કેટલાંક ટીપાં આ સ્થળે પડ્યાં હતાં. એવી પણ માન્યતા છે કે બ્રહ્મકુંડમાં ભગવાન વિષ્ણુનાં ચરણચિહ્નો આવેલાં છે. આ જ કારણથી કુંભ અને અર્ધકુંભ દરમિયાન અહીં મોટી સંખ્યામાં ભક્તો ગંગામાં આસ્થાની ડૂબકી લગાવે છે.

અમ્પાયરના નિર્ણયથી વૈભવનો પારો ચઢ્યો: મેદાનમાં જ બાખડી પડતાં વાતાવરણ ગરમાયું

નિર્ણય સામે સૂર્યવંશીએ દર્શાવ્યો આક્રો વિરોધ, મેદાન પરની પ્રતિક્રિયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

નવી દિલ્હી: ક્રિકેટના મેદાન પર પોતાની તોફાની બેટિંગથી ચર્ચામાં રહેતો યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી આ વખતે અમ્પાયરના નિર્ણય સામેની પ્રતિક્રિયાને લઈને ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. અમ્પાયરના એક નિર્ણયથી વૈભવ નારાજ થઈ ગયા હતા અને મેદાન પર જ પોતાનો ગુસ્સો વ્યક્ત કરતાં વાતાવરણ ગરમાયું હતું. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણયથી અસહમત થયેલા વૈભવ સૂર્યવંશીએ પોતાની નારાજગી ખુલ્લેઆમ દર્શાવી હતી. તેમની પ્રતિક્રિયા બાદ મેદાન પર થોડીવાર માટે ગરમાગરમીનો માહોલ સર્જાયો હતો. યુવા ખેલાડીની આ પ્રતિક્રિયાએ ક્રિકેટપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે અને વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ છે.

એક તરફ ક્રિકેટપ્રેમીઓ વૈભવની આક્રમકતા અને મેદાન પર જીતવા માટેની તેમની ઝનૂની માનસિકતાને સમર્થન આપી રહ્યા છે, તો બીજી તરફ અમ્પાયરના નિર્ણય સામે ખેલાડીઓએ સંયમ રાખવો જોઈએ તેવી પણ ચર્ચા થઈ રહી છે. નાની ઉંમરે મોટી પ્રતિભા તરીકે ઓળખ ઊભી કરનાર વૈભવ સૂર્યવંશી હવે પોતાની બેટિંગની સાથે મેદાન પરના વર્તનને લઈને પણ ચર્ચામાં આવ્યા છે. (૪૧.૧૮)

‘ચિંગારી ભડકાવીને ઉંદરો ઉછળ્યા’: વરૂણ પટેલનો પ્રહાર

પાટીદાર અનામત આંદોલનના પૂર્વ નેતાઓ વચ્ચે ‘પોસ્ટર વોર’ : શાબ્દિક યુદ્ધ છેડાયું

હાર્દિક પટેલ બાદ હવે અલ્પેશ કથીરિયા અને વરુણ પટેલે એકબીજા પર આડકતરા નિશાન સાધ્યા : હાર્દિકના સમર્થનમાં અલ્પેશ કથીરિયાએ ખામોશીને કમજોરી ન સમજવા ચેતવણી આપી, તો વરુણ પટેલે ‘ઉંદરો ઉછળવા લાગ્યા’ અને ‘તમામ દરો બંધ થઈ જશે’ જેવા આકરા કટાક્ષ કરતા રાજકીય ગરમાવો વધ્યો

નવી દિલ્હી: તા.૨૭: ગુજરાતના રાજકારણમાં એક સમયે ખભેખભા મિલાવીને લડનારા પાટીદાર અનામત આંદોલનના પૂર્વ યુવા અગ્રણીઓ વચ્ચે ફરી એકવાર આંતરિક ખેંચતાણ સપાટી પર આવી છે. આ આગેવાનો વચ્ચે હાલ સોશિયલ મીડિયામાં જબરદસ્ત ‘પોસ્ટર વોર’ શરૂ થયું છે. હાર્દિક પટેલ બાદ હવે અલ્પેશ કથીરિયા અને વરુણ પટેલે પણ સોશિયલ મીડિયાના માધ્યમથી એકબીજા સામે આકરા નિશાન સાધતા પાટીદાર સમાજ અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.



આ સમગ્ર વિવાદ અને પોસ્ટર વોરમાં અલ્પેશ કથીરિયા ખુલીને હાર્દિક પટેલના સમર્થનમાં આવ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. અલ્પેશ કથીરિયાએ સોશિયલ મીડિયા પર એક સૂચક પોસ્ટ કરીને વિરોધીઓને આડકતરી ચેતવણી આપી છે. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, ‘અમારી ખામોશીને કમજોરી સમજવાની ભૂલ ન કરતા.’ આ સાથે જ તેમણે સ્વાભિમાનનો મુદ્દો ઉઠાવતા વધુમાં ઉમેર્યું હતું કે, ‘અમારા સ્વાભિમાનને શરતોમાં તોળતા નહીં.’ કથીરિયાની આ પોસ્ટને હાર્દિક પટેલના સમર્થનમાં અને વિરોધી જૂથને જડબાતોડ જવાબ તરીકે જોવામાં આવી રહી છે.

બીજી તરફ, અનામત આંદોલનના જ અન્ય એક અગ્રણી વરુણ પટેલે પણ સોશિયલ મીડિયામાં અત્યંત આક્રમક અને કટાક્ષભરી પોસ્ટ કરીને માહોલને વધુ ગરમાવ્યો છે. વરુણ પટેલે કોઈનું નામ લીધા વિના સીધું નિશાન સાધતા લખ્યું છે કે, ‘અત્યારે તો માત્ર ચિંગારી ભડકાવી છે અને ઉંદરો ઉછળવા લાગ્યા છે.’ તેમણે વધુમાં પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, ‘સમય આવ્યે તમામ દરો બંધ થઈ જશે.’ વરુણ પટેલના આ તીખા શબ્દોને અલ્પેશ કથીરિયા અને હાર્દિક પટેલ સામેના સીધા પલટવાર તરીકે જોવામાં આવી રહ્યા છે.

પાટીદાર અનામત આંદોલનના પૂર્વ આગેવાનો વચ્ચે જાહેરમાં થઈ રહેલી આ શાબ્દિક ટપાટપી અને ખેંચતાણે ફરી એકવાર તેમના આંતરિક મતભેદોને ઉજાગર કરી દીધા છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આ પોસ્ટર વોરને કારણે કાર્યકરો અને સમર્થકોમાં પણ અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. આગામી સમયમાં આ ત્રણેય યુવા નેતાઓ વચ્ચેનું આ શાબ્દિક યુદ્ધ કયો નવો વળાંક લે છે, તેના પર સૌની નજર ટકેલી છે. (૪૧.૪)

સ્ટાફ જોઈએ છે-ઓફિસ બોય
લાઈટીંગ ના કામકાજના અનુભવી/બિન અનુભવી માણસની જરૂર છે
શીતલ લાઈટીંગ કંફોર્ટર્સ
એન્ડ ઓફ અમીન માર્ગ, સિલ્વર કલાસીક બિલ્ડીંગની બાજુમાં, રાજકોટ.
M.98250 75759

ઓફિસ વેચવાની છે
- ટ્રસ્ટ તથા ઈન્કમ ટેકસની પ્રેકટિસ કરતા વકીલ માટે જરૂરી ફર્નિચર અને સુવિધાઓ સાથેની ઓફિસ
- રાજકોટ શહેરની મધ્યમાં, ફુલછાબ ચોકમાં, ‘આદિત્ય સેન્ટર’, પહેલો માળ, લીફટ પાસે, ૧૩૦ સ્કવેર ફીટ.
સંપર્ક: ૯૮૨૫૨ ૧૮૯૦૩

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)
6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ 9.00% વ્યાજના રાહતદરે
વધુ માહિતી ધર્મેશ હિંડોચા 94093 29051
માટે સંપર્ક શૈલેષ પટેલ 94294 72052
‘શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ’, મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

સડેલા અને જીવાત લાગેલા કાજુને સારી ગુણવત્તાના કાજુ સાથે ભેળવીને વેચવાના કિસ્સાઓ સામે આવ્યા : સામે આવ્યું મોટું કૌભાંડ

મોંઘા કાજુમાં પણ ભેળસેળનો ખેલ! સડેલા ખાવાથી આરોગ્યને જોખમ

સડેલા કે જૂના કાજુને વધુ આકર્ષક દેખાડવા માટે તેની ઉપર તેલ અથવા અન્ય ચીકણા પદાર્થનું પડ લગાવવામાં આવે છે

નવી દિલ્હી: તા.૨૭: બજારમાંથી મોંઘા ભાવે કાજુ ખરીદીએ ત્યારે તેની ગુણવત્તા સારી જ હશે એવી સામાન્ય માન્યતા હોય છે. પરંતુ કાજુ જેવી મોંઘી ખાદ્ય વસ્તુમાં પણ ભેળસેળ અને છેતરપિંડી થઈ શકે છે. જૂના, સડેલા અને જીવાત લાગેલા કાજુને સારી ગુણવત્તાના કાજુ સાથે ભેળવીને વેચવાના કિસ્સાઓ સામે આવ્યા છે. અમદાવાદમાં પણ થોડા મહિના પહેલાં આવી જ ગંભીર ગેરરીતિનો પર્દાફાશ થયો હતો, જ્યાંથી અંદાજે ૩,૦૦૦ કિલો સડેલા અને જીવાતવાળા કાજુનો જથ્થો પકડાયો હતો.

કાજુમાં થતી છેતરપિંડીની એક રીતમાં જૂના, તૂટેલા અથવા જીવાત લાગેલા કાજુને સારા કાજુ સાથે ભેળવી દેવામાં આવે છે. ઘણી વખત પેકેટની ઉપર સારી ગુણવત્તાના કાજુ રાખવામાં આવે છે, જ્યારે અંદરના ભાગમાં હલકી ગુણવત્તાવાળા કાજુ ભરવામાં આવે છે. પરિણામે ગ્રાહકને પેકેટ ખોલ્યા પછી જ તેની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવે છે.

બીજી રીતમાં સડેલા કે જૂના કાજુને વધુ આકર્ષક દેખાડવા માટે તેની ઉપર તેલ અથવા અન્ય ચીકણા પદાર્થનું પડ લગાવવામાં આવે છે. આથી કાજુ ચમકદાર અને તાજા દેખાય છે, પરંતુ તેની અંદરની ગુણવત્તા ખરાબ હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં લોટ, સ્ટાર્ચ અને અન્ય સસ્તી સામગ્રીનો ઉપયોગ કરીને કાજુ જેવો આકાર બનાવવાની પણ વાત સામે આવી છે. ક્યાંક મગફળીના ટુકડાને આકાર આપીને કાજુ જેવો દેખાવ તૈયાર કરવામાં આવે છે. આવા ઉત્પાદનોને અસલી કાજુ સાથે ભેળવીને વેચવામાં આવે તો ગ્રાહક છેતરાઈ શકે છે. જોકે, બજારમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકના કાજુ વેચાય છે એવો કોઈ સામાન્ય નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી.



નફો વધારવાની લાલચમાં જો જૂના, બગડેલા અથવા જીવાતવાળા કાજુ વેચવામાં આવે તો તે ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. ભેજના કારણે આવા કાજુમાં ફૂગ વિકસવાની શક્યતા રહે છે. કેટલીક ફૂગ ઝેરી પદાર્થો ઉત્પન્ન કરી શકે છે, જે આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે. બગડેલા ખોરાકના સેવનથી પેટની તકલીફો પણ થઈ શકે છે. એટલે માત્ર કાજુનો ચમકદાર દેખાવ જોઈને તેની ગુણવત્તા નક્કી ન કરવી. ખરીદી કરતી વખતે પેકેટની સીલ, પેકિંગની તારીખ, એક્સપાયરી અથવા બેસ્ટ બિફોર તારીખ અને ખાદ્ય સુરક્ષાને લગતી વિગતો તપાસવી જરૂરી છે.

અમદાવાદમાં પણ કાજુની ગુણવત્તા સાથે ચેડાં થવાનો કિસ્સો સામે આવ્યો હતો. થોડા મહિના પહેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમે કઠવાડા GIDC વિસ્તારમાં આવેલા એક એસ્ટેટમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન એક એકમમાં ગેરરીતિ મળી આવી હતી. તપાસ દરમિયાન અહીંથી અંદાજે ૩,૦૦૦ કિલો સડેલા અને જીવાત લાગેલા કાજુનો જથ્થો મળી આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ એકમના સંચાલકો અન્ય રાજ્યોની ફેક્ટરીઓમાંથી રિજેક્ટ કરવામાં આવેલા સસ્તા કાજુ મંગાવતા હતા. ત્યારબાદ તેનું પ્રોસેસિંગ કરીને તેને બજારમાં વેચવાની તૈયારી કરવામાં આવતી હતી. તપાસમાં કાજુની થેલીઓમાં મોટા પ્રમાણમાં જીવાત હોવાની પણ વિગતો સામે આવી હતી.

ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળનો ખતરો ટાળવા માટે ગ્રાહકોએ ખરીદી વખતે થોડી વધુ કાળજી રાખવી જરૂરી છે. કાજુ મોંઘા હોય કે સસ્તા, તેની ગુણવત્તા અને સલામતી સાથે કોઈ સમાધાન ન કરવું જોઈએ.(૪૧.૧૦)

કાજુ ખરીદતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો

કાજુના પેકેટનું સીલ અને પેકિંગ બરાબર તપાસો. પેકેટ પર દર્શાવેલી ઉત્પાદન અને બેસ્ટ બિફોર તારીખ વાંચો. કાજુમાં અસામાન્ય ગંધ, ભેજ, ફૂગ કે જીવાત દેખાય તો તેનું સેવન ન કરો. ખુલ્લા કાજુ ખરીદતા હોવ તો સ્વચ્છ અને વિશ્વસનીય દુકાનમાંથી જ ખરીદો. ખૂબ જ સસ્તા ભાવે મળતા કાજુની ગુણવત્તા અંગે સાવચેત રહો.

નામ બદલાવેલ છે

હું **અપેક્ષા પ્રફુલભાઇ વારોતરીયા** જાહેર કરું છું કે મારું નામ **અપેક્ષાબેન પ્રફુલભાઇ વારોતરીયા** માંથી બદલીને **અપેક્ષા પ્રફુલભાઇ વારોતરીયા** કરેલ છે. હવેથી હું **અપેક્ષા પ્રફુલભાઇ વારોતરીયા**તરીકે ઓળખાઈશ.

અપેક્ષા પ્રફુલભાઇ વારોતરીયા

પશ્ચિમ રેલવે
રાજકોટ મંડળ
વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી
ટેન્ડર સૂચના નંબર: C127-RJT-BDU-HC-2025-26-2 (1) કામનું નામ: પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ હેઠળ રાજકોટ જિલ્લામાં માલ પરિવહન (માલસામાન અને પાર્સલ) ટ્રાફિકમાં વધારો કરવા માટે વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ પૂરી પાડવા મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી. (2) કન્સલ્ટન્સી કાર્યની કુલ અંદાજિત કિંમત ("કન્સલ્ટન્સી ખર્ચ"): ₹28,96,900/- (GST સહિત) (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ છન્નું હજાર નવસો પૂરા). (3) બિડ સિક્યોરિટી (EMD): ₹58,000/- (અંકે રૂપિયા અઠ્ઠાવન હજાર પૂરા). (4) કરારનો સમયગાળો: 06 મહિના. (5) બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ 23-12-2026 ના રોજ 15:00 કલાક સુધી. (6) બિડ ખોલવાની તારીખ અને સમય: તારીખ 23-12-2026 ના રોજ 15:30 કલાકે. (7) ટેન્ડર પ્રક્રિયાનો પ્રકાર: સિંગલ સ્ટેજ ટુ પેકેટ (8) ઈ-પ્રોક્યોરમેન્ટ પોર્ટલ: www.ireps.gov.in (9) કચેરીનું સરનામું: વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, રાજકોટ મંડળ, પશ્ચિમ રેલવે, ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી, કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ-360001. RJT 190
ગમે ત્યારે ક્રો: facebook.com/WesternRly

NAME HAS BEEN CHANGED

I ASHVINBHAI GOVINDBHAI GHONIYA herby declaire that my name formerly ASHVINKUMAR GOVINDBHAI GHONIYA has been changed to ASHVINBHAI GOVINDBHAI GHONIYA and henceforth I shall be known as ASHVINBHAI GOVINDBHAI GHONIYA.

ASHVINBHAI GOVINDBHAI GHONIYA

જાહેર નોટીસ

આથી નીચે સહી કરનાર **બોડા રમાબેન રમેશભાઈ (BODA RAMABEN RAMESHBHAI)**, ઉ.વ.આ. ૬૦, રહે. મુ. સરપદડ, તા.પડધરી, જી.રાજકોટ આથી જાહેર કરૂ છું કે, મારૂ નામ **બોડા રમાબેન રમેશભાઈ(BODA RAMABEN RAMESHBHAI)** અને **રમાગૌરી જે. સાધરીયા (RAMAGAURI J. SADHARIYA)**. આ બન્ને નામ ધરાવતી વ્યકિત હું પોતે એક જ વ્યકિત છું અને આ બન્ને નામ મારા પોતાના જ છે એવુ હું સોગંદપુર્વક અને ખાત્રી સાથે જણાવું છું.

સ્થળ : રાજકોટ
તારીખ : ૩૦-૧૦-૨૦૨૬ **લી. : રમાબેન રમેશભાઈ બોડા**

જાહેર નિવિદા
મોરબી વન વિભાગ મોરબી

મોરબી વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની ગોંડલ ક્ષેત્રિય રેંજના કાર્યક્ષેત્ર વિસ્તારમાં **Construction of a Rubble Masonry Protection Boundary Wall** ની કામગીરી ભાવો **https://tender.nprocure.com** પર ઓનલાઈન ઈ-ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ઓનલાઈન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૧૧/૧૨/૨૦૨૬ ના ૧૫-૦૦ કલાક સુધીની રહેશે

અ.નં.	ટેન્ડર નોટીસ નંબર	ઈ-ટેન્ડર આઈ.ડી. નંબર	રેન્જનું નામ
1	31/2026-27	368081	ગોંડલ

નાયબ વન સંરક્ષક
મોરબી વન વિભાગ મોરબી
સરનામુ :
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
મોરબી વન વિભાગ, અરૂણોદય મીલ રોડ, મોરબી-૨
પીનકોડ-૩૬૩૬૪૨
ફોન નં. ૦૨૮૨૨-૨૪૧૬૧૧, Email: dcfmorbi@gmail.com
માહિતી/રાજ/૧૧૮૪/૨૦૨૬-૨૭



વહેલી સવારે ઠંડા પવન અને ધુમ્મસને કારણે ઠંડીનો અનુભવ વધી રહ્યો છે

દિલ્હીમાં ઠંડીનો ચમકારો! તાપમાન ગગડીને ૯ ડિગ્રી



નવી દિલ્હી, તા. ૨૭ : દેશની રાજધાની દિલ્હી સહિત ફરી વિસ્તારમાં હવે શિયાળાની અસર વધવા લાગી છે. વહેલી સવારે ઠંડા પવન અને ધુમ્મસને કારણે ઠંડીનો અનુભવ વધી રહ્યો છે. અનેક વિસ્તારોમાં ધુમ્મસના કારણે વાહનચાલકોને ઓછી દૃશ્યતાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, ગુરુવાર, ૨૬ નવેમ્બરે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯.૦°C નોંધાયું હતું, જ્યારે મહત્તમ તાપમાન ૨૭.૨°C રહ્યું હતું. બીજી તરફ, ઠંડી વધવાની સાથે દિલ્હીની હવાની ગુણવત્તામાં થોડો સુધારો નોંધાયો છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ શુક્રવાર, ૨૭ નવેમ્બરે દિલ્હીની સરેરાશ હવાની ગુણવત્તા સૂચકાંક (AQI) ૨૨૧ નોંધાઈ હતી. જોકે હવાની ગુણવત્તા હજુ પણ 'ખરાબ' શ્રેણીમાં છે, પરંતુ અગાઉના દિવસોની સરખામણીએ પ્રદૂષણના સ્તરમાં ઘટાડો જોવા મળ્યો છે.

કેટલાક વિસ્તારોમાં AQI ૨૦૦થી નીચે, આજે કેવું રહેશે દિલ્હીમાં હવામાન? દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પૂસામાં AQI ૧૩૫, લોધી રોડ પર ૧૪૧ અને આગામી ૨ દિવસ સુધી મહત્તમ નજફગઢમાં ૧૪૯ નોંધાયો છે. બીજી તરફ, ગાઝિયાબાદમાં મહત્તમ તાપમાન ૨૮°C નોંધાયું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ શુક્રવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૫ઓછ્યી ૨૭°C અને લઘુત્તમ તાપમાન ૮°C થી ૧૦°C વચ્ચે રહેવાની શક્યતા છે. સવારના સમયે હળવું ધુમ્મસ અને ઝાકળ જોવા મળી શકે છે, જોકે દિવસ આગળ વધતાં આકાશ સ્વચ્છ થવાની અને તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તેમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. એટલે આગામી દિવસોમાં દિલ્હીમાં ઠંડીનું પ્રમાણ વધુ વધી શકે છે. હવામાન વિભાગે ઠંડીથી બચવા ગરમ કપડાં પહેરવાની સલાહ આપી છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ સાવચેતી રાખવી જરૂરી છે. (૩૭.૬)

કરોડો રૂપિયાના દાનને ગુપ્ત રાખવા વિનંતી કરી

એક ભક્તે સાંઈ બાબાના ચરણોમાં અમૂલ્ય હાર મૂક્યો

બીજા ભક્તે સાંઈ બાબાના ચરણોમાં ૨ કિલો ચાંદીના બિસ્કિટ પણ અર્પણ કર્યા



શિરડી, તા.૨૭: દેશના મુખ્ય તીર્થસ્થળોમાંના એક, શિરડીમાં સાંઈ બાબા મંદિરમાં ભક્તો નિયમિતપણે કિંમતી ભેટ અર્પણ કરે છે. તાજેતરમાં, એક ભક્તે આવી કિંમતી ભેટ અર્પણ કરી. આ એક સુંદર અને કિંમતી હીરા જડિત સોનાનો હાર છે, જેની કિંમત ટ્રસ્ટ દ્વારા રૂ.૧ કરોડ આંકવામાં આવી છે. બીજા ભક્તે સાંઈ બાબાના ચરણોમાં ૨ કિલો ચાંદીના બિસ્કિટ પણ અર્પણ કર્યા છે. નામ ગુપ્ત રાખવા વિનંતી: કિંમતી હાર અને ચાંદીના બિસ્કિટ અર્પણ કરનારા બંને ભક્તોએ નામ ન આપવાની વિનંતી કરી છે. કિંમતી હારનું દાન કરનાર ભક્ત મુંબઈનો હોવાનું જાણવા મળે છે. તેણે સાઈ બાબાના ચરણોમાં કિંમતી હાર અર્પણ કર્યો અને મંદિર ટ્રસ્ટને પોતાનું નામ ગુપ્ત રાખવા વિનંતી કરી. એ જ રીતે, ચાંદીના બિસ્કિટનું દાન કરનાર બીજા ભક્તે પણ પોતાનું નામ ગુપ્ત રાખવાની ઇચ્છા વ્યક્ત કરી છે. ૨ કિલો ચાંદીના બિસ્કિટની કિંમત રૂ.૩૭,૦૦૦ હોવાનું કહેવાય છે. એવું કહેવાય છે કે તેની ઇચ્છા પૂર્ણ થયા પછી, ભક્તે સાઈ બાબા મંદિરમાં ૨ કિલો ચાંદીનું દાન કર્યું. હાર પર હીરા 'ઓમ' ડિઝાઇન: મુંબઈના ભક્ત દ્વારા અર્પણ કરાયેલ સોનાનો હાર કિંમતી પથ્થરોથી જડિત છે. તેમાં અમૂલ્ય ભેટ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ને અર્પણ કરી. ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં મંદિર ટ્રસ્ટને સોંપવામાં આવ્યું હતું.

તેમાં ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી માટે ૪૬ ઉત્કૃષ્ટ રીતે બનાવેલા આભૂષણો છે. ૨૪ કેરેટ સોનાથી બનેલા, આ આભૂષણો હીરા, નીલમ, પોખરાજ, માણેક અને નીલમણિ જેવા કિંમતી પથ્થરોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે. (૨૩.૯)

ઈડીએ પીએમએલએ હેઠળ કરેલ કાર્યવાહી

અયોધ્યામાં ૧૫ દિવસમાં ૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા



અયોધ્યા: પવિત્ર કારતક મહિના દરમિયાન રામનગરી અયોધ્યામાં દેશ-વિદેશમાંથી આવેલાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સંખ્યાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યાં છે. છેલ્લાં ૧૫ દિવસમાં એક કરોડથી વધુ ભક્તોએ અહીં રામલલાના દર્શન કર્યા છે. દીપોત્સવ, ચૌદ કોસી-પંચકોસી પરિક્રમા તેમજ કારતક પૂર્ણિમાના પવિત્ર સ્નાન દરમિયાન સમગ્ર નગરી ભક્તિભાવપૂર્ણ બની હતી. સ્થાનિક વેપારીઓના જણાવ્યાં અનુસાર, આટલી જંગી મેદની અને આટલો સારો વેપાર પહેલાં ક્યારેય નથી જોવા મળ્યો. રામ મંદિરના દર્શનની સાથે અન્ય ધાર્મિક સ્થળો પર પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સૂર્યકુંડ, ગુપ્તારઘાટ અને ભરતકુંડમાં દર્શન-પૂજન કરનારાઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી. વેપારીઓ અને સ્થાનિક લોકોના મતે, અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં હજુ વધુ વધારો થશે. (૩૭.૧૦)

ઉચ્ચ જાતિના હિન્દુ પુરુષોની તુલનાએ મુસ્લિમ પુરુષોમાં અકાળ મૃત્યુનું જોખમ ૨૧% ઓછું

ગરીબ કરતાં ધનિકોમાં અકાળ મૃત્યુનું જોખમ ૬૨% ઓછું : મુસ્લિમમાં અલગ ટ્રેન્ડ

SC-ST પુરુષોમાં મૃત્યુદર ઊંચો, આર્થિક અને ભૌગોલિક સ્થિતિ મુખ્ય કારણ

નવી દિલ્હી, તા. ૨૭ : ભારતમાં ધનિક પરિવારોના પુરુષનું પુખ્તવય દરમિયાન મૃત્યુ થવાની શક્યતા ગરીબ પરિવારોના પુરુષની સરખામણીએ ૬૨ ટકા ઓછી હોય છે. મહિલાઓમાં પણ આ તફાવત લગભગ એટલો જ મોટો છે. સૌથી ધનિક પરિવારોની મહિલાઓમાં સૌથી ગરીબ પરિવારોની મહિલાઓની સરખામણીએ સમયના મૃત્યુનું જોખમ ૪૨ ટકા ઓછું જોવા મળ્યું છે. આમ અકાળ મોત માટે જ્ઞાતિ કે ધર્મ કરતાં આર્થિક સ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ભારતમાં બે દાયકાથી પુખ્ત વયના લોકોના મૃત્યુદરને ટ્રેક કરતાં એક અભ્યાસ જાણવા મળ્યું છે કે ૧૫થી ૫૯ વર્ષની વય વચ્ચે જીવિત રહેવા માટે જાતિ કે ધર્મ કરતાં પરિવારની આર્થિક સ્થિતિ વધુ મહત્ત્વપૂર્ણ પરિબળ છે. અનુસૂચિત જાતિની મહિલાઓમાં હજુ પણ મૃત્યુનું જોખમ વધુ રહે છે, જ્યારે મુસ્લિમ પુરુષોમાં ઉચ્ચ જાતિના હિન્દુ પુરુષોની સરખામણીએ મૃત્યુનું જોખમ ઓછું જોવા મળ્યું છે. આ અભ્યાસ 'ડેમોગ્રાફિક રિસર્ચ' નામના જર્નલમાં પ્રકાશિત થયો હતો. તેમાં નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના ત્રણ તબક્કા ૧૯૯૮-૯૯, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૯-૨૧ દરમિયાનના મૃત્યુદરના આંકડાઓનું વિશ્લેષણ કર્યું હતું. ૧૫થી ૫૯ વર્ષની વયજૂથના દર ૧,૦૦૦ પુરુષોમાં સૌથી ગરીબ પરિવારોના ૨૮૦ પુરુષોના મૃત્યુની સંભાવના જણાઈ હતી, જ્યારે સૌથી ધનિક પરિવારોમાં આ આંકડો ૧૫૮ હતો. મહિલાઓમાં સૌથી ગરીબ પરિવારોમાં ૧,૦૦૦એ ૧૫૭ અને સૌથી પારક પરિવારોમાં ૮૭ મૃત્યુની સંભાવના નોંધાઈ હતી. સંશોધકોએ જાતિ, ધર્મ, ગ્રામીણ કે શહેરી વસવાટ અને રાજ્યો વચ્ચેના તફાવતને ધ્યાનમાં રાખીને પણ વિશ્લેષણ કર્યું હતું. આ પરિબળોને ધ્યાનમાં લીધા પછી પણ સૌથી ધનિક ૨૦ ટકા પરિવારોના પુરુષોમાં સૌથી ગરીબ ૨૦ ટકા પરિવારોના પુરુષોની સરખામણીએ મૃત્યુનું જોખમ ૬૨ ટકા ઓછું હતું.

મહિલાઓમાં આ જોખમ ૪૨ ટકા ઓછું હતું. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પુરુષોમાં નોંધાયેલો ઊંચો મૃત્યુદર મુખ્યત્વે તેમની આર્થિક અને ભૌગોલિક પરિસ્થિતિઓ સાથે જોડાયેલો છે. ૨૦૧૯-૨૧માં અનુસૂચિત જાતિના પુરુષોમાં અકાળ મૃત્યુની સંભાવના દર ૧,૦૦૦એ ૨૫૬ અને અનુસૂચિત જનજાતિના પુરુષોમાં ૨૫૪ હતી. ઉચ્ચ જાતિના હિન્દુ પુરુષોમાં આ આંકડો ૧૯૭ હતો. મુસ્લિમ પુરુષોમાં ઉચ્ચ જાતિના હિન્દુ પુરુષોની સરખામણીએ પુખ્ત વયે મૃત્યુનું જોખમ સતત ઓછું રહ્યું હતું. ૨૦૧૯-૨૧માં પરિવારની આર્થિક સ્થિતિ, રહેઠાણનું સ્થળ અને રાજ્યસ્તરના તફાવતોને ધ્યાનમાં લીધા પછી પણ મુસ્લિમ પુરુષોમાં મૃત્યુનું જોખમ ૨૧ ટકા ઓછું હતું. (૩૬.૭)

કરોડોના બે મોલ પણ સમાજસેવા માટે આપી દીધા

દાનવીર હોય તો આવા! દરરોજ કરે છે એક લાખ રૂપિયાનું દાન



સોનીપત: તા.૨૭: ભારતીય સંસ્કૃતિમાં દાનને સૌથી મોટાં પુણ્યકાર્યોમાંનું એક માનવામાં આવે છે. હરિયાણાના સોનીપતમાં રહેતા શશિકાંત કૌશિક પોતાની દાનવૃત્તિને કારણે ચર્ચામાં છે. તેઓ દરરોજ સરેરાશ એક લાખ રૂપિયા દાન કરતા હોવાનો દાવો કરે છે. તેમણે કરોડોની કિંમતના બે મોલ સમાજસેવા માટે સમર્પિત કર્યા છે. અહીં ગરીબ બાળકો માટે લાઇબ્રેરી અને આંખની હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. શશિકાંત રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે જોડાયેલા છે અને ભાજપના પૂર્વ ધારાસભ્ય પણ રહી ચુક્યા છે. શશિકાંતનો જન્મ ચુલકાના ગામમાં થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. તેમણે જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. શરૂઆતના ૧૦થી ૧૨ વર્ષ સુધી વ્યવસાય અને રાજકારણમાં નિષ્ફળતાઓનો સામનો કરવો પડ્યો હતો. તેઓ પોતાને ભગવાનના કામમાં માત્ર એક માધ્યમ માને છે. તેમના જણાવ્યા અનુસાર, ભગવાન તેમને સંપત્તિ આપે છે અને તેઓ જરૂરિયાતમંદો સુધી પહોંચાડે છે. શશિકાંત વ્યવસાયે બિલ્ડર છે. એક સમયે તેમણે ૪૦ હજાર રૂપિયાનો પ્લોટ વેચીને રેતી-કપચીનો ધંધો શરૂ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, ૨૦૦૮ આસપાસ તેમના જીવનમાં એક મોટું પરિવર્તન આવ્યું અને તેમણે કમાણીનો એક હિસ્સો સમાજસેવા માટે સમર્પિત કરવાનો નિર્ણય લીધો. કોરોના દરમિયાન તેમણે ફૂડ વાન શરૂ કરી હતી, જેના દ્વારા ૨,૦૦૦ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શશિકાંતના જણાવ્યા અનુસાર, તેઓ ૫૦૦ બાળકોને મદદ કરે છે અને સારી આદતો કેળવવા માટે દરેક બાળકને ૫૦૦ રૂપિયા આપે છે. કરોડોના મોલમાં લાઇબ્રેરી ચલાવવા ઉપરાંત તેમણે મિત્રો અને સંબંધીઓનાં બાળકોના નામે પણ જમીન ખરીદી છે. તેઓ દર અઠવાડિયે એક દિવસ સંબંધીઓને મળવા માટે ફાળવે છે. શશિકાંતનું કહેવું છે કે તેઓ કોઈનું ખરાબ વિચારતા નથી અને પોતાનું જીવન વધુ સારું બનાવવાની સાથે બીજાની મદદ કરવાનો પ્રયાસ કરે છે. (૪૧.૬)

ગુરુગ્રામનાં વાટિકા ગ્રુપની ૫૪૫ કરોડની સંપત્તિ ટાંચમાં

ઈડીએ સપ્ટેમ્બરમાં અનિલ ભલ્લા અને કંપનીનાં અન્ય પ્રમોટર ગૌતમ ભલ્લાની ધરપકડ કરી હતી

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૭ : ઘર ખરીદનારાઓ સાથે છેતરપિંડીથી જોડાયેલ મની લોન્ડરિંગ કેસમાં ગુરુગ્રામની રિયલ એસ્ટેટ કંપની વાટિકા ગ્રુપનાં એક પ્રમોટરની ૫૪૫ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે.

ટાંચમાં લેવામાં આવેલ સંપત્તિમાં દક્ષિણ દિલ્હીમાં સ્થિત એક ફાર્મ હાઉસ પણ સામેલ છે. આ સંપત્તિઓ વાટિકા ગ્રુપના ચેરમેન કમ મેનેજિંગ ડાયરેક્ટર અનિલ ભલ્લા, તેમના પત્ની કંચન ભલ્લા, અનિલ ભલ્લા ફેમિલી ટ્રસ્ટ-૧, કંચન ભલ્લા ફેમિલી ટ્રસ્ટ અને ગ્રુપની અન્ય કંપનીઓની છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ જારી કરવામાં આવેલ પ્રોવિઝનલ એટેચમેન્ટ ઓર્ડર હેઠળ દિલ્હીનાં મહરીલી વિસ્તારનાં ચુલતાનપુર ફાર્મ્સમાં કંચન ભલ્લાનું પણ એક ફાર્મ ટાંચમાં લેવામાં આવ્યું છે.

કેન્દ્રીય એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ટાંચમાં લેવામાં આવેલ કુલ સંપત્તિનું મૂલ્ય ૫૪૫.૯૬ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. (૩૬.૫)

સાઉદીનું શાનદાર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

આ તસ્વીર સાઉદી અરેબીયાની રાજધાની રિયાધની છે. જેમાં રિયાધના ખૂબ જ સુંદર રીતે ડિઝાઈન કરેલા રસ્તાઓ જોઈ શકાય છે. આપણો વિકાસની કંઈક અલગ જ પરિભાષા કરી છે. કદાચ તેના કારણે જ આ પ્રકારના



સુંદર રીતે ડિઝાઈન કરેલા રસ્તાઓ નથી જોવા મળતા. જે પ્રકારે ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ વધી રહ્યા છે તેને જોતા આપણે રસ્તા બનાવવા નહિં યોગ્ય ડિઝાઈન કરવા પડશે. બાકી ઘણાની જીંદગીનો અડધો સમય ટ્રાફીક જામમાં વિતશે. (૩૭.૧૦)

અમેરિકાના દરેક બાળકને મળશે SpaceXના ૨ શેર

ટ્રમ્પ એકાઉન્ટ્સ યોજના હેઠળ દરેક સક્રિય ખાતામાં સ્પેસએક્સ એક શેર આપશે અને મસ્ક પણ પોતાની તરફથી એક શેર આપશે: કંપનીના શેર ડિસેમ્બર ૨૦૨૬માં જ્યારે મસ્કના વ્યક્તિગત શેર જૂન ૨૦૨૭માં ટ્રાન્સફર કરવાની યોજના છે

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ મસ્કની અનોખી પહેલ!

ન્યુયોર્ક:તા.૨૭: વિશ્વના અગ્રણી ઉદ્યોગપતિ એલોન મસ્કે અમેરિકાના બાળકો માટે એક અનોખી ભેટની જાહેરાત કરી છે. સ્પેસએક્સના સીઈઓએ જણાવ્યું છે કે અમેરિકાના દરેક બાળકને કંપનીના બે શેર મળશે. આ બે શેરમાંથી એક શેર સ્પેસએક્સ આપશે, જ્યારે બીજો શેર મસ્ક પોતાની વ્યક્તિગત માલિકીમાંથી ભેટ આપશે. આ જાહેરાતથી અમેરિકાના લાખો બાળકોને વિશ્વની અગ્રણી અંતરિક્ષ કંપનીમાં હિસ્સેદારી મળવાની શક્યતા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 'ટ્રમ્પ એકાઉન્ટ્સ' યોજના હેઠળ સ્પેસએક્સે આ પહેલની જાહેરાત કરી છે. કંપનીએ ૨૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે દરેક સક્રિય ટ્રમ્પ એકાઉન્ટમાં તેના ક્લાસ-ખ કોમન સ્ટોકનો એક નવો શેર જમા કરવામાં આવશે. મસ્ક પણ કંપની દ્વારા આપવામાં આવનારા શેર જેટલા જ શેર પોતાની તરફથી આપશે. આ રીતે દરેક પાત્ર બાળકને બે શેર મળવાની યોજના છે.

સ્પેસએક્સના જણાવ્યા અનુસાર કંપની તરફથી આપવામાં આવનારા શેર આગામી મહિને એટલે કે ડિસેમ્બર ૨૦૨૬માં ટ્રાન્સફર કરવામાં આવશે. બીજી તરફ, મસ્કે સ્પષ્ટ કર્યું છે કે તેમના વ્યક્તિગત શેર જૂન ૨૦૨૭માં તેમનો શેર લોક-અપ સમયગાળો પૂર્ણ થયા બાદ ટ્રાન્સફર કરવામાં આવશે. જોકે, મસ્કના વ્યક્તિગત શેરનું વિતરણ પણ ટ્રમ્પ એકાઉન્ટ મારફતે જ થશે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ટ્રમ્પ એકાઉન્ટ્સ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે બનાવવામાં આવેલી ટેક્સ-લાભદાયક રોકાણ ખાતાની યોજના છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને નાની ઉંમરથી બચત અને રોકાણ સાથે જોડવાનો તથા તેમને લાંબા ગાળે આર્થિક સુરક્ષા આપવાનો છે. આ યોજના દ્વારા બાળકોને શેરબજારમાં રોકાણનો લાભ મેળવવાની તક પણ મળી શકે છે.



સ્પેસએક્સનાં પ્રમુખ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર ગ્વિન શોટવેલે પણ આગામી પેઢી માટે મોટી ભેટ જાહેર કરી છે. તેમણે વ્યક્તિગત રીતે ૨૦ લાખથી વધુ સ્પેસએક્સ શેર આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, રોઇટર્સના અહેવાલ મુજબ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં અંદાજે ૭.૨ કરોડ બાળકો છે. બુધવારના શેરના બંધ ભાવ પ્રમાણે મસ્કની આ શેર ભેટનું કુલ મૂલ્ય આશરે ૧૮ અબજ ડોલર થાય છે. (૪૧.૧૧)

કેવડયા ખાતે સંખ્યાબંધ લગ્ન સમારોહ યોજાશે: ૧ થી ૩ કરોડનો ખર્ચ

ડેસ્ટીનેશન વેડિંગથી ગુજરાતની ઇકોનોમીને ૩.૪૦,૦૦૦ કરોડની વેગ મળશે: સ્ટેચ્યુ ઓફ યુનિટિ ફેવરીટ

વારાણસી-ઉદયપુર-જેસલમેર પણ લોકોની પસંદગીના સ્થળો: આ વખતે ૨૦ થી ૨૫ ટકા ખર્ચ વધ્યો

નવી દિલ્હી: તા.૨૭: નવેમ્બરથી જાન્યુઆરીની લગ્નની મોસમમાં ગુજરાતમાં લગ્ન સંબંધિત ખર્ચ આશરે રૂ.૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે, જે ગુજરાતના અર્થતંત્રને મોટો વેગ આપશે. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રના અંદાજ મુજબ, ગુજરાતી પરિવારો દ્વારા અન્ય રાજ્યોમાં થતા ડેસ્ટિનેશન વેડિંગનો બજારઆંક આનાથી ત્રણ ગણો અથવા વધુ હોઈ શકે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) માં માંગ: નવેમ્બર-ડિસેમ્બર સીઝન માટે કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આશરે ૩૦ લગ્નોનું બુકિંગ નોંધાયું છે. અહીં હોટેલ અને ટેન્ટ સિટી સહિત આશરે ૫૦૦ રૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

નાના અને અંગત સમારોહનો ટ્રેન્ડ: અગાઉના ૧,૫૦૦ મહેમાનોના મોટા મેળાવડાને બદલે હવે ૧૦૦ થી ૨૦૦ મહેમાનો સાથેના ઈન્ટિમેટ (નાના અને અંગત) ડેસ્ટિનેશન વેડિંગ તરફ વલણ વધ્યું છે.

વધતો ખર્ચ અને મર્યાદિત તારીખો: નવેમ્બર અને ડિસેમ્બરમાં ઓછા શુભ મુહૂર્ત તેમજ ફૂલો, શણગાર, ખોરાક અને મજૂરીના દર વધવાને કારણે સંચાલન ખર્ચમાં ૨૦-૨૫% નો વધારો નોંધાયો છે

રાજ્ય બહાર થતા લગ્નો: હોટેલ અને રેસ્ટોરન્ટ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ગુજરાતમાંથી દર વર્ષે આશરે ૫૦૦ ડેસ્ટિનેશન વેડિંગ એકલા રાજસ્થાનમાં થાય છે, જેનું બજેટ રૂ. ૩ કરોડ સુધી પહોંચે છે.

લગ્નો કદાચ વધુ ઘનિષ્ઠ બની રહ્યા છે, પરંતુ ઉજવણીઓ વધુ જોરદાર, ભવ્ય અને નોંધપાત્ર રીતે વધુ ખર્ચાળ બની રહી છે. આ લગ્નની મોસમમાં, ડેસ્ટિનેશન વેડિંગ્સ, સેલિબ્રિટી કલાકારો અને ઈમર્સિવ અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતનું સ્ટેચ્યુ ઓફ યુનિટી, વારાણસી અને ઋષિકેશ રાજસ્થાનના શાહી લગ્ન સર્કિટની સાથે માંગવાળા સ્થળો તરીકે ઉભરી રહ્યા છે.



ડેસ્ટિનેશન વેડિંગ્સમાં નિષ્ણાત ઈવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટ કંપની, ટુ ઈવેન્ટ્સના સ્થાપક ડો. જયદીપ મહેતાએ જણાવ્યું હતું કે કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) એ ખૂબ જ રસ દાખવ્યો છે, નવેમ્બર-ડિસેમ્બર સીઝન માટે લગભગ ૩૦ લગ્નો બુક થયા છે. "ડેસ્ટિનેશન (SoU) પાસે અંદાજે ૫૦૦ હોટેલ રૂમ છે, જેમાં ટેન્ટ-સિટી રહેઠાણનો સમાવેશ થાય છે. જો કે, અગાઉ જોવા મળેલા ૧,૫૦૦ લોકોના મોટા મેળાવડાને બદલે ૧૦૦-૨૦૦ મહેમાનો ધરાવતા ઘનિષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ્સ તરફ વલણ બદલાઈ રહ્યું છે," ઈવેન્ટ મેનેજમેન્ટ ફેડરેશન ગ્લોબલના પ્રમુખ મહેતાએ જણાવ્યું હતું.

મહેતાનો અંદાજ છે કે નવેમ્બર-જાન્યુઆરી સીઝન દરમિયાન ગુજરાતનો લગ્ન સંબંધિત ખર્ચ આશરે રૂ. ૪૦,૦૦૦ કરોડ હોઈ શકે છે, જેમાં રાષ્ટ્રીય બજારમાં ગુજરાતથી અન્ય રાજ્યોમાં યોજાતા લગ્નો માટે ત્રણ ગણો કે તેથી વધુનો વધારો થવાની સંભાવના છે.

નવેમ્બર અને ડિસેમ્બરમાં ઓછા શુભ લગ્ન તારીખોએ મોસમને જાટિલ બનાવી દીધી છે, એમ વૈભવી લગ્ન આયોજન, ઈવેન્ટ ડિઝાઇન અને પ્રોડક્શન કંપની હાઉસ ઓફ પ્રસન્નના એમડી કેયુર પટેલે જણાવ્યું હતું. મર્યાદિત કેલેન્ડરથી એવા વિકેતાઓને ફટકો પડ્યો છે જેમણે ઓછા બુકિંગ છતાં ટીમો અને માળખાગત સુવિધાઓ જાળવી રાખવી પડે છે. પટેલનો અંદાજ છે કે મોંઘા ફૂલો, સુશોભન સામગ્રી, ખોરાક અને મજૂરોની અછતને કારણે સંચાલન ખર્ચમાં ૨૦-૨૫ ટકાનો વધારો થયો છે.

"તે જ સમયે, કેટલાક ગ્રાહકો ખર્ચ કરવામાં વધુ સાવચેત બની રહ્યા છે, કારણ કે લગ્નની સીઝન પહેલા સોના અને ઝવેરાતની ખરીદીમાં નોંધપાત્ર રકમ ખર્ચ થઈ ગઈ છે. પરિણામે, બજેટ દબાણ હેઠળ આવી ગયું છે અને વિક્રેતાઓ વ્યવસાય જાળવી રાખવા માટે ઓછા નફાના માર્જિનને સ્વીકારી રહ્યા છે," પટેલે જણાવ્યું હતું.

"છતાં મનોરંજન હજુ પણ અસ્પૃશ્ય છે. બોલિવૂડના લોકપ્રિય કલાકારો અને સંગીત કલાકારો ૨૦ લાખથી લઈને ૧ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરે છે, જેમાં બોલિવૂડના સ્થાપિત નામો એક રાત્રિ માટે લગભગ ૪૦-૫૦ લાખ રૂપિયા ચાર્જ કરે છે," તેમણે ઉમેર્યું.

ઉદ્યોગના નિષ્ણાતો કહે છે કે ઉજવણીઓ લગ્ન સમારોહથી લાંબી સંગીત રાત્રિઓ તરફ આગળ વધી રહી છે, તેથી ખોરાક અને સજાવટના બિલમાં પણ વધારો થયો છે. એક સમયે પ્રતિ પ્લેટ ૧,૫૦૦ રૂપિયાથી શરૂ થતી કેટરિંગની કિંમત હવે લગભગ ૨,૫૦૦ રૂપિયાથી શરૂ થાય છે, જ્યારે પ્રીમિયમ મેનુની કિંમત પ્રતિ પ્લેટ ૮,૦૦૦-૧૫,૦૦૦ રૂપિયા હોઈ શકે છે. એક મોટું સમારોહ સરળતાથી ૧ કરોડ રૂપિયાને સ્પર્શી શકે છે, જેમાં ફક્ત સજાવટનો ખર્ચ ૩૦-૫૦ લાખ રૂપિયા છે.

ગુજરાતી પરિવારો માટે, રાજસ્થાન એક મુખ્ય સ્થળ છે, ખાસ કરીને ઉદયપુર, જયપુર અને જેસલમેર. લગ્ન આયોજકો માને છે કે ઉદયપુરના ડેસ્ટિનેશન વેડિંગ માર્કેટમાં ગુજરાતીઓનો હિસ્સો ૪૦-૫૦ ટકા હોવાનો અંદાજ છે. (૪૧.૧૬)

EDITORIAL
તંત્રી સ્થાનેથી....
અકિલા
તા.૨૭-૧૧-૨૦૨૬

ગિરનાર બદનામ કરનારને કાઢો

ઘણા શંકાસ્પદ તત્વો ઘુસી ગયા હશે: સતત વિવાદો અને હુમલા સનાતનની શરમ ગણાય: સાધુના વેશમાં ધબકતા ભાંગફોડિયાઓની દવા કરો

સૌરાષ્ટ્રની ધરા પર અડીખમ ઊભેલો ગિરનાર માત્ર એક પર્વત નથી, પરંતુ સનાતની આધ્યાત્મિક ચેતનાનું જીવંત તીર્થ છે. અહીંના કણ-કણમાં યોગ, સાધના અને ભક્તિનો સ્પંદન અનુભવાય છે. ગુરુ દત્તાત્રેયના ચરણસ્પર્શથી પાવન થયેલી આ ભૂમિ, અંબાજી માતાનું શક્તિપીઠ, જૈન તીર્થો અને અસંખ્ય સિદ્ધો-સંતોની તપોભૂમિ તરીકે સમગ્ર આધ્યાત્મિક વિશ્વમાં આદરણીય છે. શાંતિ, વૈરાગ્ય અને આત્મખોજ માટે આવતા શ્રદ્ધાળુઓ માટે ગિરનાર હંમેશા એક પવિત્ર આશ્રયસ્થાન રહ્યું છે.

દુ:ખની વાત એ છે કે આ દિવ્ય ભૂમિ પર છેલ્લા કેટલાક સમયથી આધ્યાત્મિકતાને બદલે વિવાદો અને હિંસાના પડછાયા દેખાઈ રહ્યા છે. બે દિવસ પહેલા જૂનાગઢમાં એક અખાડાના મહામંડલેશ્વર પર થયેલા હુમલાની ઘટનાએ સમગ્ર સમાજને હચમચાવી નાખ્યો છે. હાથમાં ગદા લઈને નગ્નાવસ્થામાં ઘૂસેલાના આ કૃત્યએ કાયદો અને વ્યવસ્થા સામે તો પ્રશ્નો ઊભા કર્યા જ છે, સાથે જ પવિત્ર તીર્થની સુરક્ષા અને મર્યાદાને પણ ડાઘ લગાડ્યો છે.

આ કોઈ છૂટીછવાયી ઘટના નથી. નજીકના ભૂતકાળમાં પણ ગિરનાર અને આસપાસના ધાર્મિક પરિસરમાં જમીન-મિલકતના વિવાદો, ગાદી-વારસાના ઝઘડા, અસામાજિક પ્રવૃત્તિઓ અને સંતો-મહંતો વચ્ચેના સંઘર્ષોના બનાવો સપાટી પર આવ્યા છે. ત્યાગ અને સેવાની પરંપરા ધરાવતા સંતસમાજની છબિને આવા બનાવો ગંભીર નુકસાન પહોંચાડે છે.

સાધુના વેશમાં શંકાસ્પદ અને ભાંગફોડિયા તત્વો ઘૂસી જાય છે, ત્યારે સાચી સાધના કરનારા નિષ્કલંક સંતોની ગરિમા પણ જોખમાય છે. ભગવા વસ્ત્ર અને સંતત્વનો આડંબર રચીને અરાજકતા ફેલાવનારા તત્વો સનાતન ધર્મ માટે શરમજનક સ્થિતિ સર્જે છે. આવા તત્વો સામે માત્ર કડક પોલીસ કાર્યવાહી જ નહીં, પરંતુ અખાડાઓ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા પણ કડક આંતરિક ચકાસણી અને શિસ્તબદ્ધ પગલાં ભરવા અનિવાર્ય છે.

ગિરનારની દિવ્યતા અને પવિત્રતા જાળવી રાખવી એ દરેક શ્રદ્ધાળુ, સંત અને તંત્રની સહિયારી જવાબદારી છે. ગિરનારને બદનામ કરનારા અને છદ્મ વેશમાં છુપાયેલા ભાંગફોડિયા તત્વોની કડક "દવા" થશે, ત્યારે જ આ તીર્થક્ષેત્ર ફરી એકવાર નિર્ભય, શાંત અને આધ્યાત્મિક તેજથી ઝળહળતું રહેશે. (૩.૨)

૧ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ પાંચ ફેરફારો સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ, વાહન ખરીદનારાઓ અને શેરબજારના રોકાણકારો સુધીની અલગ-અલગ કેટેગરીને અસર કરી શકે છે

૧ ડિસેમ્બરથી ૫ મોટા ફેરફારો: LPGના ભાવથી લઈને ક્રેડિટ કાર્ડ સુધી બદલાશે નિયમો

LPGના ભાવમાં ફેરફારથી ઘરનું બજેટ પ્રભાવિત થઈ શકે છે, જ્યારે SBI ક્રેડિટ કાર્ડના નવા ચાર્જથી કાર્ડધારકોનો ખર્ચ વધી શકે છે

નવી દિલ્હી, તા. ૨૭ : નવેમ્બર મહિનો પૂર્ણ થવા જઈ રહ્યો છે અને ૧ ડિસેમ્બરથી વર્ષના છેલ્લા મહિનાની શરૂઆત થશે. નવા મહિનાની શરૂઆત સાથે જ દેશભરમાં અનેક મહત્વપૂર્ણ ફેરફારો થવા જઈ રહ્યા છે. આ ફેરફારોની સીધી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા, ઘરનું બજેટ, વાહનોની ખરીદી અને બેંકિંગ વ્યવહારો પર પડી શકે છે. LPG ગેસ સિલિન્ડરના ભાવથી લઈને ક્રેડિટ કાર્ડના નિયમો સુધી પાંચ મોટા ફેરફારો ૧ ડિસેમ્બરથી અમલમાં આવવાના છે. આ ઉપરાંત ટાટા મોટર્સની કાર ખરીદવી પણ મોંઘી બની શકે છે. તો જાણીએ આ પાંચ ફેરફારો કયા છે અને તેની સામાન્ય લોકો પર કેવી અસર પડશે.

૧. LPG ગેસ સિલિન્ડરના ભાવમાં થઈ શકે છે ફેરફાર

દર મહિનાની પહેલી તારીખે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ LPG ગેસ સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. ત્યારે ૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ પણ ગેસ સિલિન્ડરના નવા ભાવ જાહેર થઈ શકે છે. ખાસ કરીને ઘરેલુ ૧૪.૨ કિલોગ્રામ અને કોમર્શિયલ ૧૯ કિલોગ્રામના ગેસ સિલિન્ડરના ભાવ પર લોકોની નજર રહેશે. અગાઉ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જ્યારે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ લાંબા સમયથી સ્થિર છે. જો ઘરેલુ ગેસના ભાવમાં વધારો થાય તો તેની સીધી અસર સામાન્ય પરિવારોના માસિક બજેટ પર પડી શકે છે. બીજી તરફ હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય વ્યવસાયોને પણ કોમર્શિયલ ગેસના ભાવમાં ફેરફારની અસર થશે. LPG ઉપરાંત ઉડ્ડયન ક્ષેત્રમાં વપરાતા ATF એટલે કે એર ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં પણ ફેરફાર થઈ શકે છે.

૨. SBI ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફાર

૧ ડિસેમ્બરથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના ક્રેડિટ કાર્ડધારકો માટે પણ મહત્વનો ફેરફાર થવા જઈ રહ્યો છે. બેંક દ્વારા ૨૭ ઓક્ટોબરના રોજ આ અંગે માહિતી આપવામાં આવી હતી. નવા નિયમ મુજબ, ક્રેડિટ કાર્ડ મારફતે કરવામાં આવતા ચોક્કસ ટ્રાન્ઝેક્શન પર વધારાનો ચાર્જ લાગુ થઈ શકે છે. રૂ.૩૦,૦૦૦થી વધુના ટ્રાન્સપોર્ટ વ્યવહારો અને રૂ.૫૦,૦૦૦થી વધુના ફ્યુઅલ ખર્ચ પર ૧% ચાર્જ લાગુ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ફેરફારને કારણે મોટા પ્રમાણમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ટ્રાન્સપોર્ટ અને ઈંધણની ચુકવણી કરતા ગ્રાહકોએ હવે વધુ ખર્ચ કરવો પડી શકે છે. તેથી SBI ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા ગ્રાહકોએ નવા નિયમો અને લાગુ પડતી શરતોની જાણકારી મેળવી લેવી જરૂરી છે.

૩. ટાટાની કાર અને SUV ખરીદવી થશે મોંઘી

જો તમે ડિસેમ્બર મહિનામાં નવી કાર ખરીદવાનું આયોજન કરી રહ્યા છો તો તમારા માટે મહત્વના સમાચાર છે. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ દ્વારા ૧ ડિસેમ્બરથી કાર અને SUVની કિંમતોમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. કંપનીના જણાવ્યા અનુસાર, વાહનોની કિંમતોમાં વેરિઅન્ટ પ્રમાણે ફેરફાર થશે અને સરેરાશ ૦.૫% સુધીનો વધારો થઈ શકે છે. આ ભાવવધારામાં પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વાહનોનો સમાવેશ થઈ શકે છે. એટલે કે ટાટાની લોકપ્રિય કાર અને SUV ખરીદવા ઈચ્છતા ગ્રાહકોએ હવે વધારે કિંમત ચૂકવવી પડી શકે છે. વાહનના મોડલ અને વેરિઅન્ટ પ્રમાણે ભાવવધારાની રકમ અલગ-અલગ રહેશે. આથી નવી કાર ખરીદવાનું વિચારી રહેલા ગ્રાહકો માટે ૧ ડિસેમ્બર પહેલાં ખરીદી કરવાનો વિકલ્પ પણ મહત્વનો બની શકે છે.

૪. કોમોડિટી ટ્રેડિંગ માટે SEBIના નવા નવા માર્જિન નિયમો



શેરબજાર અને કોમોડિટી માર્કેટમાં રોકાણ તથા ટ્રેડિંગ કરતા લોકો માટે પણ ૧ ડિસેમ્બરથી મહત્વનો ફેરફાર થવાનો છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ માટે માર્જિનના નિયમોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. નવા નિયમો હેઠળ કોમોડિટીના ભાવમાં થતી વધઘટ અને જોખમના આધારે ટ્રેડર્સે જરૂરી પ્રારંભિક માર્જિન જાળવવું પડશે. આ માટે કોમોડિટીને ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવી છે. ઓછી વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૬%, મધ્યમ વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૮% અને વધુ વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૧૦% માર્જિનની જોગવાઈ કરવામાં આવી છે. આ નિયમનો મુખ્ય હેતુ બજારમાં જોખમનું સંચાલન અને ટ્રેડિંગ વ્યવહારોમાં નાણાકીય શિસ્ત જાળવવાનો છે. નવા નિયમોને કારણે કોમોડિટી ટ્રેડિંગ કરતા રોકાણકારોએ પોતાની મૂડી અને માર્જિનની ગણતરીમાં ફેરફાર કરવો પડી શકે છે.

૫. GST રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયામાં ફેરફાર

GST કરદાતાઓ માટે પણ ૧ ડિસેમ્બરથી મહત્વપૂર્ણ ફેરફાર લાગુ થવાની તૈયારી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા સેન્ટ્રલ GST નિયમો, ૨૦૧૭માં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારા હેઠળ GST રજિસ્ટ્રેશન રદ કરવાની અરજી અને તેની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવશે. નવા નિયમ મુજબ પાત્ર અરજીઓની પ્રક્રિયા GST કોમન પોર્ટલ મારફતે ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવશે. જોકે, જેમના GST રિટર્ન બાકી હશે અથવા જેમની સામે કોઈ લેણાં બાકી હશે તેવા કિસ્સાઓની વધુ તપાસ માટે સંબંધિત અધિકારીને મોકલવામાં આવશે. આ ફેરફારથી GST રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત અને ડિજિટલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વેપારીઓ અને નાના ઉદ્યોગકારોએ નવા નિયમો અનુસાર પોતાની GST સંબંધિત કામગીરી અને બાકી રિટર્નની સ્થિતિ તપાસવી જરૂરી રહેશે.

સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે અસર

આમ, ૧ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ પાંચ ફેરફારો સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ, વાહન ખરીદનારાઓ અને શેરબજારના રોકાણકારો સુધીની અલગ-અલગ કેટેગરીને અસર કરી શકે છે. LPGના ભાવમાં ફેરફારથી ઘરનું બજેટ પ્રભાવિત થઈ શકે છે, જ્યારે SBI ક્રેડિટ કાર્ડના નવા ચાર્જથી કાર્ડધારકોનો ખર્ચ વધી શકે છે. બીજી તરફ ટાટાની કારની કિંમતોમાં વધારો થવાથી વાહન ખરીદવાનું આયોજન કરતા લોકોને વધુ નાણાં ખર્ચવા પડશે. તેથી ડિસેમ્બર મહિનો શરૂ થાય તે પહેલાં આ નવા નિયમો અને ફેરફારો અંગે જાણકારી મેળવવી જરૂરી છે.

અમેરીકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નિવેદન

પુતિન રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા સમજૂતિ કરવા માંગે છે

ફ્લોરિડા, તા. ૨૭ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે એક સમજૂતિ કરવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમની પ્રાથમિકતા જાનહાનિને અટકાવવાનું છે અને સાથે જ રશિયન નેતા સાથે સંબંધ બનાવી રાખવાના પોતાના દૃષ્ટિકોણ વિશે પણ જણાવ્યું હતું.

ફ્લોરિડામાં આવેલા તેમના નિવાસસ્થાન 'માર-એ-લાગો'થી અમેરિકન સૈન્ય કર્મીઓ સાથે 'થેંક્સગિવિંગ' નિમિત્તે વાતચીત કરતી વખતે, ટ્રમ્પે કહ્યું કે તેઓ મોસ્કો સાથે એક સમજૂતિ કરવા માંગે છે. તેમણે દલીલ કરી કે વાટાઘાટોની પ્રક્રિયા માટે પુતિન સાથે સંબંધો જાળવી રાખવા મહત્વપૂર્ણ છે.

પુતિનને અગાઉ 'મિત્ર' તરીકે સંબોધવા અને ત્યારબાદ રશિયન સૈન્ય આક્રમકતા અંગે કરેલી ટિપ્પણીઓ વિશે પત્રકારના સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું, 'જુઓ, ઘણી વાતો કહી શકાય છે, પરંતુ તમારે એક વાત સમજવી પડશે. અમે એક સમજૂતિ કરવા માંગીએ છીએ. અમે લોકોના જીવ જતા રોકવા માંગીએ છીએ.'



ટ્રમ્પે કહ્યું, 'હું એમ ન કહી શકું કે તે મિત્ર છે અથવા મારી સાથે છે...પણ, મારે એક સમજૂતિ કરવી છે. મારે આ સમજૂતિ પાર પાડવી પડશે. ત્યાં દર મહિને ૨૫૦૦૦ લોકો જીવ ગુમાવી રહ્યા છે.'

પોતાની રણનીતિ સમજાવતા, ટ્રમ્પે કહ્યું કે પુતિન પ્રત્યે દુશ્મનાવટ દર્શાવવાથી સમાધાનના પ્રયાસો જટિલ બની શકે છે. તેમણે રશિયન નેતા અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોનું ઉદાહરણ આપ્યું હતું.

ટ્રમ્પે કહ્યું, 'હું ત્યાં જઈને એમ કહી શકું કે, 'મને તમે પસંદ નથી', અને પછી આપણી સામે એ જ સમસ્યા ઊભી થાય જે ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચે છે. જુઓ, આવા સમાધાનમાં સૌથી મોટી સમસ્યા એ છે કે અહીં બે એવા નેતાઓ છે જેઓ એકબીજાને ખરેખર ધિક્કારે છે.?'

ટ્રમ્પે અમેરિકન રાજકારણમાં રશિયાના કથિત હસ્તક્ષેપ અંગેની તપાસનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેને તેમણે ખોટી તપાસ ગણાવી હતી. સાથે જ તેમણે પુનરોચ્ચાર કર્યો કે પુતિન સાથેની તેમની તાજેતરની વાતચીત સકારાત્મક રહી હતી.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે પુતિન ફ્લોરિડામાં આવેલા તેમના 'ડોરલ રિસોર્ટ' ખાતે યોજાનારી આગામી G20 સમિટમાં હાજરી આપશે, ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમને ખાતરી નથી, પરંતુ તેઓ રશિયન નેતાનું સ્વાગત કરશે. (૩૭.૬)

વેનેઝુએલામાં ડીઝલના ભાવ ફક્ત ૩૯ પૈસા પ્રતિ લિટર અને ઈરાનમાં ૫૩ પૈસા

વિશ્વમાં સૌથી સસ્તું પેટ્રોલ ૩.૨.૧૫ અને ડીઝલ ૩.૧ પ્રતિ લિટરથી પણ ઓછું

લિબિયામાં પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૩.૨.૧૫ છે: ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ પોર્ટ બ્લેરમાં છે

નવી દિલ્હી: તા.૧૨: વિશ્વમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ વેચતા દેશો લિબિયા, ઈરાન અને વેનેઝુએલા છે. GlobalPetrolPrices.com અનુસાર, લિબિયામાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૩.૨.૧૫ છે. ઈરાનમાં તે થોડું મોંઘું છે ૩.૨.૬૫ પ્રતિ લિટર, અને વેનેઝુએલામાં ૩.૩.૨૫ પ્રતિ લિટર. ડીઝલની કિંમત વેનેઝુએલામાં પ્રતિ લિટર માત્ર ૩.૩૯ અને ઈરાનમાં ૩.૫૩ છે, એટલે કે બંને દેશોમાં ડીઝલની કિંમત પ્રતિ લિટર ૩.૧ કરતા ઓછી છે. દરમિયાન, લિબિયામાં, ૧ લિટર ડીઝલની કિંમત ૩.૨.૧૫ છે. બીજી તરફ, ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ પોર્ટ બ્લેરમાં વેચાય છે. અહીં પેટ્રોલ ૩.૮૮.૬૬ પ્રતિ લિટર છે, જ્યારે ડીઝલ ૩.૮૪.૫૬ છે.

હવે આપણે સૌથી સસ્તુ પેટ્રોલ અને ડીઝલની ચર્ચા કરી છે, ચાલો સૌથી મોંઘા પેટ્રોલ તરફ આગળ વધીએ. વિશ્વમાં સૌથી મોંઘુ પેટ્રોલ હોંગકોંગમાં છે, જેની કિંમત ૩.૪૧૦.૩૫ પ્રતિ લિટર છે. માલાવી બીજા ક્રમે છે, જ્યાં એક લિટરની કિંમત ૩.૩૦૦.૬૮ છે. બીજી તરફ, ભારતમાં સૌથી મોંઘુ પેટ્રોલ આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ૩.૧૧૮.૩૪ પ્રતિ લિટર છે.

ડીઝલની વાત કરીએ તો, હોંગકોંગમાં પણ ડીઝલ સૌથી મોંઘુ છે. અહીં એક લિટર ડીઝલની કિંમત ૩.૪૪૧.૬૩ છે. માલાવી આ સંદર્ભમાં બીજા ક્રમે છે, જ્યાં ડીઝલની કિંમત ૩.૩૧૩.૩૫ પ્રતિ લિટર છે. બીજી બાજુ, ભારતમાં, આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ડીઝલની કિંમત ૩.૧૦૬.૦૬ પ્રતિ લિટર છે.

શ્રીમંત દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારે છે, જ્યારે ઓછી આવક ધરાવતા અને ક્રૂડ ઓઈલ ઉત્પાદક દેશોમાં ઈંધણ સસ્તું છે. જોકે, યુનાઈટેડ સ્ટેટ્સ એક અપવાદ છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં, ત્યાં પેટ્રોલના ભાવ પ્રમાણમાં ઓછા છે.

વૈશ્વિક ઉર્જા સંકટને કારણે, ડીઝલના ભાવ પેટ્રોલ કરતાં ઝડપથી વધી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી, ૨૦૨૬ માં ઈરાન યુદ્ધે પણ ડીઝલના પુરવઠાને અસર કરી છે. પરિણામે, વિશ્વભરના ઘણા બજારોમાં ડીઝલ પેટ્રોલ કરતાં વધુ મોંઘુ વેચાઈ રહ્યું છે.

નવેમ્બર ૨૦૨૬ માં, વૈશ્વિક ડીઝલ અને પેટ્રોલના ભાવનો ગુણોત્તર ૧.૧૨૯ થયો. આનો અર્થ એ થયો કે સરેરાશ, ડીઝલના ભાવ પેટ્રોલ કરતાં આશરે ૧૨.૯ ટકા વધુ છે. જાન્યુઆરી ૨૦૨૧ માં, આ ગુણોત્તર ૦.૯૧૨ હતો.

રશિયા-યુક્રેન યુદ્ધની અસર ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુદ્ધ શરૂ થયા પછી, રશિયાથી ડીઝલના પુરવઠા પર અસર પડી. આના કારણે પહેલા યુરોપમાં અને પછી વૈશ્વિક બજારમાં ડીઝલની અછત સર્જાઈ. નવેમ્બર ૨૦૨૨ માં ડીઝલ-પેટ્રોલ ગુણોત્તર વધીને ૧.૦૯૭ થયો.



ઈરાન યુદ્ધ કટોકટીને વધારે છૈં માર્ચ ૨૦૨૬ માં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી, ગલ્ફ દેશોમાંથી ડીઝલનો પુરવઠો લગભગ બંધ થઈ ગયો. આનાથી વૈશ્વિક બજારમાં ડીઝલની અછત વધી ગઈ. માર્ચમાં ડીઝલ-પેટ્રોલ ગુણોત્તર ૧.૦૫૯ હતો, જે ઓક્ટોબરમાં વધીને ૧.૧૦૫ અને નવેમ્બરમાં ૧.૧૨૯ થયો.

બ્રેન્ટ ક્રૂડમાં વધઘટ: ઓક્ટોબર ૨૦૨૬ માં બ્રેન્ટ ક્રૂડ ૧૦૮.૧૮ પ્રતિ બેરલ પર પહોંચ્યું. નવેમ્બરમાં તે ઘટીને ૯૬ થઈ ગયું. આમ છતાં, ડીઝલના ભાવ પેટ્રોલ કરતા વધારે રહે છે.

ડીઝલ અને ગેસોલિન બંને ક્રૂડ તેલમાંથી મેળવવામાં આવે છે, પરંતુ તેમના ઉત્પાદન માટે વિવિધ પ્રકારના ક્રૂડ તેલ અને રિફાઇનિંગ પ્રક્રિયાઓની જરૂર પડે છે. ડીઝલનું ઉત્પાદન મુખ્યત્વે મધ્ય પૂર્વ, રશિયા, કેનેડા અને લેટિન અમેરિકાના ભારે ક્રૂડ તેલમાંથી થાય છે. જ્યારે, ગેસોલિનનું ઉત્પાદન મુખ્યત્વે યુનાઇટેડ સ્ટેટ્સ, ઉત્તર સમુદ્ર અને પશ્ચિમ આફ્રિકાના હળવા ક્રૂડ તેલમાંથી થાય છે.(૪૧.૧૨)

બરડા અભયારણ્યમાં ફક્ત ૩૦ થી ૪૦ સિંહો જ રહી શકે છે : એકવાર આ મર્યાદા પૂર્ણ થઈ જાય, પછી સિંહો ભાણવડ, રાણાવાવ, માધવપુર અને કલ્યાણપુર જેવા બિન-સુરક્ષિત મહેસૂલ વિસ્તારોમાં સ્થળાંતર કરે તેવી શક્યતા

બરડામાં સિંહોની ગર્જના : ૪ વર્ષમાં સિંહોની વસ્તી હવે ૨૬ સુધી પહોંચી ગઈ

અમદાવાદ, તા. ૨૭ : જાન્યુઆરી ૨૦૨૩માં બરડા વન્યજીવન અભયારણ્યમાં જ્યારે એક પુખ્ત સિંહ કુદરતી રીતે આવ્યો, ત્યારે વન અધિકારીઓ અને વન્યજીવન પ્રેમીઓએ તેને એક મોટી સિદ્ધિ તરીકે ઉજવી. જો કે, ચાર વર્ષથી ઓછા સમયમાં સિંહોની વસ્તીમાં ઝડપી વધારાએ હવે વન વિભાગ માટે નવા વ્યવસ્થાપન પડકારો ઉભા કર્યા છે. પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેલાયેલા આ ૧૯૧ ચોરસ કિલોમીટરના અભયારણ્યમાં સિંહોની વસ્તી હવે ૨૬ સુધી પહોંચી ગઈ છે. અધિકારીઓ માને છે કે અભયારણ્ય ઝડપથી તેની મહત્તમ વહન ક્ષમતાની નજીક પહોંચી રહ્યું છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) ના અંદાજ મુજબ, બરડા અભયારણ્યમાં ફક્ત ૩૦ થી ૪૦ સિંહો જ રહી શકે છે. એકવાર આ મર્યાદા પૂર્ણ થઈ જાય, પછી સિંહો ભાણવડ, રાણાવાવ, માધવપુર અને કલ્યાણપુર જેવા બિન-સુરક્ષિત મહેસૂલ વિસ્તારોમાં સ્થળાંતર કરે તેવી શક્યતા છે.

લગભગ ૧૪૫ વર્ષથી તેમના કુદરતી ઘર બરડામાં સિંહોનું પાછા ફરવું એ એક દાયકાથી વધુની મહેનતનું પરિણામ છે. ૨૦૧૪ માં જ્યારે વન વિભાગે સાંભર અને ચિતલ માટે સંવર્ધન કેન્દ્રની સ્થાપના કરી ત્યારે પાયો નાખવામાં આવ્યો હતો. સિંહો માટે મજબૂત શિકાર પુરવઠો પૂરો પાડવા માટે જંગલમાં પહેલાથી જ નોંધપાત્ર જંગલી ડુક્કરની વસ્તી સાથે, સેંકડો શાકાહારી પ્રાણીઓને અહીં છોડવામાં આવ્યા હતા. ૨૦૧૫ સુધીમાં, આ ડુંગરાળ વિસ્તારને આ મોટા શિકારીઓને આવકારવા માટે સંપૂર્ણપણે તૈયાર માનવામાં આવતો હતો.

૨૦૨૩ માં, લાંબા સમય સુધી અહીં પ્રથમ નર સિંહ સ્થાયી થયા પછી, વન અધિકારીઓએ ગીરના જંગલોમાંથી પાંચ વધુ સિંહણને બરડામાં સ્થાનાંતરિત કરી. કુદરતી સંવર્ધન દ્વારા પરિવાર ઝડપથી વધ્યો. ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં, સિંહોની વસ્તી ૧૭ સુધી પહોંચી ગઈ હતી, અને આ વર્ષે ઓગસ્ટમાં, તે ૨૬ પર પહોંચી ગઈ.



પોરબંદરના નાયબ વન સંરક્ષક (DCF) ચિરાગ ચાંડગુડેએ જણાવ્યું હતું કે બધા ૨૬ સિંહ સંપૂર્ણપણે સ્વસ્થ અને ફિટ છે, અને વિભાગ સતત તેમનું નિરીક્ષણ કરી રહ્યું છે. તેમણે કહ્યું, 'અમારું માનવું છે કે અહીં મેટા-વસ્તી પહેલાથી જ સ્થાપિત થઈ ગઈ છે. આગામી થોડા વર્ષોમાં તેમની સંખ્યા વધુ વધશે, તેથી અમે નવા કોરિડોરની શક્યતા શોધી રહ્યા છીએ.'

ચિંતા એ છે કે વર્તમાન બરડા વસ્તીમાં મોટાભાગે બચ્ચાઓનો સમાવેશ થાય છે. જેમ જેમ આ બચ્ચાં નાના બાળકોમાં મોટા થાય છે, તેમ તેમ તેઓ કુદરતી રીતે નવા પ્રદેશો શોધવાનું શરૂ કરશે. આનાથી પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના મોટા ભાગોમાં સિંહોનો ફેલાવો ઝડપી થવાની શક્યતા છે.

ભવિષ્યમાં સ્થાનિક સંરક્ષણ જીવવિજ્ઞાનમાં, 'મેટા-વસ્તી' એ એક જ પ્રજાતિની અલગ પેટા-વસ્તીનો ઉલ્લેખ કરે છે જે સમયાંતરે હલનચલન દ્વારા જોડાયેલા રહે છે. અધિકારીઓ કહે છે કે વર્તમાન પરિસ્થિતિ ૧૯૯૦ ના દાયકાની યાદ અપાવે છે, જ્યારે જૂનાગઢના સંરક્ષિત વિસ્તારોમાં જગ્યાને કારણે સિંહો અમરેલી, ભાવનગર અને બોટાદના મહેસૂલ વિસ્તારોમાં ફેલાઈ ગયા હતા.

આ સમયે વન વિભાગની સૌથી મોટી ચિંતા એ છે કે વર્તમાન બરડા વસ્તી ૭૦ થી ૮૦ સિંહો સુધી પહોંચવાની ધારણા હોવાથી, વહીવટીતંત્ર તૈયારીઓ શરૂ કરી દીધી છે. અધિકારીઓ માનવ વસાહતો સાથે સિંહોનું સલામત સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે વન્યજીવન કોરિડોરનું સક્રિયપણે મેપિંગ કરી રહ્યા છે. વન્યજીવન નિષ્ણાંતો આગાહી કરે છે કે આગામી વર્ષોમાં, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જૂનાગઢ, અમરેલી અને ભાવનગરની જેમ વધુ સિંહોની વનતા ધરાવતા જિલ્લાઓની યાદીમાં જોડાશે.(૩૭.૭)

તમારી પ્રેસનોટ-ફોટા મેઈલ કરજો

રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓને જણાવવાનું કે તમારા કાર્યક્રમ અંગેની પ્રેસનોટ અને ફોટા મેઈલ **akiladailyphoto@gmail.com** મોકલવા વિનંતી. મેઈલ કર્યા બાદ ફોન.૦૨૮૧-૨૪૪૫૩૫૪/ ૨૪૪૫૧૧૧ ઉપર જાણ કરવી જરૂરી છે.(૪૦.૨)

મોટા વેપારીઓ માટે સેન્ટ્રલાઈઝ્ડ વહીવટ, નાના કરદાતાને ઓનલાઈન સુવિધા

કરદાતાઓ માટે એપ્રિલથી ફેસલેસ એસેસમેન્ટની તૈયારી

સીબીઆઈસી ટૂંક સમયમાં ડ્રાફ્ટ જાહેર કરી સંકળાયેલા લોકો પાસે અભિપ્રાય મંગાવશે

નવી દિલ્હી, તા. ૨૭ : ઈન્કમટેક્સમાં ફેસલેસ એસેસમેન્ટ કરવામાં આવ્યા બાદ પારદર્શિતા વધી છે. તેવી જ રીતે હવે જીએસટીમાં પણ ફેસલેસ એસેસમેન્ટ કરવા માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. તે કામગીરી આગામી એપ્રિલ ૨૦૨૭થી શરૂ કરવામાં આવનાર છે.

પ્રિસ્તાવિત વ્યવસ્થામાં મોટા વેપારીઓ અને અનેક રાજ્યોમાં જીએસટી રજિસ્ટ્રેશન ધરાવતી કંપનીઓ માટે સેન્ટ્રલાઈઝ્ડ વહીવટી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. હાલ અનેક રાજ્યોમાં અથવા એક જ રાજ્યમાં જુદા જુદા જીએસટી અધિકાર ક્ષેત્ર હેઠળ નોંધણી ધરાવતી કંપનીઓને વિવિધ કચેરીઓ સાથે સંકલન કરવું પડે છે. જેના કારણે રજિસ્ટ્રેશન, રિટર્નની ચકાસણી, નોટિસ, વિવાદો અને અપીલ સહિતની કામગીરીમાં સમય અને ખર્ચ વધે છે. નવી વ્યવસ્થામાં આવા મોટા કરદાતાઓને એક જ કેન્દ્રિય કચેરી મારફતે જીએસટી સંબંધિત વિવિધ સેવાઓ પૂરી પાડવાનો વિચાર છે. તેમાં રજિસ્ટ્રેશન, રિટર્નની સ્ક્રુટિની, કર વિવાદોનું એડજ્યુડિકેશન, રિવ્યૂ અને અપીલ જેવી કામગીરીનો સમાવેશ થઈ શકે છે. કંપની પાસે કેટલાં રાજ્યોમાં જીએસટી નંબર છે તેના આધારે અલગ અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી છુટકારો મળે તેવા આશયથી ફેસલેસ એસેસમેન્ટ સુવિધા શરૂ કરવામાં આવનાર છે. બીજી તરફ નાના વેપારીઓ, ઉદ્યોગકારો અને સ્થાનિક સ્તરે નોંધાયેલા કરદાતાઓ માટે ફેસલેસ આસિસ્ટન્સ સિસ્ટમ અમલમાં

ભજન કરીને ધર્મગુરૂ સિધ્ધાંત અને સદ્‌ગુરૂ સત્ય આપે : પૂ. મોરારીબાપુ

ભાવનગર જિલ્લાના તલગાજરડામાં શ્રી ચિત્રકુટધામમાં પૂ.પ્રભુદાસબાપુની પૂણ્યતિથી પ્રસંગે સમુહલગ્ન : સંતવાણી આરાધકોનું સન્માન

(મેઘના/વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૭: શ્રી ચિત્રકૂટધામ તલગાજરડામાં શ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથિ પ્રસંગે સમૂહલગ્ન અને સંતવાણી સન્માનનો સાત્વિક ઉપક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી મોરારિબાપુ કહ્યું કે, ભજન કરી ધર્મગુરુ સિદ્ધાંત આપે છે, સદગુરુ સત્ય આપે છે.

શ્રી મોરારિબાપુ દ્વારા શ્રી ચિત્રકૂટધામ તલગાજરડામાં યોજાયેલ કાર્યક્રમમાં સંતવાણી ગાયક, સંગીતકાર આરાધકોનું સન્માન અભિવાદન કરવામાં આવ્યું.

શ્રી મોરારિબાપુએ આ સન્માન કાર્યક્રમ એ ભજન વંદનાનો પ્રતીક ઉપક્રમ ગણાવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો અને તેમના પ્રેરક હરખ ઉદ્બોધનમાં કહ્યું કે, ભજન કરી ધર્મગુરુ સિદ્ધાંત આપે છે, સદગુરુ સત્ય આપે છે. ભજનથી શું મળે? તે પ્ર' છેડી શ્રી મોરારિબાપુએ તુલસીદાસજીના ઉલ્લેખ સાથે કહ્યું કે, તેને પછી ભજન સિવાય કશું જ ગમતું નથી. ભજન વડે થતી પ્રાપ્તિનો પણ ઉલ્લેખ કર્યો.

આ કાર્યક્રમમાં શ્રી સુખરામજીબાપુ મોટાભમોદરાની આદિ સર્જક વંદના થઈ, ભજનિક શ્રી દેવરાજ ગઢવી નાનો ડેરો (બાડા કચ્છ), તબલાવાદક શ્રી પ્રતાપભાઈ બારોટ (જૂનાગઢ), તબલા વાદક શ્રી હિતેશગીરી ગોસાઈ (બાબરા રાજકોટ) અને મંજીરવાદક શ્રી સંજયભાઈ કાપડી (જામનગર) આ પ્રતિભાઓને સંતવાણી સન્માન એનાયત થયાં.



આ સન્માન કાર્યક્રમ સંચાલન કરતાં શ્રી હરિચંદ્રભાઈ જોષીએ સંતવાણી પરંપરાનો ઉલ્લેખ કરી અલગ અલગ પ્રાંતોની સંતવાણી સંદર્ભે રસ પીરસ્યો અને શ્રી મોરારિબાપુ પ્રેરિત આ આયોજન વિશે પ્રાસંગિક વિગત આપી.

શ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથિ પ્રસંગે અહીંયા યોજાયેલ સમૂહલગ્નમાં ગામની દીકરીઓએ લગ્નજીવનમાં પગલાં પાડ્યાં.

તલગાજરડામાં આ સમૂહલગ્ન અને સંતવાણી સન્માનનો સાત્વિક ઉપક્રમ યોજાઈ ગયો, જેમાં સાવરકુંડલાના ભક્તિરામબાપુ સાથે લોકસાહિત્યકાર ભિખુદાન ગઢવી, ભજનિક શ્રી નિરંજનભાઈ પંડ્યા, લોકગાયક ભજનિક હેમંતભાઈ ચૌહાણ, સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલા, ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ અને કલાકાર ભજનિકો બિહારીભાઈ ગઢવી, ભારતીબેન વ્યાસ, કિર્તીદાન ગઢવી, માયાભાઈ આહિર, નીતિનભાઈ વડગામા સહિત સાહિત્યકારો, કલાકારો, ધાર્મિક તથા સામાજિક અગ્રણીઓ અને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયાં અને આ પ્રસંગ માણ્યો. આ સન્માન પસંદગી સેવામાં શ્રી પરષોત્તમપરી ગોસ્વામી તથા શ્રી ખેતશીભાઈ ગઢવી રહ્યાં હતાં.

તલગાજરડા ચિત્રકુટધામમાં સંતવાણીના આ સન્માન ઉપક્રમ સાથે નામી અનામી ભજનિક કલાકારો દ્વારા સંતવાણી લાભ મળ્યો હતો. (૯.૨૦)

જિલ્લા પંચાયતમાં વિદ્યાસહાયક માટે ૧૬૦ની નિમણૂક માટે કેમ્પ

રાજકોટ, તા. ૨૭: રાજય સરકાર દ્વારા ધો. ૧ થી ૫ માં વિદ્યાસહાયક (શિક્ષક) તરીકે પસંદગી પામેલા ઉમેદવારો માટે આજે સ્થળ ફાળવણી માટે મેરીટ આધારિત કેમ્પ યોજાયેલ રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે ફાળવાયેલા ૧૬૦ ઉમેદવારો પૈકી આજે બપોર સુધીમાં ૧૩૬ ને નિમણૂક પત્ર આપી દેવામાં આવ્યા છે. શિક્ષણાધિકારી દિક્ષિત પટેલના માર્ગદર્શન હેઠળ નિમણૂકની પ્રક્રિયા થઈ રહી છે.(૬.૧૪)

કચ્છના સિદ્ધ યોગી શ્રી હાજલદાદાના સમાધિ સ્થાન ભારાપર જાગીરમાં ભવ્ય ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવ

બજારો બપોરે ૩ના ટકોરે

વેસણ (૫૦ કિલો)	૪૯૦૦-૫૪૦૦
ચણા	૭૯૦૦-૮૦૦૦
ચણાદાળ	૯૪૦૦-૯૯૦૦
કપાસીયા-ખોળ (છાલા) (૫૦ કિલો)	૨૧૦૦-૨૩૦૦
૨૨ કેરેટ દાગીનાના ભાવ	૨૬૦૦૦
૨૨ કેરેટ દાગીના પરત ભાવ	૧૧૬૦૦૦
સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)	૧૨૯૪૦૦
ચાંદી ચોરસા (૧ કિલો)	૧૫૬૦૦૦
ખાંડ	૫૪૦૦-૫૬૦૦
સીંગતેલ લુઝ (૧૦કિ.ગ્રા.)	૧૮૦૦
પામોલીન તેલ ,, ,,	૧૨૩૮
કપાસિયા તેલ ,, ,,	૧૩૩૫
સોયાબીન	૧૩૪૮
ટેકસપેઇડ સીંગતેલ	
સીંગતેલ નવા ટીન (૧૫ કીલો)	૩૦૨૫-૩૧૧૫
રીફા. કપાસીયા તેલ	૨૦૬૫-૨૦૭૦
વનસ્પતી ઘી	૨૦૭૦-૨૧૦૦

ન્યૂઝફર્સ્ટ ગણિતમાં વળાંક!! સીમાંકન બિલ, 3 સાંસદો બહાર, ૪ મત ઓછા; NDAનો આંકડાઓનો ખેલ વધુ કડક બન્યો

★લોકસભામાં ૫૪૦ વર્તમાન સભ્યો છે, ૩ બેઠકો ખાલી છે.

★કસ્ટડીમાં બે સાંસદોઃ અમૃતપાલ સિહ અને એન્જિનિયર રશીદ જો તેમને હાજરી આપવાની પરવાનગી ન મળે તો તેઓ મતદાન કરી શકશે નહીં.

★એક સાંસદ સસ્પેન્ડઃ TMCના કલ્યાણ બેનર્જી ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ રહે છે, જે સ્થગિત કરવામાં આવ્યું નથી.

★જો ત્રણેય ભાગ લેવામાં અસમર્થ રહે છે, તો મતદાન કરવા લાયક સભ્યોની સંખ્યા ઘટીને ૫૩૭ થઈ જાય છે, જેનાથી બે તૃતીયાંશ બહુમતીનો આંકડો ઘટીને ૩૫૮ થઈ જાય છે.

★NDAનો અંદાજિત ટેકો ૩૫૪ છે, જેના કારણે સરકાર જરૂરી બહુમતીથી ૪ મત ઓછા રહે છે.

★DMK, NCP (SP) અને YSR કોંગ્રેસનો ટેકો, NDAના અંદાજિત આંકડા સાથે, સરકારના આંકડા માટે મહત્વપૂર્ણ છે.(૪૧.૩૫)

નારી તું નારાયણી દ્વારા બહેનો માટે સંમેલન - સ્નેહમિલન

મહિલા સશક્તિકરણ, સ્વાવલંબન અને રોજગારલક્ષી માહિતી અપાશે : કાર્યક્રમોની રૂપરેખા રજૂ થશે

રાજકોટ : આજના આધુનિક યુગમાં નારી શક્તિ દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે, ત્યારે સમાજની દરેક મહિલા આત્મનિર્ભર બને, પોતાના પગ પર ઉભી રહે અને સર્વાંગી વિકાસ સાધે તેવા ઉમદા હેતુ સાથે કાર્યરત 'નારી તું નારાયણી' સંસ્થા દ્વારા આગામી તા. ૦૧ ડિસેમ્બર મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ બોલબાલા હોલ, વાણીયાવાડી, મેઈન રોડ ખાતે સમસ્ત બહેનો માટે એક ભવ્ય મહિલા સંમેલન અને સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ ડો. છાયાબેન ભરવાડના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ કાર્યક્રમ બહેનોના જીવનમાં નવી ઉર્જા, નવો ઉત્સાહ અને પ્રગતિના નવા દ્વાર ખોલનારું એક પ્રેરણાદાયી માધ્યમ બની રહેશે. તેમ યાદીમાં જણાવાયું છે.



કાર્યક્રમમાં આજના ડિજીટલ યુગમાં મહિલાઓ કદમ મિલાવી શકે તે માટે ડિજિટલ સાક્ષરતા, નાણાકીય વ્યવસ્થાપન, ગૃહ ઉદ્યોગોને બજાર સુધી પહોંચાડવા માટેનું પ્લેટફોર્મ, સરકારી મહિલા કલ્યાણકારી યોજનાઓની માહિતી, તેમજ બહેનોના શારિરીક અને માનસિક સ્વાસ્થ્યની જાળવણી માટે આરોગ્યલક્ષી માર્ગદર્શન અને કાનૂની અધિકારોની જાગૃતિ જેવી રચનાત્મક પ્રવૃતિઓ વિષે સંસ્થા દ્વારા વિગતવાર જાણકારી આપવામાં આવશે.

કાર્યક્રમમાં સંસ્થાનો વિઝન અને આગામી વર્ષ દરમિયાન યોજાનાર વિવિધ સેમિનાર, વર્કશોપ અને તાલીમ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે. જરૂરિયાતમંદ અને અભ્યાસમાં રૂચિ ધરાવતી દિકરીઓ તથા બહેનો માટે શૈક્ષણિક માર્ગદર્શન અને વિવિધ હુન્નર-કળા શીખવા માટેના આયોજનોની માહિતી અપાશે. બહેનો આર્થિક રીતે પગભર બને તે માટે નાના પયાના ધંધા-રોજગાર શરૂ કરવા, માર્કેટીંગની સમજ મેળવવા અને આવકના સ્ત્રોત ઉભા કરવા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન અપાશે. મહિલાઓના સ્વાસ્થ્ય, પોષણ, આત્મરક્ષા અને સામાજિક સુરક્ષાને લગતા મહત્વપૂર્ણ વિષયો પર સંવાદ કરવામાં આવશે. તેમ ડો. છાયાબેન ભરવાડ (પ્રમુખ - નારી તું નારાયણી સંસ્થા, મો. ૮૪૦૧૫ ૪૪૯૪૫) એ યાદીમાં જણાવ્યું છે.(તસ્વીર : અભિજીત બગથરીયા) (૩૬.૧૭)

મિડલ ઈસ્ટમાં ફરી ટેન્શન

કુવૈતમાં ડ્રોન હુમલામાં ૨ ઈટાલિયન નાગરિકોના મોત

કુવૈત,તા.૨૭: પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ગુરુવારે કુવૈતમાં ડ્રોન હુમલાના મામલે ૨ ઈટાલિયન નાગરિકોના મોત થયા હોવાનો દાવો કરાયો છે. ઈટાલીના વિદેશ મંત્રાલયે પણ બંને નાગરિકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે ઈરાને આ પ્રકારના કોઈપણ હુમલાનો ઈનકાર કર્યો છે.

કુવૈતના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ સૌદ અબ્દુલઅઝીઝ અલ અતવાનના જણાવ્યા અનુસાર, દેશની એર ડિફેન્સ સિસ્ટમે અનેક ડ્રોન હુમલા નિષ્ફળ બનાવ્યા હતા. આ દરમિયાન અટકાવવામાં આવેલા ડ્રોનના કાટમાળની ઝપેટમાં આવતા ૨ ઈટાલિયન નાગરિકોના મોત થયા અને ૨ અન્ય ઘાયલ થયા છે. ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાનીએ સેનેટને માહિતી આપી હતી કે મૃત્યુ પામેલા બંને નાગરિકો ટેકનિશિયન હતા અને જર્મન સંરક્ષણ કંપની રિનમેટાલના ઈટાલિયન એકમમાં કાર્યરત હતા. તેઓ કુવૈતના એક એર ડિફેન્સ સર્વેલન્સ સ્ટેશન પર તૈનાત હતા.



આ ઘટનામાં એક કુવૈતી અને એક પાકિસ્તાની નાગરિક પણ ઘાયલ થયા છે. બીજી તરફ, ઈરાનના વરિષ્ઠ સૈન્ય પ્રવક્તા જનરલ અબુલફઝલ શેકર્ચીએ જણાવ્યું કે ઈરાને ખાડી ક્ષેત્રમાં કોઈ સૈન્ય કે આક્રમક અભિયાન ચલાવ્યું નથી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ટેલિગ્રામ ચેનલ પર જણાવ્યું હતું કે આ ઘટનાની કુવૈત સાથે મળીને તપાસ કરવા અને વાસ્તવિક દોષિતોને સામે લાવવા તેહરાન તૈયાર છે.(૪૧.૩૪)

પોલીસને એક સ્યુસાઇડ નોટ મળી આવી : જેમાં 'મરવાનું કારણ મોબાઇલમાં છે' એવું લખેલું હોવાનું સામે આવ્યું

જયપુરમાં માતા-પુત્ર અને દીકરીએ સામૂહિક આત્મહત્યા કરી

જયપુર:તા.૨૭:રાજસ્થાનની રાજધાની જયપુરના ભટ્ટા બસ્તી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા રામનગરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. કાંવટિયા સર્કલ પાસે આવેલા રામનગરના એક મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર બંધ રૂમમાંથી માતા સરોજ, તેમના પુત્ર અને પુત્રીના મૃતદેહ મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને ભટ્ટા બસ્તી પોલીસની ટીમ પણ તરત જ ત્યાં પહોંચી હતી.

આ ઘટના કાંવટિયા હોસ્પિટલથી વિદ્યાધર નગર રોડ તરફ એચડીએફસી બેન્કની નજીક આવેલા મકાનમાં બની છે. પોલીસ પહોંચી ત્યારે મકાનનો દરવાજો અંદરથી બંધ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ પરિવારે સામૂહિક આત્મહત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે, જોકે પોલીસે હજુ સુધી મોતના ચોક્કસ કારણ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

ઘટનાસ્થળેથી પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે, જેમાં 'મરવાનું કારણ મોબાઈલમાં છે' એવું લખેલું હોવાનું સામે આવ્યું છે. સ્યુસાઈડ નોટમાં મોબાઈલનો ઉલ્લેખ થતા આ મામલામાં નવો વળાંક આવ્યો છે. પોલીસ હવે મોબાઈલ ફોનમાં કઈ વિગતો કે માહિતી છુપાયેલી છે તે દિશામાં તપાસ કરી રહી છે. મોબાઈલનો ડેટા, પરિવારની સ્થિતિ અને અન્ય કડીઓ તપાસ્યા બાદ જ સમગ્ર ઘટનાનું સાચું કારણ બહાર આવી શકશે. હાલ પોલીસે નોટની સંપૂર્ણ વિગતો અંગે સત્તાવાર ખુલાસો કર્યો નથી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની ટીમને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. ટીમે રૂમની સ્થિતિ, આસપાસની પરિસ્થિતિ અને ઘરમાં પડેલી ચીજવસ્તુઓની ઝીણવટભરી તપાસ કરીને જરૂરી પુરાવા એકત્ર કર્યા છે. સામૂહિક આપઘાત સહિતના તમામ સંભવિત પાસાઓ પર ભટ્ટા બસ્તી પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.(૪૧.૩૩)

ભાવનગરમાં પથુભા ગોહિલનો મૃતદેહ હજુ ન સ્વીકારાયોઃ આજે ક્ષત્રિય સમાજ રણનીતિ ઘડશે

ખોટી ફરિયાદ નોંધાવનારા તથા તપાસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ગુન્હો નોંધવા અને 'સીટ' દ્વારા તપાસની પરિવારની માંગ

(મેઘના વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૭:.. ભાવનગર જિલ્લા જેલમાં ગુજસીટોકના આરોપી પથુભા ગોહિલ (પીપરાળી)ના મોતને પગલે ક્ષત્રિય સમાજનો રોષ યથાવત્ છે. પથુભાના મોતના બીજા દિવસે પણ પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરતાં સર ટી. હોસ્પિટલમાં મૃતદેહ રાખવામાં આવ્યો છે. પથુભા સામે ખોટી ફરિયાદ નોંધાવનાર ફરિયાદી તેમજ તપાસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવાની અને સમગ્ર મામલે SIT દ્વારા તપાસ કરાવવાની પરિવારજનોની માંગ હજુ અધૂરી રહી છે. આ માંગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવાના નિર્ણય પર પરિવાર અડગ છે.

તપાસ અધિકારી વિરુદ્ધ ગુનો નોંધવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા દરેક તાલુકામાં કેન્ડલ માર્ચ અને બાદમાં દરેક જિલ્લામાં કાર્યક્રમો રાખવાની ચિમકી ઉચ્ચારાઈ હતી, પરંતુ હાલ પૂરતો આ કાર્યક્રમ મોકૂફ રખાયો હોવાનું જણાવાયું છે.

ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ પરિવાર દ્વારા આજે ભાવનગર શહેરની સર ટી. હોસ્પિટલ ખાતે એકત્રીત થવાના પથુભા ગોહિલના જેલમાં થયેલા છે. પથુભાના મોતને લઈને પરિવારજનો ખાતે ક્ષત્રિય સમાજની બેઠક અને મોત બાદ ક્ષત્રિય સમાજ મેદાને પડ્યો દ્વારા અગાઉ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આગળની રણનીતિ પર સૌની નજર છે અને ખોટી ફરિયાદ કરનાર અને અરજી આપી તત્કાલીન ASP અંશુલ રહેશે. (૫-૧૩)

જૈન, મૂળ ફરિયાદી વલ્લભભાઈ વિરડીયા સહિત જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. પથુભાને ખોટી રીતે કેસમાં સંડોવી માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે નિષ્પક્ષ તપાસની માંગ પણ કરવામાં આવી છે. જોકે, આ મામલે હજુ સુધી પરિવારની માંગ મુજબ કાર્યવાહી ન થતાં મૃતદેહ સ્વીકારવાનો મુદ્દો યથાવત્ રહ્યો છે. હવે આજે સર ટી. હોસ્પિટલ

વિસાવદર નજીક મોટા કોટડા પાસે ટ્રકમાં ૭૬૫૯ બોટલ ઈંગ્લીશ ૧૨ લાખનો દારૂ ઝડપાયો

ટાટા ટોરસ ટ્રકમા લોખંડ-લાકડાની પ્લેટથી બનાવ્યું હતું ગુપ્ત ચોરખાનું, ચાલકની ઝડપી પૂછપરછમાં ભાંડો ફૂટ્યોઃ બગસરાથી બિલખા આવતો'તોઃ ભાણવડ પંથકનો શખ્સ પકડાયો

(વિનુ જોશી દ્વારા)જુનાગઢ તા.૨૭: જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ દેશી-વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા અને ગેરકાયદે પ્રવૃત્તિને સંપૂર્ણપણે ડામી દેવા કડક સૂચના આપેલી હોય, તે અનુસંધાને જૂનાગઢ રેન્જના પોલીસ ઈન્સ્પેકટર વાય.બી. રાણા તથા પો.સ.ઈ. આર.જી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. બી.ડી. માવદિયા તથા કચેરીના પોલીસ સ્ટાફ વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મોટા કોટડા ગામ નજીક પહોંચતા બાતમી મળી હતી કે, એક ટાટા કંપનીના ટોરસ ટ્રક જીજે-૨૫-યુ-૮૮૮૨માં ઠાઠાના ભાગે ઈંગ્લીશ દારૂ ભરેલો છે, જે ટ્રક બગસરા તરફથી આવીને બીલખા તરફના રોડ બાજુ થનાર છે.

બાતમી મુજબના વાહનની વોચમાં હતા તે દરમિયાન બાતમી મુજબનું વાહન ટોરસ ટ્રક બગસરા ગામ તરફથી બીલખા તરફ આવતા વાહન રોકાવી લીધું હતું અને ટ્રકના ચાલકને ટ્રકમાંથી ઉતારીને ટોરસ ટ્રક જોતા પ્રથમ નજરે ટ્રકનો ઠાઠાનો ભાગ ખાલી અને માત્ર લોખંડ અને લાકડાના પતરાવાળું તળિયું જોવામાં આવ્યું હતું અને ટ્રક ચાલકને ટ્રકમાં દારૂ કઈ જગ્યાએ મૂકી સંતાડી રાખેલ છે તે બાબતે પૂછતા ટ્રકમાં કોઈ જગ્યાએ દારૂ નહીં હોવાનું જણાવી પોલીસને ગુમરાહ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, બાદમાં તેની ખોટી જણાવેલી હકીકતમાં વિશ્વાસમાં ન આવી ટ્રક ચાલકની સઘન અને યુક્તિપૂર્વકની પૂછપરછ કરતા આ ટ્રકના ઠાઠાના મૂળ તળિયાની ઉપર લોખંડ તથા લાકડાની પ્લેટોને સ્ક્રુ, નટ-બોલ્ટથી ખાસ રીતે ફીટ કરી બહારથી સામાન્ય રીતે ન જણાય આવે તેવું વેલ્ડિંગ કરી તથા પતરાં-પાટિયાં ગોઠવીને આખા તળિયામાં એક ગુપ્ત ચોરખાનું બનાવવામાં આવ્યું છે, તેમાં ઈંગ્લીશ દારૂ સંતાડેલો છે તેમ જણાવ્યું હતું. જેથી સ્થળ ઉપર હાજર મળી આવેલા ટોરસ ટ્રક રજી. જીજે-૨૫-યુ-૮૮૮૨ના ટ્રક ચાલક તથા ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર હાજર નહીં મળી આવનાર આરોપી તથા વાપી ટોલનાકા પાસે ટ્રકના ઠાઠામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર અજાણ્યા ઈસમ તથા પોલીસ તપાસમાં ખુલે તે તમામ આરોપીઓ વિરુદ્ધ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો રજી. કરાવી તપાસ હાથ ધરવામાં આવી છે.



પકડાયેલા આરોપીનું નામ આલાભાઈ મેપાભાઈ સાવધારીયા રહે. મોખાણા ગામ વાડી વિસ્તાર, શિવ મંદિરની બાજુમાં, તા. ભાણવડ. જ્યારે હાજર નહીં મળી આવનાર આરોપીઓમાં (૧) દેવાભાઈ નારણભાઈ સાવધારીયા રહે. મોખાણા (૨) અજાણ્યો ઈસમ (વાપી ટોલનાકા પાસે ટ્રક મેળવી ટ્રકના ઠાઠામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર), (૩) પોલીસ તપાસમાં ખુલવા પામે તે તમામનો સમાવેશ થાય છે, કબજે કરાયેલા મુદ્દામાલમાં રોયલ ચેલેન્જ ફાઈનેસ્ટ વ્હિસ્કી ૯૩ બોટલ રૂ. ૧૫,૯૯૬, એક ટાટા કંપનીનો ટોરસ ટ્રક રજી. નંબર જીજે-૨૫-યુ-૮૮૮૨ રૂ. ૧૦,૦૦,૦૦૦ અને મોબાઈલ ફોન નંગ-૦૨ રૂ.૧૫,૦૦૦ મળી કુલ ૭૬૫૯ બોટલ સહિત કુલ રૂ. ૨૨,૬૪,૧૮૨નો મુદ્દામાલ કબજે કરાયો છે.

આ સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી-કર્મચારીઓમાં પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. રાણા, પો.સ.ઈ. આર.જી. ચુડાસમા, બી.ડી. માવદિયા તથા એ.એસ.આઈ. રામદેવસિંહ ઈન્દુભા, હરદેવસિંહ અમરસિંહ, ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ, પ્રદ્યુમનસિંહ રતુભા, પો.હેડ કોન્સ. કનકસિંહ નાનુભાઈ, પ્રવીણસિંહ બાલુભાઈ, જગદીશભાઈ રામસિંગભાઈ, હરેન્દ્રસિંહ ભીખુભા, મહેન્દ્રભાઈ દાનાભાઈ, વિપુલસિંહ કિરણસિંહ, આઝાદસિંહ મૂળુભાઈ, પો.કોન્સ. ભુપતસિંહ ડોલરસિંહ, પ્રવિણસિંહ પીઠાભાઈ, ડાયાભાઈ કાનાભાઈ, અમિતભાઈ કરશનભાઈ, જીતેન્દ્રભાઈ દેસાભાઈ, અરવિંદભાઈ રસિકભાઈ વિગેરેનો સમાવેશ થાય છે.(તસ્વીરઃ મુકેશ વાઘેલા-જુનાગઢ)(૨.૮)

ભારતની આશાઓ પર શ્રીલંકાએ પાણી ફરી વળ્યું

૩૧૭ રનનો મોટો સ્કોર પણ ન બચાવી શક્યો ભારત 'એ'ને: શ્રીલંકા 'એ' ૮ વિકેટે જીત સાથે ફાઇનલમાં, ભારતની સફર સેમિફાઇનલમાં સમાપ્ત

દોહા: એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સમાં ભારતીય ટીમની ફાઈનલમાં પહોંચવાની આશા પર શ્રીલંકાએ પાણી ફેરવી દીધું છે. પ્રથમ સેમિફાઇનલમાં ભારત 'એ'એ ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૩૧૭ રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હોવા છતાં શ્રીલંકા 'એ'એ આ લક્ષ્યાંકને આસાનીથી હાંસલ કરી ૮ વિકેટે વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. શ્રીલંકાના બેટર્સે ભારતીય બોલિંગ સામે આક્રમક બેટિંગ કરી મેચને એકતરફી બનાવી દીધી હતી.

ભારત તરફથી અભિષેક શર્માએ ૬૩ બોલમાં ૭૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી. વૈભવ સૂર્યવંશીએ ૨૭ બોલમાં ૪૦ રન ફટકારી શરૂઆતથી જ આક્રમક અંદાજ બતાવ્યો હતો. કેપ્ટન તિલક વર્માએ ૫૩ રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે શાહબાઝ અહેમદે ૪૮ બોલમાં અણનમ ૫૪ રન નોંધાવી ભારતને ૩૧૭ રન સુધી પહોંચાડ્યું હતું.

જોકે, શ્રીલંકાના ઓપનર્સે ભારતીય બોલરોની મુશ્કેલી વધારી દીધી હતી. લસિથ ક્રૂસ્પુલેએ ૧૧૬ રનની સદી ફટકારી, જ્યારે સિનેથ જયવર્ધને ૧૦૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૭૪ રનની ભાગીદારી થતાં ભારત મેચમાં પાછું ફરવાની તક ગુમાવી બેઠું હતું.

શ્રીલંકાએ ૪૧.૩ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવી ૩૧૮ રન બનાવી વિજય મેળવ્યો હતો. આ હાર સાથે ભારત 'એ'ની ટુર્નામેન્ટમાં સફર સમાપ્ત થઈ છે, જ્યારે શ્રીલંકાએ ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કર્યું છે.



રાજકોટમાં રહી ઇવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતાં કોડીનારના રીયાઝ શેખનો ફાંસો ખાઇ આપઘાત

પત્નિ ફોન કરતી હોઇ રિસીવ ન થતાં પરિચીતને ઘરે જોવા મોકલતાં ઘટનાની જાણ થઇ: મનહરપુર ખાતે બનાવ બન્યો: સાત મહિનાની દિકરીએ પિતાનું છત્ર ગુમાવ્યું: પરિવારમાં માતમ



રાજકોટ તા. ૨૭: શહેરના કાલાવડ રોડ પર સયાજી હોટેલ નજીક ગંગોત્રી પાર્ક પાસેના આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતાં મુળ કોડીનારના યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. પત્નિ પોતાના કામ પર હોઈ ત્યાંથી ફોન જોડતી હોઈ રિસીવ ન થતાં તેણે પરિચીતને ઘરે તપાસ કરવા મોકલતાં આ ઘટનાની જાણ થઈ હતી. કલેશને કારણે પગલુ ભર્યુ કે અન્ય કારણે? તે વિગતો બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.

જાણવા મળ્યા મુજબ કાલાવડ રોડ પર સયાજી હોટેલ નજીક આવેલી આવાસ યોજનામાં રહેતાં રીયાઝભાઈ ઈસુબભાઈ શેખ (ઉ.વ.૨૬) નામના યુવાને ઘરે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આપઘાત કરનાર રીયાઝભાઈ ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. તેના લગ્ન બે વર્ષ પહેલા મુંબઈની અલમાઝ નામની યુવતિ સાથે થયા હતાં. સંતાનમાં સાત મહિનાની દિકરી છે.

વધુ વિગત મુજબ રીયાઝભાઈ મુળ કોડીનારનો વતની હતો. તેના પિતા માછીમારીનો વ્યવસાય કરે છે. પોતે અહિ પત્નિ સાથે રાજકોટ રહી ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો હતો. પત્નિ પણ નોકરી કરે છે. ગઈકાલે બપોર બાદ પત્નિ પતિને ફોન જોડતી હોઈ વારંવાર કોલ કરવા છતાં રિસીવ ન થતાં તેણે પરિચીતને ઘરે તપાસ કરવા મોકલતાં દરવાજો અંદરથી બંધ હતો. ખખડાવવા છતાં દરવાજો ખોલાતો ન હોઈ પત્નિ પણ ઘરે પહોંચી હતી. બાદમાં પોલીસને બોલાવી દરવાજો તોડાવતાં અંદર રીયાઝભાઈ લટકતી હાલતમાં મળ્યો હતો. ૧૦૮ના તબિબે તેને નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તાલુકા પીએસઆઈ ડી.જે.જોષીએ જરૂરી કાર્યવાહી હતી. કારણ જાણવા તપાસ યથાવત રખાઈ છે. (૧૪.૬)

ઉદયનગરમાં ઘરમાં પડી જતાં ૮૫ વર્ષના વલ્લભભાઇ લાઠીયાનું મૃત્યુ

મોરબી રોડ આરડી રેસીડેન્સીમાં મ્યુ. કોર્પોરેશનના કર્મચારી જયેન્દ્રભાઇ બોખાણીનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ: બંનેના પરિવારજનોમાં શોક

રાજકોટ તા. ૨૭: ઉદયનગરમાં રહેતાં વૃધ્ધ ઘરમાં પડી જતાં ઈજા થતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં મ્યુ. કોર્પોરેશનના કર્મચારીનું ઘરે બેભાન થઈ ગયા બાદ મૃત્યુ થયું હતું.

જાણવા મળ્યા મુજબ મવડી પ્લોટ ઉદયનગર-૧૫માં રહેતાં વલ્લભભાઈ કાનજીભાઈ લાઠીયા (ઉ.વ.૮૫) ૨૪મીએ સવારે નવેક વાગ્યે ઘરે ચાલતી વખતે પડી જતાં ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ગત મોડી રાતે તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મોભીના મૃત્યુથી લાઠીયા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

બીજા બનાવમાં મોરબી રોડ ઓમ પાર્ક મેઈન રોડ આરડી રેસીડેન્સી-૨ ખાતે રહેતાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્યુન તરીકે ફરજ બજાવતાં જયેન્દ્રભાઈ ગોવિંદભાઈ બોખાણી (ઉ.વ.૫૫) ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. તેઓ એક બહેનથી મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. કેટલાક સમયથી પોતે બિમાર રહેતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. (૧૪.૫)

પૈસા ન દેતાં મુકેશે પત્નિને લાફો મારી પાઇપ ફટકાર્યો, સાળાએ મુકેશનો હાથ ભાંગી નાંખ્યો

ખોરાણાનો બનાવ: પતિ-પત્નિ બંને રાજકોટ સારવાર હેઠળ



રાજકોટ તા. ૨૭: કુવાડવા નજીકના ખોરાણા ગામે રહેતાં પતિ-પત્નિ વચ્ચે પૈસા માટે માથાકુટ થતાં પતિએ પત્નિને લાફો મારી પાઈપથી ફટકારતાં બનાવની જાણ સાળાને થતાં તેણે આવી બનેવીને ધોકાથી ફટકારતાં હાથમાં ફ્રેકચર જેવી ઈજા થઈ હતી. પતિ-પત્નિ બંને સારવાર માટે દાખલ થયા હતાં.

જાણવા મળ્યા મુજબ ખોરાણા ગામે રહેતાં રમાબેન મુકેશભાઈ જખાનીયા (ઉ.વ.૩૫)ને પતિ મુકેશે લાફો મારી પાઈપથી માર મારતાં તેણી સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. આ બનાવની જાણ જારીયા ગામે રહેતાં રમાબેનના ભાઈ નારૂ કરમશીભાઈને થતાં તે ખોરાણા આવ્યો હતો અને બનેવી મુકેશભાઈ નાથાભાઈ જખાનીયા (ઉ.વ.૩૮)ને ધોકાથી ફટકારતાં બંને હાથમાં શરીરે ઈજાઓ થઈ હતી. પતિ-પત્નિ બંને રાજકોટ સિવિલમાં દાખલ થતાં કુવાડવા રોડ પોલીસેને જાણ કરાઈ હતી.

રમાબેને કહ્યું હતું કે મારે સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પતિ મારકુટ કરતો હોઈ પોતે માવતરે રીસામણે હતી. ગઈકાલે જ સમાધાન કરી પતિ ખોરાણા તેડી આવ્યો હતો. એ પછી પૈસા બાબતે પતિએ ઝઘડો કરી પાઈપથી માર માર્યો હતો. બાદમાં મારા ભાઈને ખબર પડતાં તેણે મારા પતિને મારકુટ કરી હતી. મુકેશભાઈ બકરા ચારી ગુજરાન ચલાવે છે. તેના કહેવા મુજબ પત્નિ પાસે વીસ રૂપિયા માંગતાં માથાકુટ થઈ હતી. મેં તેને લાફો માર્યો હતો. બાદમાં મારા સાળાએ આવી મને ધોકાથી ફટકારતાં હાથ ભાંગી ગયો હતો. પોલીસે તપાસ હાથ ધરી છે. (૧૪.૬)

લોધીકાના હરીપર પાળ ગામે ૨૧ હજારના ગાંજા સાથે મગન પરમાર પકડાયો

મેટોડા જીઆઇડીસી પોલીસનો દરોડો: ૨૬ હજારનો મુદામાલ કબ્જે

રાજકોટ તા. ૨૭ :.. લોધીકાના હરીપર પાળ ગામે રામદેવપીરના મંદિર પાછળ મકાનમાં દરોડો પાડી મેટોડા જીઆઈડીસી પોલીસે ૨૧ હજારના ૪૩૦ ગ્રામ ગાંજા સાથે એક શખ્સને પકડી લઈ કાર્યવાહી કરી હતી.

લોધીકાના હરીપર પાળ ગામે રામદેવના મંદિર પાસે રહેતાં મગન કાળુભાઈ પરમાર (ઉ.૩૨)નાં મકાનમાં બાતમીના આધારે મેટોડા જીઆઈડીસી પોલીસનાં પી. આઈ. એમ. જે. પરમાર સહિતની ટીમે દરોડો પાડી તેને પકડી લઈ મકાનની ઝડતી કરતાં રૂમમાં રાખેલ ટીવી પાછળથી એક કાળા કલરનું ઝબલુ મળી આવ્યુ હતું. જેમાં તપાસ કરતા ગાંજો હોવાનું ખુલતાં પોલીસે રૂા. ૨૧,૫૦૦ ની કિંમતનો ૪૩૦ ગ્રામ ગાંજો અને ફોન મળી કુલ રૂા. ૨૬,૫૦૦ નો મુદામાલ કબ્જે કરી આ ગાંજાનો જથ્થો તે કયાંથી લાવ્યો હતો ? તે સહિતની દિશામાં તપાસનો દૌર શરૂ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં ગઈકાલે અલગ-અલગ ચાર સ્થળે પોલીસે દરોડા પાડી ગાંજા સાથે ચાર શખ્સોને પકડી કાર્યવાહી કરી હતી. ત્યારે મેટોડા પોલીસે પાંચમો કેસ કરી કાર્યવાહી કરી છે. (૫-૧૫)

કટારીયા ચોકડી પાસે ગુ.હા. બોર્ડમાં શિક્ષીકા નિકીતાબેન ઇસરાનીનું હૃદય બેસી જતાં મૃત્યુ

રણુજા મંદિર પાસે ભરડીયામાં સુખાજીભાઇનું પણ હૃદય રોગના હુમલાથી મૃત્યુ

રાજકોટ તા. ૨૭: હૃદય ધબકારા ચુકી જવાના બે બનાવમાં એક શિક્ષીકા અને એક ભરડીયાના મજૂરના મૃત્યુ થયા હતાં. બંનેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ કાલાવડ રોડ પર કટારીયાના શો રૂમ પાછળ રંગોલી પાર્ક ગુ.હા. બોર્ડ ક્વાર્ટરમાં રહેતાં શિક્ષીકા નિકીતાબેન દીપકભાઈ ઈશરાની (ઉ.વ.૪૧) ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. નિકિતાબેન માતા સાથે રહેતાં હતાં અને અગાઉ શિક્ષીકા તરીકે નોકરી કરતાં હતાં. હાલ થોડો સમયથી નોકરી છોડી દીધી હતી. રાતે ઘરે હતાં ત્યારે એકાએક શ્વાસ લેવામાં તકલીફ થતાં મામાએ ૧૦૮ બોલાવી તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાની શક્યતા જણાવાઈ હતી. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજા બનાવમાં કોઠારીયા રણુજા મંદિર સામે લાપાસરી રોડ પર આવેલા ભરડીયા ખાતે રહેતાં અને ત્યાં જ કામ કરતાં મુળ અમદાવાદ દસ્કોઈના ભાડાની મુવાડી ગામના વતની સુખાજી મોતીજી ઠાકોર (ઉ.વ.૪૮) ભરડીયા ખાતે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેને પરિવારમાં કોઈ ન હોઈ અહિ એકલા રહી કામ કરતાં હતા. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા જણાવાઈ હતી. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. (૧૪.૫)

ભેંસાણના ખજુરીયા હડમતીયામાં બાઇક સ્લીપ થતાં ૨૬ વર્ષના સુનિલ જમરેનું મોત

રાજકોટમાં સારવારમાં દમ તોડ્યો: મુળ એમપીનો યુવાન હટાણુ કરવા નીકળ્યો હતો: બે બહેનનો એકનો એક ભાઇ હતો: માસુમ પુત્રએ પિતાની છત્રછાંયા ગુમાવી: પરિવારમાં ગમગીની



રાજકોટ તા. ૨૭: વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના આધારસ્તંભ યુવાનનું મૃત્યુ થયું છે. ભેંસાણના ખજુરીયા હડમતીયા ગામ નજીક બાઈક સ્લીપ થઈ જતાં મુળ એમપીના ૨૬ વર્ષના યુવાનનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. વાડીએથી હટાણુ કરવા માટે નીકળ્યો ત્યારે બનાવ બન્યો હતો. યુવાને સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ જુનાગઢના ભેંસાણ તાબેના ખજુરીયા હડમતીયા ગામે ગોવિંદભાઈની વાડીમાં ભાગીયુ વાવતો અને પરિવાર સાથે રહેતો સુનિલભાઈ સુભાષભાઈ જમરે (ઉ.વ.૨૬) તા. ૧૯ના રાતે નવેક વાગ્યે વાડીએથી ભેંસાણ તરફ ઘરની ચીજવસ્તુ લેવા જતો હતો ત્યારે ભેંસાણ રોડ પર પહોંચ્યો તે વખતે બાઈક સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું આજે વહેલી સવારે મૃત્યુ થયું હતું.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભેંસાણ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર સુનિલભાઈ બે બહેનનો એકનો એક નાનો ભાઈ હતો. સંતાનમાં એક દિકરો છે. પોતે પરિવારજનો સાથે ખજુરીયા હડમતીયા ગામે રહી ખેત મજૂરી કરતો હતો. યુવાન આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. (૧૪.૫)

એએચટીયુની ટીમે બે કૂટણખાનાનો પર્દાફાશ કર્યો: ઓરેન્જ વેલનેસ સ્પા મુળ ગીર સોમનાથના જુંડવડલીનો મહેશ ચૌહાણ ચલાવતો હતો: એન્ટ્રીના ૧૦૦૦ અને એકસ્ટ્રા સર્વિસના ૩૦૦૦ વસુલાતા હતાં

મવડી ચોકડીએ સ્પામાં-રેસકોર્ષ પાર્કમાં ઘરમાં ત્રિપુરા, રાજકોટની યુવતિઓ પાસે કરાવતો હતો દેહવેપલો

ભાડાના ફ્લેટમાં વૃધ્ધા એક એક હજાર વસુલી ૫૦૦ પોતે રાખી ૫૦૦ લલનાને આપતી: પીઆઇ પી.એન. પઢીયાર, અજયભાઇ શુક્લા, સલિમભાઇ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને ટીમોના દરોડા



રાજકોટ તા. ૨૭: શહેરમાં અવાર-નવાર સ્પામાં મસાજ પાર્લરની આડમાં ચાલતાં કૂટણખાના પકડાય છે. વધુ એક આવા સ્પામાં એએચટીયુની ટીમે દરોડો પાડ્યો હતો. મવડી ચોકડી નજીક સ્પામાં દેહવ્યાપાર ચાલતો હોવાનો પર્દાફાશ કરી પોલીસે મુળ ગીર સોમનાથના વતની શખ્સની ધરપકડ કરી હતી. આ સ્પામાં ત્રિપુરાની બે યુવતિઓ પાસે દેહવેપલો કરાવાતો હતો. બીજી તરફ રેસકોર્ષ પાર્કમાં એક વૃધ્ધા ભાડાના ફ્લેટમાં બહારથી મહિલાઓ બોલાવી દેહવેપલો કરાવતી હોવાનો પર્દાફાશ પણ આ ટીમે કર્યો હતો. અહિથી પણ બે મહિલા મળી આવી હતી.

જાણવા મળ્યા મુજબ એએચટીયુની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે ખોડિયાર હોટલની બાજુમાં, શિવમ બિલ્ડીંગ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, મવડી ચોક પાસે આવેલ ઓરેન્જ વેલનેસ ફેમેલી નામના સ્પામાં સંચાલક બહારથી મહિલાઓને બોલાવી અને ગ્રાહકો પાસેથી નાણાં લઈ દેહવ્યાપારનો ધંધો કરાવી આર્થિક લાભ મેળવી રહ્યા છે. બાતમીની ખરાઈ કરવા માટે પોલીસે સ્પાથી થોડે દૂર ડમી ગ્રાહકને મોકલ્યો હતો. ડમી ગ્રાહક દ્વારા મળેલા સંકેત અને મિસકોલના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. પઢિયાર સહિતની ટીમ ત્રાટકી હતી.

સ્પામાં કાઉન્ટર પર રિસેપ્શનિસ્ટ તરીકે બેઠેલા શખ્સની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ મહેશ બાબુભાઈ ચૌહાણ (ઉં. વ. ૩૬, રહે. બાવળીયા પરા, રેસકોર્ષ રીંગ રોડ, મુળ રહે. ગામ ઝુંડવડલી, તા. જી. ગીર સોમનાથ) જણાવ્યું હતું. તેણે પોતે જ સ્પાનો માલિક અને સંચાલક હોવાની કબુલાત આપી હતી. પોલીસે સ્પાના રૂમ ચેક કરતા એક રૂમમાંથી એક મહિલા અને ડમી ગ્રાહક મળી આવ્યા હતા. તેણીએ પોતે મુળ ત્રિપુરાની હોવાનું અને હાલ નાના મવા રોડ પર રહેતી હોવાનું કહ્યું હતું. સ્પામાં એન્ટ્રી ફીના ૧૦૦૦ અને બાદમાં શરીર સંબંધ બાંધવાના રૂા. ૩૦૦૦ એકસ્ટ્રા સર્વિસ પેટે વસુલાતા હતાં.

સ્પામાં અન્ય એક મહિલા પણ મળી હતી તેણીએ પણ પોતે મુળ ત્રિપુરાની અને હાલ નાના મવા રોડ વિસ્તારમાં રહેતી હોવાનું કહ્યું હતું અને સ્પામાં સંચાલક દ્વારા દહે વ્યાપાર કરાવાતો હોવાનું કહ્યું હતું. આ યુવતિઓ ગ્રાહક પાસેથી ૩-૩ હજાર લેતી હતી. જેમાંથી ૧ હજાર સંચાલક પોતે રાખી લેતો હતો. પોલીસે ૪ હજાર રોકડા, મોબાઈલ ફોન મળી નવ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં પણ ટીમને મળેલી ચોક્કસ હકીકતના આધારે રેસકોર્ષ પાર્ક, સરસ્વતી શિશુ વિદ્યામંદિર સ્કૂલની બાજુની શેરી, બ્લોક નં. ૫૩ પાસે આવેલા ફ્લેટ નં. ૨ ખાતે ડમી ગ્રાહક મોકલી ખરાઈ કરવામાં આવી હતી. હકીકત સાચી જણાતા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ પહોંચી હતી. જ્યાં ફ્લેટના હોલમાં સોફા પર બેઠેલા વૃધ્ધાની પુછતાછ કરતાં પોતાનું નામ શિલ્પાબેન ગીરીશભાઈ માણેક (ઉં.વ. ૬૦, રહે. સાઈરામ, મેહુલનગર શેરી નં. ૬, નીલકંઠ સિનેમા પાછળ, કોઠારીયા મેઈન રોડ) જણાવ્યું હતું.

વધુ પુછતાછમાં આ વૃધ્ધાએ કબુલ્યુ હતું કે તેઓ બહારથી મહિલાઓને બોલાવી ફ્લેટમાં રાખતા હતા અને બહારથી ગ્રાહકો બોલાવી ગ્રાહક દીઠ રૂ. ૧,૦૦૦ લઈ તેમાંથી રૂ. ૫૦૦ મહિલાને આપતા હતા તથા રૂ. ૫૦૦ કમિશન પેટે પોતાની પાસે રાખી લેતાં હતાં. ફ્લેટના એક રૂમમાંથી ડમી ગ્રાહક અને એક મહિલા મળી આવ્યા હતા, જ્યારે બીજા રૂમમાંથી અન્ય એક મહિલા પણ મળી આવી હતી. પોલીસે દેહ વ્યાપારની પ્રવૃતિ કરાવવાનો ગુનો નોંધી સ્થળ પરથી રૂ. ૩,૫૦૦ રોકડા, બે મોબાઈલ ફોન ૧૦,૦૦૦ના મળી ૧૩,૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઈ પી. એન. પઢીયાર, એએસઆઈ અજયકુમાર શુક્લા, સલિમભાઈ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડકોન્સ. ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. હસમુખભાઈ બાલધા, જ્યોતિબેન બાબરીયા, ભુમિકાબેન ઠાકર, સૂર્યકાંતભાઈ જાદવની ટીમે આ બંને દરોડાની કામગીરી કરી હતી. (૧૪.૭)

પત્ની સાથેના ઝઘડાનો ખાર રાખી પુત્રને ઉંબરા સાથે ભટકાડી મારી નાખવાનો પ્રયાસ કર્યોતો

કોટડાસાંગાણીમાં માસુમ પુત્રની હત્યાની કોશિષ કરનાર પિતા રણજીત પરમારની ધરપકડ



રાજકોટ, તા. ૨૭: કોટડાસાંગાણીમાં પત્ની સાથેના ઝઘડાનો ખાર રાખી માસુમ પુત્રની હત્યાની કોશિષ કરનાર પિતાને પોલીસે ઝડપી લીધો હતો.

મળતી વિગતો મુજબ ફરીયાદી કાજલબેન વા/ઓ રણજીતભાઈ પરમાર તથા આરોપી રણજીત ઉર્ફે ટીનો હસમુખભાઈ પરમાર બન્ને પતિ-પત્નિ થતા હોય અને ફરીયાદી ઉપર આરોપી શંકા-વહેમ કરી અવાર-નવાર શારીરીક તથા માનસીક ત્રાસ આપતા ફરીયાદી બાળકોને મુકી પોતાના માતા-પિતાના ઘરે રીસામણે જતા રહેલ હોય અને બાદ ફરીયાદીને પોતાનો દિકરાની તબીયત સારી ન હોય તેમ જાણવા મળતા કોટડાસાંગાણી પોતાના ઘરે આવતા આરોપી જોઈ જતા એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને કહેલ કે તારે અહીયા આવવુ નહી તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે મારે મારા દિકરા રાજને મળવું છે તેમ કહેતા આરોપી ફરીયાદી સાથે જપા-જપી કરી લાકડી વડે માર મારી શરીરે મુંઢ ઈજા કરી નાસી ગયેલ હોય ત્યારે ફરીયાદીની દિકરી જયોતીએ ફરીયાદીને વાત કરેલ કે પપ્પા એમ કહેતા હતા કે તારી માએ અને તે ઉપાડો લીધો છે આજે તો તેને પતાવી દેવો છે તેમ કહી આરોપીએ રાજને પાટો બાંધેલ હાથ પકડીને મારી નાખવાના ઈરાદે ઉબરા સાથે ભટકાડી માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા કરી નાસી ગયો હતો.

આ બનાવની ફરીયાદ થયા બાદ કોટડાસાંગાણી પોલીસે નાસી છુટેલ આરોપી રણજીત ઉર્ફે ટીનો હસમુખભાઈ પરમાર રહે. કોટડાસાંગાણી સરકારી દવાખાના પાછળની ધરપકડ કરી હતી. પકડાયેલ રણજીત સામે પોકસ અને પ્રોહીબીશનના અગાઉ ૧૧ ગુન્હાઓ નોંધાયો છે.

આ કાર્યવાહી કોટડાસાંગાણી પો.સ્ટે.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ.એસ.આર.ગોહીલ, પો. હેડ કોન્સ રવિરાજસિંહ હેમેન્દ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ સવુભા ઝાલા તથા પો.કોન્સ. હિંમતસિંહ પાલ દ્વારા કરવામાં આવેલ છે. (૬.૯)

૨૧૧ અલગ અલગ ટ્રાનઝેકશન : ૮ કરોડ ૪૬ લાખથી વધુની છેતરપિંડીના પર્દાફાશ : એસપી સાગર બાગમાર

દેશના વિવિધ રાજ્યો ગુજરાત, આસામ, છતીસગઢ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, તેલંગાણા, દિલ્હી, હરિયાણામાં વિશેષ ઓપરેશન દ્વારા કુલ ૧૩ આરોપીઓ ને આબાદ રીતે અમારી ટીમે: ઝડપી લીધા છે





રાજકોટ તા. ૨૫ : ગાંધીધામ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરિયાદીની કંપનીના Yes Bank ના CC/OD ખાતામાંથી વગર OTP અને વગર ઓથોરાઈઝ રીતે નેટબેન્કિંગનું એક્સેસ મેળવી કુલ ૨૧૧ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી રૂ. ૮,૪૬,૦૭,૮૪૯ ની છેતરપિંડી કરવામાં આવી હતી. આ ગુનાની તપાસમાં DGP જ્ઞાનેન્દ્રસિંહ મલ્લિક, IG ચિરાગ કોરડીયા, IG બિપિન આહિરે અને નેતૃત્વ SP સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ અને LCB ની ૧૦ અલગ-અલગ ટીમોએ રાજ્ય બહાર તપાસ હાથ ધરી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ અને સાયબર એક્સલન્સ ગાંધીનગરની પણ મદદ લેવામાં આવી હતી. ટેકનિકલ એનાલિસીસના આધારે ગુજરાત, આસામ, છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, દિલ્હી, હરિયાણા માંથી કુલ ૧૩ આરોપીઓ પકડાયા છે. જેમના નેતૃત્વમાં આ સમગ્ર કૌભાંડનો પરદાફાશ થયો છે તેવા નેતૃત્વ SP સાગર બાગમારે અકિલા સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ગેંગે બોગસ શેલ કંપનીઓ અને ભાડાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી નાણાં ટ્રાન્સફર કર્યા હતા. ફ્રોડની રકમ પૈકી રૂ. ૩,૮૨,૭૩,૯૮૭ હોલ્ડ / ફ્રીઝ કરાવવામાં સફળતા મળી છે. આરોપીઓ પાસેથી ૧૩ મોબાઈલ ફોન, ૧ લેપટોપ અને ૧ ધ્મ્શ હાર્ડડિસ્ક કબ્જે કરાયા છે. આ કામગીરીમાં સાયબર ક્રાઈમ PI એમ.જે. હુણ, LCB PI એસ.વી. ગોજીયા, સાયબર ક્રાઈમ PSI એ.વી. ગોહિલ, PSI ડી.કે. ગોહિલ, PSI એન.એ. ચૌધરી, LCB PSI એમ.વી. જાડેજા, ASI આર.બી. ગોહિલ, ASI ડી.એમ. પટેલ, HC જે.એસ. રાઠોડ, HC વી.બી. પરમાર, PC એમ.ડી. જાડેજા, PC કે.એમ. ઠાકોર સહિતની ટીમ જોડાઈ હતી. વધુ તપાસ ચાલુ છે. પકડાયેલા આરોપીઓ પ્રવિણ રેગર, રઝાક મંસૂરી, સમૈયાહ દામેરા, રાકેશ સોલંકી, મનીષ આહીર, સચીન આહીર, પ્રભુદાસ દાસ, ભાનુપ્રતાપ બીસાહુદાસ, સોહિલખાન પઠાણ, અરમાન ચૌહાણ, રાહુલ સોલંકી, હિરેન સોનાગરા, કૈલાશચંદ ભીલ.

આ કામગીરીમાં સાયબર ક્રાઈમ PI એમ.જે. હુણ, LCB PI એસ.વી. ગોજીયા, સાયબર ક્રાઈમ PSI એ.વી. ગોહિલ, PSI ડી.કે. ગોહિલ, PSI એન.એ. ચૌધરી, LCB PSI એમ.વી. જાડેજા, ASI આર.બી. ગોહિલ, ASI ડી.એમ. પટેલ, HC જે.એસ. રાઠોડ, HC વી.બી. પરમાર, PC એમ.ડી. જાડેજા, PC કે.એમ. ઠાકોર સહિતની ટીમ જોડાઈ હતી. (૯.૨૩)

મુખ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્ર સિંઘ મલ્લિક, રેન્જ વડા ચિરાગ કોરડીયા, સાયબર એકસીલન્સી IG બિપિન આહિરેના માર્ગદર્શનમાં જેમની ટીમે એક પછી એક સિધ્ધિ મેળવી રહી છે તેવા કચ્છ પૂર્વના જિલ્લા પોલિસ વડા અકિલા સમક્ષ અથ થી ઇતિ સુધીની ભીતરી બાબત વર્ણવેલ છે

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com



પ્રોજેક્ટ બાલ શિક્ષા અભિયાનનો ફરીથી પ્રારંભ: ભાવનાબેન લીડીયા

બાળકોને શૈક્ષણિક કીટ અને નાસ્તાનું વિતરણ કરી શિક્ષણકાર્ય શરૂ કરાયું

રાજકોટ: બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે કાર્યરત પ્રોજેક્ટ એટલે પ્રોજેક્ટ બાલ શિક્ષા અભિયાન એક કદમ શિક્ષા કી ઓર દ્વારા વેકેશન પૂર્ણ થયા બાદ ફરી એકવાર શૈક્ષણિક પ્રવૃત્તિઓ નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રોજેક્ટના સંચાલક આદિવાસી ભીલ ભાવનાબેન લીડીયા એ પ્રોજેક્ટ બાલ શિક્ષા અભિયાન વિશે માહિતી આપતા જણાવ્યું કે બાળકોમાં અભ્યાસ પ્રત્યે નવો ઉત્સાહ ઉમંગ અને આત્મવિશ્વાસ જોવા મળે છે.

શિક્ષણથી વંચિત કે જરૂરિયાત મંદ બાળકોને શિક્ષણની તક મળે અને સમાજના મુખ્ય પ્રવાહમાં આગળ વધે તેવા ઉમદા આશય સાથે કાર્ય કરવામાં આવે છે. અમો, દરેક બાળક આર્થિક પરિસ્થિતિના કારણે શિક્ષણથી વંચિત ન રહી જાય તેવા સંકલ્પ સાથે આ અભિયાન સતત કાર્યરત છે.

પ્રોજેક્ટ બાલ શિક્ષા અભિયાન એક કદમ શિક્ષા કી ઓર નો મુખ્ય ઉદ્દેશ બાળકોને શિક્ષણ આપવાની સાથોસાથ તેમનામાં સંસ્કાર, આત્મવિશ્વાસ, શિસ્ત અને જીવનમાં કંઈક બનવાની પ્રેરણા જગાવવાનો છે.

ભાવનાબેન લીડીયા આદિવાસી ભીલ એ વધુમાં જણાવ્યું કે બાળકોનું ભવિષ્ય શિક્ષણ સાથે જોડાયેલું છે.

દરેક બાળકને ભણવાની અને આગળ વધવાની સમાન તક મળવી જોઈએ. પ્રોજેક્ટ નો પ્રયાસ છે કે સમાજના જરૂરિયાતમંદ બાળકોના જીવનમાં શિક્ષણ દ્વારા સકારાત્મક પરિવર્તન લાવી શકાય.

વેકેશનના આનંદમય માહોલ બાદ બાળકો ફરીથી શિક્ષણની મુખ્ય ધારામાં જોડાઈ અને આનંદ સાથે અભ્યાસ શરૂ કરે તેવા ઉમદા હેતુથી બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું અને સાથે જ બાળકોને પૌષ્ટિક નાસ્તો આપીને આનંદમય વાતાવરણમાં શિક્ષણ કાર્યની શરૂઆત કરવામાં આવી છે.

આ અભિયાનને સફળ બનાવવા માટે સહયોગ આપતા દાતાશ્રીઓ, શિક્ષકો અને સેવાભાવી વ્યક્તિઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે જ સમાજના દરેક દાનવીર અને સેવાભાવી લોકોને આ અભિયાનમાં જોડાઈ બાળકોના શિક્ષણ માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

એક બાળક ભણશે, એક પરિવાર આગળ વધશે અને એક સમાજ પ્રગતિ કરશે.ઇ પ્રોજેક્ટ બાલ શિક્ષા અભિયાન એક કદમ શિક્ષા કી ઓર ના સંકલ્પ સાથે અભિયાન ચલાવવામાં આવે છે તેમ અંતમાં જણાવ્યું છે. (૩૫-૨૦)

ઉમા કવ્યા રાજકોટના જ વતની: તેમને ગ્રૂપના વર્ષા ગોટીનો જબરો સહકાર મળ્યો

દક્ષિણ આફ્રિકાની સૌથી ઉંચૂ શિખર કિલીમાન્જારોને ફતેહ કરતા જામનગર સેન્ટ્રલ એકસાઇઝના ઉમા કવ્યા: ભારતીય તિરંગો લહેરાવ્યો

૧૯૩૪૧ ફૂટ ઉંચાઇએ ફતેહ: દૃઢ ઇચ્છાશક્તિ, મિત્રતા અને સાહસના બળે મેળવી ઐતિહાસિક સિધ્ધિ

રાજકોટ, તા.૨૭: દૃઢ ઈચ્છાશક્તિ, આત્મવિશ્વાસ અને કંઈક કરી બતાવવાના જુસ્સા સાથે બે ભારતીય મહિલાઓએ આફ્રિકાની સૌથી ઊંચી ચોટી માઉન્ટ કિલીમાન્જારોના શિખર પર પહોંચીને એક પ્રેરણાદાયી સિદ્ધિ હાંસલ કરી છે. ઉમા કવ્યા અને વર્ષા ગોટીએ સપ્ટેમ્બર ૨૦૨૬માં તાન્ઝાનિયામાં આવેલા માઉન્ટ કિલીમાન્જારોના સર્વોચ્ચ બિંદુ ઉહુરુ પીક (Uhuru Peak) સુધી સફળતાપૂર્વક ટ્રેકિંગ કરી. સમુદ્ર સપાટીથી ૫,૮૯૫ મીટર એટલે કે લગભગ ૧૯,૩૪૧ ફૂટની ઊંચાઈએ આવેલા આ શિખર પર ભારતીય તિરંગા સાથે પહોંચવું અમારા બંને માટે આજીવન યાદ રહેશે તેવો ગૌરવપૂર્ણ અનુભવ બન્યો. શ્રી ઉમાકવ્યા રાજકોટના જ વતની છે. અને જામનગર સેન્ટ્રલ એકસાઈઝ તથા કસ્ટમ્સમા ઓફીસર તરીકે ફરજ બજાવી રહયા છે. આ સાહસિક યાત્રાની એક વિશેષ વાત એ હતી કે Trek The Himalayી એજન્સી સાથે મુસાફરી કરવા છતાં અમારા ગ્રુપમાં માત્ર અમે બંને જ મહિલા ટ્રેકર્સ હતી. બંનેએ એકબીજાનો સાથ આપીને આ પડકારજનક અભિયાન સફળતાપૂર્વક પૂરું કર્યું.





'ઘણા મહિનાની તૈયારી બાદ મેળવી મંજિલ'

કિલીમાન્જારોની ચઢાઈ માત્ર શારીરિક ક્ષમતાની નહીં, પણ માનસિક મજબૂતાઈ, ધીરજ અને દૃઢ સંકલ્પની પણ પરીક્ષા છે. આ પડકાર માટે અમે ઘણા મહિના સુધી નિયમિત તાલીમ કરી. નોકરી, રોજિંદી જવાબદારીઓ અને વ્યસ્ત જીવન વચ્ચે વર્કઆઉટ તથા શારીરિક તૈયારી માટે સમય કાઢવો અમારા માટે પોતે જ એક પડકાર હતો.

ટ્રેક દરમિયાન ઊંચાઈ વધતાં સાથે મુશ્કેલીઓ પણ વધતી ગઈ. ઓછો ઓક્સિજન, થીજી જતી ઠંડી, થાક, ખડી ચઢાઈ અને બદલાતી પરિસ્થિતિઓએ દરરોજ અમારી સહનશક્તિની પરીક્ષા લીધી. તેમ છતાં અમે બંને હિંમત જાળવી રાખી અને પોતાના લક્ષ્ય તરફ આગળ વધતી રહી.

રાત્રે ૧૦ વાગ્યે શરૂ થઈ શિખરની સૌથી કઠિન ચઢાઈ

કિલીમાન્જારો અભિયાનનો સૌથી પડકારજનક તબક્કો શિખર સુધી પહોંચવાની અંતિમ ચઢાઈ હતી. ૧૦ સપ્ટેમ્બરની રાત્રે લગભગ ૧૦ વાગ્યે અમે અમારી સમિટ પુશ શરૂ કરી. લગભગ પાંચ કિલોમીટરની આ કઠિન ચઢાઈમાં અમને લગભગ સાડા આઠ કલાક સુધી સતત પ્રયાસ કરવો પડ્યો.

રાતના અંધકારમાં અત્યંત ઠંડી, થાક, ખડી ચઢાઈ અને ઊંચાઈની અસર વચ્ચે આગળ વધવું સરળ ન હતું. દરેક પગલાં સાથે નવી પડકાર સામે આવતી હતી, પણ અમે બંને અમારા સાહસ અને સંકલ્પને નબળા પડવા દીધા નહીં. ઘણા કલાકની કઠિન મહેનત બાદ સવારે તેઓ કિલીમાન્જારોના સર્વોચ્ચ બિંદુ ઉહુરુ પીક પર પહોંચ્યા. ત્યાં ભારતીય તિરંગા સાથે ઊભા રહીને પોતાના સ્વપ્નને સાકાર કર્યું. વધુ ઊંચાઈની અસરને ધ્યાનમાં રાખીને અમે શિખર પર માત્ર થોડી મિનિટો જ ગાળી અને પછી સુરક્ષિત ઉતરાણ શરૂ કર્યું.

પરિવારનો સહયોગ અને ઈશ્વરનો આશીર્વાદ અમારી શક્તિ બન્યા. કિલીમાન્જારોના શિખર પર ભારતીય તિરંગો લહેરાવીને માત્ર પોતાની વ્યક્તિગત સિદ્ધિનો ઉત્સવ જ નહીં મનાવ્યો, પણ એ પણ દર્શાવ્યું કે પરસ્પર વિશ્વાસ, મિત્રતા અને સતત પ્રયાસ કઠિનથી કઠિન લક્ષ્ય તરફ આગળ વધવાનો હૌસલો આપી શકે છે. આ માત્ર એક સમિટ નથી, પણ અમારા સાહસ, મિત્રતા અને દૃઢ ઈચ્છાશક્તિની જીત છે. સ્ત્રી સશક્તિકરણ તરફ અમારું એક વધુ પગલું! શું તેમ ઉમા કવ્યા ઉમેરી રહયા છે. તેમની આ ફતેહને રાજકોટ સીજીએસટીના સિનિયર મોસ્ટ ઓફીસર શ્રી મનજીત સર અને અન્ય અધીકારીઓ-કર્મચારીઓએ બિરદાવી-અભિનંદન પાઠવ્યા હતા. (૩.૧૩)

Vi Business એ મોટા ઉદ્યોગો માટે વોટ્સએપ બિઝનેસ સોલ્યુશન્સ રજૂ કર્યા

રાજકોટ, તા.૨૭: છેલ્લાં કેટલાક વર્ષોમાં વોટ્સએપ ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું મેસેજિંગ પ્લેટફોર્મ બની ગયું છે. પરિવાર અને મિત્રો સાથે સંપર્કમાં રહેવા, વ્યવસાયો સાથે વાતચીત કરવા, નાગરિક સેવાઓનો લાભ લેવા અને મેટ્રો ટિકિટથી લઈને વીમા સુધીની વિવિધ સેવાઓ ખરીદવા માટે આ સૌથી સરળ માધ્યમ છે. આ તમામ કામ માટે એપમાંથી બહાર નીકળવાની પણ જરૂર પડતી નથી. આજના સમયમાં ગ્રાહકો વાતચીત માટે વોટ્સએપને પસંદગીનું માધ્યમ બનાવી રહ્યા છે ત્યારે વ્યવસાયિક સંસ્થાઓ પણ પોતાના ગ્રાહકો સાથે જોડાવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહી છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને Vi ની એન્ટરપ્રાઈઝ શાખા Vi Business એ વોટ્સએપ બિઝનેસ સોલ્યુશન્સ રજૂ કર્યા છે. આ સોલ્યુશન્સનો હેતુ દરેક કદના વ્યવસાયોને એવા પ્લેટફોર્મ પર ગ્રાહકો સાથેની વાતચીતને ઓટોમેટ કરવા, પર્સનલાઈઝ કરવા અને મોટા પાયે સ્કેલ કરવામાં મદદ કરવાનો છે, જેનો ઉપયોગ ગ્રાહકો પહેલેથી જ પસંદ કરી રહ્યા છે. આ નવી શરૂઆત અંગે વોડાફોન આઈડિયા લિમિટેડના ચીફ એન્ટરપ્રાઈઝ બિઝનેસ ઓફિસર એમ પી સુનીલ કુમારે જણાવ્યું હતું કે, ગ્રાહકો સાથે જોડાણનું ભવિષ્ય વાતચીત આધારિત, ઈન્ટેલિજન્ટ અને વધુને વધુ એઆઈ આધારિત બની રહ્યું છે. Vi Business માં અમે વ્યવસાયિક સંસ્થાઓને માત્ર વોટ્સએપ પર હાજર રહેવા પૂરતી મર્યાદિત રાખવાને બદલે મોટા પાયે ઈન્ટેલિજન્ટ, વ્યક્તિગત જરૂરિયાત મુજબની અને એકબીજા સાથે જોડાયેલી ગ્રાહક સેવાઓ પૂરી પાડવામાં મદદ કરી રહ્યા છીએ. અમારા વોટ્સએપ બિઝનેસ સોલ્યુશન્સમાં એઆઈ આધારિત ઓટોમેશન, ઓમ્નિચેનલ ક્ષમતાઓ, મેટા તરફથી પ્રીમિયમ સપોર્ટ તેમજ CPaaS અને CCaaS નું સરળ ઈન્ટિગ્રેશન સામેલ છે.(૨૩.૨૨)



રવિવારે દશનામ ગોસ્વામી સમાજનો સન્માન સમારોહ

રાજકોટ: શ્રી દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ-રાજકોટ તથા શ્રીદશનામ ગોસ્વામી સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા, સમાજની પ્રતિભાઓનું સન્માન કરવા તેમજ સમાજમાં પરસ્પર સ્નેહ, એકતા અને સંગઠનાવના મજબૂત કરવાના ઉમદા હેતુથી આગામી તા.૨૯, રવિવારના રોજ તેજસ્વીદ વિદ્યાર્થી સન્માન સમારં તથા નૂતનવર્ષ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના આશરે ૫૩૦ જેટલા તેજસ્વ વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમની શૈક્ષણિક સિધ્ધિઓને બરાદવામાં આવશે.

આ પ્રસંગે સમાજના સંગઠન અને વિકાસના ઉમદા ઉદ્દેશથી શ્રી રાજકોટ દશનામ ગોસ્વામી ક્રેડિટ કો.ઓ. સોસાયટી લી. (શરાફી મંડળ) તથા શ્ર રાજકોટ દશનામ ગોસ્વામી હાઉસિંગસોસાયટી લી.ની સ્થાપના કરવાનો અને રાજકોટમાં નવા સમાધિસ્થાન માટે માંગણી કરવાનો પણ સંકલ્પ કરવામં આવ્યો હોવાનું યાદમાં જણાવાયું છે.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને: પ્રેમગિરિ દેવગિરિ ગોસ્વામી (અધ્યક્ષ, દશરથ ચેરીટેબલ ટ્રસ્ટ), ઉપાધ્યક્ષ: રમેશગિરિજી (અધ્યક્ષ, ગોપાલ ગૌશાળા) તથારામદેવપુરી અશોકપુરીજી (ઉદ્યોગપતિ), પ્રમુખ: પ્રફુલગિરિ ત્રિભુવનગિરિ ગોસ્વામી (મંત્રી, જય સોમનાથ દશનામ ગોસ્વામ ટ્રસ્ટ).

આ પ્રસંગે સુશ્ર તપસ્યા ચિરાગગિરિખ ગોસ્વામિ-શૂટિંગ ક્ષેત્રે સુવર્ણચંદ્રક વિજેતા તથહા ૧૦ મીટર એર પિસ્તોલ, ૨૫ મીટર સ્પોર્ટ્સ પિસ્તોલ અને ૨૫ મીટર ફાયર પિસ્તોલમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી ખેલાડી, શ્રીમતી અવની જયપુરી ગોસ્વામી-જી.પી.એસ.સી. દ્વારા બાગાયત અધિકારી તરીકે પસંદગી પામેલ (રાજકોટ), ગૌતમગિરિ ચમનગિરિ ગોસ્વામી - પ્રદેશ મંત્રી, ભારતીય જનતા પાર્ટી, બક્ષીપંચ મોરચો (ગુજરાત રાજ્ય), અશ્વિનગિરિ બુયુગિરિ ગોરવામી -લીગલ સેલ સહસંયોજકશ્રી, વિશ્વ હિન્દુ પરિષદ, સૌરાષ્ટ પ્રાંતનું વિશીષ્ટ સનમાન કરવામાં આવશે.

આયોજનને સફળ બનાવવા દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળના હોદેદારો: અધ્યશ્રી: પ્રફુલગિરિ ત્રિભુવનગિરિ, ઉપાધ્યક્ષશ્રી: જ્યોતિષગિરિ રામગિરિ, ગૌતમગિરિ ચમનગિરિ, પ્રમુખશ્રી પ્રવિણભારથી ધરમભારથી, મહામંત્રી: ભુપતપુરી મહાદેવપુરી, ઉપપ્રમુખશ્રી: દિપકગિરિ બાબુગિરિ, અશ્વિનગિરિ હિરાગિરિ, વિજયગિરિ અમૃતગિરિ, ખજાનચીશ્રી : ધર્મેન્દ્રગિરિ ચતુરગિરિ, સહમંત્રીશ્રી: સુરેશગિરિ શાંતીગિરિ, વિરલપુરી ધરમપુરી, અમિતગિરિ રાજેશગિરિ, સંગઠનમંત્રીશ્રી : વિપુલગિરિ પરસોતમગિરિ, મંત્રીશ્રી: અમુલગિરિ અરવિદગિરિ, આશિષપુરી મગનપુરી, કારોબારી સભ્યા: શાંતિગિરિ સામંતગિરિ, વિનોદભારથી સજીવનભારથી, પ્રમોદપુરી મોહનપુરી, મહેશગિરિ શંભુગિરિ, પ્રવિણભારથી પ્રતાપભારથી, જીતેશગિરિ ત્રિભુવનગિરિ, અજયવન રમેશવન, હરેશગિરિ નટવરગિરિ, યશવંતગિરિ કેશવગિરિ, ચિરાગગિરિ પ્રફુલગિરિ, રાજેશગિરિ ઈશ્વરગિરિ, બિપીનગિરિ હરિગિરિ, મહેન્દ્રભારથી લક્ષ્મણભારથી તથા શ્રી દશનામ ગોસ્વામી સમાજ યુવક મંડળના હોદેદારો: વિશાલભારથી હિમતભારથી, કૈલાશગિરિ હંસગિરિ, જનકપુરી રમણીકપુરી, ભાવેશગિરિ નટવરગિરિ, હરેશભારથી હસમુખભારથી, શ્રી મિહિરગિરિ જયેશગિરિ, કૈલાશપુરી ચંદુપુરી, મનીષગિરિ કનુગિરિ, રૂષીતગિરિ રાજુગિરિ, ભાવીકપુરી રાજેશપુરી, જયગિરિ નિતેશગિરિ, વિશાલગિરિ દિનેશગિરિ, સંજયગિરિ રાજેન્દ્રગિરિ, અંકિતપુરી શંભુપુરી, શ્રી અજયભારથી અશ્વીનભારથી, મહિલાકગિરિ અશ્વીનગિરિ, સાવનગિરિ રાજેશગિરિ, હિતેશભારથી વિનોદભારથી, હાર્દિકપુરી મુકેશપુરી, અલ્પેશગિરિ હિમતગિરિ, આશીષભારથી કિરણભારથી, અક્ષાંષગિરિ હસમુખગિરિ, અજયવન રમેશવન, હર્ષપરી ગજેન્દ્રપરી જહેમત ઉઠાવી રહ્યા છે.

દાતાઓ સર્વશ્રી સ્વ. નિર્મળાબેન જેરામગિરિ ગોસ્વામી, પ્રફુલગીરી ત્રિભુવનગીરી ગોસ્વામી, પ્રવિણભારથી ધરમભારથી ગોસ્વામી, મુકેશપુરી કેશપુરી (ડી.કે.), અરવિદગિરિ પ્રભાતગિરિ ગોસ્વામી, પ્રમોદપુરી મોહનપુરી ગોસ્વામી, યશવંતગિરિ કેશવગિરિ ગોસ્વામી, યોગેશગિરિ કેશવગિરિ ગોસ્વામી, જિતેન્દ્રગિરિ ધીરજાગિરિ ગોસ્વામી, ડો. કેતનગિરિ ઈશ્વરગિરિ ગોસ્વામી, ડો. મનીષગિરિ કાંતિગિરિ ગોસ્વામી, મુકેશગિરિ દલપતગિરિ ગોસ્વામી, વિજયપુરી કૃષ્ણપુરી ગોસ્વામી, હિતેન્દ્રગિરિ મનહરગિરિ ગોસ્વામી, ભરતભારથી વશરામભારથી ગોસ્વામી, પ્રતાપપુરી ભગવાનપુરી ગોસ્વામી, ભુપતગિરિ પ્રભાતગિરિ, એસ.એસ. ગોસ્વામી, જ્યોતિષગિરિ રામગિરિ ગોસ્વામી, ઘનશ્યામપુરી નવલપુરી ગોસ્વામી, લક્ષ્મણગિરિ રમણગિરિ ગોસ્વામી, એન.એમ. ગોસ્વામી, વિનોદગિરિ રામગિરિ ગોસ્વામી, હરેશપુરી ગોસ્વામીનો સહયોગ મળેલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

શરાફી મંડળીમાં સભ્ય બનવા અને હાઉસીંગ સોસાયટી અંગે વધુ માહિતી માટે મો. ૯૯૦૪૬ ૩૩૮૩૫ ઉપર સંપર્ક કર શકાય છે.

તસ્વીરમાં પ્રફુલગીરી ત્રીભોવનગીરી, અશ્વીનગીરી હીરાગીરી, પ્રવીણભાથી ધરમભારથી, ગૌતમગીરી ચમનગીરી, વિનોદભારથી સજીવનભારથી, ધર્મેન્દ્રગીરી ચતુરગીરી, અજયવન રમેશવન, સુરેશગીરી શાંતીગીરી, કૈલાશગીરી હંસગીરી, જનકપુરી રમણીકપુરી, વિપુલગીરી પરસોતમગીરી, હરેશભારથી હસમુખારથી, ાવીકપુરી રાજેશપુરી, આશીષપુરી મગનપુરી નજરે પડે છે. (તસ્વીર: અભિજીત બગથરીયા) (૪૧.૨૦)

૫૩૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિકકીટ અપાશે: શરાફી મંડળી, હાઉસીંગ સોસાયટી અને સમાજ માટે સમાધિસ્થાનની સ્થાપનાનો સંકલ્પ લેવામાં આવશે

ધારાશાસ્ત્રી મયુરભાઈ જોષીનો જન્મ દિવસ



રાજકોટ: બારના યુવા ધારાશાસ્ત્રી અને રાજકોટમાં છેલ્લા ૭-વર્ષથી પ્રાઈવેટ પ્રેકટીસ કરતા એડવોકેટ શ્રી મયુરભાઈ જોષી (ઓફીસ નં. ૨૦૬, રવિરાજ-૧, બાલાજી હોલ, ૧૫૦ ફિટ રીંગ રોડ રાજકોટ)નો તા.૨૭ના રોજ જન્મ દિવસ છે. તેઓવકીલાત ક્ષેત્રમાં એક યુવા એડવોકેટ તરીકે ખુબજ સારું નામ અને પ્રતિષ્ટિ ધરાવે છે અને તેઓ સેશન્સ કોર્ટ, ક્રિમીનલ કોર્ટ, સીવીલ કોર્ટ, ફેમીલી કોર્ટમાં પ્રેકટીસ કરે છે અને તેઓએ પોતાની પ્રતિભા દ્વારા અનેક લોકોને ન્યાય અપાવવા માટે મદદ રૂપ થયેલ છે. બ્રહ્મ સમાજના સેવા કાર્યોમાં યોગદાન આપેલ છે. આજે તેમના જન્મ દિવસ દીલીપભાઈ પટેલ, દિલીપભાઈ મેહતા, હસમુખભાઈ જોશી, પરેશભાઈ ભટ્ટ, અતુલભાઈ મેહતા તથા રાજકોટ બાર એસોસીએશન, બહ્મ સમાજ તથા મિત્રવર્તુળ તરફથી તેમના મો. નં.૭૪૦૫૦ ૫૧૮૬૯ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.(૩૫-૧૬)

રાજેશ વાગડિયા કર્ણાટકમાં રાષ્ટ્રીય હેમ રેડિયો મહોત્સવમાં અવકાશી સંચારનું જીવંત નિદર્શન કરશે : ગુજરાત માટે ગૌરવની વધુ એક ક્ષણ



રાજકોટ, તા. ૨૭ : રાજકોટના જાણીતા હેમ રેડિયો અને ઉપગ્રહ સંચાર નિષ્ણાત રાજેશ પી. વાગડિયા કર્ણાટકના મેંગલુરુ નજીક સુરથકલ ખાતે યોજાનારા રાષ્ટ્રીય સ્તરના 'હેમફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૬'માં અવકાશી સંચારનું જીવંત નિદર્શન કરશે. તા. ૨૮ અને ૨૯ નવેમ્બરના રોજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી કર્ણાટક ખાતે યોજાનારા આ મહોત્સવમાં દેશભરના હેમ રેડિયો સંચાલકો, વૈજ્ઞાનિક ક્ષેત્રના નિષ્ણાતો, ટેકનોલોજી અને અવકાશવિજ્ઞાનમાં રસ ધરાવતા લોકો ઉપસ્થિત રહેશે.

ભારતમાં શોખીયા ઉપગ્રહ સંચાર ક્ષેત્રે કાર્યરત એમસેટ ઈન્ડિયાના પશ્ચિમ ભારત વિભાગના પ્રાદેશિક સંયોજક રાજેશ વાગડિયા રવિવારે તા. ૨૯ નવેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક મારફતે રેડિયો સંપર્ક સાધવાની પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિદર્શન કરશે.

પૃથ્વીથી આશરે ૪૦૦ કિલોમીટરની ઊંચાઈએ પ્રતિ કલાક લગભગ ૨૮ હજાર કિલોમીટરની ઝડપે પૃથ્વીની પરિક્રમા કરતા આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં રહેલાં રેડિયો સંચારનાં સાધનો મારફતે પૃથ્વી પરના અન્ય હેમ રેડિયો સંચાલકો સાથે કેવી રીતે સંપર્ક સાધી શકાય તેનું રસપ્રદ નિદર્શન કરવામાં આવશે.

રવિવારે સવારે ૯.૪૫ વાગ્યાથી કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે ૧૦.૧૯થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન અવકાશ મથક કાર્યક્રમ સ્થળની રેડિયો સંપર્ક મર્યાદામાંથી પસાર થવાની સંભાવના છે. લગભગ ૧૧ મિનિટના આ સમયગાળા દરમિયાન દેશ-વિદેશના હેમ રેડિયો સંચાલકો સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. સફળતાપૂર્વક સંપર્ક સાધનારા સંચાલકોને વિશેષ સ્મૃતિપત્ર પણ આપવામાં આવશે.

રાજકોટથી ઉપગ્રહ સંચારનાં વિશેષ સાધનો મેંગલુરુ લઈ જવાશે

આ પ્રયોગ માટે રાજેશભાઈ રાજકોટથી પોતાનું સમગ્ર હરીફરી શકે તેવું ઉપગ્રહ સંચાર મથક મેંગલુરુ લઈ જઈ રહ્યા છે. તેમાં હાથમાં રાખી શકાય તેવા રેડિયો, સંદેશા મોકલવા અને મેળવવાનાં સાધનો, વિશેષ પ્રકારનાં દિશાસૂચક એન્ટેના તથા ઉપગ્રહની ગતિ અને સ્થાનની જાણકારી મેળવતાં સાધનોનો સમાવેશ થાય છે.

અવકાશમાં ઝડપથી ગતિ કરતા ઉપગ્રહની દિશા કેવી રીતે શોધવી, એન્ટેના કેવી રીતે ગોઠવવું અને ઉપગ્રહમાંથી આવતા રેડિયો સંકેતો કેવી રીતે મેળવવા તેની પ્રાયોગિક સમજ ઉપસ્થિત લોકોને આપવામાં આવશે. એમસેટ ઈન્ડિયાના સચિવ નીતિન મુટ્ટિન ટેકિનકલ સહયોગ આપશે.

રશિયન ઉપગ્રહમાંથી મોકલાતી તસવીરો મેળવવાનો રસપ્રદ પ્રયોગ

આ કાર્યક્રમનું બીજું વિશેષ આકર્ષણ રશિયાના 'ઉમકા-૧' ઉપગ્રહમાંથી મોકલવામાં આવતાં ચિત્રો મેળવવાનો પ્રયોગ રહેશે. પ્રાપ્ત કાર્યક્રમની વિગતો અનુસાર તા. ૨૮ અને ૨૯ નવેમ્બર દરમિયાન આ ઉપગ્રહ પરથી ૪૩૭.૬૨૫ મેગાહટ્ઝની રેડિયો આવૃત્તિ પર વિશેષ ચિત્રોનું પ્રસારણ કરવાનું આયોજન છે.

રાજેશભાઈ પોતાના ઉપગ્રહ સંચારનાં સાધનોની મદદથી આ રેડિયો સંકેતો મેળવી તેને ચિત્રોમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા દર્શાવશે. ઈન્ટરનેટ કે મોબાઈલ નેટવર્કની મદદ વિના રેડિયો તરંગો દ્વારા અવકાશમાંથી તસવીરો કેવી રીતે મેળવી શકાય તે જાણવાની લોકોને તક મળશે.

ગોવામાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લના હસ્તે થયું હતું સન્માન

ગત વર્ષે ગોવામાં યોજાયેલા હેમફેસ્ટ ઈન્ડિયા-૨૦૨૫માં પણ રાજેશ વાગડિયાએ ઉપગ્રહ સંચારનું જીવંત નિદર્શન કર્યું હતું. હેમ રેડિયો, અવકાશી સંચાર અને યુવાનોમાં વિજ્ઞાન તથા ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર માટે છેલ્લા ૨૫ વર્ષથી આપેલા યોગદાનની કદરરૂપે ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લના હસ્તે તેમને પ્રતિષ્ઠિત 'એલ્મર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. hfi2025.in +1

રાજેશભાઈ ઈન્ડિયન સ્પેસ કોમ્યુનિકેશન એન્ડ એમેચ્યોર રેડિયો એકેડેમીના સ્થાપક પણ છે. આ સંસ્થાના માધ્યમથી તેઓ શાળાઓ, કોલેજો અને ઈજનેરીના વિદ્યાર્થીઓને હેમ રેડિયો, ઉપગ્રહ સંચાર તથા અવકાશવિજ્ઞાનની પ્રાયોગિક તાલીમ આપવાનું કાર્ય કરે છે.

રાજેશભાઈ ભારતીય તહેવારોને પણ વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડવાના પ્રયાસો કરતા રહે છે. તાજેતરમાં દિવાળી દરમિયાન તેમણે ઉપગ્રહ સંચારના માધ્યમથી દેશ-વિદેશના હેમ રેડિયો મિત્રો સાથે દિવાળીની શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

રાષ્ટ્રીય મહોત્સવમાં ૩૮ પ્રદર્શન સ્ટોલ અને ૨૯ સંશોધનપત્રોની રજૂઆત

બે દિવસના આ રાષ્ટ્રીય મહોત્સવમાં હેમ રેડિયોનાં સાધનો, એન્ટેના, ઉપગ્રહ સંચાર અને આધુનિક ટેકનોલોજીને લગતા ૩૮ પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવશે. વિવિધ વિષયો પર ૨૯ ટેકિનકલ સંશોધનપત્રો અને લેખોની રજૂઆત થશે. ઈસરો સાથે સંકળાયેલા હેમ રેડિયો મંડળની પણ ભાગીદારી રહેશે. આપત્તિના સમયે રેડિયો સંચારની ઉપયોગિતા અંગે પણ ચર્ચા થશે.

રાજકોટથી શરૂ થયેલી રાજેશભાઈની ટેકિનકલ સફર આજે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. શ્રી રાજેશ વાગડિયા મોબાઈલ +૯૧ ૯૮૯૮૨ ૮૩૯૧૬ (૩૬.૯)

રવિવારે પૃથ્વીથી ૪૦૦ કિલોમીટર ઊંચે આવેલા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક મારફતે રેડિયો સંપર્ક સાધવાનો પ્રયોગ કરશે : રશિયન ઉપગ્રહમાંથી મોકલાયેલાં ચિત્રો પણ મેળવશે : રાજકોટના જાણીતા હેમ રેડિયો અને ઉપગ્રહ સંચાર નિષ્ણાત રાજેશ પી. વાગડિયાની સિદ્ધિ

ગુજરાતને રક્તરંજિત કરવાનું મોટું કાવતરું ATSએ નિષ્ફળ બનાવ્યું છે. ૬ મહિનાથી વધુ સમયની વોચ બાદ વડોદરા નજીક જરોદ બસ સ્ટેન્ડ પરથી AK-૪૭ અને ૨૩ જીવતા કારતૂસ સાથે આસામના મોહમ્મદ શાહરૂલ ઇસ્લામની ધરપકડ

વડોદરા નજીકથી જૈશનો આતંકી હથિયારો સાથે ઝડપાયો

વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલો કરી પાકિસ્તાન ભાગવાનો હતો પ્લાનઃ ૧ વર્ષથી જૈશ સાથે જોડાયેલા આ આતંકીના ફોનમાંથી સાહિત્ય મળ્યું : જાહેર સ્થળો પર આતંક ફેલાવવામાં આવ્યો હતો

નવી દિલ્હી:તા.૨૭:ગુજરાત ATSએ એક મોટા અને સફળ ઓપરેશનને અંજામ આપીને રાજ્યમાં આતંક ફેલાવવાના ભયાનક મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. ATSની ટીમે વડોદરા નજીક આવેલા જરોદ બસ સ્ટેન્ડ પરથી ઘાતક AK-૪૭ રાઈફલ અને ૨૩ જીવતા કારતૂસ સાથે આસામના એક આતંકીને દબોચી લીધો છે. ઝડપાયેલા આતંકીની ઓળખ મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ તરીકે થઈ છે, અને તેની ધરપકડ બાદ તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે.

તપાસમાં ખુલાસો થયો છે કે ઝડપાયેલો આતંકી મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ છેલ્લા ૧ વર્ષથી પાકિસ્તાન સમર્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો હતો. આતંકીના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન તેમાંથી જૈશ-એ-મોહમ્મદને લગતું સાહિત્ય પણ મળી આવ્યું છે. ગુજરાત ATS છેલ્લા ૬ મહિનાથી વધુ સમયથી તેના પર નજર રાખીને તેની શોધખોળ કરી રહી હતી અને આખરે ચોક્કસ બાતમીના આધારે જરોદ બસ સ્ટેન્ડ પરથી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આતંકી ગુજરાતના જાહેર સ્થળો પર આતંક ફેલાવવા અને રાજ્યને રક્તરંજિત કરવાના હેતુથી આવ્યો હતો. તે આસામથી ટ્રેન અને બસ મારફતે મુસાફરી કરીને ગુજરાત પહોંચ્યો હતો અને વડોદરામાં રેલવે સ્ટેશન નજીક રોકાયો હતો. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આતંકી પાસેથી મળી આવેલી ઘાતક AK-૪૭ ગન તે પડોશી રાજ્યમાંથી લાવ્યો હતો.

હાલ ગુજરાત ATS દ્વારા ઝડપાયેલા મોહમ્મદ શાહરૂલ ઈસ્લામની સઘન પૂછપરછ ચાલી રહી છે. જાહેર સ્થળોએ હુમલાના કાવતરા પાછળ કોણ કોણ સામેલ છે, પડોશી રાજ્યમાંથી હથિયાર કોણે પૂરું પાડ્યું અને તેનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે, તે દિશામાં સુરક્ષા એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

વડોદરા નજીક જરોદ બસ સ્ટેન્ડ પરથી ઝડપાયેલા આતંકી મામલે DIG સુનિલ જોશીની આગેવાનીમાં યોજાયેલી ગુજરાત ATSની પ્રેસ કોન્ફરન્સમાં મોટા ખુલાસા સામે આવ્યા છે, જેમાં રાજ્યમાં આતંક ફેલાવવાના કાવતરાનો પર્દાફાશ થયો છે. ATSના જણાવ્યા મુજબ ચોક્કસ બાતમીના આધારે ખાસ ટીમ બનાવાઈ હતી અને બાતમીના આધારે ટીમે ઊંડાણપૂર્વક તપાસ કરીને આસામના મોહમ્મદ શાહરૂલ ઈસ્લામને AK-૪૭ રાઈફલ અને ૨૩ જીવતા કારતૂસ સાથે દબોચી લીધો હતો. છેલ્લા ૧ વર્ષથી જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા અને ૬ મહિનાથી વધુ સમયથી ATSની રડારમાં રહેલા આ આતંકીએ જાહેર સ્થળોને નિશાન બનાવવાના હેતુથી બસ અને ટ્રેન મારફતે આસામથી ગુજરાતની સફર કરી હતી, વડોદરા રેલવે સ્ટેશન નજીક રોકાયો હતો, પડોશી રાજ્યમાંથી AK-૪૭ લાવ્યો હતો અને તેના મોબાઈલમાંથી જૈશ-એ-મોહમ્મદનું સાહિત્ય પણ મળી આવ્યું છે.



ATSના જણાવ્યા મુજબ ચોક્કસ બાતમીના આધારે ટીમ બનાવાઈ હતી અને બાતમીના આધારે ટીમે તપાસ કરતા આરોપી જૈશ-એ-મોહમ્મદના સંપર્કમાં હોવાનું તેમજ તેની પાસેથી AK-૪૭ અને ૨૩ જીવતા કારતૂસ મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે. ATS મુજબ આ આતંકી મૂળ આસામના કરીમનગરનો રહેવાસી છે, જેને દાહોદ નજીકથી હથિયાર અપાયું હતું અને તેનું નિશાન વડોદરા એરફોર્સ સ્ટેશન ટાર્ગેટ પર હતું. આ ઉપરાંત, શંકાસ્પદ વ્યક્તિનો ફોન ચેક કરતા તેણે ટ્રેનિંગ લીધી તે સહિતના ફોટોગ્રાફ્સ, આતંકીઓ સાથે કનેક્શન હોવાના ફોટોગ્રાફ્સ તેમજ જૈશ-એ-મોહમ્મદનું લિટરેચર પણ મળી આવ્યું હોવાનું ATSએ જણાવ્યું છે.

મહત્વનું છે કે, આતંકી ઝડપાયો ત્યાંથી નજીકમાં જ DyCM હર્ષભાઈ સંઘવીનો કાર્યક્રમ હોવાથી સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. નવલખી મેદાનમાં આયોજિત 'ઋષભાયન-૩' કાર્યક્રમમાં DyCM હર્ષભાઈ સંઘવીની સાથે અનેક સંતો-મહંતો હાજર હતા, ત્યારે તેની નજીકથી જ આતંકવાદીના નિશાને હતું અને હુમલો કરાયા બાદ તેનો પાકિસ્તાન ભાગવાનો પ્લાન હતો.(૪૧.૨૫)

ચાલતા ચંત્રે

જૈશ-એ-મોહમ્મદના આતંકી મુદ્દે મોટો ખુલાસોઃ પાકિસ્તાન ભાગવાનો હતો પ્લાન

એરપોર્ટ પર ફાયરિંગ કરવાનો હતો

નવી દિલ્હીઃ મૂળ આસામના કરીમગંજ જિલ્લાના રહેવાસી અને મદ્રાસમાં અભ્યાસ કરી ચૂકેલા આ કટ્ટર વિચારધારા ધરાવતા આરોપીએ ટાર્ગેટની રેકી કરીને ફોટો-વિડિયો પણ લીધા હતા અને તેનો પ્લાન વડોદરા એરફોર્સ સ્ટેશન પર ઓટોમેટિક વેપનથી ફાયરિંગ કરીને પાકિસ્તાન ભાગવાનો હતો. દાહોદ નજીક હથિયાર મળ્યા બાદ તે દાહોદથી વડોદરા આવી રહ્યો હતો ત્યારે ઝડપાયો હતો, જ્યાં તેની પાસેથી ઓટોમેટિક વેપન, બે ખાલી મેગેઝિન, ૨૩ જીવતા કારતૂસ અને ઝંડો મળી આવ્યા હતા. તપાસમાં ખુલ્યું છે કે તે એક-બે દિવસમાં ગુજરાતમાં હુમલાની માહિતી ધરાવતી ટીમ સાથે જોડાયેલો હતો, વડોદરા રેલવે સ્ટેશન નજીક મિલન હોટેલમાં રોકાયો હતો, મુફ્તી અબ્દુલ નામના હેન્ડલરના સંપર્કમાં હતો અને નવા ફોન તથા ખર્ચા માટે તેના ખાતામાં ૫૦ હજાર રૂપિયા આવ્યા હતા, જેના ફોનમાંથી હથિયાર ચલાવવાના પુરાવા મળ્યા બાદ UAPA હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.



કાલાવડ રોડ અર્જુન પાર્ટી પ્લોટ નજીક એક્વા બ્લુ એપાર્ટમેન્ટમાં બનાવ

૯મા માળેથી ૮૩ વર્ષના કાંતિલાલ રામાણીએ પડતું મુકતાં મોતઃ બિમારીથી કંટાળી પગલું

રાજકોટ તા. ૨૭: આપઘાતના વધુ એક બનાવમાં એક વૃધ્ધે એપાર્ટમેન્ટના નવમા માળેથી પડતું મુકી દેતાં મૃત્યુ થયું છે. કાલાવડ રોડ પર અર્જુન પાર્ટી પ્લોટ પાસે આવેલા એપાર્ટમેન્ટમાં આ બનાવ બન્યો હતો. બિમારીથી કંટાળીને તેમણે પગલુ ભર્યાની વિગતો બહાર આવી હતી.

જાણવા મળ્યા મુજબ કાલાવડ રોડ અર્જુન પાર્ટી પ્લોટ પાછળ આવેલા એક્વા બ્લુ એપાર્ટમેન્ટમાં નવમા માળે બી-૯૦૧મા રહેતાં કાંતિલાલ ગગજીભાઇ રામાણી (ઉ.વ.૮૩) નામના વૃધ્ધે સવારે નવમા માળેથી પડતું મુકતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરી લેનારા કાંતિલાલ રામાણી મુળ જામજોધપુરના વતની હતાં. તેમને સંતાનમાં એક પુત્ર આશિષભાઇ અને એક દિકરી છે. દિકરી અમદાવાદ સાસરે છે. સગાના કહેવા મુજબ કાંતિલાલને કેટલાક સમયથી ડીપ્રેશનની બિમારી હોઇ તેની દવા સારવાર ચાલુ હતાં. બિમારીથી કંટાળી જઇ તેમણે આ પગલુ ભરી લીધુ હતું. બનાવથી પરિવારમાં અને સોસાયટીમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. (૧૪.૧૦)

દૂધની ડેરી પાસે રહેતાં અને કાર ભાડે આપવાનું કામ કરતાં શખ્સે માથાકુટ ચાલતી હોઇ હથીયાર સાથે રાખ્યાનું રટણ

બીલાલ ઉઠામણાને એસઓજીએ પિસ્તોલ સાથે દબોચ્યોઃ નામીચા ઇમરાન બાપુડીનું નામ ખુલ્યું

ઇમરાન અગાઉ એસઆરપીમેનની ગન ઝૂંટવી ભાગી જવા સહિતના ગુનામાં સામેલઃ એસ્ટ્રોન ચોકથી આગળ સરદારનગર સોસાયટી નજીક રેલ્વે ટ્રેક પાસે કાર્યવાહીઃ પીઆઇ એન. બી. ચૌધરી, પીએસઆઇ બી. વી. ચુડાસમા અને ટીમની કામગીરી

એએસઆઇ રવિભાઇ વાંક, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા અને હેડકોન્સ. સ્નેહભાઇ ભાદરકાની બાતમી પરથી કાર્યવાહી



રાજકોટ તા. ૨૭: દૂધની ડેરી પાસે રહેતાં અને સેલ્ફમાં કાર ભાડે આપવાનો ધંધો કરતાં શખ્સને એસઓજીની ટીમે એસ્ટ્રોન ચોક સરદારનગર નજીક રેલ્વે ટ્રેક પાસેથી પિસ્તોલ અને બે જીવતા કાર્ટીસ સાથે દબોચી લીધો છે. અગાઉ એસઆરપીમેનની ગન લઇ ભાગી જવા સહિતના અનેક ગુનામાં સામેલ નામીચા ઇમરાન બાપુડીનું નામ ખુલતાં તેની શોધખોળ થઈ રહી છે.

જાણવા મળ્યા મુજબ શહેરમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને ગેરકાયદે હથીયારોની હેરાફેરી ન થાય તે માટે અને ડ્રગ્સની હેરાફેરી અટકે તે માટે એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ રવિભાઇ વાંક, એએસઆઇ સિધ્ધરાજસિંહ જાડેજા, એએસઆઇ રાજેશભાઇ બાળા અને હેડકોન્સ. સ્નેહભાઇ ભાદરકાને બાતમી મળી હતી કે એક શખ્સ એસ્ટ્રોન ચોકથી આગળ સરદારનગર સોસાયટી પાસે રેલ્વે ટ્રેક પાસે ગેરકાયદે હથીયાર સાથે આટાફેરા કરે છે.

બાતમીને આધારે ટીમે ત્યાં પહોંચી શકમંદને દબોચી લીધો હતો. તેની તલાશી લેતાં ૧૦ હજારની કિંમતની દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કાર્ટીસ મળતાં કબ્જે કરી તેની સામે ગુનો નોંધ્યો હતો. પુછતાછમાં આ શખ્સે પોતાનું નામ બીલાલ દિલાવરભાઇ ઉઠામણા-ઘાંચી (ઉ.વ.૨૬-રહે. દૂધ સાગર રોડ, ભગવતી સોસાયટી, અશરફી ચીકન સામે હૈદરી ચોક, મહે બુબભાઇ દાઉદાણીના મકાન પાસે) જણાવ્યું હતું.

બીલાલ સેલ્ફમાં કાર ભાડે આપવાનો ધંધો કરે છે.તેણે પ્રાથમિક પુછતાછમાં કબુલ્યું હતું કે આ હથીયાર અને કાર્ટીસ તેણે પુનીતનગર ટાંકા પાસે રહેતા ઇમરાન બાપુડી પાસેથી લીધા છે.

પોતાને માથાકુટ ચાલતી હોઇ હથીયાર સાથે રાખ્યું હતું. ઇમરાન બાપુડી અગાઉ એસઆરપીમેનની ગન લઇ ભાગી જવા સહિતના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડ્યો હતો. તેની શોધખોળ થઈ રહી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એએસઆઇ રવિભાઇ ડી. વાંક, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા, ભરતસિંહ પરમાર, હેડકોન્સ. સ્નેહભાઇ ભાદરકાની ટીમે આ કામગીરી કરી હતી. (૧૪.૧૨)

સોનાના ચેઇનની ચિલઝડપ કરનાર વૃશાંત ઉર્ફે શ્યામ ધનેશા પકડાયો

રાજકોટ ઉપરાંત સુરત, અમરેલી, રાજકોટ ગ્રામ્ય અને જામનગર સહિતના જિલ્લામાં હત્યા સહિત ૧૦ ગુનામાં સંડોવાઇ ચુકયો છે

રાજકોટ, તા., ૨૭ : સાધુ વાસવાણી રોડ પર ટેલીગ્રાફ શેરી નં. ૨ ના નાકા પાસેથી પગપાળા જતા ભાવનાબેન ડાંગર, (ઉ.વ.૪૩) ના ગળામાંથી ઝોંટ મારી

ડીસીબીપીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ ડી. પી. ઝાલા, એસ. એમ. રાણા અને ટીમની કામગીરી

રૂા.૧.૬૦ લાખની કિંમતના સોનાના ચેઇનની ચિલઝડપ કરવાના ગુનામાં કાઇમ બ્રાન્ચે આરોપીને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

જાણવા મળ્યા મુજબ, સાધુ વાસવાણી રોડ પર બાલાજી પાર્કમાં રહેતા ભાવનાબેન ડાંગર ગઇ તા.૨૫ના પગપાળા જઇ રહયા હતા. ત્યારે ટેલીગ્રાફ શેરી નં. ૨ ના નાકા પાસે બાઇકમાં ધસી આવેલો અજાણ્યો શખ્સ તેના ગળામાંથી રૂા.૧.૬૦ લાખની કિંમતના સોનાના ચેઇનની ચિલઝડપ કરી ભાગી ગયો હતો. જે અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી.

બીજી તરફ કાઇમ બ્રાંચની ટીમે આ ગુનાનો ભેદ ઉકેલી બાતમીના આધારે વૃશાંત ઉર્ફે શ્યામ વિજયભાઇ ધનેશા (ઉ.વ.૩૨ રહે. રાજરાજેશ્વરી સોસાયટી, નાણાવટી ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ)ને પકડી લઇ યુનિવર્સિટી પોલીસમેન સોંપ્યો હતો.

આરોપી અગાઉ સુરત, અમરેલીના સાવરકુંડલા, જેતપુર, રાજકોટ અને જામનગરમાં હત્યા, ચોરી, દારૂ સહિત ૧૦ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. આ કામગીરી કાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એ.એસ. ચાવડા તથા પોલીસ ઇન્સ્પેકટર એમ.એલ. ડામોર તથા પોલીસ ઇન્સ્પેકટર સી.એચ. જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર ડી.પી. ઝાલા પોલીસ સબ ઇન્સ્પેકટર એમ.એમ. રાણા તથા એ.એસ.આઇ. સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ તુલસીભાઇ ચુડાસમા, લાલજીભાઇ હાડગડા, સુભાષભાઇ ધોધારી, ભાનુભાઇ ધાંધલા ધર્મેન્દ્રભાઇ કુંચાલા, સાગરભાઇ માવદીયા, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ સબાડ તથા પો. કોન્સ. સંજયભાઇ ખાખરીયા, ધર્મેશભાઇ ખાંડેખા, મહાવીરસિંહ જાડેજા, કિશનભાઇ પાંભરે કરી હતી. (૪.૧૦)



કૂલ ૭૦૨ સસ્તા અનાજની દૂકાનોઃ ઘઉં, ચોખા, ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠુ મફત અને રાહતદરે ઉપલબ્ધ

રાજકોટ શહેર-જીલ્લામાં દરમહિને 3 લાખથી વધુ કાર્ડ હોલ્ડરોના- ૧૨ લાખ લાભાર્થીઓને વિનામુલ્યે અપાતુ અનાજ

દર મહિને ૩૫ કિલો અને અગ્રતા પરિવારને ૫ કિલો પૂરવઠાનું વિતરણ

રાજકોટ,તા.૨૭:પરિવારની આર્થિક પરિસ્થિતિ ગમે તેવી હોય, પરંતુ દરેક સભ્યને બે ટંકનું ભોજન મળી રહે તે દરેક પરિવારની પ્રાથમિક ચિંતા હોય છે.ખાસ કરીને આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવારો માટે અનાજની ઉપલબ્ધતા માત્ર જીવનનિર્વાહનો આધાર નહીં, પરંતુ સુરક્ષિત જીવનની આશા પણ છે. આવી જ અન્ન સુરક્ષાની ભાવનાને સાકાર કરતી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના લાખો પરિવારો માટે આશીર્વાદરૂપ બની રહી છે.

અન્ન સુરક્ષાની ખાતરી, લાખો પરિવારોને રાહત

રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત અમલી આ યોજના દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને નિઃશુલ્ક અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં પણ આ યોજનાનો વ્યાપક અમલ થઈ રહ્યો છે. જિલ્લાના ૭૦૨ વાજબી ભાવની દુકાનો મારફતે ૩,૦૬,૩૮૧ રેશનકાર્ડધારક પરિવારોના કુલ ૧૧,૬૭,૩૧૬ લાભાર્થીઓને દર મહિને અનાજ પહોંચાડવામાં આવે છે.આ વ્યવસ્થા દ્વારા જિલ્લાના લાખો નાગરિકોને અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે.

યોજના અંતર્ગત અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા પરિવારોને દર મહિને ૧૫ કિલો ઘઉં, ૧૫ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૩૫ કિલો અનાજ નિઃશુલ્ક આપવામાં આવે છે.જ્યારે અગ્રતા ધરાવતા કુટુંબોને વ્યક્તિદીઠ ૨ કિલો ઘઉં, ૧ કિલો ચોખા અને ૨ કિલો બાજરી મળી કુલ ૫ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત લાભાર્થીઓને ખાંડ, ચણા, તુવેરદાળ અને મીઠું પણ રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

'વન નેશન, વન રાશનકાર્ડ':સરહદોથી પર અન્ન સુરક્ષાની સુવિધા

રોજગાર કે અન્ય કારણોસર એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતા પરિવારોને પણ અનાજનો લાભ મળી રહે તે માટે 'વન નેશન, વન રાશનકાર્ડ' યોજના મહત્વપૂર્ણ બની છે. આ સુવિધા હેઠળ દેશના કોઈપણ રાજ્ય કે જિલ્લાના રેશનકાર્ડધારકો રાજકોટ જિલ્લામાંથી પણ પોતાનું નિયત અનાજ મેળવી શકે છે. રાજકોટ જિલ્લામાં ગત માસ દરમિયાન અન્ય જિલ્લાના ૧૫,૩૭૪ અને અન્ય રાજ્યોના ૨,૫૭૬ લાભાર્થીઓએ આ સુવિધાનો લાભ લીધો હતો. આમ, સ્થળાંતરિત પરિવારો માટે પણ અન્ન સુરક્ષાની સાતત્યતા જળવાઈ રહે છે.

અન્ન સુરક્ષાની આ વ્યવસ્થામાં સમાજના એવા વર્ગોને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે, જેમને આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓને કારણે જીવનનિર્વાહમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કુટુંબના પુખ્ત વયના કમાતા સભ્યો અશક્ત હોય અથવા ગંભીર બીમારીથી પીડાતા હોય તેવા પરિવારો, ગંગાસ્વરૂપા બહેનો, વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થીઓ, ફરિયાઓ, ઘરવિહોણા પરિવારો તેમજ રૂ. ૨૦ હજારથી ઓછી આવક ધરાવતા પરિવારોને પાત્રતાના નિયમો અનુસાર અગ્રતા ધરાવતા કુટુંબની કેટેગરીમાં યોજનાનો લાભ મળી શકે છે.(૨.૧૮)

ભગવતીપરામાં ગાંજાના જથ્થા સાથે અકિલ પકડાયો

બી-ડિવીઝન પોલીસના પીએસઆઇ એન.આર. ડોબરીયા સહિતની ટીમ દ્વારા કાર્યવાહી કરાઇ

રાજકોટ તા.૨૭: ભગવતીપરામાં કોપરગ્રીનવાળા રોડની ગોળાઇ પાસેથી બી-ડીવીઝન પોલીસે મુળ જસદણના અને હાલ રાજકોટ રહેતા શખ્સને ગાંજાના જથ્થા સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

શહેરના 'સે નો ટુ ડ્રગ્સ' અંતર્ગત પોલીસ દ્વારા નશાના કાળા કારોબાર પર તવાઇ શરૂ કરાઇ છે. ત્યારે બી-ડીવીઝન પોલીસના પીએસઆઇ એન.આર. ડોબરીયા સહિતની ટીમે બાતમીના આધારે ભગવતીપરામાં કોપરગ્રીન વાળા રોડ પર ગોળાઇ નજીકથી અકિલ રફિકભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯ રહે.જસદણ,હાલ વેલનાથપરા, ભાડેથી, મોરબી રોડ)ને પકડી લઇ તલાશી લેતા તેના પાસેથી રૂા.૧૭૩૪ની કિંમતનો ૩૪.૬૯ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા કબ્જે કરી ગાંજો કયાંથી લાવ્યો તે મામલે પૂછતાછ શરૂ કરી છે.(૨.૧૯)

રાજકોટ બાર એસો.માં ૪૭૨૧ વકીલો નોંધાયાઃ સૌરાષ્ટ્રનું સૌથી મોટુ બાર એસો.ઃ ચૂંટણી પહેલા હંગામી યાદી જાહેરઃ ૧૮મીએ ચૂંટણી

રાજકોટ, તા.૨૭: આગામી ૧૮ ડિસેમ્બરે રાજકોટ બાર એસો.ની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી પહેલા હંગામી યાદી જાહેર થઈ છે. જેમાં રાજકોટમાં ૪૭૨૧ વકીલો નોંધાયા છે.રાજકોટ બાર સૌરાષ્ટ્રનું સૌથી મોટુ બાર એસો. છે.

ઉલ્લેખનીય છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભામાં સર્વાનુમતે થયેલા ઠરાવ અનુસાર, રાજ્યના તમામ બાર એસોસિએશનોમાં ૧૮ ડિસેમ્બરે ચૂંટણી યોજવાનું નક્કી કરાયું છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ, દરેક બાર એસોસિએશને પોતાના નોંધાયેલા સભ્યોની યાદી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીમાં મોકલાવી છે.

૨૧ નવેમ્બર સુધીમાં ચૂંટણી અધિકારીની નિમણૂક કરવાની હતી. જે રાજકોટ બાર દ્વારા પ્રક્રિયા પૂર્ણ કરી એડવોકેટ અતુલભાઈ દવે, જયેશભાઈ અતીત, કેતનભાઈ શાહ, ગિરિરાજસિંહ જાડેજાને કમિશનર તરીકે જવાબદારી સોંપાઈ છે.

જ્યારે રાજકોટ બારમાં ગત વર્ષે કુલ ૪૨૮૯ એડવોકેટ નોંધાયેલ હતા અને ગત ચૂંટણીમાં ૨૭૦૪ વકીલોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગત ચૂંટણીમાં ૬૩ ટકા મતદાન થયેલું. જેમાં રેવન્યુ પ્રેક્ટિસ કરતા વકીલોના મત નિર્ણાયક સાબિત થયા હતા. આ વખતે પણ વકીલોની સંખ્યા વધતા પેનલો પોતાના પક્ષે વોટિંગ ટકાવારી વધારવા પ્રયાસ કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈ ૨૩ નવેમ્બરે મતદાર યાદી નોટિસ બોર્ડ પર પ્રસિદ્ધ કરાઈ હતી. મતદાર યાદી સામે કોઈ વાંધો હોય તો ૨૫થી ૨૭ નવેમ્બર દરમિયાન ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે. ૩૦ નવેમ્બરે આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવશે.

ઉમેદવારી નોંધાવવા માટે ૧થી ૫ ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. ૭ ડિસેમ્બરે ઉમેદવારી ફોર્મની ચકાસણી થશે, જ્યારે ૮ ડિસેમ્બરે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. ૯ ડિસેમ્બરે ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આખરી ઉમેદવાર યાદી જાહેર કરાશે. ત્યારબાદ ૧૮ ડિસેમ્બરે મતદાન યોજાશે. ચૂંટણીમાં ટ્રેઝરર પદ અને કારોબારીમાં ૩૦ ટકા બેઠક મહિલા અનામત રહેશે. રાજકોટ સહિત ગુજરાત રાજ્યના તમામ ૨૮૨ બાર એસોસિએશનોની ચૂંટણી આગામી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. (૨૨.૧૯)

ત્રણ સ્થળેથી દારૂ બિયરના જથ્થા સાથે બે શખ્સો ઝબ્બે

તાલુકા પોલીસ અને એલસીબી ઝોન-૧ની ટીમના વાવડી રોડ, દોઢસો ફૂટ રોડ અને દુધસાગર રોડ પર દરોડા

રાજકોટ, તા.૨૭: શહેરમાં તાલુકા પોલીસ અને એલસીબી ઝોન-૧ની ટીમે વાવડી રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ અને દુધસાગર રોડ પર ત્રણ સ્થળે દરોડા પાડી દારૂ-બીયરના જથ્થા સાથે બે શખ્સોને પકડી ફરાર એકની શોધખોળ શરૂ કરી છે.

વાવડી મેઈન રોડ પર તથાગત નગરમાંથી તાલુકા પોલીસ રવી મોહનભાઈ સોલંકી(ઉ.વ.૨૧ રહે તથાગતનગર) ને રૂા. ૩ હજારના દારૂના ૧૫ચપલા સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં ૧૫૦ફૂટ રીંગ રોડ પરથી તાલુકા પોલીસે રાજન કિશોરભાઈ બોરીચા (ઉ.વ.૩૭ રહે કોઠારીયા કોલોની, ૮૦ ફૂટ રોડને બીયરના બે ટીન સાથે પકડી લીધો હતો.

ત્રીજા દરોડામાં દૂધસાગર રોડ પર ઈશાન કોમ્પલેક્ષમાં રહેતા નોહીનખાન નાઝીરખાન યુસુફીના ફ્લેટમાં એલસીબી ઝોન-૧ની ટીમે દરોડો પાડી રૂા.૯૬૦૦ની કિંમતના બીયરના ૯૬ ટીમ કબ્જે કરી તેની શોધખોળ શરૂ કરી છે. (૩.૧૫)

ફાયરિંગ કરી દોઢ કરોડની કિંમતના સોનાના દાગીનાની લૂંટ કરી હત્યાના ગુનામાં પકડાયેલ આરોપીની જામીન અરજી રદ

રાજકોટ, તા.૨૭: રાજકોટની જાણીતી ગોલ્ડ મેન્યુફેક્ચરિંગ પેઢી તન્વી એક્સપોર્ટ ઈન્ડિયા લિ.ના કર્મચારીને ગોળી ધરબી હત્યા કરી સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવવાના મર્ડર વિથ લૂંટના કેસમાં એક આરોપીએ કરેલી જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટની જાણીતી ગોલ્ડ મેન્યુફેક્ચરિંગ પેઢી તન્વી એક્સપોર્ટ ઈન્ડિયા લિ. માટે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રિફાઈનરીમાંથી આશરે રૂ.૧,૫૩,૨૦,૦૦૦ની કિંમતનું ૯૪૬ ગ્રામ સોનું અને ૨ કિલો ચાંદીનો પાવડર લઈ પેઢીના કર્મચારી લાલજીભાઈ સરધારા અને સિક્યુરિટી ગાર્ડ બાવનજીભાઈ પઢિયાર સ્કૂટર પર નીકળ્યા હતા. રિફાઈનરીના ગેટ બહાર અજાણ્યા શખ્સોએ થેલો છીનવવાનો પ્રયાસ કરી અનુરાગસિંગ રાજપૂતે ફાયરિંગ કરી લાલજીભાઈ સરધારાને છાતીમાં ગોળી ધરબી દીધી હતી.

ગંભીર રીતે ઘવાયેલા લાલજીભાઈ સરધારાનું મોત નીપજ્યું હતું અને આરોપીઓ મુદ્દામાલ લૂંટી કારમાં ફરાર થઈ ગયા હતા. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે વારાણસી ખાતે ભેગા થયેલા આરોપીઓએ લૂંટનું કાવતરું ઘડી ઉજ્જૈન થઈ ચોટીલાની હોટલમાં રોકાણ કર્યું હતું અને રિફાઈનરીના કર્મચારી શૈલેષ ખરવારના મેસેજ બાદ લૂંટને અંજામ આપ્યો હતો. પોલીસે રાજ્યભરમાં નાકાબંધી અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાના આધારે રાજસ્થાન અને કચ્છ સામખિયાળી સહિતના સ્થળેથી આરોપીઓની ધરપકડ કરી હતી.



તરુણ માથુર
સરકારી વકીલ



દુર્ગેશ ધનકાણી
ફરિયાદીના વકીલ

આ ગુનામાં વપરાયેલી કારો અને હથિયારો કબ્જે કર્યા હતા. ઝડપાયેલા આરોપીઓ પૈકી વેદાંતકાંત ઉર્ફે અમન રમાકાંત પાંડેએ જામીન મેળવવા કોર્ટમાં અરજી કરી હતી.જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર અને ફરિયાદ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપી વેદાંત પાંડેની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ તરૂણભાઇ એસ. માથુર અને ફરિયાદી પક્ષે એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી રોકાયા હતા. (૨૨.૨૦)

ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, કેન્દ્ર સરકારે મહિલા અનામત બિલ પસાર કરવાનો માસ્ટરસ્ટ્રોક નિર્ણય લીધો

મહિલા બિલઃ વિપક્ષ માટે એક તરફ કુવો, બીજી તરફ ખાઈઃ ભાજપના બંને હાથમાં લાડુ

જો બિલ પાસ થાય તો ભાજપને ફાયદોઃ હથિયાર મળશેઃ જો બિલ પાસ ન થાય તો વિપક્ષ ઉપર પ્રહારની તક મળશે

નવ દિલ્હીઃતા.૨૭ઃ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, કેન્દ્ર સરકારે મહિલા અનામત બિલ પસાર કરવાનો માસ્ટરસ્ટ્રોક નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે બિલ પસાર કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવ્યું છે. સત્ર પહેલા ચર્ચાઓ ચાલી રહી છે, જેમાં કેન્દ્ર સરકારે બિલ પસાર કરવા માટે જરૂરી ડેટા એકત્રિત કર્યો છે કે કેમ તેના આંકડા અને વિશ્લેષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

જો વિપક્ષ એક રહે અને સરકારને બીજી હારનો સામનો કરવો પડે તો આની શું અસર પડશે? જો કે, મહિલા અનામતનો મુદ્દો હવે સંસદની બહાર જઈ શકે છે અને ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં એક મુખ્ય રાજકીય મુદ્દો બની શકે છે. ભાજપ આ મુદ્દા પર એવી રણનીતિ અપનાવી શકે છે જે ખાતરી કરશે કે તેની પાસે બિલ પસાર થવા અને તેની હાર બંનેમાં વિપક્ષને ઘેરવા માટે રાજકીય આધાર છે.

ખરેખર, ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ, મહિલા અનામત સંબંધિત બંધારણ સુધારો બિલ લોકસભામાં પસાર થવામાં નિષ્ફળ ગયું. બિલને સમર્થનમાં ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત મળ્યા. બે તૃતીયાંશ બહુમતી માટે જરૂરી ઉપર મત મેળવવામાં નિષ્ફળ ગયા બાદ સરકારને ઝટકો લાગ્યો. આ પછી, ભાજપે વિપક્ષ પર મહિલા અનામતને અવરોધવાનો આરોપ લગાવ્યો અને તેને મહિલા અધિકારો અને રાજકીય ભાગીદારી સાથે જોડીને તેને મુખ્ય મુદ્દો બનાવ્યો.

મહિલા અનામત બિલની હારના છ દિવસ પછી, ૨૩ એપ્રિલે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં મતદાન થયું. ચૂંટણી પ્રચાર દરમિયાન, ભાજપે મહિલા અનામતના મુદ્દા પર વિરોધી પક્ષોના વિરોધને જોડ્યો. ૪ મેના રોજ જાહેર થયેલા પરિણામોમાં, ભાજપે પશ્ચિમ બંગાળમાં ૨૦૭ બેઠકો જીતી, પ્રથમ વખત સરકાર બનાવી. મમતા બેનર્જીની ટીએમસી સત્તા પરથી હાંકી કાઢવામાં આવી. તમિલનાડુમાં પણ એમકે સ્ટાલિનની ડીએમકે સત્તા ગુમાવી, અને વિજયની ટીવીકે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી.

ભાજપ આ પરિણામોને મહિલા અનામતના મુદ્દા પર વિપક્ષ સામે પોતાના રાજકીય વક્તવ્યને આગળ વધારવાની તક તરીકે જોઈ શકે છે. જોકે, બંને રાજ્યોમાં ચૂંટણી પરિણામો પાછળ ઘણા સ્થાનિક અને રાજકીય પરિબળો છે.

જો સરકાર આ વખતે મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારાને પસાર કરવામાં સફળ થાય છે, તો ભાજપ પાસે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી અને ડીએમકે જેવા પક્ષોને ઘેરવાની તક હશે. પાર્ટી પ્રશ્ન કરી શકે છે કે મહિલા રાજકીય પ્રતિનિધિત્વની હિમાયત કરતી



શ્રેય આપવા અને તેને મહિલા પાર્ટીઓ સંસદમાં મહિલા અનામતના સશક્તિકરણના તેના એજન્ડા સાથે જોડવાનો પ્રયાસ કરશે.

બીજી બાજુ, જો વિરોધને કારણે બિલ ફરીથી પસાર નહીં થાય, તો ભાજપ પાસે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી અને ડીએમકે જેવા પક્ષોને ઘેરવાની તક હશે. પાર્ટી પ્રશ્ન કરી શકે છે કે મહિલા રાજકીય પ્રતિનિધિત્વની હિમાયત કરતી માર્ગમાં કેમ ઉભી છે.

ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા, મણિપુર, ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ભાજપની રણનીતિ આ રાજ્યોમાં મહિલા મતદારોમાં મહિલા અનામતના મુદ્દાને પ્રકાશિત કરવાની હોઈ શકે છે.

ઉત્તર પ્રદેશઃ ૨૦૨૭ માં સૌથી મહત્વપૂર્ણ ચૂંટણી મોરચો. ભાજપ મહિલા અનામત પરના તેમના વલણના આધારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસને નિશાન બનાવી શકે છે. આ મુદ્દાને રાજકીય પ્રતિનિધિત્વ અને અધિકારો સાથે જોડીને મહિલા મતદારોમાં ઉઠાવી શકાય છે.

પંજાબઃ અહીં, ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મહિલા અનામત પરના તેમના વલણ અંગે પ્રશ્ન કરી શકે છે.

ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરઃ આ રાજ્યોમાં પણ મહિલા મતદારોમાં અનામતના મુદ્દા પર ઝુંબેશ શરૂ થઈ શકે છે.

ભાજપ છેલ્લા કેટલાક ચૂંટણીઓમાં મહિલા મતદારોને તેના રાજકીય આધારનો મહત્વપૂર્ણ ભાગ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. મહિલા અનામતને કેન્દ્ર સરકારની ઉજ્જવલા, આવાસ, જળ જીવન મિશન અને અન્ય યોજનાઓ સાથે જોડીને, પાર્ટી મહિલાઓમાં તેની રાજકીય પહોંચ વધારવાનો પ્રયાસ કરી શકે છે.

એકંદરે, મહિલા અનામત પર આગામી સંસદીય લડાઈનો રાજકીય પ્રભાવ ફક્ત દિલ્હી પૂરતો મર્યાદિત રહેશે નહીં. જો બિલ પસાર થાય છે, તો ભાજપ તેને તેની સિદ્ધિ તરીકે ગણાવશે, અને જો બિલ હારી જાય છે, તો તે વિપક્ષને મહિલા વિરોધી તરીકે દર્શાવવાનો પ્રયાસ કરશે. પરિણામે, ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં મહિલા અનામત એક મુખ્ય રાજકીય ચર્ચા બની શકે છે.(૪૧.૩૦)

સીમાંકન બિલ પસાર કરવા માટે સરકારની યોજના તૈયારઃ બધા રાજ્યોમાં ૫૦% બેઠકો વધારવાનો પ્રસ્તાવ; DMK, NCP (SP), અને YSRCP સમર્થન આપી શકે છે

નવી દિલ્હીઃ તા.૨૭ઃ સંસદનું ખાસ સત્ર ૩૦ નવેમ્બરે ફરી શરૂ થવાનું છે. તે પહેલાં, સરકાર સીમાંકન બિલ માટે ૫૭ બેઠકો વધારવાના ફોર્મ્યુલા પર વિચાર કરી રહી છે.

આ અંતર્ગત, લોકસભામાં દરેક રાજ્યની હાલની બેઠકોમાં ૫૦%વધારો કરવામાં આવશે, જ્યારે રાજ્યો વચ્ચે બેઠકોનો વર્તમાન ગુણોત્તર જાળવી રાખવામાં આવશે.

આ દક્ષિણ રાજ્યોમાં ચિંતા દૂર કરી શકે છે કે વસ્તીના આધારે સીમાંકન કરવાથી ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા વધુ વસ્તીવાળા રાજ્યો માટે બેઠકો વધશે અને સંસદમાં તેમનું પ્રતિનિધિત્વ ઘટશે.સરકારે બે તૃતીયાંશ બહુમતી મેળવવાના પ્રયાસો પણ શરૂ કરી દીધા છે. સરકારને DMK-NCP (SP) અને YSRCP તરફથી શરતી સમર્થન મળવાની અપેક્ષા છે.

એપ્રિલમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ બધા રાજ્યો માટે ૫૦બેઠકો વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ આ ખાતરી બિલમાં સામેલ કરવામાં આવી ન હતી. તે સમયે, બંધારણ સુધારા બિલને લોકસભામાં ૨૯૮ મત મળ્યા હતા, જ્યારે બે તૃતીયાંશ બહુમતી માટે જરૂરી ૩૫૨ મત ૫૪ મત ઓછા હતા. સરકાર હવે આ ફોર્મ્યુલાને બિલમાં સામેલ કરવાનું વિચારી રહી છે.

તિરુપતિ મંદિર પહેલાથી જ દેશના સૌથી ધનિક મંદિરોમાં બીજા ક્રમે છેઃ મંદિરની સ્થાવર અને જંગમ સંપત્તિ સામે એશિયા, યુરોપ, અમેરિકા અને આફ્રિકાના ઘણા દેશોની GDP ઓછી છે

તિરુપતિ મંદિર પાસે 3.3૮ લાખ કરોડની સંપત્તિ : રોજ 3થી ૫ કરોડનું દાન મળે છે

દેશભરની વિવિધ બેંકોમાં આશરે ૩. ૧૬,૦૦૦ કરોડ જમા : બેંકોમાં ૧૦ ટનથી વધુ સોનું રાખવામાં આવ્યું છેઃ દેવતાના દૈનિક શણગાર માટે ૨.૫ ટન સોનાના આભૂષણો હંમેશા મંદિર પરિસરમાં રાખવામાં આવે છે

તિરુપતિઃતા.૨૭ઃ ગુરુવારે, ચેન્નાઈના ઉદ્યોગપતિ વર્ધમાન જૈને પવિત્ર તિરુપતિ તિરુમાલા મંદિરમાં ભગવાન વેંકટેશ્વર અને દેવી પદ્માવતીને ૧૨૧ કિલો સોનાના દાગીના અર્પણ કર્યા. આશરે ૬,૦૦૦ સંપત્તિના માલિક જૈને આશરે રૂ.૨૦૬ કરોડનું સોનું દાન કર્યું. આ કોઈ પણ ભક્ત દ્વારા કરાયેલું સૌથી મોટું દાન છે, છતાં મંદિર સદીઓથી સમૃદ્ધ છે.

સદીઓ પહેલા, પલ્લવ, ચેર, ચોલ અને પાંડ્ય રાજાઓએ તિરુપતિ મંદિરમાં રત્નો અને જંગમ સંપત્તિ સહિત જંગમ અને જંગમ સંપત્તિનું દાન કર્યું હતું. મંદિરને દરરોજ ત્રણથી પાંચ કરોડ રૂપિયાનું દાન મળે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને ગ્લોબલ વેલ્થ ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર, તિરુપતિ મંદિર ટ્રસ્ટ પાસે રૂ.૩.૩૮ લાખ કરોડની સંપત્તિ છે, જે ઘણા નાના દેશોના જીડીપી ની તુલનામાં વધુ છે. તિરુપતિ મંદિર દેશના બીજા ક્રમના સૌથી ધનિક મંદિર તરીકે સ્થાન ધરાવે છે.



અહેવાલો અનુસાર, તિરુપતિ મંદિર ટ્રસ્ટની જંગમ અને જંગમ સંપત્તિ આઠ યુરોપિયન દેશો, જેમ કે આઈસલેન્ડ, માલ્ટા અને કોસોવો કરતા વધારે છે. ભૂટાન, માલદીવ અને અફઘાનિસ્તાન સહિત પાંચ એશિયન દેશોનો GDP દેવસ્થાનમ કરતા ઓછો છે. ઉત્તર અને દક્ષિણ અમેરિકાના ૧૦ દેશોનો સંયુક્ત જીડીપ તિરુપતિ તિરુમાલાની નેટવર્થ કરતા ઘણો ઓછો છે. ફિજી અને ગુઆમ જેવા દેશો પણ આ આંધ્ર મંદિરની સંપત્તિની તુલનામાં નિસ્તેજ છે.

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ અનુસાર, દેશભરની વિવિધ બેંકોમાં આશરે રૂ.૧૬,૦૦૦ કરોડ જમા છે. વધુમાં, બેંકોમાં ૧૦ ટનથી વધુ સોનું રાખવામાં આવ્યું છે. દેવતાના દૈનિક શણગાર માટે ૨.૫ ટન સોનાના આભૂષણો હંમેશા મંદિર પરિસરમાં રાખવામાં આવે છે. મંદિર દેશના વિવિધ ભાગોમાં ૯૬૦ મિલકતો ધરાવે છે.

પલ્લવ શાસકોએ છઠ્ઠી સદી દરમિયાન તિરુપતિ મંદિરમાં દાન શરૂ કર્યું. આ પરંપરા ૩૦૦ વર્ષ સુધી ચાલુ રહી. ચોલ અને પાંડ્ય શાસન દરમિયાન, રાજાઓએ મંદિરનો વિસ્તાર કર્યો. પૂજાને સુવ્યવસ્થિત કરવા માટે, વિવિધ ક્ષેત્રોમાંથી કર મંદિરમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. ત્યારબાદ, ૧૪મી સદીમાં, વિજયનગર સામ્રાજ્યના શાસક રાજા શ્રી કૃષ્ણદેવરાયે મંદિર માટે પોતાનો ખજાનો ખોલ્યો. તેમણે માત્ર રત્નો અને સોના-ચાંદીના આભૂષણોનું દાન જ નહીં, પરંતુ મંદિરના વિશાળ મંડપ અને ગોપુરમનું નિર્માણ પણ શરૂ કર્યું.

૧૬મી સદીમાં, મૈસુર અને મરાઠા શાસકોએ ભગવાન વેંકટેશ્વરને નિત્ય પ્રસાદમ માટે કિંમતી રત્નો, ઘરેણાં, સોનાના વાસણો અને જમીનનું દાન કર્યું. સામાન્ય ભક્તોએ પણ પૈસા, સોનું, ચાંદી અને જમીન દાનમાં આપવાની પરંપરા ચાલુ રાખી. ટીટીડી દેવસ્થાનમ અનુસાર, સામાન્ય દિવસોમાં અહીં એક થી બે કરોડ રૂપિયાના દાન મળે છે.

હિન્દુ ધર્મના આશ્રયદાતા કૃષ્ણદેવ રાયે ભગવાન વેંકટેશ્વરને દાગીના દાનમાં આપ્યા હતા. રાજાઓની ભેટોમાં, રત્ન કિરીટમ અને પીતામ્બરમનો પોતાનો ઈતિહાસ છે. ભૂતકાળમાં ઘણા મંદિરો પર હુમલા થયા હોવા છતાં, કોઈએ શ્રી વેંકટેશ્વર મંદિર પર જે રીતે હુમલો કર્યો હતો તે રીતે હુમલો કરવાની હિંમત કરી ન હતી.ટીટીડી અનુસાર, વર્ધમાન જૈન દ્વારા અર્પણ કરાયેલા દાનમાં ૪૬ વિવિધ પ્રકારના સોનાના દાગીનાનો સમાવેશ થાય છે. ભગવાન વેંકટેશ્વર પાસે એકલા ૧૦૬ કિલોગ્રામ સોનાના દાગીના છે. ૧૫ કિલો સોનાનો પોશાક દેવી પદ્માવતી માટે છે. આ ઉપરાંત ૩ જોડી સોનાની પાદુકા, ૩ પાયલ, સોનાના સિક્કા, સોનાના તુલસીના પાનનો હાર, લક્ષ્મીનો હાર, ૫ કંઠીનો હાર, અર્ધ ચંદ્ર, સિક્કાની માળા, લટકણ, અશ્વત્થના પાન, કમરબંધ, સૂર્ય કટારી, કૌસ્તુભમ, શ્રીવત્સમ, સોનાના દાગીનાનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, આ યાદીમાં નાગભારણ કમરબંધ, સોનાની ગાય, વૈકુંઠ હસ્ત, કમર હસ્ત, ૪ નાગભારણ, ભુજકીર્તિ, કર્ણપત્ર, ભાવલી, શાલિગ્રામ, યજ્ઞોપવીત, સોનાનો શંખ, મુગટ, ચક્ર કવચ અને શાનો સમાવેશ થાય છે.(૪૧.૨૭)

ચાલતા યંત્રે

સેન્સેક્સ ૮૦૦ પોઇન્ટ તુટયો

મુંબઇઃ આજે શેરબજારમાં મોટા પાયે પ્રોફીટ બુકીંગઃ ૨:૩૦ કલાકે સેન્સેકટ ૮૦૦ પોઇન્ટ તૂટીને ૮૩૫૩૧ઃ નીફટી ૨૧૮ પોઇન્ટ તૂટીને ૨૫૬૬૫ ઉપર છેઃ IT-FMCG સેસે તૂટયાઃ રૂપિયો ૯૨.૯૦ ઉપર છે

યોગી નહીં તો યુપી નહીંઃ ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભરપૂર પ્રશંસા

યોગી આદિત્યનાથ હિન્દુત્વનો અગ્રણી ચહેરો હોવાનું સંજય રાઉતનું નિવેદનઃ ઉત્તર પ્રદેશની આગામી વિધાનસભાની ચૂંટણી પહેલાં મુખ્યમંત્રીપદની ચર્ચા બની ગરમાગરમ

મુંબઈ, તા.૨૭ઃ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ખુલ્લેઆમ પ્રશંસા કરતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

સંજય રાઉતે જણાવ્યું હતું કે યોગી આદિત્યનાથ હિન્દુત્વનો એક મોટો ચહેરો છે. યોગી નહીં હોય તો ઉત્તર પ્રદેશમાં



ભાજપની સરકાર બનવી મુશ્કેલ હોવાનું સૂચવતું નિવેદન પણ તેમણે આપ્યું હતું.

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપના મુખ્યમંત્રીપદના ચહેરા અંગે ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે રાઉતનું આ નિવેદન સામે આવ્યું છે. તેમણે યોગી આદિત્યનાથના નેતૃત્વ અને પોતાની રાજકીય ભૂમિકા અંગેના આત્મવિશ્વાસની પ્રશંસા કરી હતી.

વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના મહત્વના નેતા ગણાતા સંજય રાઉતના આ નિવેદનને રાજકીય રીતે સૂચક માનવામાં આવે છે. જોકે તેમના નિવેદનનો અર્થ શિવસેના દ્વારા ભાજપને ચૂંટણીમાં સમર્થન આપવાની જાહેરાત થતી નથી. (૨૨.૨૬)

બ્લિંકિટ અને એમેઝોન નાઉની જોરદાર ટક્કર વચ્ચે સ્વિગીનો મોટો નિર્ણયઃ ઇન્સ્ટામાર્ટના ૩૪૦ કર્મચારીઓની છટણી કરવાની તૈયારી

ક્વિક કોમર્સ ક્ષેત્રમાં વધતી હરીફાઈ વચ્ચે ખર્ચ ઘટાડવા અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો વધુ ઉપયોગ કરવા સ્વિગી દ્વારા વ્યાપક ફેરફાર હાથ ધરાયા

મનપાની ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ-ગંદકી સામે સ્પેશિયલ ડ્રાઇવ

પનીર-મગનું શાક-બટર-દૂધ-મરચું-હળદર સહિત ૭ નમૂના લેવાયા

શહેરની ૧૭ પેઢીને લાઇસન્સ અંગે નોટીસઃ ૧૭ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરતી ફુડ શાખા

રાજકોટ, તા.૨૭ઃ મનપાની આરોગ્ય શાખા-ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કુલ મળી ૩૨ પેઢીની તપાસ કરવામાં આવેલ. તપાસ દરમિયાન મળી આવેલ કુલ ૧૭ કિલો અખાદ્ય/ વાસી/ પડતર/ એક્સપાયર્ડ જથ્થાનો નાશ કરવામાં આવેલ.

જે પૈકી કુલ -૧૭ પેઢીને સ્ટોરેજ, લાઇસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપવામાં આવેલ તેમજ કુલ રૂ.૭,૫૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ. ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કુલ ૦૭ નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે.

પનીર-મગનું શાક-બટર-દૂધ-મચ્યું પાઉડર-હળદર સહિતના નમૂના લેવાયા

પાઈનવીંટા હોટલ્સ બોમ્બે ગેરેજ પેટ્રોલ પંપ ની બાજુમાં ગોંડલ રોડ રાજકોટ. હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ પનીર (લૂઝ)(૨)મગનું શાક (પ્રિપેક લૂઝ)ના નમૂના લેવામાં આવેલ.

જય યોગેશ્વર ડેરીફાર્મ ભારતી નગર-૧, કોર્નરની સામે, સુભાષ નગર મેઈન રોડ, નંદાહોલ પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ. (૧)બટર (લૂઝ)(૨)મિક્સ દૂધ (લૂઝ)ના નમૂના લેવામાં આવેલ. તપસી રેસ્ટોરન્ટ: ૮૦ફુટ રોડ, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ. હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ (૧)લાલ મરચું પાઉડર(લૂઝ)(૨)હળદર(લૂઝ), ગ્રેવી (પ્રિપેડ-લૂઝ)ના નમૂના લેવામાં આવેલ.

જયારે જય દેવજીવન રેસ્ટોરન્ટ જુના જકાતનાકા સામે, કુવાડવા હાઈવે, ખાતેથી વાસી મંચુરિયન/ પનીર/બાંધેલો લોટ કુલ મળી અંદાજીત ૬ કિલો નાશ કરેલ તેમજ લાયસન્સ તથા હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપેલ. રૂ.૫૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરેલ. રહાન પ્રોવિઝન સ્ટોર્સ ન્યુ સાગર સોસાયટી,



કોઠારીયા રોડ, ખાતેથી એક્સપાયરી ફૂડ પેકેટ, પસ્તી કુલ ૫ કિલો નાશ કરેલ તેમજ હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપેલ. રૂ.૫૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરેલ.

શ્રી હરિ પ્રોવિઝનઁ ભોજલરામ સોસાયટી, કોઠારીયા રોડ, ખાતે એક્સપાયરી ફૂડ પેકેટ કુલ મળી ૬કિલોનાશ કરેલ તેમજ યોગ્ય લેબલિંગ તથા લાઈસન્સ બાબતે નોટિસ આપેલ. રૂ.૫૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરેલ.

જય ખોડીયાર ચાઈનીઝ એન્ડ પંજાબીઃ ૮૦ ફૂટ રોડ, મટુકી મેઈન રોડ, ખાતે હાઈજેનીક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ રૂ.૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ. ક્રિષ્ના દાળપકવાનઃ ૮૦ ફૂટ રોડ, મટુકી મેઈન રોડ, ખાતે હાઈજેનીક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ રૂ.૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ. ઉપરાંત

શ્યામ પાન & ચાં ૮૦ ફૂટ રોડ, મટુકી મેઈન રોડ, રાજકોટ. હાઈજેનીક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ રૂ.૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ. પ્રમુખરાજ ડેરી ફાર્મઃ ૮૦ ફૂટ રોડ, મટુકી મેઈન રોડ, રાજકોટ. વહીવટી ચાર્જ રૂ.૫૦૦/- વસૂલ કરેલ.

શ્રીજી એન્ટરપ્રાઈઝઃજૂના માર્કેટ યાર્ડ, G-2, અમદાવાદ હાઈવે, રાજકોટ. હાઈજેનીક કન્ડિશન બાબતે નોટિસ આપેલ તેમજ રૂ.૨,૦૦૦/-વહીવટી ચાર્જ વસૂલ કરેલ. સૈરાની ફીશઃભવાની ચોક, કોઠારીયા રોડ, રાજકોટ. લાયસન્સ બાબતે નોટીસ આપેલ તેમજ રૂ.૧૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ. સૈરાની સમોસાઃ ભવાની ચોક, કોઠારીયા રોડ, રાજકોટ. લાયસન્સ બાબતે નોટીસ આપેલ તેમજ રૂ.૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ. સંતોષ પ્રોવિઝઃ ન્યુ સાગર સોસાયટી, કોઠારીયા રોડ, રાજકોટ. યોગ્ય લેબલિંગ તેમજ લાઈસન્સ બાબતે નોટીસ આપેલ તથા રૂ.૫૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરેલ.

શક્તિ ચાપડી ઊંધિયુંઃમોરબી હાઈવે, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, ૨ માલધારી પાન કાફેઃ જુના જકાતનાકા સામે, કુવાડવા હાઈવે, શ્રુતિ ચટર્ણી એસ.કે.ચોક, ગાંધીગ્રામ, ૨ નકળંગ ટી નાસ્તાઃ પુનિત નગર, ૮૦ ફુટ રોડ, શ્રી મોગલ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ પુનિત નગર, ૮૦ ફુટ રોડ, ખાતે લાઈસન્સ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા નોટીસ આપેલ. (૩.૧૪)

ચાલતા યંત્રે

સુધારેલી ટોચમર્યાદા ૨૦૫૦ સુધી રહેશેઃકેન્દ્રીય કેબિનેટે નિર્ણય લીધો

રાજ્યોમાં લોકસભા બેઠકોમાં ૫૦% વધારો કરવાની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૭ઃ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે રાજ્યોમાં લોકસભાની સંખ્યા ૫૦% વધારવાના પ્રસ્તાવને મંજૂરી આપી, જેમાં સુધારેલી ટોચમર્યાદા ૨૦૫૦ સુધી રહેશે, એમ સૂત્રોએ જણાવ્યું. આ નિર્ણય ૩૦ નવેમ્બરથી શરૂ થતી સંસદની ખાસ બેઠક પહેલા લેવામાં આવ્યો છે, જે દરમિયાન સરકાર સીમાંકનપ્રસંબંધિત મહિલા અનામત બિલમાં ફેરફારો કરે તેવી અપેક્ષા છે.

લોકસભા બેઠકોમાં પ્રસ્તાવિત વધારો એ રાજ્યોના પ્રતિનિધિત્વ પર, ખાસ કરીને દક્ષિણ ભારતના પ્રતિનિધિત્વ પર સીમાંકનની અસર અંગેની ચિંતાઓને દૂર કરવાના સરકારના પ્રયાસોનો એક ભાગ હોવાનું માનવામાં આવે છે. અગાઉના અહેવાલોમાં સૂચવવામાં આવ્યું હતું કે સરકાર ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે તેમના હાલના આંતર-રાજ્ય હિસ્સાને જાળવી રાખીને રાજ્યોમાં ૫૦% બેઠકો વધારવાના ફોર્મ્યુલા પર વિચાર કરી રહી છે.

પીએમ મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક બપોરે ૧ વાગ્યે સેવા તીર્થ ખાતે બોલાવવામાં આવી હતી, જેમાં તમામ મંત્રીઓને હાજર રહેવા માટે કહેવામાં



આવ્યું હતું, એમ સૂત્રોએ ANIને જણાવ્યું હતું.

સરકાર લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત આપવાનો પ્રયાસ કરતી અગાઉના કાયદામાં સુધારા પર વિચાર કરી રહી છે. એપ્રિલમાં લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬ ની હાર બાદ પ્રસ્તાવિત ફેરફારો કરવામાં આવ્યા છે.

અગાઉના બિલમાં મહિલા અનામતના અમલીકરણને સીમાંકન સાથે જોડવામાં આવ્યું હતું અને લોકસભાની સંખ્યા હાલની ૫૪૩ બેઠકોથી વધારીને મહત્તમ ૮૫૦ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

સંસદની ખાસ બેઠક ૩૦ નવેમ્બરે લોકસભા ફરી શરૂ થવાની સાથે શરૂ થશે, જ્યારે રાજ્યસભા ૨ ડિસેમ્બરથી મળશે. સરકારી કામકાજને આધીન, બેઠકો ૩ ડિસેમ્બરે પૂર્ણ થવાની ધારણા છે.(૨૩.૨૬)

blinkit amazon

બેંગલુરુ, તા.૨૭ઃ ઓનલાઈન ખાદ્યપદાર્થો અને ઘરવપરાશની ચીજવસ્તુઓ પહોંચાડતી સ્વિગી કંપની તેના ક્વિક કોમર્સ વિભાગ ઈન્સ્ટામાર્ટમાંથી આશરે ૩૪૦ કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી છે. કંપનીના માળખામાં ફેરફાર અને ખર્ચ ઘટાડવાની કવાયતના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ઈન્સ્ટામાર્ટને બ્લિંકિટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ મિનિટ્સ અને એમેઝોન નાઉ તરફથી આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. કૃત્રિમ બુદ્ધિમત્તાનો વધુ ઉપયોગ કરીને કાર્યક્ષમતા વધારવા ઉપર કંપની ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

કંપનીના કોર્પોરેટ અને સહાયક વિભાગોના કર્મચારીઓને આ નિર્ણયની મુખ્ય અસર થશે. જોકે માલસામાનના સંગ્રહ કેન્દ્રો, સપ્લાય ચેઈન અને ગ્રાહકો સુધી વસ્તુઓ પહોંચાડવાની વ્યવસ્થામાં રોકાણ ચાલુ રાખવાની યોજના છે.

ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં સ્વિગીની સંકલિત ચોખ્ખી ખોટ ૯૨૨ કરોડ રૂપિયા નોંધાઈ હતી. (૨૨.૨૫)

૧૦૦ વર્ષમાં પ્રથમવાર મેસીની પરેડ સ્થગિત: ૧૦૦ કિમી ક્લાકની ઝડપે આવેલા વાવાઝોડાએ કરોડોના ઘરો અને વાહનો તણાઈ ગયા

અમેરિકામાં થેંક્સગિવિંગની ઉજવણી પર વાવાઝોડાનો કહેર: ૯ લાખ ઘરોમાં અંધારપટ : ૪૦૦થી વધુ ફ્લાઇટસ રદ

પેન્સિલવેનિયા-વર્જિનિયામાં વીજળી ગુલ: ન્યૂજર્સીમાં કટોકટી જાહેર: ૨,૨૦૦થી વધુ ફ્લાઇટ્સ મોડી પડતાં લાખો મુસાફરો રઝળી પડયા







વોશિંગ્ટન, તા.૨૭: અમેરિકામાં 'થેંક્સગિવિંગ'ના તહેવારની ઉજવણી વચ્ચે કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશના પૂર્વીય અને મધ્યપશ્ચિમ ભાગોમાં ત્રાટકેલા ભયંકર વાવાઝોડા, મુશળધાર વરસાદ અને દરિયાકાંઠાના પૂરે જનજીવન સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. આ કુદરતી આફતને કારણે ૯ લાખથી વધુ ઘરો અને વ્યવસાયોમાં વીજળી ગુલ થઈ ગઈ છે, જ્યારે હવાઈ મુસાફરી ઠપ થતાં ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે.

ભારે પવન અને ખરાબ હવામાનના જોખમને ધ્યાનમાં રાખીને ન્યૂયોર્કની જગવિખ્યાત વાર્ષિક 'મેસીની થેંક્સગિવિંગ પરેડ' શનિવાર સુધી મુલતવી રાખવામાં આવી છે. આ પરેડના વિશાળકાય ફુગ્ગાઓ મુખ્ય આકર્ષણ હોય છે, પરંતુ તેજ પવનને કારણે અકસ્માતનો ભય હોવાથી આ નિર્ણય લેવાયો છે. પરેડના ૧૦૦ પરેડ બંધ રહી હતી). આયોજકોએ વર્ષના ઈતિહાસમાં હવામાનને કારણે તે મુલતવી રાખવામાં આવી હોય તેવી આ પ્રથમ ઘટના છે (અગાઉ માત્ર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ત્રણ વર્ષ કલાકારો અને દર્શકોની સુરક્ષાને સર્વોપરી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે ૧૯૯૭માં ભારે પવનને કારણે ૧૮ ફૂટ ઊંચું 'કેટ ઈન ધ હેટ' બલૂન લેમ્પપોસ્ટ સાથે અથડાતા એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ બેભાન થઈ ગઈ હતી, જેવી દુર્ઘટના ટાળવા આ તકેદારી લેવાઈ છે.

વીજળીની સ્થિતિ પર નજર રાખતી વેબસાઈટ 'પાવરઆઉટેજ'ના આંકડા મુજબ, ભારે પવન અને વરસાદથી જમીન પોચી પડતા ઠેર-ઠેર વૃક્ષો ઘરો અને વીજળીની લાઈનો પર ધરાશાયી થયા છે. જેના પરિણામે ૯,૦૦,૦૦૦થી વધુ ગ્રાહકો અંધારામાં ધકેલાયા છે. સૌથી વધુ ગંભીર અસર પેન્સિલવેનિયા, મેરીલેન્ડ અને વર્જિનિયામાં જોવા મળી છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા ન્યૂ જર્સીના ગવર્નર મિકી શેરિલે કટોકટીની સ્થિતિ (સ્ટેટ ઓફ ઈમરજન્સી) જાહેર કરી છે અને નાગરિકોને તૂટેલા વીજ વાયરોથી દૂર રહેવા તથા ફોન ચાર્જ રાખવા અપીલ કરી છે. બીજી તરફ, મેરીલેન્ડમાં પાણી પુરવઠો ખોરવાવાની આશંકાએ અંદાજે ૨૦ લાખ લોકોને નળના પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા સૂચના અપાઈ છે અને જોરદાર પવનને કારણે અનેક મોટા પુલ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા છે.

અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશનના અંદાજ મુજબ, થેંક્સગિવિંગની રજાઓમાં ૮૧.૫ મિલિયન (૮ કરોડથી વધુ) અમેરિકનો મુસાફરી કરવાના હતા. પરંતુ તોફાને મુસાફરોના આયોજન પર પાણી ફેરવી દીધું છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર અનુસાર, ગુરુવારે સમગ્ર અમેરિકામાં ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે અને ૨,૨૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી છે, જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે. માત્ર પૂર્વી જ નહીં, પશ્ચિમ અમેરિકાના કેલિફોર્નિયામાં પણ દરિયાના ઊંચા મોજાઓને કારણે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે અને સાન ફ્રાન્સિસ્કોમાં ભારે વરસાદ નોંધાયો છે.

વ્યાપક તબાહી અને વીજળી ગુલ થવા છતાં લોકોએ ઉત્સાહ જાળવી રાખ્યો હતો. સેલિબ્રિટી શેફ જોસ એન્ડ્રેસે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેઓ વીજળી વિના મીણબત્તીના અજવાળે ગેસ સ્ટવ પર લોબસ્ટર રાંધીને થેંક્સગિવિંગની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. હાલ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વર્જિનિયામાં લગભગ ૨ લાખ અને મેરીલેન્ડમાં ૧,૭૭,૦૦૦ ઘરો તથા વ્યાપારી એકમોને વિજળીની સમસ્યા સર્જાઈ હતી. ન્યુજર્સી અને ન્યુયોર્કના કેટલાક વિસ્તારોમાં કટોકટી જાહેર કરવામાં આવી.(૨૩.૨૩)

જયપુરમાં SOGએ ફર્જી મેડિકલ ડિગ્રી રેકેટનો પર્દાફાશ :૩ સ્તરે ચાલતુ હતુ આ નકલી ડિગ્રીનું નેટવર્ક! રેકેટના ૪ આરોપીની ધરપકડ કરવામાં આવી

માત્ર સાડા પાંચ લાખ રૂપિયામાં મળી જતી MBBS-MDની ડિગ્રી

ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી આ ફર્જી ડિગ્રીઓનો કાળો ધંધો ચાલતો હતો અને લગભગ ૫.૫ લાખ રૂપીયા લઈને MBBS-MD જેવી ડિગ્રીઓ તૈયાર કરવામાં આવતી હતી



જયપુર:તા.૨૩: રાજસ્થાનમાં આવેલા જયપુરમાં SOGએ ફર્જી મેડિકલ ડિગ્રી રેકેટનોનો પર્દાફાશ કર્યો છે. ૪ રાજ્યોમાં ફેલાયેલા આ રેકેટના ૪ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, આરોપી સાથે પૂછપરછ કરવામાં આવી તેમાં સામે આવ્યું છે કે, આ લોકો લાખો રૂપિયા લઈને MBBS-MD, Gynaecology અને DMRD ની ડિગ્રીઓનો તૈયાર કરી આપતા હતા. એટલું જ નહીં પરંતુ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન અપલોડ કરીને મેડિકલ કાઉન્સિલમાં પણ રજિસ્ટ્રેશન કરાવી આપતા હતા.વિગતે વાત કરીએ તો આ કેસમાં, સૌથી પહેલા પોલીસે ૧૧ પાસ રામકિશોર મહાવરની ધરપકડ કરી છે, જે નકલી ૧૭૧૯ અને MD ડિગ્રીના આધારે દિલ્હીની મોટી હોસ્પિટલોમાં ડોક્ટર બનીને કામ કરી રહ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ, ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી આ ફર્જી ડિગ્રીઓનો કાળો ધંધો ચાલતો હતો અને લગભગ ૫.૫ લાખ રૂપીયા લઈને MBBS-MD જેવી ડિગ્રીઓ તૈયાર કરવામાં આવતી હતી. તપાસમા જાણવા મળ્યું કે, ૪૦ થી વધુ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓની ડિગ્રીઓના નામે છેતરપિડી કરવામાં આવતી હતી.સૌથી પહેલા ગ્રાહકને સંપર્ક કરવામાં આવતો હતો. જેમાં આરોપી સત્યજીતનું મહત્વનું કામ લોકોથી સંપર્ક કરવું અને તેમની જરૂરત પ્રમાણે ડિગ્રી બનાવી આપતો હતો. તે પછી આરોપી મનીષ માંજી ફર્જી માર્કશીટ, ડિગ્રી અને ડિપ્લોમા તૈયાર કરાવીને ઉપલબ્ધ કરાવતો હતો. આ દસ્તાવેજો તે વોટ્સએપ દ્વારા સત્યજીત પાણિગ્રહીને મોકલતો હતો. એટલું જ નહીં પરંતુ જરૂર પડે તો પ્રિન્ટેડ દસ્તાવેજો DTDC કુરિયર દ્વારા પણ મોકલવામાં આવતા હતા.

ત્યારબાદ ત્રીજો સ્તર યુનિવર્સિટિ વેબસાઈટ પર ફર્જી ડિગ્રી અપલોડ કરવામાં આવતી હતી જે આ આખા કૌભાંડનું સૌથી મુખ્યનું કામ હતું. તપાસ પ્રમાણે, નકલી ડિગ્રીઓ તૈયાર થયા બાદ તેને યુનિવર્સિટિની વેબસાઈટ પર અપલોડ કરવાનું કામ એક અલગ માણસ કરતો હતો.

આ સમગ્ર મામલે સામે આવ્યું છે કે, નકલી મેડિકલ ડિગ્રીનું આ નેટવર્ક ચાર રાજ્યોમાં ફેલાયેલું હતું અને ફેસબુક-વોટ્સએપથી લઈને યુનિવર્સિટીની વેબસાઈટ સુધી તેનું વ્યવસ્થિત કૌભાંડ ચાલતું હતું. માત્ર સાડા પાંચ લાખ રૂપિયામાં MBBS-MD જેવી ડિગ્રીઓ તૈયાર કરીને લોકોને નકલી ડોકટર બનાવવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, ૧૧ પાસ વ્યક્તિ પણ આવી નકલી ડિગ્રીના આધારે દિલ્હીની મોટી હોસ્પિટલોમાં ડોક્ટર તરીકે કામ કરી રહ્યો હતો.હવે SOGની તપાસમાં આ રેકેટ સાથે સંકળાયેલા અન્ય લોકો અને નકલી ડિગ્રીના આધારે કામ કરતા લોકો અંગે વધુ ખુલાસા થવાની શક્યતા છે.(૪૧.૨૩)

બુલિયન માર્કેટમાં સતત બીજા દિ'એ તેજી ચાંદીમાં ૬૦૦૦ અને સોનામાં ૨૩૦૦ રૂા. વધ્યા

હાજરમાં ચાંદી ૧ કિલોના ભાવ વધીને ૧,૫૬,૦૦૦ અને સોનાના ભાવ ૧,૨૯,૪૦૦ રૂા. થયા



રાજકોટ તા.૨૭: બુલિયન માર્કેટમાં સતત બીજા દિવસે તેજી જોવા મળી હતી. ચાંદીમાં ૬,૦૦૦ અને સોનામાં ૨૩૦૦ રૂા.નો ઉછાળો થયો હતો.

બુલિયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનિક બજારમાં ચાંદીમાં આજે વધુ ૬૦૦૦રૂા.નો ભાવવધારો થયો છે. ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૧,૫૦,૦૦૦ રૂા. હતા તે વધીને આજે ૧,૫૬,૦૦૦રૂા. થઈ ગયા છે. ચાંદીની સાથે સોનામાં પણ તેજી જોવા મળી હતી. બુલિયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનિક બજારમાં આજે સોનામાં ૨૩૦૦ રૂા. વધ્યા હતા. ગઈકાલે સોનુ સ્ટાન્ર્ડડ (૧૦ ગ્રામ)ના ભાવ ૧,૨૭,૧૦૦ રૂા. હતા તે વધીને ૧,૨૯,૪૦૦ રૂા. થઈ ગયા છે. સોનાના બિસ્કીટમાં ૨૩૦૦૦ રૂા.નો ઉછાળો થયો છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ) ના ભાવ ૧૨,૭૧, ૦૦૦ રૂા. હતા તે વધીને ૧૨,૯૪,૦૦૦ રૂા.ની સપાટી પહોંચ્યા છે. છેલ્લા બે દિવસમાં ચાંદીમાં ૧૪૦૦૦ રૂા. અને સોનામાં ૮,૫૦૦ રૂા.નો નોંધપાત્ર ભાવવધારો થયો છે.

વિશ્વ માર્કેટમાં અમેરીકન ડોલર નબળો પડતા અને વ્યાજદરમાં ઘટાડાની શકયતાએ સોના-ચાંદીના ભાવમાં વધારો થયાનું ઝવેરી બજારના સુત્રોએ જણાવ્યુ હતું.(૨.૧૫)

શાળામાં શિક્ષણ કાર્ય છોડી દેનાર વિદ્યાર્થીઓ માટે પ્રથમવાર

સોમવારથી ધો.૧૦-૧૨ ઓપન સ્કુલ એકઝામ

રાજકોટ શહેરના ૪ જિલ્લામાં ૩ પરીક્ષા કેન્દ્રો- ૨૮૩૧ પરીક્ષાર્થીઓ

રાજકોટ તા.૨૭: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રથમ વખત ધો.૧૦-૧૨ની ઓપન સ્કુલ એકઝામ તા.૩૦ના સોમવારથી શરૂ થશે.ગુજરાત રાજયમાં વિદ્યાર્થીઓ અભ્યાસકાળ દરમિયાન કોઈ કારણોસર શાળામાં શિક્ષણ મેળવી ન શકયા હોય તેવા વિદ્યાર્થીઓને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને ધો.૧૦-૧૨ની પરીક્ષાની તક આપવાનો પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો છે.ધો.૧૦-૧૨ની ઓપન સ્કુલ એકઝામ રાજયના વિવિધ જીલ્લાના ૧૫૦થી વધુ કેન્દ્ર ઉપર લેવાશે. જેમાં ૨૫ હજારથી વધુ પરીક્ષાર્થીઓ ભાગ લેશે. રાજકોટમાં ૪ અને જીલ્લામાં ૩ પરીક્ષા કેન્દ્ર ઉપર ૨૮૩૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. રાજકોટની કરણસિંહજી હાઈસ્કુલ ખાતે પરીક્ષાનો સ્ટ્રોંગરૂમ રાખવામાં આવ્યો છે. પરીક્ષા ન્યાયીક રીતે યોજાય તે માટે કડક પ્રબંધો કરવામાં આવ્યા છે.(૨.૧૬)

૩૨ લાખનું ચાંદીનું બાચકુ વેપારીના સ્કુટરમાંથી પડી ગયું: ડીસીબીએ શોધી કાઢયું

પીઆઇ એ.એસ.ચાવડા, સી.એસ.જાદવ, એમ.એલ. ડામોર, પીએસઆઇ ડી.પી.ઝાલા, એ.એન.પરમાર, વી.ડી.ડોડીયા, વી.ડી.રાવલીયા, એસ.એમ.રાણા સહિતની ટીમ દ્વારા કામગીરી



રાજકોટ,તા., ૨૭:સોની બજારમાંથી એકટીવામાં ૨૦-૨૦ કિલોના ૩ બાચકા લઈ જઈ રહેલા વેપારીના સ્કુટરમાંથી રૂા. ૩૨ લાખની કિંમતના ૨૦ કિલો ચાંદીનું બાચકું પડી જતા પોલીસને જાણ કરી હતી જે મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે તપાસ કરી પકડી ગયલુ બાચકુ શોધી વેપારીને પરત કર્યુ હતું.

જાણવા મળ્યા મુજબ સોની બજારમાં ગઢની રાંગ પાસે આવેલા સાંઈબાબા રીફાઈનરીમાંથી વેપારી પ્રશાંતભાઈ મેટ કરી ગઈ તા. ૨૩ના અલગ અલગ ત્રણ પ્લાસ્ટીકના બાચકામાં જેમા એક માં ૨૦ કી. ગ્રા. શુધ્ધ ચાંદીના ઝીણાદાણા હતા તે ત્રણ બાચકા એકટીવાની આગળ પગના ભાગે રાખી જઈ રહયા હતા ત્યારે રૂા. ૩૨ લાખની કિંમતનું ચાંદી ભરેલુ બાચકુ રસ્તામાં કયાક પડી જતા બી-ડીવીઝન પોલીસને જાણ કરી હતી. જે મામલે ક્રાઈમ બ્રાંચની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે રાજેશ નામના શંકાસ્પદ શખ્સ પાસેથી બાચકુ મળી આવતા કબ્જે કરી કાર્યવાહી કરી હતી આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ, પોલીસ ઈન્સપેકટર એ.એસ.ચાવડા તથા એમ.એલ.ડામોર, તથા સી.એચ.જાદવ પો. સબ.ઈન્સ. ડી.પી. ઝાલા એ.એન. પરમાર, વી.ડી.ડોડીયા, વી.ડી.રાવલીયા, એસ.એમ. રાણા એ.એસ.આઈ. યશવંતભાઈ ભગત, વિજયરાજસિંહ જાડેજા, વિરભદ્રસિંહ જાડેજા, મહેશભાઈ સોલંકી દિગ્પાલસિંહ જાડેજા, અમીતકુમાર અગ્રાવત, ભાવેશકુમાર પરમાર, સમીરભાઈ શેખ, સંજયભાઈ સહિતની ટીમે કરી હતી. (૪.૧૧)

MRP વગરની ખરીદી કરતી ભારતીય મહિલા દિયા મહેતાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

ફ્રાન્સમાં કરિયાણાનું બિલ જોઈને ચોંકી જશો: ૩.૨૭૩ની ડુંગળી અને ૩.૨૯૨ના ચોખા: માત્ર ૬ વસ્તુઓનું બિલ ૩.૧,૪૨૧!

પેકેજ્ડ અને છૂટક ભાવના તફાવત વચ્ચે બ્રાન્ડેડ કોલા ત્રણ ગણો મોંઘો પડયો



પેરિસ, તા.૨૭: ભારતમાં જ્યાં શાકભાજીના ભાવમાં ૩.૧૦-૨૦નો વધારો થાય તો રસોડાનું બજેટ ખોરવાઈ જાય છે અને ડુંગળી-ટામેટાંના ભાવ મુદ્દે મોટો હોબાળો મચી જાય છે, ત્યાં ફ્રાન્સમાં રહેતી ભારતીય મહિલા દિયા મહેતાના કરિયાણાના બિલે સોશિયલ મીડિયા પર સૌના હોશ ઉડાડી દીધા છે. દિયાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ @diyamehtha પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે ભારતની નિશ્ચિત MRP સિસ્ટમથી વિપરીત ફ્રાન્સની બજાર વ્યવસ્થા બતાવીને કેપ્શન આપ્યું છે કે એવી દુનિયામાં જીવી રહી છું જ્યાં પ્પ્ન અસ્તિત્વમાં નથી. ફ્રાન્સના ઓચન સુપરમાર્કેટમાં માત્ર છ સામાન્ય વસ્તુઓ ખરીદ્યા બાદ દિયાનું બિલ ૧૪ યુરો એટલે કે આશરે ૩.૧,૪૨૧ આવ્યું, જે ભારતમાં આખા અઠવાડિયાના કરિયાણા કે શાકભાજીના બજેટ જેટલું થાય છે.

દિયાએ ખરીદેલી વસ્તુઓના ભાવ જોઈને ભારતીય યુઝર્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે. વીડિયો મુજબ, તેણે પસંદ કરેલી પેકેજ્ડ લાલ ડુંગળી ૩.૨૭૩ પ્રતિ કિલો હતી, જ્યારે છૂટક લાલ ડુંગળીનો ભાવ ૩.૩૦૪ પ્રતિ કિલો હતો—એટલે કે ત્યાં છૂટક કરતાં પેકેજ્ડ ડુંગળી સસ્તી હતી. આ ઉપરાંત તેણે આશરે ૩.૧૦૦ના બટાકા, ૩.૨૦૨ પ્રતિ કિલોના ભાવે ટામેટાં, ૫૦૦ ગ્રામ લસણ આશરે ૩.૨૦૩માં અને ૧ કિલો બાસમતી ચોખાનું પેકેટ ૨.૮૮ યુરો એટલે કે લગભગ ૩.૨૯૨માં ખરીદ્યું હતું. સૌથી રસપ્રદ તફાવત કોલામાં જોવા મળ્યા, જ્યાં સ્ટોર બ્રાન્ડનો કોલા માત્ર ૫૪ સેન્ટ (આશરે ૩.૫૪)માં મળતો હતો, જ્યારે મૂળ કોકા-કોલા ૧.૫૦ યુરો એટલે કે લગભગ ૩.૧૫૨માં મળતું હતું, જે લગભગ ત્રણ ગણું મોંઘું હોવા છતાં દિયાએ તે પસંદ કર્યું હતું.

આ વાયરલ વીડિયો પર સોશિયલ મીડિયામાં મિશ્ર પરંતુ રસપ્રદ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. ઘણા લોકોએ આ ભાવ જોઈને રાહત વ્યક્ત કરતાં લખ્યું કે સારું છે કે આપણે ભારતમાં રહીએ છીએ જ્યાં શાકભાજી અને અનાજ આટલા મોંઘા નથી. બીજી તરફ, સમજદાર યુઝર્સે આ આંકડાઓને માત્ર રૂપિયામાં ફેરવીને ન જોવા પર ભાર મૂક્યો અને જણાવ્યું કે ફ્રાન્સમાં જીવનધોરણ અને માસિક આવક પણ ભારત કરતાં અનેક ગણી વધારે હોય છે. છતાં, ભારતીય ચલણમાં આ આંકડા વાંચીને વિદેશમાં રહેતા લોકોની રોજિંદી ખરીદીની વાસ્તવિકતા સ્પષ્ટપણે સામે આવે છે.(૨૨.૨૪)

બાંગ્લાદેશ સંસદના સ્પીકર હાફિઝ ઉદ્દીન અહેમદની પ્રત્યાર્પણ મુદ્દે ભારતને આંતરરાષ્ટ્રીય અદાલતમાં ખેંચવાની ચેતવણી

બાંગ્લાદેશમાં શેખ હસીનાની વાપસીની અટકળોથી ગોપાલગંજ છાવણીમાં ફેરવાયું: ૩.૫૦૦ કરોડનું ભંડોળ રોકાયું



ઢાકા, તા.૨૭: બાંગ્લાદેશમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના સંભવિત પુનરાગમનના અહેવાલોએ તારિક રહેમાનની આગેવાની હેઠળની BNP સરકારની ઊંઘ હરામ કરી દીધી છે. અહેવાલો અનુસાર, ઓગસ્ટ ૨૦૨૪માં સત્તા ગુમાવ્યા બાદ ભારતમાં આશ્રય લઈ રહેલા શેખ હસીનાએ આગામી ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જેના કારણે તેમના પક્ષ આવામી લીગના સમર્થકો ફરી સક્રિય બન્યા છે. આ સ્થિતિને પગલે હસીનાના પૈતૃક ગઢ ગણાતા ગોપાલગંજ જિલ્લામાં ભારે તણાવ સર્જાયો છે. સ્થાનિક અહેવાલો મુજબ, ૧૫ નવેમ્બરે આવામી લીગની રેલી હિંસક બન્યા બાદ તુંગીપારા અને મુકસુદપુર પોલીસ સ્ટેશનોને આગ ચાંપી દેવાઈ હતી, જ્યારે ૨૩ નવેમ્બરના પ્રદર્શનમાં ગોળીબાર સહિતની ઘટનાઓમાં ૨૦ લોકો ઘાયલ થયા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવાના પડકાર વચ્ચે વહીવટીતંત્રે ગોપાલગંજને લશ્કરી છાવણીમાં ફેરવી દીધું છે, ૧૫ નવેમ્બરથી જિલ્લાને જોડતી ૫ ટ્રેન સેવાઓ સ્થગિત કરી છે અને આર્થિક નાકાબંધી સ્વરૂપે વિકાસ પ્રોજેક્ટ્સના આશરે ૩.૫૦૦ કરોડના ભંડોળ તેમજ સ્થાનિક સંસ્થાઓની સહાયનો હમો અટકાવી દીધો છે.

બીજી તરફ, આ આંતરિક રાજકીય સંકટે હવે આંતરરાષ્ટ્રીય અને રાજદ્વારી સ્વરૂપ ધારણ કર્યું છે. પાકિસ્તાનના છ દિવસના સત્તાવાર પ્રવાસે ગયેલા બાંગ્લાદેશ સંસદના અધ્યક્ષ હાફિઝ ઉદ્દીન અહેમદે પાકિસ્તાનની ધરતી પરથી નિવેદન આપ્યું છે કે જો ભારત શેખ હસીનાનું પ્રત્યાર્પણ નહીં કરે, તો ઢાકા આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતનો દરવાજો ખટખટાવશે. જોકે, કાનૂની નિષ્ણાતોના મતે બાંગ્લાદેશ માટે ICJમાં આ કેસ લઈ જવો સરળ નથી, કારણ કે ભારત-બાંગ્લાદેશ પ્રત્યાર્પણ સંધિની કલમ ૨૧માં પ્રત્યાર્પણ વિવાદને સીધો ICJમાં પડકારવાની કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. ભારતની સંમતિ વિના માત્ર માન્ય આંતરરાષ્ટ્રીય સંધિના આધારે જ કેસ આગળ વધી શકે તેમ હોવાથી ઢાકાએ નવો કાનૂની આધાર શોધવો પડશે.

આ સમગ્ર ઘટનાક્રમ દર્શાવે છે કે બાંગ્લાદેશ હાલમાં ત્રણ મોરચે ગંભીર રાજકીય કટોકટીનો સામનો કરી રહ્યું છે—એક તરફ હસીનાની વાપસીનો ડર, બીજી તરફ આવામી લીગ અને BNP વચ્ચેનો લોહિયાળ સંઘર્ષ અને ત્રીજી તરફ ભારત સાથે વણસતા રાજદ્વારી સંબંધો. તેમાંય બાંગ્લાદેશના સંસદીય સ્પીકરે પાકિસ્તાનમાં જઈને ભારત વિરુદ્ધ આપેલા નિવેદને આ મુદ્દાને પ્રાદેશિક ભૂ-રાજકારણ સાથે જોડી દીધો છે. આવનારા દિવસોમાં ૧૬ ડિસેમ્બરની તારીખ નજીક આવતા બાંગ્લાદેશનું આંતરિક રાજકારણ કઈ કરવટ લે છે અને તેની ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશ ત્રિકોણીય સંબંધો પર શી અસર પડે છે, તેના પર સમગ્ર વિશ્વની નજર રહેશે.

૩૦ નવેમ્બરથી શરૂ થનારા સંસદના વિશેષ સત્ર પૂર્વે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે બે-તૃતીયાંશ બહુમતીનો રોમાંચક જંગ જામ્યો

સીમાંકન બિલ પર દક્ષિણના બે પક્ષોનું NDAને શરતી સમર્થન: એનસીપીએ જાહેર કર્યું વ્હીપ

વિપક્ષી એકતામાં તિરાડ પાડી: આજે દિલ્હીમાં ત્રણ હાઈ-વોલ્ટેજ બેઠકો પર સૌની નજર: રાહુલ ગાંધીને ઝટકો



નવી દિલ્હી, તા.૨૭: કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૩૦ નવેમ્બરથી લોકસભા અને ૨ ડિસેમ્બરથી રાજ્યસભાનું ચાર દિવસીય વિશેષ સત્ર બોલાવવાની જાહેરાત થતાં જ દેશના રાજકીય ગલિયારાઓમાં ભારે ગરમાવો આવી ગયો છે. ૩ ડિસેમ્બર સુધી ચાલનારા આ સત્રમાં લોકસભાની બેઠકો વધારીને ૮૫૦ કરવાના પ્રસ્તાવિત સીમાંકન અને તેની સાથે જોડાયેલા ૩૩ ટકા મહિલા અનામત બંધારણીય સુધારા બિલને ફરી રજૂ કરવાની તૈયારીઓ વચ્ચે NDAની સંખ્યાબળની ખરી અગ્નિપરીક્ષા શરૂ થઈ છે. અગાઉ એપ્રિલ મહિનામાં બે-તૃતીયાંશ બહુમતીના અભાવે આ બિલ અટવાઈ ગયું હોવાથી, આ વખતે ૫૪૦ સભ્યોની વર્તમાન લોકસભામાં જરૂરી ૩૬૦ મતોનો જાદુઈ આંકડો પાર કરવા માટે ૩૨૦ સાંસદો ધરાવતું શાસક ગઠબંધન નવા રાજકીય સમીકરણો સાધવામાં વ્યસ્ત બન્યું છે.

સંસદમાં બહુમતીનું ગણિત પાર પાડવા માટે સરકારની નજર હવે દક્ષિણ ભારતના પ્રાદેશિક પક્ષો પર ટકેલી છે, જ્યાં રાજકીય સમીકરણો ઝડપથી બદલાતા જોવા મળી રહ્યા છે. આંધ્રપ્રદેશની YSR કોંગ્રેસે (૪ સાંસદો) પ્રાદેશિક સંતુલન જળવાય તેવી અપેક્ષા સાથે પ્રસ્તાવિત બિલને સમર્થન આપવાના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. બીજી તરફ, અગાઉ આ બિલનો આકરો વિરોધ કરનાર તમિલનાડુના શાસક પક્ષ DMK (૨૨ સાંસદો) એ શરતી સમર્થનનો દાવ ખેલ્યો છે. મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને સ્પષ્ટ શબ્દોમાં માંગણી કરી છે કે બિલમાં લેખિત ખાતરી આપવામાં આવે કે બેઠકો વધવા છતાં લોકસભામાં તમિલનાડુની ૭.૧૮ ટકા હિસ્સેદારી અકબંધ રહેશે અને ૧૯૭૧ની વસ્તી ગણતરી આધારિત વર્તમાન પ્રમાણ આગામી ૨૫ વર્ષ સુધી યથાવત રાખવામાં આવશે.

બીજી તરફ, વિપક્ષી છાવણીમાં એક તરફ સરકાર સામે આક્રમક રણનીતિ ઘડાઈ રહી છે, તો બીજી તરફ આંતરિક મતભેદો પણ ખુલીને સપાટી પર આવી ગયા છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સરકારના આ પગલાને બંધારણ પરનો હુમલો ગણાવીને સીમાંકનની શરત વગર હાલની બેઠકો પર જ તાત્કાલિક મહિલા અનામત લાગુ કરવાની માંગ દોહરાવી છે. જોકે, શરદ પવારની પાર્ટી NCP (SP) એ પોતાના ૮ સાંસદો માટે વ્હિપ જારી કરવા છતાં સાંસદ સુપ્રિયા સુળેએ બિલનો મુસદ્દો જોયા બાદ દેશહિતમાં હોય તો સમર્થન પર વિચાર કરવાનું નરમ વલણ અપનાવીને વિપક્ષી છાવણીમાં ખળભળાટ મચાવી દીધો છે. આ તમામ રાજકીય ઘટનાક્રમ વચ્ચે આજે બપોરે ૧ વાગ્યે કેન્દ્રીય કેબિનેટની બેઠક, બપોરે ૨ વાગ્યે કોંગ્રેસના પ્રવક્તાઓની બેઠક અને સાંજે ૪.૩૦ વાગ્યે વિપક્ષી દળોની મહત્ત્વપૂર્ણ વ્યૂહરચના બેઠક પર સમગ્ર દેશની મીટ મંડાયેલી છે. (૨૨.૨૧)

સોમવારે વિરાણી સ્કુલમાં ૧૫૦૦ છાત્રોની વિશાળ રેડ રિબન બનાવાશે: શહેર/જીલ્લાની તમામ શાળામાં સવારે છાત્રો રેડ રિબન નિર્માણ કરશે

રાજકોટ : શહેરમાં છેલ્લા ૪૦ વર્ષથી જનજાગૃતિનું કાર્ય કરતી એઈડ્સ પ્રિવેન્સન કલબ દ્વારા વિવિધ જન જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યા છે. આ વર્ષનું લડત સુત્ર ''સુલભ સારવાર, એઈડસનો અંત'' છે. જે સંદર્ભે પણ સમાજમાં જાગૃતિ ફેલાવાશે ઉજવણીના ભાગ રૂપે સંસ્થા દ્વારા જન જાગૃતિના ભાગ રૂપે આગામી ચાર માસ માર્ચ ૨૦૨૭ સુધી શાળા કોલેજ અને વિવિધ સંસ્થાઓમાં કાર્યક્રમના આયોજન કરેલ છે.

ઉજવણી કાર્યક્રમ અંગે સંસ્થાના ચેરમેન અરૂણ દવે જણાવેલ છે કે તા. ૩૦ સોમવારે સવારે ૯:૩૦ વાગે વિરાણી સ્કુલ ખાતે ૧૫૦૦ વિદ્યાર્થીઓની વિશાળ રેડ રિબન બનાવાશે. આજ દિવસે વિરાણી કોલેજના છાત્રો માટે બપોરે ત્રણ વાગે જાગૃતિ સેમિનાર આયોજન કરેલ છે. તા. ૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસે મંગળવારે સવારે ૯:૩૦ કલાકે લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સ સામેના ગ્રાઉન્ડમાં માનવ સાંકળ રચવામાં આવશે. જેમા IMA રાજકોટ હોમિયોપેથિ કોલેજ, સ્કાઉટ કેડેટ, આરડીએનપી યુનિવર્સિટીના છાત્રો, ડોકટરો અને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ જોડાશે. આજ દિવસે શહેર જીલ્લાની એક હજારથી વધુ શાળાઓમાં ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ રેડ રિબન બનાવશે. જેમા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સહયોગ મળેલ છે. આજ દિવસે સાંજે પાંચ વાગે રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના પટાંગણમાં ૫૦૦ લાલ કુગ્ગાની મોટી રેડ રિબન મેયરના વરદ હસ્તે હવામા તરતી મુકાશે.

તા. ૨ ડિસેમ્બર બુધવારે સવારે ૯:૩૦ કલાકે જી.ટી. શેઠ સ્કુલ, કે.કે.વી. ચોક ખાતે રેલી અને રેડ રિબન બનાવાશે. આજ દિવસે બપોરે પંચશીલ સ્કૂલ ખાતે બપોરે ૪ વાગે ૧૦૦૦ કેંડલની ઝગમગતી રેડ રિબન નિર્માણ કરાશે. તા. ૩ ગુરુવારે બપોરે ત્રણ વાગે જીલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે ભાવિ શિક્ષકો માટે સેમિનાર યોજવામાં આવેલ છે.

સમગ્ર આયોજનમાં સંસ્થાના એઈડ્સ મોબાઈલ હેલ્પલાઈન નંબર ૯૮૨૫૦ ૭૮૦૦૦ ઉપર કાર્યક્રમ યોજવા અને તેમા જોડાવા માટે સંપર્ક કરવો. આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, મહાનગર પાલીકા આરોગ્ય શાખા, જીલ્લા શિક્ષણાધિકારી કચેરી, શાસનાધિકારી કચેરી તથા સ્વનિર્ભર શાળા એસોસિએશન સહિતની સંસ્થાઓનો વિશેષ સહયોગ મળી રહ્યો છે. વિશેષ માહિતી માટે સંસ્થાના ચેરમેન અરૂણ દવેનો સંપર્ક કરવા જણાવાયું છે. સમગ્ર આયોજક કમિટીમાં સેકેટરી વિશાલ કમાણીની આગેવાનીમાં કમિટી મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યાનું જણાવાયું છે.

૧લી ડિસેમ્બર વિશ્વ એઇડ્સ દિવસ : એઇડ્સ પ્રિવેન્સન કલબ દ્વારા રેડ રિબન, માનવ સાંકળ, સેમિનાર, સહિતના વિવિધ કાર્યક્રમનું આયોજન

ભારતનો પ્રહાર...ન્યુઝીલેન્ડનો પલટવાર...૨૪૬/૫

લાથમની ફિફ્ટી, બ્લન્ડેલ-ફિલીપ્સની અણનમ ૬૨ રનની ભાગીદારી: ગુરનૂર બ્રારની ટેસ્ટમાં એન્ટ્રી: અક્ષદીપ ૨, કમ્બોજ-બ્રાર અને સુંદરને ૧-૧ વિકેટ



નવી દિલ્હી:ન્યૂઝીલેન્ડ સામે બીજી ટેસ્ટમાં ભારતીય ટીમે નવા ચહેરા ગુરનૂર બ્રારને ટેસ્ટ ડેબ્યૂની તક આપી હતી અને આ પંજાબના ફાસ્ટ બોલરે પ્રથમ ટેસ્ટમાં જ વિકેટ મેળવી પોતાની પસંદગીને સાર્થક કરી હતી. ગુરનૂરે ડેવોન કોનવેને ૩૧ રને એલબીડબલ્યુ આઉટ કરી ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. જોકે ન્યૂઝીલેન્ડના બેટરો સામે ભારતીય બોલરોને વિકેટ માટે લાંબી લડત આપવી પડી હતી.

ન્યૂઝીલેન્ડે પ્રથમ દાવમાં ૮૫ ઓવરના અંતે ૫ વિકેટ ગુમાવી ૨૪૬ રન બનાવ્યા હતા. કેપ્ટન ટોમ લાથમે ૧૨૮ બોલમાં ૫૯ રન ફટકારી ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. કોનવે ૩૧ રન બનાવી ગુરનૂરનો શિકાર બન્યો હતો. હેનરી નિકોલ્સ ૧૬ રને અને રચિન રવિન્દ્ર શૂન્ય રને આઉટ થતાં ભારતીય ટીમે વળતો પ્રહાર કર્યો હતો.

ત્યારબાદ ડેરીલ મિચેલે ૩૧ રન બનાવ્યા હતા. વિકેટકીપર ટોમ બ્લન્ડેલે ૧૧૭ બોલમાં અણનમ ૫૩ રન બનાવી કિવી ટીમને સંકટમાંથી બહાર કાઢી હતી, જયારે ગ્લેન ફિલિપ્સે ૬૪ બોલમાં ૩૬ રન સાથે મક્કમ સાથ આપ્યો હતો. બંને વચ્ચેની ભાગીદારીના કારણે ન્યૂઝીલેન્ડે દિવસના અંતે સ્કોર ૨૪૬/૫ સુધી પહોંચાડ્યો હતો.

ભારત તરફથી આકાશ દીપે બે વિકેટ ઝડપી હતી, જયારે ગુરનૂર બ્રાર, અંશુલ કંબોજ અને વોશિંગ્ટન સુંદરે એક-એક વિકેટ મેળવી હતી. હવે બીજા દિવસે ભારતીય બોલરો ન્યૂઝીલેન્ડની બાકીની વિકેટ ઝડપથી મેળવી દાવને સમેટવાનો પ્રયાસ કરશે. (૩૫-૨૩)



જેનું જીવન સરળ હોય તેના શબ્દોમાં 'જી' હોયઃ રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મ.સા.

પૂ.પરમ ગુરૂદેવના પાવન સાંનિધ્યમાં દીક્ષા મહોત્સવનો ત્રીજો દિવસ







રાજકોટ: દીક્ષા મહોત્સવના પાંચ દિવસીય આધ્યાત્મિક મહોત્સવમાં ત્રીજા દિવસે આજે શુક્રવાર, તા. ૨૭ નવેમ્બરના રોજ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં અનેક ભાવસ્પર્શી અને ચિંતનપ્રેરક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે પરમ ગુરુદેવે જણાવ્યું હતું કે, દીક્ષા મહોત્સવ હવે માત્ર ઘાટકોપર કે મુંબઈ પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ દેશ-વિદેશમાંથી ભાવિકો આ દિવ્ય અવસરમાં સહભાગી થવા આવી રહ્યા છે. જીવનની સરળતા અને નમ્રતાનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું હતું કે, જેનું જીવન સરળ હોય તેના શબ્દોમાં 'જી' હોય છે, જ્યારે અહંકાર અને અવગુણ ધરાવનારના શબ્દોમાં પ્રશ્નો હોય છે. જેની પાસે 'જી' છે તે જ જીવનમાં 'જીતે' છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, આ મહોત્સવના કાર્યક્રમો, નાટિકાઓ અને સંગીતમય પ્રસ્તુતિઓ માત્ર મનોરંજન માટે નહીં, પરંતુ મનના મનોમંથન અને આત્મજાગૃતિ માટે છે.

આ દિવસનું વિશેષ આકર્ષણ 'વૈભવથી વૈરાગ્ય' નામની હૃદયસ્પર્શી નાટ્ય પ્રસ્તુતિ રહી હતી. ધન્ના અને શાલિભદ્રની કથા દ્વારા સંસારના અપાર વૈભવ કરતાં આત્મકલ્યાણનું મહત્ત્વ કેટલું મોટું છે તેનો ભાવપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો.

આ કથા સાથે સુપાત્ર દાનનો મહિમા પણ સમજાવવામાં આવ્યો હતો. એક સદ્ભાવથી કરેલું સુપાત્ર દાન ભવોભવના કલ્યાણનું કારણ બની શકે છે, તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. નાટ્ય પ્રસ્તુતિ દરમ્યાન ગવાયેલા ગીતોને પરમ ગુરુદેવે તેમના સુમધુર સ્વરમાં ગાઈને તેમાં રહેલા બોધ ઉજાગર કર્યા હતા.

પરમ ગુરુદેવે ઈલાચીકુમારની કથાનો ઉલ્લેખ કરતાં સમજાવ્યું હતું કે જીવનમાં ક્યારે, કઈ ક્ષણે અને કયા નિમિત્તે વૈરાગ્યની ભાવના જાગી જાય તે કહી શકાતું નથી. એક શ્વેત વસ્ત્રધારી સાધુનાં દર્શને ઈલાચીકુમારના જીવનની દિશા બદલી નાખી હતી.

સાધુ-સાધ્વી ભગવંતો પ્રત્યેની શ્રદ્ધા અને સન્માનનો સંદેશ આપતાં ગુરુદેવે જણાવ્યું હતું કે, પ્રભુના વેશમાં આવેલા સાધુ-સાધ્વી ભગવંતો તમારા આંગણે પધારે ત્યારે તેમનો પંથ કે સંપ્રદાય પૂછવાને બદલે તેમને ભાવપૂર્વક આવકારવા જોઈએ. જે અર્પણ કરી શકે છે તે જ અરિહંત બની શકે છે 'જેવા તેમના અમૂલ્ય વચનોએ શ્રોતાઓના હૃદયને સ્પર્શી લીધાં હતાં.

આ અવસરે ચારેય મુમુક્ષુઓ અને પરમ ગુરુદેવ તથા મહાસતીજીઓ વચ્ચે એક વિશેષ સંવાદ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારેય મુમુક્ષુઓએ સંયમમય જીવનનાં પાંચ મહાવ્રતો, વૈરાગ્ય અને દીક્ષા બાદના જીવનને લગતા વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. પરમ ગુરુદેવે અત્યંત સહજતા અને વાત્સલ્યભાવથી તેમના -પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા.

ત્રીજા દિવસના સાંજના સત્રમાં જાણીતા ગાયકો દ્વારા 'ઓન્લી યૂ પ્રભુ ભક્તિગીતોના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. સંગીત, સ્વર અને પ્રભુભક્તિના ત્રિવેણી સંગમ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવશે.

કમલમ કાર્યાલય ખાતે સેવા દૂત અભિયાન અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોનના અલ્પકાલીન વિસ્તારક અને નિવાસી સમન્વયકોની મળી ગયેલ બેઠક

રાજકોટ: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદેશથી કેન્દ્રીય ભાજપ દ્વારા સમગ્ર દેશમાં ''સેવા દૂત અભિયાન'' નું આયોજન ૧ ડીસેમ્બર થી ૨૫ ડીસેમ્બર ૨૦૨૬ દરમ્યાન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજી અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની સુચના અનુસાર સૌરાષ્ટ્ર ઝોન કાર્યશાળાનું આયોજન રાજકોટ મહાનગર કમલમ કાર્યાલય ખાતે સૌરાષ્ટ્ર ઝોનના અલ્પકાલીન વિસ્તારક અને નિવાસી સમન્વયકોની બેઠક દિલ્હીથી ખાસ ઉપસ્થિત રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી અમરપાલ મૌર્યજી તેમજ પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, સહસંગઠન મહામંત્રીશ્રી અરૂણ બિન્નાડીજી તેમજ પ્રદેશના સેવા દૂત અભિયાનના સંયોજક જયસિંહ ચૌહાણ, સહસંયોજક હરેન્દ્રસિંહ ગોહિલની ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. આ તકે સેવા દૂત અભિયાનના સૌરાષ્ટ્ર ઝોન કલ્સ્ટર સહ-ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવેલ જેમાં રાજકોટ શહેર અને અમરેલીમાં પ્રદેશ બક્ષીપંચ મોરચા મંત્રીશ્રી ગૌતમગીરી ગોસ્વામી, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ જીલ્લામાં પૂર્વ જિલ્લા પ્રમુખ યુવા મોરચાના સતીશભાઈ શીંગાળા, જામનગર શહેર, જામનગર જીલ્લા, દેવભૂમિ દ્વારકા, પોરબંદરમાં પૂર્વ યુવા મોરચા શહેર પ્રમુખ દિલીપસિંહ જાડેજા, ભાવનગર શહેર અને જિલ્લા તેમજ બોટાદમાં પૂર્વ પ્રદેશ અનુ.જાતિ મોરચા મંત્રીશ્રી શ્રી અનિલભાઈ ગોહેલ, જુનાગઢ શહેર, જુનાગઢ જિલ્લા, ગીરસોમનાથમાં શ્રી શહેર ઉપપ્રમુખ ઓમભાઈ રાવલની નિમણુંક કરી અને તેઓને અભિનંદન પાઠવેલ હતા. આ બેઠકમાં પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, સહસંગઠન મહામંત્રીશ્રી અરૂણ બિન્નાડીજીએ પોતાના સંયુકત વકતવ્યમાં ઉપસ્થિત હોદેદારો તેમજ સૌરાષ્ટ્ર ઝોનમાં સમાવિષ્ટ જીલ્લા અને મહાનગરના પ્રભારી, પ્રમુખ અને સેવા દૂત અભિયાનના અલ્પકાલિન વિસ્તારક અને નિવાસી સમન્વયકોશ્રીને નવા વર્ષની શુભેચ્છા પાઠવેલ હતી અને જણાવ્યું હતું કે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

સૌરાષ્ટ્ર ઝોન બેઠકનું સંપૂર્ણ સંચાલન સેવા દૂત અભિયાનના સહસંયોજક હરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવેલ, આ બેઠકની આભારવિધી રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કરવામાં આવેલ અને બેઠકને સફળ બનાવવા રાજકોટ શહેર મહામંત્રીશ્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ કાર્યાલયમંત્રી હિતેષ ઢોલરીયા, સહકાર્યાલયમંત્રી શૈલેષ દવે તેમજ કાર્યાલય સ્ટાફના ચેતન રાવલ, નલહરિ પંડિત, ભાવીન ધોળકીયા અને અજય જહેમત ઉઠાવી હતી.(૨.૨૦)

નિવૃતિ બાદ આર્થિક આત્મનિર્ભરતા માટે ખેડૂતો, મહિલાઓ અને ગ્રામિણોને પણ પેન્શનનો લાભ મળી શકે: ખંડેલવાલ

રાજકોટ ખાતે NPS સંચય આઉટરીચ કાર્યક્રમ: સેમીનારમાં સ્થળ પર નોંધણી



રાજકોટ, તા. ૨૭: વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતા જાળવવા માટે નિવૃત્તિ આયોજન અત્યંત મહત્વપૂર્ણ છે. આ દિશામાં રાષ્ટ્રીય પેન્શન ણાલી (એનપીએસ) ખેડૂતો, મહિલાઓ, ગ્રામ્ય ઉદ્યોગકારો, નાના વ્યવસાયકારો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો સહિત સમાજના વિવિધ વર્ગો માટે નિવૃત્તિ બાદ નિયમિત આવકનું આયોજન કરવાની તક પૂરી પાડે છે. આ યોજનાની વ્યાપક જાગૃતિ કેળવવાના હેતુથી પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (પી.એફ.આર.ડી.એ.) તથા લીડ બેંક-સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, રાજકોટ દ્વારા રાજકોટની હોટલ સયાજી ખાતે 'એનપીએસ સંચય આઉટરીચ' કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના મુખ્ય વકતા પી.એફ.આર.ડી.એ.ના આસિસ્ટન્ટ મેનેજર શ્રી શુભમ ખંડેલવાલે રાષ્ટ્રીય પેન્શન ણાલીનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, પેન્શનની સુરક્ષા માત્ર સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ પૂરતી સીમિત નથી. ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO), મહિલાઓ, ગ્રામ્ય ઉદ્યોગકારો, નાના વ્યવસાયકારો અને શ્રમિકો પણ યોગ્ય આયોજન અને બચત દ્વારા નિવૃત્તિ બાદ આર્થિક સુરક્ષા મેળવી શકે છે. તેમણે પ્રેઝન્ટેશનના માધ્યમથી નિવૃત્તિ આયોજન, લાંબા ગાળાની બચત અને સુરક્ષિત ભવિષ્યના નિર્માણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે એસબીઆઈના એજીએમ શ્રી રાજેશકુમાર ગર્ગે આજની બચત આવતીકાલની આર્થિક સુરક્ષાનો આધાર બને છે તેમ જણાવી યોજનાની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. બેંક ઓફ બરોડાના ડીજીએમ શ્રી વિશાલકુમારે વૃદ્ધાવસ્થામાં અન્ય પર નિર્ભર રહેવાને બદલે સ્વાવલંબી જીવન જીવવા માટે પેન્શન યોજનાઓની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

રાજકોટ જિલ્લા ડિસ્ટ્રિક્ટ બેંકના શ્રી વી.એમ. સખીયાએ યોજનાના લાભોને આવકારતાં બેંકના માધ્યમથી વધુમાં વધુ ખેડૂતો સુધી યોજનાની જાણકારી પહોંચાડવા જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવાની ખાતરી આપી હતી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના શ્રી હેમલભાઈએ ૬૦ વર્ષની ઉંમર બાદ જીવનનિર્વાહ માટે આ યોજના ઉપયોગી બની શકે તેમ જણાવી તેને આવકારી હતી. નાબાર્ડના એજીએમ શ્રી ધર્મેન્દ્ર ચૌહાણે સ્વસહાય જૂથો (SHG) સાથે જોડાયેલી મહિલાઓ અને સહકારી મંડળીઓની ભૂમિકા તેમજ ગ્રામ્ય અને કૃષિ કલ્યાણલક્ષી યોજનાઓની ઉપયોગિતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ટ્રેનર શ્રી ઋત્વિક ભાવસાર દ્વારા એનપીએસ સંચય યોજના અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે યોજનામાં નોંધણી, રોકાણની પ્રક્રિયા, ભંડોળના રોકાણના વિવિધ વિકલ્પો અને તેના સંભવિત લાભો અંગે સમજણ આપી ઉપસ્થિતોના પ્રશ્નો અને મૂંઝવણોનું નિરાકરણ કર્યું હતું.

કાર્યક્રમમાં લાભાર્થીઓની સુવિધા માટે સ્થળ પર જ નોંધણી (ઓન-ધ-સ્પોટ રજિસ્ટ્રેશન)ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પેન્શન યોજનાની પહોંચ વધુ વ્યાપક બનાવવા બિઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ (BCs) અને કોમન સર્વિસ સેન્ટર્સ (CSCs)ના વિલેજ લેવલ એન્ટ્રપ્રિન્યોર્સ માટે વિશેષ તાલીમ સત્રનું પણ આયોજન કરાયું હતું.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ લીડ બેંકના મેનેજર શ્રી પવનકુમારે સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે શ્રી સંજય મહેતાએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.(૬.૧૨)

ઇતિહાસકાર ડો. અમિત રાય જૈનની આંતરરાષ્ટ્રીય એડવાઇઝરી કાઉન્સિલના સભ્ય તરીકે નિયુક્તિ



રાજકોટ: જાણીતા ઇતિહાસકાર, પુરાતત્વવિદ્ ડો. અમિત રાય જૈનની અમેરિકા સ્થિત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંસ્થા 'સેન્ટર ફોર ગ્લોબલ નોનકિલિંગ'ની આંતરરાષ્ટ્રીય એડવાઇઝરી કાઉન્સિલના સભ્ય તરીકે સંસ્થાના અધ્યક્ષ પ્રો. (ડૉ.) અનૂપ સ્વરૂપ દ્વારા નિમણૂક જાહેર કરવામાં આવી છે. ડો. જૈનની આ નિયુક્તિને ભારતીય દર્શન અને અહિંસાની પ્રાચીન સાંસ્કૃતિક વિરાસતને આંતરરાષ્ટ્રીય મંચ પર પ્રતિષ્ઠિત કરવાની દિશામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે.

ઇતિહાસ અને પુરાતત્વ ક્ષેત્રે ઊંડું સંશોધન ધરાવતા તથા શ્રી ઓલ ઈન્ડિયા શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના રાષ્ટ્રીય મહામંત્રી તરીકે સક્રિય સેવા આપી રહેલા ડો. જૈનની આ નિમણૂકથી જૈન સમાજ સહિત દેશભરના શૈક્ષણિક, સામાજિક અને બૌદ્ધિક વર્ગમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે. તેમની આ નિયુક્તિ થકી ભારતીય સંસ્કૃતિના મૂળભૂત 'અહિંસા પરમો ધર્મ:'ના સંદેશને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈ અને બળ મળશે તે નિશ્ચિત છે. (૩૬.૧૫)



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સંવિધાન દિવસની ઉજવણી : યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ સાથે નશા મુક્તિના શપથ ગ્રહણ

રાજકોટ : પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા દેશભરમાં સંવિધાન દિવસ અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમોને અનુલક્ષી અને સૂચના અનુસાર તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના માર્ગદર્શન હેઠળ મેરા યુવા ભારત, રાજકોટ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સંવિધાન દિવસ અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ લો કોલેજના પ્રિન્સિપાલ શ્રી આનંદ ચૌહાણના વડપણ હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય વકતા જાણીતા ભજનિક હેમંત ચૌહાણ તેમજ સમાજકાર્ય ભવનના રાજુભાઈ દવે, માય ભારત ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી સચિનભાઈ, મુખ્ય અતિથિ તરીકે ભારતીય જનતા પાર્ટીના પ્રેસ મીડિયા અગ્રણી અરુણ નિર્મળ, આદીવાસી ભીલ ભાવનાબેન લીડિયા, રાજકોટ જિલ્લા માય યુવા ભારત અધિકારી સ્વરૂપ દેશભ્રતાર, માય ભારતના કો ઓર્ડીનેટર રાજુભાઈ રાઠોડ, હેમાલી વ્યાસ રમત ગમતના આયકોન પર્સન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં નિર્ણાયક જજ તરીકે ડો. રાજુભાઈ દવે, ડો. નિલેશ શાહ, ડો. પ્રીતિબેન દવે, ચિરાગ ચૌહાણ, આનંદ ચૌહાણે સેવા આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેમંતભાઈ ચૌહાણે સંવિધાનના મૂલ્યો અને નશામુકિતના મહત્ત્વ પર પ્રકાશ પાડયો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લો ડિપાર્ટમેન્ટના રાજુભાઈ દવેએ સંવિધાન પર વકતવ્ય આપેલ. 'યુવા સંવાદ વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત પીપીટી દ્વારા પ્રેઝન્ટેશન સ્નેહલબેન જાનીએ આપ્યુ હતુ. જયારે આદિવાસી ભીલ ભાવનાબેન લિડિયાએ આ તકે જણાવ્યું કે, ૨૦૪૭ સુધીમાં દેશમાંથી ડ્રગ્સ અને દારૂનું દૂષણ નાબૂદ કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સંકલ્પને સાકાર કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારીશ્રી સ્વરૂપ દેશભ્રતાર તથા માય ભારત ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી સચિન સરે માય યુવા ભારત દ્વારા યોજાયેલા વિવિધ કાર્યક્રમોની માહિતી રજૂ કરી હતી. યુવાનો દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવેલી ભાગીદારી અંગે પણ માહિતી આપી હતી અને અંતમાં ઉપસ્થિત સહુએ નશા મુકિતના શપથ ગ્રહણ કર્યા હતા. સંવિધાન અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત હેમાલી વ્યાસ રમત ગમતના આયકોન પર્સનનું સરકારશ્રી તરફથી વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું. તેમજ ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓને ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નનેરા જસ્મિતાબેને કર્યું હતું. કાર્યક્રમના સમાપન સમયે આભારવિધિ રાજેશ રાઠોડે કરી હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મેરા ભારત ટીમના વિશાલ બારોટ, મોનિકા ધોળકિયા, યશ રાઠોડ, દર્શના, યશ્વી ભટ્ટ તથા અન્ય સહયોગીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.(૧૬.૩)





કાલે દંત યજ્ઞ

રાજકોટ : રોટરી કલબ પ્રાઈમ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ અને માનવ ઉત્થાન સેવા સમિતિના સહયોગથી દંત યજ્ઞનું આયોજન કાલે તા. ૨૮ શનિવારે બપોરે ૩ થી ૫ સુધી માનવ ઉત્થાન સેવા સમિતિ, મેઘાણી નગર, નાયરા પેટ્રોલ પંપની સામે, કોઠારીયા મેઈન રોડ ખાતે કરાયું છે. આ કેમ્પ અંગે વધુ વિગત માટે ૯૪૦૯૭ ૭૩૬૭૪નો સંપર્ક કરવો. (૩૬.૧૨)

જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ જીલ્લાના તાલુકા ગોંડલના ગામ **પીપળીયાના રેવન્યુ સર્વે નં. ૧૮/૨ પૈકી ૩ તથા રેવન્યુ સર્વે નં. ૧૮/૨ પૈકી ૩/ પૈકી ૧** ની બીનખેડવાણ અને ઔદ્યોગીક હેતુ (ઓદ્યોકકસીયસ તથા હેઝાર્ડસ સિવાયના) માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **''સત્-૩ ઈન્ડસ્ટ્રીયલ ઝોન, વિભાગ-ડી''** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩ ની જમીન **ચો.મી.આ. ૩૭૫-૫૧ બરાબર ચો.વા.આ. ૪૪૯-૧૦ શ્રી કાશ્મીરા યોગેશભાઈ પટેલ** પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની જમીન અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ, તા.૨૭/૧૧/૨૦૨૬

અમારા મારફતઃ -

જી.એલ. રામાણી,
એન. ડી. ચાવડા,
કેયુર ડી. રામાણી એડવોકેટસ

નિરવ જી. રામાણી
એડવોકેટ
મો. નં. ૯૭૨૩૧ ૨૧૩૭૩
૨૦૪-૨૦૫, અતુલ કોમ્પલેક્ષ, બોમ્બે હોટલ સામે, ગોંડલ રોડ, રાજકોટ

છેલ્લા ૨૪ કલાકમાં બે હુકમથી અધિકારી વર્તુળોમાં હલચલ: વર્ષોથી એક જ જગ્યાએ ચીટકી રહેલા અધિકારીઓની બદલી થવાની અટકળો તેજ

મનપામાં બદલીનો ઘાણવો: કમિશનરે શરૂ કરી વહીવટી સર્જરી

સસ્પેન્ડેડ કૌશિક ઉનાવાના સ્થાને નિરજ વ્યાસની નિયુક્તિ: ટીપી, ટેક્સ, સાંસ્કૃતિક વિકાસ સહિતના વિભાગોમાં ફેરબદલ

રાજકોટ,તા.૨૭: મ્યુનિ.કોર્પોરેશનના વહીવટી તંત્રને ફરી ગતિશીલ બનાવવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વહીવટી સર્જરી શરૂ કરી છે. ૨૪ કલાકમાં જ બદલી અને ચાર્જ ફેરબદલના બે હુકમો જારી થતાં મનપાના અધિકારી વર્તુળોમાં હલચલ મચી છે. આગામી દિવસોમાં હજુ મોટા પાયે બદલીઓના હુકમો નીકળવાની શક્યતાઓએ જોર પકડ્યું છે. કમિશનરે ઈસ્ટ ઝોનના ઝોનલ ટાઉન પ્લાનર અભિ પટેલની વેસ્ટ ઝોનમાં અને વેસ્ટ ઝોનના ટાઉન પ્લાનર ભાર્ગવ બરવાળિયાની ઈસ્ટ ઝોનમાં આંતરિક બદલી કર્યા બાદ વધુ એક હુકમ જારી કર્યો છે. સસ્પેન્ડ કરાયેલા સાંસ્કૃતિક વિકાસ વિભાગના મેનેજર કૌશિક ઉનાવાના સ્થાને નિરજ વ્યાસની નિયુક્તિ કરવામાં આવી છે. નિરજ વ્યાસ અત્યાર સુધી આર.આર.એલ., ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ અને પાર્કિંગ મેનેજમેન્ટ તેમજ ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના નોડલ ઓફિસર તરીકેની જવાબદારી સંભાળતા હતા.



હવે કમિશનરની બદલીની ગાજ કયા અધિકારીઓ પર પડશે તેના પર મનપા વર્તુળોની મીટ મંડાઈ છે.(૨૩.૨૧)

નિરજ વ્યાસ હસ્તકની આર.આર.એલ. ની કામગીરી વેસ્ટ ઝોનના ટેક્સ ઓફિસર મયુર ડી. ખીમસુરિયાને, જ્યારે ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ અને પાર્કિંગ મેનેજમેન્ટ બ્રાન્ચ તથા કંટ્રોલ રૂમના નોડલ ઓફિસરની જવાબદારી ટેક્સ ઓફિસર હાર્દિકસિંહ જે. જાડેજાને સોંપવામાં આવી છે. બંને અધિકારીઓની હાલની કામગીરી યથાવત્ રાખવામાં આવી છે. તમામ હુકમોની તાત્કાલિક અસરથી અમલવારી કરવા આદેશ અપાયો છે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપામાં બદલીઓનો દોર શરૂ થયો હતો. જોકે, ત્યારબાદ લાંબા સમયથી મોટા પાયે બદલીઓ નહીં થતાં વહીવટી તંત્રમાં શિથિલતા આવી હોવાની ચર્ચા છે. હવે વર્ષોથી એક જ વિભાગમાં ચીટકી રહેલા અધિકારીઓને ફંગોળીને તંત્રમાં નવી ગતિ લાવવાની કમિશનરે કવાયત હાથ ધરી હોવાનું મનાય છે.

ગુજરાતી કવિ રમેશ પારેખની આજે ૮૬ મી જન્મજયંતી

ગુજરાતી કવિતાને નવી ઓળખ આપનાર લોકપ્રિય ગીત કવિને ભાવભરી વંદના



(જીતેન્દ્ર રૂપારેલિયા) વાપી: ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ, વાર્તાકાર અને બાળસાહિત્યકાર રમેશ મોહનલાલ પારેખ નો જન્મ ૨૭ નવેમ્બર, ૧૯૪૦ ના રોજ અમરેલીમાં થયો હતો , આજે તેમની ૮૬ મી જન્મજયંતી નિમિત્તે તેમને ભાવભરી વંદના. તેમણે 'ક્યાં', 'ખડિંગ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને' અને 'વિતાન સુદ બીજ' જેવા અનેક કાવ્યસંગ્રહો દ્વારા ગુજરાતી સાહિત્ય ને સમૃદ્ધ બનાવ્યું હતું. તેમની કવિતા ઓમાં પ્રેમ, સંવેદના, લોકજીવન અને કાઠિયાવાડી ભાષા ની મીઠાશ જોવા મળે છે, ૧૯૮૬ માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૯૪ માં 'વિતાન સુદ બીજ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર અનાયત થયો હતો. ૧૭ મે, ૨૦૦૬ ના રોજ રાજકોટ ખાતે તેમનું અવસાન થયું હતું , ગુજરાતી કાવ્ય જગતમાં તેમનું સર્જન આજે પણ વાચકો ના હૃદયમાં જીવંત છે , આવા અમર સર્જક ને જન્મજયંતી એ કોટિ કોટિ વંદન.(૪૧.૧૮)

હિન્દી સાહિત્યના અમર કવિ ડો. હરિવંશરાય બચ્ચનની આજે ૧૧૯મી જન્મજયંતિ

'મધુશાલા'ના સર્જક અને શબ્દોના જાદુગર તરીકે દેશભરમાં જાણીતી ઓળખ પદ્મભૂષણ સહિત અનેક સન્માનોથી સન્માનિત, મહાનાયક અમિતાભ બચ્ચનના પિતા



(જીતેન્દ્ર રૂપારેલિયા) વાપી: હિન્દી સાહિત્યના જાણીતા કવિ, લેખક અને સાહિત્યકાર ડો. હરિવંશરાય બચ્ચન ની આજે ૨૭ નવેમ્બર ના રોજ ૧૧૯ મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે. પોતાની અદભુત કાવ્યરચના ઓ અને જીવનદર્શન થી તેમણે ભારતીય સાહિત્ય જગત માં આગવી ઓળખ ઊભી કરી હતી.

ડો. હરિવંશરાય બચ્ચનનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૦૭ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદ નજીક થયો હતો, તેમણે અલ્હાબાદ યુનિવર્સિટી માંથી અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટી માંથી અંગ્રેજી સાહિત્યમાં પીએચ.ડી.ની પદવી મેળવી હતી.

વર્ષ ૧૯૩૫ માં પ્રકાશિત થયેલી તેમની પ્રસિદ્ધ કાવ્ય કૃતિ 'મધુશાલા'એ તેમને વિશેષ લોકપ્રિયતા અપાવી હતી. તેમની અન્ય જાણીતી કૃતિઓમાં 'મધુબાલા' અને 'મધુકલશ' નો સમાવેશ થાય છે. તેમણે કવિતા ઉપરાંત આત્મકથા, નિબંધ અને અનુવાદ સાહિત્યમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

સાહિત્ય ક્ષેત્રે તેમના યોગદાન બદલ વર્ષ ૧૯૬૯ માં તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર અને વર્ષ ૧૯૭૬ માં પદ્મભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ રાજ્યસભા ના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા.

ડો. હરિવંશરાય બચ્ચન ના પુત્ર એટલે ભારતીય ફિલ્મજગત ના મહાનાયક અમિતાભ બચ્ચન , અમિતાભ બચ્ચન અનેક પ્રસંગો એ પોતાના પિતા ની કવિતા ઓનું પઠન કરીને તેમની સાહિત્યિક વિરાસતને જીવંત રાખે છે.

૯૫ વર્ષ ની વયે મુંબઈ ખાતે તેમનું અવસાન થયું હતું, જોકે તેમની અમર રચના ઓ આજે પણ સાહિત્ય પ્રેમીઓના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે.

આજે તેમની ૧૧૯મી જન્મજયંતિ નિમિત્તે હિન્દી સાહિત્ય ના આ મહાન કવિ, શબ્દો ના સર્જક અને સાહિત્ય જગત ના અમૂલ્ય રત્નને ભાવભીની શ્રદ્ધાંજલિ અને શત શત નમન.(૪૧.૧૯)

રાજકોટ શહેર ભાજપના સંગઠન શિલ્પી અને લોકલાડીલા પ્રમુખ માધવ દવેનો જન્મદિવસ



રાજકોટ : ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગરના અધ્યક્ષ તથા રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર માધવભાઈ દવેનો આજે જન્મદિવસ છે. રાજકીય સંગઠન અને સહકારી ક્ષેત્ર એમ બંને ક્ષેત્રોમાં જવાબદારી નિભાવતા માધવભાઈ દવે માટે જન્મદિવસ તેમના જીવનની સફર, કાર્યક્ષેત્ર અને આગામી સમયની નવી આશાઓ સાથે જોડાયેલો વિશેષ પ્રસંગ બની રહ્યો છે.

રાજકારણમાં માત્ર હોદ્દો મેળવવો પૂરતો નથી, પરંતુ સંગઠનને સતત સક્રિય રાખવું, કાર્યકરો સાથે સંવાદ જાળવવો અને પક્ષની વિચારધારાને લોકો સુધી પહોંચાડવી એ પણ એટલી જ મહત્વપૂર્ણ જવાબદારી છે. રાજકોટ મહાનગર ભાજપના અધ્યક્ષ તરીકે માધવભાઈ દવે સંગઠનની કામગીરી સાથે જોડાયેલા રહી વિવિધ કાર્યક્રમો, પક્ષની પ્રવૃત્તિઓ અને કાર્યકરો સાથેના સંકલન દ્વારા પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

રાજકોટ જેવા રાજકીય રીતે સક્રિય શહેરમાં પક્ષના સંગઠનનું સંચાલન અનેક પડકારો સાથે જોડાયેલું હોય છે. કાર્યકરોને સાથે રાખવા, જુદા જુદા વિસ્તારોમાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવો, પક્ષના કાર્યક્રમોને સફળ બનાવવા અને લોકો સાથે પક્ષનો સંપર્ક મજબૂત કરવો એ શહેર પ્રમુખની ભૂમિકાના મહત્વના પાસાં છે. આ દિશામાં સંગઠનાત્મક કામગીરી અને કાર્યકરો સાથેનો સંપર્ક રાજકીય ક્ષેત્રે તેમની જવાબદારીને વધુ મહત્વપૂર્ણ બનાવે છે.

સહકારી ક્ષેત્રે રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર તરીકેની તેમની ભૂમિકા પણ વિશેષ ઉલ્લેખનીય છે. સહકારી બેંકિંગ ક્ષેત્રમાં વિશ્વાસ, પારદર્શિતા, જવાબદારી અને ગ્રાહકો સાથેનો સંબંધ મહત્વ ધરાવે છે. સહકારી સંસ્થાઓ સામાન્ય નાગરિકોની આર્થિક જરૂરિયાતો સાથે જોડાયેલી હોવાથી તેના સંચાલનમાં જવાબદારી અને સંસ્થાના હિતને પ્રાધાન્ય આપવાની બાબત મહત્વપૂર્ણ બની રહે છે.

રાજકીય સંગઠન અને સહકારી ક્ષેત્ર એમ બંને ક્ષેત્રોમાં કામગીરી કરવાથી જાહેર જીવનમાં જવાબદારીનું વર્તુળ વિસ્તરે છે. એક તરફ પક્ષના સંગઠનને ગતિશીલ રાખવાની જવાબદારી અને બીજી તરફ સહકારી સંસ્થાની કામગીરીમાં સહભાગી બનવાની ભૂમિકા તેમના કાર્યક્ષેત્રને બે અલગ પરંતુ મહત્વપૂર્ણ દિશાઓમાં જોડે છે.

જન્મદિવસ એ માત્ર શુભેચ્છાઓ મેળવવાનો પ્રસંગ નથી, પરંતુ અત્યાર સુધીની કામગીરીને યાદ કરવાની અને આવનારા સમય માટે નવી ઊર્જા સાથે આગળ વધવાનો અવસર પણ છે. માધવભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે રાજકીય ક્ષેત્રના આગેવાનો, કાર્યકરો, મિત્રો, શુભેચ્છકો અને પરિવારજનો તરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે (મો. ૯૮૨૫૩ ૫૫૮૦૭) (૩૬.૨)

૮મા પગાર પંચ: ૩.૧૮,૦૦૦ નો લઘુત્તમ મૂળ પગાર આશરે ૩.૩૩,૦૦૦ થશે: ૩.૩.૪૦ લાખ સુધીનું એરિયર્સ મળશે

કર્મચારીઓના પગારમાં દર મહિને સરેરાશ ૩.૧૫,૪૦૦નો વધારો થઈ શકે છે



નવી દલ્હી: તા.૨૭: ૮મા પગાર પંચ અંગે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મહત્વપૂર્ણ સમાચાર છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેપી મોર્ગન અનુસાર, ૮મા પગાર પંચની ભલામણો લાગુ થયા પછી, કર્મચારીઓ અને પેન્શનરોને દર મહિને સરેરાશ વધારાના ૩.૧૫,૪૦૦ મળી શકે છે. વધુમાં, દરેક લાભાર્થીને સરેરાશ ૩.૩.૪૦ લાખ જેટલું એરિયર્સ મળવાની ધારણા છે.

જેપી મોર્ગને તેના ઈન્ડિયા ઇક્વિટી સ્ટ્રેટેજી રિપોર્ટ ૨૦૨૭ માં આ અંદાજ રજૂ કર્યો છે. રિપોર્ટ અનુસાર, આશરે ૧૨ મિલિયન કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચનો લાભ મેળવી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૮ અને ૨૦૨૯ વચ્ચે પગાર, ભથ્થાં અને પેન્શન માટે સરકાર પર વધારાનો બોજ કુલ રૂ.૭.૨ લાખ કરોડ હોવાનો અંદાજ છે. જેપી મોર્ગનને તેના અંદાજ ૧.૮૩ ના ફિટમેન્ટ ફેક્ટર પર આધારિત છે. આ હેઠળ, રૂ.૧૮,૦૦૦ નો વર્તમાન લઘુત્તમ મૂળભૂત પગાર લગભગ રૂ.૩૩,૦૦૦ સુધી વધી શકે છે. બ્રોકરેજ જણાવે છે કે ૧.૮૩ ફિટમેન્ટ ફેક્ટર કાગળ પર મૂળભૂત પગારમાં ૮૩ ટકાનો વધારો કરશે, પરંતુ તેમાં ૬૦ ટકા મોંઘવારી ભથ્થું (DA) પણ શામેલ હશે. પરિણામે, કર્મચારીઓ માટે વાસ્તવિક પગાર વધારો લગભગ ૧૪ ટકા હોવાનો અંદાજ છે.



કેન્દ્રીય કર્મચારી સંગઠનોએ ૮મા પગાર પંચ સમક્ષ ૩.૮૩ ફિટમેન્ટ ફેક્ટરની માંગણી કરી છે. જો મંજૂરી મળે તો લઘુત્તમ મૂળ પગાર રૂ.૧૮,૦૦૦ થી વધીને આશરે રૂ.૬૯,૦૦૦ થઈ શકે છે. વધુમાં, કર્મચારી સંગઠનોએ વાર્ષિક પગાર વધારા દરમાં વર્તમાન ૩% થી ૬% વધારો કરવાની પણ માંગણી કરી છે.

જેપી મોર્ગનનો અંદાજ છે કે ૮મા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવી શકે છે, જ્યારે વધેલા પગારની ચુકવણી નવેમ્બર ૨૦૨૭ થી શરૂ થઈ શકે છે. આ સ્થિતિમાં, જાન્યુઆરી ૨૦૨૬ થી ઓક્ટોબર ૨૦૨૭ સુધીના ૨૨ મહિનાના બાકી બાકી રકમ ઊભી થશે.

બ્રોકરેજ મુજબ, કુલ બાકી રકમ આશરે ૩.૪ લાખ કરોડ હોઈ શકે છે. તે બે નાણાકીય વર્ષોમાં ચૂકવવાનો અંદાજ છે. ૪૦% નાણાકીય વર્ષ ૨૦૨૮ માં અને બાકીના ૬૦% નાણાકીય વર્ષ ૨૦૨૯ માં ચૂકવવાની અપેક્ષા છે.

આ પણ વાંચો: કર્મચારીઓ ૬% વાર્ષિક પગાર વધારો, ૫ પ્રમોશન અને ૨૩ રૂ.૧૫ લાખ વીમા કવરની માંગ કરે છે જોકે, આ જેપી મોર્ગનનો અંદાજ છે. સરકારે હજુ સુધી પગાર સુધારણા અને બાકી ચૂકવણીની અસરકારક તારીખને અંતિમ સ્વરૂપ આપ્યું નથી. ૮મું પગાર પંચ મે ૨૦૨૭ સુધીમાં તેનો અહેવાલ સુપરત કરવાનું છે. ત્યારબાદ સરકાર પગાર વધારો અને બાકી ચૂકવણી અંગે નિર્ણય લેશે.(૪૧.૧૩)



કર્મચારીઓના નામે થતી ખોટી રજૂઆતો વિરૂધ્ધ સિવિલ હોસ્પિટલના આઉટસોર્સ કર્મચારીઓનું કલેક્ટરને આવેદન

અસ્તિત્વ કર્મચારી સંગઠન સંઘ દ્વારા કરાયેલી રજૂઆતમાં ત્રણસોથી વધુ કર્મચારીઓની સહિઓ: કર્મચારીઓની જાણ વગર તેમના નામે ફરિયાદો થતી હોવાનો આક્ષેપ: આરોગ્ય મંત્રી, તબિબી અધિક્ષકને પણ રજૂઆત

રાજકોટ તા. ૨૭: પી.ડી.યુ.(સિવિલ) હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા આઉટસોર્સ કર્મચારીઓના સંગઠન 'અસ્તિત્વ કર્મચારી સંગઠન સંઘ, રાજકોટ-ગુજરાત' દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર પાઠવી હોસ્પિટલના કર્મચારીઓના નામે થતી કથિત ખોટી રજૂઆતો સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

આવેદનપત્રમાં જ જણાવ્યા મુજબ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત આઉટસોર્સ કર્મચારીઓ અસ્તિત્વ કર્મચારી સંગઠન સંઘના સભ્યો છે. સંગઠનનો આક્ષેપ છે કે રજનીકાંત સોલંકીના ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા અવાર-નવાર પોતાની મનમાની કરીને અને હોસ્પિટલના કર્મચારીઓને કોઈ જાણ કર્યા વિના ખોટી ફરિયાદો તથા આવેદનપત્રો આપવામાં આવે છે.

સંગઠનના હોદ્દેદારોએ કર્મચારીઓને વિશ્વાસમાં લઈને કરેલી પૂછપરછમાં કર્મચારીઓએ જણાવ્યું હોવાનો ઉલ્લેખ પત્રમાં કરાયો છે કે તેમને એજન્સી તરફથી મળતા લાભોથી સંતોષ છે. સરકારશ્રી અને શ્રમ આયુક્ત દ્વારા નક્કી કરાયેલા લઘુતમ વેતન મુજબના તમામ લાભો એજન્સી દ્વારા સમયસર ચૂકવવામાં આવી રહ્યા હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. વધુમાં અંગત ફાયદા અને સોશિયલ મીડિયામાં સસ્તી પ્રસિધ્ધિ મેળવવા માટે આવી રજૂઆતો કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરીને, કર્મચારીઓના નામે થતી આવી કથિત ખોટી અરજીઓને ધ્યાને ન લેવા કલેક્ટરશ્રીને વિનંતી કરવામાં આવી છે.



આ આવેદનપત્રની નકલ આરોગ્ય મંત્રીશ્રી (ગાંધીનગર) અને પીડીયુ હોસ્પિટલના તબીબી અધિક્ષકશ્રીને પણ મોકલવામાં આવી છે. આવેદન પત્રમાં ત્રણસોથી વધુ કર્મચારીઓની સહીઓ પણ છે.(૧૪.૧૧)

બેટરી પૂરી થઈ ગઈ હોય તો પણ શીડયુલ કરેલા સમયે મેસેજ પહોંચી જશે

વોટ્સએપમાં ૧૪ દિવસ પછી મોકલવો હોય તેવા મેસેજ પણ શીડયુલ થઈ શકશે



નવા ફીચરની ખાસિયત

- ★ પર્સનલ અને ગ્રુપ ચેટ બંનેમાં આ સુવિધા મળશે
- ★ ટેક્સ્ટ, ફોટો અને વીડિયો મોકલવાનો સમય નક્કી કરી શકાશે
- ★ મેસેજ નક્કી કરેલા સમયે આપમેળે મોકલાઈ જશે
- ★ ફોન બંધ હોય કે બેટરી પૂરી થઈ ગઈ હોય તો પણ મેસેજ પહોંચી જશે
- ★ મોકલતા પહેલા શીડ્યૂલ કરેલા મેસેજને ડિલીટ કરી શકાશે.
- ★ આ સુવિધા એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનથી સુરક્ષિત રહેશે.

યુઝરને શું લાભ થશે?

જન્મદિવસ અને લગ્નની વર્ષગાંઠની શુભેચ્છાઓ યોગ્ય સમયે મોકલી શકાશે, મીટિંગ, એપોઇન્ટમેન્ટ અને જરૂરી કામના રિમાઈન્ડર મોકલી શકાશે. ઓફિસ અને બિઝનેસ ગ્રુપમાં જરૂરી અપડેટ્સ અગાઉથી તૈયાર રાખી શકાશે. અલગ-અલગ ટાઈમ ઝોનમાં રહેતા લોકોને તેમના યોગ્ય સમયે મેસેજ મોકલી શકાશે. મેસેજ મેળવનાર (રિસીવર)ને તે સામાન્ય વોટ્સએપ મેસેજ જેવો જ દેખાશે. એટલે કે મેસેજ અગાઉથી શીડ્યૂલ કરાયેલો હતો, તેવી ખબર નહીં પડે

અમુક યુઝર્સે નવા ફીચર માટે રાહ જોવી પડશે

વોટ્સએપે આજથી ભારત સહિત વિશ્વભરના યુઝર્સ માટે મેસેજ શેડ્યૂલ કરવાનું ફીચર શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સુવિધા ધીમે-ધીમે તમામ યુઝર્સ સુધી પહોંચશે. હાલમાં અમુક યુઝર્સ તેનો ઉપયોગ કરી શકે છે, જ્યારે બાકીના લોકોએ તેના માટે થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે.

નવી દિલ્હી, તા. ૨૭ : વોટ્સએપમાં મેસેજ શેડ્યૂલ કરવાનું ફીચર રોલઆઉટ થઈ ગયું છે, જેનાથી યુઝર્સ મેસેજ લખીને તે કયા દિવસે અને કયા સમયે મોકલવો તે અગાઉથી નક્કી કરી શકશે. આ સુવિધા પ્રાઈવેટ અને ગ્રૂપ ચેટ બંનેમાં કામ કરશે. તેની મદદથી ૧૦ મિનિટથી લઈને ૧૪ દિવસ સુધીની આગળની તારીખ માટે કોઈ પણ મેસેજ શેડ્યૂલ કરી શકાશે. આ ફીચર ટેક્સ્ટ, ફોટો અને વીડિયો મેસેજ માટે ઉપલબ્ધ રહેશે, જે હાલમાં કંપનીએ પસંદગીના યુઝર્સને જ આપ્યું છે. શીડ્યૂલ કરેલો મેસેજ મોકલવાના સમયે ફોન બંધ હોય કે તેની બેટરી પૂરી થઈ ગઈ હોય, તો પણ મેસેજ નક્કી કરેલા સમયે સામેવાળી વ્યક્તિને પહોંચી જશે. વોટ્સએપના જણાવ્યા અનુસાર, આ મેસેજ પણ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ રહેશે, એટલે કે તેને કોઈ ત્રીજી વ્યક્તિ વાંચી શકશે નહીં. મેસેજ શીડ્યૂલ કર્યા પછી પણ તેને નિર્ધારિત સમય પહેલા ડિલીટ કરી શકો છો. વોટ્સએપમાં આગામી તમામ શેડ્યૂલ કરેલા મેસેજ એકસાથે જોવાની સુવિધા પણ મળશે. (૩૬.૮)

કોઠારીયા સોલવન્ટના મહિલાને જમાઇ ઇલ્યાસે કહ્યું-તારી એક દિકરી સાથે મેં લગ્ન કર્યા, બીજી સાથે મારા ફઇનો દિકરો શહેજાદ લગ્ન કરશે

દિકરી સાથે વાત નહિ કરવા મહિલાએ સમજાવતાં જમાઇનો કુટુંબી ભાઇ છરી કાઢી પાછળ દોડ્યો

જમાઇ ઇલ્યાસ, તેના ફઇના દિકરા શહેજાદ અને બે અજાણ્યા વિરૂધ્ધ આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૭: કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતાં મહિલાની એક દિકરી સાથે રસુલપરામાં રહેતાં મુસ્લિમ શખ્સે પ્રેમલગ્ન કરી લીધા હોઇ હવે આ મહિલાની નાની દિકરી સાથે જમાઇના ફઇનો દિકરો ફોન પર વાતો કરતો હોઇ મહિલાએ આ બાબતે સમજાવીને ઠપકો દેતાં ખાર રાખી જમાઇ, તેના ફઇનો દિકરો અને તેના બે મિત્રોએ મળી મહિલાને માર મારી ગાળો દઇ છરી કાઢી આજે તો તને જીવતી નથી રહેવા દેવી તેમ કહી મારવા માટે દોટ મુકતાં મહિલા જીવ બચાવીને ભાગ્યા હતાં અને પોલીસને જાણ કરી હતી.

આ બનાવમાં આજીડેમ પોલીસે ૪૬ વર્ષના મહિલાની ફરિયાદ પરથી રસુલપરાના શહેજાદ મહમદભાઇ કડીવાર, ઇલ્યાસ યુનુસભાઇ હેરંજા અને બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારે સંતાનમાં છ દિકરીઓ છે. પતિ હયાત નથી. મારી પાંચમા નંબરની દિકરીને રસુલપરામાં રહેતાં ઇલ્યાસ સાથે પ્રેમસંબંધ હતો. જેથી તે તેની સાથે જતી રહી હતી. તેણીએ ઇલ્યાસ થકી એક દિકરો છે. હાલ તે રસુલપરામાં રહે છે. મારી અન્ય એક નાની દિકરી સાથે ઇલ્યાસના ફઇનો દિકરો શહેજાદ ફોનમાં વાત કરતો હતો. જેની મને જાણ થતાં મેં જમાઇ ઇલ્યાસ અને શહેજાદના માતા-પિતાને જાણ કરી હતી. જેથી તેણે શહેજાદને સમજાવ્યો હતો. આ પછી અમારે ઘરમેળે સમાધાન થઇ ગયું હતું.

ત્યારબાદ તા. ૩/૧૧ના રોજ મારી દિકરી ફરીથી શહેજાદ સાથે વાત કરતી હોઇ હું મારા જમાઇ ઇલ્યાસની કોઠારીયા પાસે એસિડ ફિનાઇલની દુકાન હોઇ ત્યાં વાત કરવા ગઇ હતી. તે વખતે મારો જમાઇ અને દિકરી બંને ત્યાં હતાં. તેમજ શહેજાદ પણ હાજર હતો. જેથી મેં શહેજાદને મારી દિકરી સાથે શા માટે વાત કરે છે? તેમ કહી સમજાવતાં તે અને મારો જમાઇ બંને ઉશ્કેરાઇ ગયા હતાં અને મને ગાળો દઇ ઇલ્યાસે કહ્યું હતું કે તારી દિકરી સાથે મેં લગ્ન કર્યા છે તેમ શહેજાદ પણ તારી બીજી દિકરી સાથે લગ્ન કરશે. આમ કહી બંને મને ઢીકાપાટુ મારવા માંડ્યા હતાં. એ દરમિયાન આ બંનેના બે મિત્રો આવી જતાં બાદમાં ચારેયએ મળીને મને ગાળો દીધી હતી. શહેજાદે છરી કાઢી આજે તો તને જીવતી નથી જવા દેવી તેમ કહી મારી પાછળ દોડ્યો હતો. હું દોડીને રોડ પર ભાગી ગઇ હતી અને ૧૧૨માં ફોન કરી દેતાં પોલીસ આવી ગઇ હતી. મારી નાની દિકરી સાથે જમાઇનો ફઇનો દિકરો વાતો કરતો હોઇ તેને સમજાવવા જતાં જમાઇ સહિતનાએ હુમલો કરી માર મારી ધમકી દીધી હતી. તેમ વધુમાં મહિલાએ જણાવતાં પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. આર. ડી. ડાંગરે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. (૧૪.૧૦)

જંકશન પ્લોટમાં ભાડેથી રહેતાં શાપરના યુવાનનું ત્રીજા માળેથી પટકાતાં મોત

લોકોના ટોળા ઉમટી પડ્યા: ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતાં ૩૦ વર્ષના દિલીપભાઇ રાઠોડે ઘટના સ્થળે જ દમ તોડી દીધો: પરિવારજનોમાં ગમગીની



તસ્વીરમાં ઘટના સ્થળ, એકઠા થયેલા લોકો, કાર્યવાહી માટે પહોંચેલી પોલીસ જોઇ શકાય છે (તસ્વીર: અભિજીત બગથરીયા)

રાજકોટ તા. ૨૭: શહેરના જંકશન પ્લોટ વિસ્તારમાં ભાડાના ફ્લેટમાં રહેતો શાપરનો ૩૦ વર્ષનો યુવાન સવારે ત્રીજા માળેથી નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં કમકમાટી ભર્યુ મોત થયું છે. આ યુવાન ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતો હતો. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ જંકશન પ્લોટમાં ગેબનશા પીરની દરગાહ નજીક ગાયત્રી ડેરી પાસે આવેલા જય એપાર્ટમેન્ટ નામના બિલ્ડીંગના ત્રીજા માળેથી એક યુવાન પડી જતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબ નિમેષભાઇએ આ યુવાન મૃત્યુ પામ્યાની જાણ પોલીસ કન્ટ્રોલ રૂમમાં કરી હતી.

આ અંગેની જાણ પ્ર.નગર પોલીસમાં કરવામાં આવતાં એએસઆઇ શીતલબેન જોરા અને રાઇટર આકાશભાઇ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસે વિશેષ તપાસ કરતાં મૃત્યુ પામનાર યુવાનના સગા સંબંધી પણ મળી આવતાં ઓળખ થઇ હતી. આ યુવાનનું નામ દિલીપભાઇ ગોરધનભાઇ રાઠોડ (ઉ.વ.૩૦) હોવાનું ખુલ્યું હતું. તે મુળ શાપર શાંતિધામના વતની હતાં. છેલ્લા કેટલાક મહિનાથી અહિ જંકશન પ્લોટમાં ભાડાના ફ્લેટમાં રહેતાં હતાં અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતાં હતાં. બનાવ આકસ્મિક છે કે આત્મહત્યાનો? તે અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે. (૧૪.૯)

પત્રકાર યુવતિના વિડીયોમાં એડીટીંગ કરી ઇન્સ્ટાગ્રામ-ફેસબૂક પર પોસ્ટ કર્યા

ફરિયાદીને બદનામ કરવા તેના વ્યવસાયને નુકસાન થાય, સામાજીક છબી ખરડાય તે રીતે બદનક્ષી કર્યાનો આરોપ: તાલુકા પોલીસે વિમલ બલદાણીયા સામે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૭: શહેરમાં દોઢસો ફુટ રીંગ રોડ વિસ્તારમાં રહેતાં મુળ અન્ય ગામના પત્રકાર યુવતિને બદનામ કરવા તેના વિડીયોનો દુરૂપયોગ કરી એડીટીંગ કરી ઇન્સ્ટાગ્રામ, ફેસબૂક આઇડી પર પોસ્ટ કરી દેતાં એક શખ્સ સામે તાલુકા પોલીસે ગુનો નોંધ્યો છે.

જાણવા મળ્યા મુજબ આ બનાવમાં તાલુકા પોલીસે ૨૭ વર્ષિય પત્રકાર યુવતિની ફરિયાદ પરથી વિમલ બલદાણીયા અને તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે. યુવતિ હાલ રાજકોટ રહે છે અને સોશિયલ મિડીયા પર પોતાના પત્રકારત્વને લગતા વિડીયો પોસ્ટ કરતી હોય છે. દરમિયાન વિમલ બલદાણીયા નામના શખ્સે આ વિડીયોનો દુરૂપયોગ કરી તેમાં એડીટીંગ કરી પોતાની ઓપન ઇન્સ્ટાગ્રામ આઇડી અને ફેસબૂક આઇડી પર આ વિડીયો પોસ્ટ કરી પત્રકાર યુવતિને બદનામ કરવાના ઇરાદે અભદ્ર શબ્દોનો ઉપયોગ કરી સ્ત્રીની ગરીમાને હાની પહોંચે તેવુ કૃત્ય કર્યુ હોવાનો આરોપ મુકાયો છે.

ફરિયાદમાં એમ પણ જણાવાયું છે કે આરોપીએ ફરિયાદીના પત્રકારત્વના વ્યવસાયને નુકસાની થાય અને સામાજીક છબી ખરડાય તે રીતે બદનક્ષી કરી છે. તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ એમ. એન. પીઠીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. (૧૪.૧૦)

કોપર વાયરે આપ્યો 'કરંટ' : તાલુકા પોલીસે વાયર ચોરનારા ૩ને પકડયા

મોટામવામાં વાઇટ હેવન સાઇટ પર ચોરી કરી'તી : પી.આઇ. એસ.આર. મેઘાણી, પીએસઆઇ એમ.એમ. મહારાજ અને ટીમ દ્વારા કાર્યવાહી



રાજકોટ, તા. ૨૭ : મોટામવામાં ગુરૂમાર્ગ પર તુલશી ગ્રીન પાસે આવેલા વાઇટ હેવન નામની સાઇટ ઉપરથી રૂા. ૪૧ હજારના કોપર વાયરની ચોરી કરવાના ગુનાનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી નાખી ત્રણ તસ્કરોને ઝડપી લઇ રૂા. ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જાણવા મળ્યા મુજબ, મોટામવામાં ગુરૂમાર્ગ પર વાઇટ હેવન નામના બિલ્ડીંગ પાસેથી તસ્કરો રૂા. ૪૧,૬૦૦ ની કિંમતનો કોપર કેબલ ચોરી ગયાની દેવાંગભાઇ પીપળીયા (ઉ.વ.૩૨) રહે. કેવડાવાડીએ ફરીયાદ નોંધાવતા તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ તાલુકા પોલીસના પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબારીમાં પીએસઆઇ એમ.એચ. મહારાજ અને ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. બળભદ્રસિંહ જાડેજા, જયપાલસિંહ સરવૈયા અને વનરાજભાઇ લાવડીયાને બાતમી મળી હતી કે ત્રણ શકમંદો ચોરીના કોપર વાયર સાથે કણકોટ રોડ પર રઘુકુલવન તરફ જવાના રસ્તે બાઇક સાથે ઉભા છે જેને લઇ ટીમે ત્યાં પહોંચી ત્રણેય શખ્સો હાર્દિક શિવાભાઇ સીપરીયા (રહે. અમરનગર, ચંદ્રેશનગર મેઇન રોડ), બ્રિજેશ સુરેશભાઇ કીયાડા (કેવડાવાડી, કેનાલ રોડ) અને ધર્મેશ રાજેશભાઇ ડાભી (રહે. સમજુ પાર્ક, નવાગામ) ને પકડી રૂા. ૧૩ હજારનો ૧૩ કિલો કોપર વાયર અને બાઇક સહિત રૂા. ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પુછપરછમાં આરોપીઓએ કોપર વાયર અને બાઇક સહિત રૂા.સ ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પુછપરછમાં આરોપીઓએ કોપર વાયર વાઇટહેવન સાઇટ પરથી ચોરી કર્યાની કેફીયત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરાઇ છે. આરોપી હાર્દિક અગાઉ દારૂ અને અપહરણના જયારે બ્રિજેશ દારૂ સહિત ત્રણ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે.

આ કામગીરી પોલીસ ઇન્સ. એ.આર. મેઘાણી તથા પો. સબ. ઇન્સ. એમ.એચ. મહારાજ તથા એ.એસ.આઇ. ક્રિપાલસિંહ ઝાલા તથા પો. હેડ કોન્સ. અજયભાઇ ભુંડીયા તથા બ્રિજરાજસિંહ ગોહિલ તથા અક્ષયભાઇ નાથાણી તથા પો. કોન્સ. બળભદ્રસિંહ જાડેજા તથા વનરાજભાઇ લાવડીયા તથા ઉગાભાઇ બાળા તથા જયપાલસિંહ સરવૈયા તથા કરણભાઇ જાદવ તથા કુલદીપસિંહ જાડેજા તથા મુકેશભાઇ ડાંગર કરી હતી. (૯.૨૫)

આજે કે કાલે કામ ચાલુ નહિ જ થાય...હડમતીયાના જેસીંગભાઇ હેરભાને ભાઇ, ભાભી, ભત્રીજાની ધમકી

વાડીએ જવાના કોઝવેનું કામ મંજુર થયું હોઇ અધિકારી, કોન્ટ્રાક્ટર કામ ચાલુ કરવા આવ્યા ત્યારે જ ડખ્ખો કર્યો: આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૭: સરધાર-કુવાડવા હાઇવે નજીક આવેલી વાડીના રસ્તે મંજૂર થયેલા સરકારી કોઝવેના કામને અટકાવવા મુદ્દે બોલાચાલી, અસભ્ય વર્તન અને જાનથી મારી નાખવાની ધમકી અપાતાં ખેડુતે પોતાના જ પિતરાઇ ભાઇ, ભત્રીજા સહિતની સામે ગુનો દાખલ કરાવ્યો છે. આ બનાવમાં આજીડેમ પોલીસે હડમીતયા ગોલીડા ગામના સરધાર-કુવાડવા હાઇવે પર રહેતાં ખેડુત જેસીંગભાઇ દેવરાજભાઇ હેરભા (ઉ.વ.૬૨)ની ફરિયાદ પરથી તેમના પિતરાઇ ભાઇ નારણભાઇ ખીમાભાઇ હેરભા, ભાભી હંસાબેન નારણભાઇ, ભત્રીજા કેવલ નારણભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદની વિગતો મુજબ જેસીંગભાઇની વાડીએ જવાના રસ્તે સરકારી કોઝવેનું કામ મંજૂર થયું હતું. આ કામ શરૂ કરવા માટે ગત તા. ૩૦/૧૦ના રોજ બપોરના અંદાજે એક વાગ્યાની આસપાસ જેસીંગભાઇ તેમજ કોન્ટ્રાક્ટર, જળસંચય સમિતિના અધિકારીઓ અને જેસીબી મશીન સાથે સ્થળ પર પહોંચ્યા હતા. તે સમયે જેસીંગભાઇના પિતરાઇ ભાઇ, ભાભી, ભત્રીજો ત્યાં આવી પહોંચ્યા હતા અને કામ શરૂ નહીં કરવા દેવા અંગે વિરોધ કરી અસભ્ય વર્તન કરવા લાગ્યા હતા. પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે જેસીંગભાઇએ કોન્ટ્રાક્ટર, જળસંચય સમિતિના અધિકારીઓ અને જેસીબી ચાલકને હાલ કામ બંધ રાખી બાદમાં કામ કરવાનું જણાવી પરત મોકલી આપ્યા હતા.

ત્યારબાદ નારણભાઇ સહિતનાએ ઉશ્કેરાઇ જઇ ખરાબ શબ્દો બોલી, અહીં આજે કે કાલે કામ નહીં થવા દેવાની વાત કરી હતી તેમજ જો કામ શરૂ થશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે અગાઉ અરજી આપી હોઇ હવે તેના આધારે જેસીંગભાઇએ ગુનો દાખલ કરાવતાં પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. ટી. જે. સરવૈયાએ ગુનો નોંધ્યો છે.

ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે જુગાર રમત 3 મહિલા સહિત ૯ ઝડપાયા

રેલ્વે પીઆઇ એચ.એમ. રાણા, પીએસઆઇ બી.જે. જાડેજા, કે.યુ.વાળા અને ટીમ દ્વારા કામગીરી



રાજકોટ, તા.૨૭: શહેરમાં ભક્તિનગર રેલવે સ્ટેશન પાસે જુગારધામ પર રેલવે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતી ત્રણ મહિલાઓ સહિત ૯ પત્તાપ્રેમીને ઝડપી રૂા. ૩૦ હજારની રોકડ કબ્જે કરી હતી.

જાણવા મળ્યા મુજબ, ભક્તિનગર રેલવે પાસે દરોડો પાડી રેલવે પોલીસે જાહેરમાં જુગાર રમતા ભરત રાજુભાઇ સોલંકી ઉ.વ.૩૦ રહે.રણજા ગધીવાડ શેરી નં.૨, કિશોર માવજીભાઇ સરવૈયા ઉ.વ. ૩૩ રહે-ઢેબર કોલોની ક્વાર્ટર નં.૧૦૦ પી.ડી. માલવીયા ફાટક પાસે, સાહિલ સંજયભાઇ સોલંકી ઉ.વ.૨૭ રહે-લોહનગર જીમીટાવર પાસે શેરી નં.૫, મુકતાબેન હસમુખભાઇ વેકરીયા ઉ.વ.૫૫ હાલ રહે-પ્રમુખ દવાખાનાની સામે પટેલ ચોક શેરી નં.૨ રાજકોટ મુળ.ધમલપર સાત હનુમાન પાછળ, શોમરાજ અરવિંદભાઇ હેરમા ઉ.વ.૩૩ રહે-રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપ ક્વાર્ટર, હરશ દોલતભાઇ યોગી ઉ.વ.૫૪ રહે. નવલનગર ૧૮/૩ વાછળાદાદ વાળી શેરી, નં.૭ નશીમબેન મહેબુબભાઇ પીંજારા રહે. રાજકોટ મયુરભાઇ ભરતભાઇ કુકાવાડા ઉ.વ.૩૦ રહે-લોહાનગર ગોંડલ રોડ જૈનચાલી પાછળ, રામાપીર મંદિર પાસે શેરી નં.૨ને જયશ્રીબેન મહેશભાઇ પટેલ ઉ.વ.૪૨ રહે-કુબલીયા પરા શેરી નં.૫ નવા થોરાળા મેઇન રોડને પકડી લઇ રૂા. ૩૦,૦૮૦ની રોકડ કબ્જે કરી હતી.

આ કામગીરી રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર એચ.એમ. રાણા સર્વેલન્સ સ્કોડના ઇન્ચાર્જ પો. સબ. ઇન્સ. બી.જે. જાડેજા તથા પો.સબ.ઇન્સ. કે.યુ. ગવાળા તથા સર્વેલન્સ ટીમે કરી હતી.

'નો નંબર પ્લેટ, નો ફ્યુલ' ની અમલવારી, વધુ એક ગુનો દાખલ

૮૦ ફુટ રોડ પર આવેલા પેટ્રોલ પંપના મહિલા કર્મચારી સામે થોરાળા પોલીસની કાર્યવાહી

રાજકોટ, તા. ૨૭: ૮૦ ફુટ રોડ ફયુલની પોલીસ દ્વારા 'કડક' અમલવારી કરાવાઇ રહી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે પોલીસ ગુના દાખલ કરી કાર્યવાહી કરી રહી છે ત્યારે થોરાળા પોલીસે આ મામતલે વધુ એક ગુનો દાખલ કર્યો હતો.

૮૦ ફુટ રોડ પર સરવૈયા હોલની સામે આવેલા જીઓ બીપી પેટ્રોલપંપની પર સરવૈયા હોલ સામે આવેલા જીઓ બી.પી. પેટ્રોલ પંપમાં વાહનમાં નંબર પ્લેટ ન હોવા છતા ઇંધણ પુરી આપવા મામલે મહિલા પેટ્રોલ પંપ કર્મચારી સામે થોરાળા પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

શહેરમા નો નંબર પ્લેટ, નો પોલીસની ટીમે સીસીટીવી ફુટેજ ચેક કરતા ગઇ તા. ૨૬ ના સાંજે એક નંબર પ્લેટ વગરના બાઇકમાં મહિલા કર્મચારી ઉષાબેન રાજેશભાઇ વાઢેર (ઉ.વ. ૪૭ રહે. કેશર હિંદ પુલ પાસે) ઇંધણ પુરતા કેદ થતા તેની સામે જાહેરનામાં ભંગ બદલ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. (૬.૧૧)

ડ્રગ્સને કારણે ઉડતા પંજાબના વાયરલ પ્રચારે સતા ગુમાવવાનો વારો આવેલ, તે પેટર્નનું ગુજરાતમાં આપ, અને કોંગ્રેસ પુનરાવર્તન કરાવવા ૨૦૨૭ની ચૂંટણીમાં પ્રયાસ કરે તેવા રિપોર્ટના પગલે ધમધમાટ હોવાનું રાજકીય પંડિતોનું દ્રઢ અનુમાન...

ડ્રગ્સ ઝુંબેશનું ટ્રેલર આટલું ધમકેદાર છે, તો મંગળવારથી શરૂ થનાર આખુ પિક્ચર ભુક્કા કાઢે તેવું ન હોય તો જ નવાઇ...

અમદાવાદમાં જેલ કે જામીન મુક્ત ૧ હજાર ડ્રગ પેડલરોનો અનુપમસિંહ ગેહલોતના માર્ગદર્શનમાં ક્રાઇમ બ્રાન્ચ, Sog દ્વારા જોઇન્ટ સીપી શરદ સિંઘલ, નીરજ બડગુજ્જરના નેતૃત્વમાં મેળો યોજી, ચારે બાજુથી બન્ધ મંડપમાં લંગડી ચાલ બની ત્યાં સુધી સરભરા કરી...

વડોદરા સીપી નરસિંહમાં કોમાર અને રાજકોટ સીપી બ્રજેશ ઝા ટીમ દ્વારા ઝુંબેશ સાથે શાળા કોલેજમાં વિધાર્થીઓ માટે જાગૃતિ ઝુંબેશ શરૂ થયેલ છે....





રાજકોટ, તા.૨૭: ૨૦૨૭ની ચૂંટણીના હર હંમેશ ઈલેકશન મોડમાં રહેતા ભારતીય જનતા પક્ષે નરેન્દ્રભાઈની ગુજરાતના અન્ય મહત્વના પ્રવાસ રદ કરી, ફક્ત રાજ ભવનમાં નારાજી ડિનર યોજી, ઘણા સંકેત આપ્યા.

આપ અને કોંગ્રેસ ૨૦૨૭માં ક્યાં મુદ્દા પર સરકાર સામે મોરચો માંડશે તેના ફીડ બેક IB અને ઈનર સર્કલ પાસે મેળવતા, લો એન્ડ ઓર્ડર, દારૂ અને ખાસ કરી ડ્રગ્સના મુદ્દો મોટા પાયે ઉપાડવાના છે તેવા અહેવાલ અંતર્ગત અમિતભાઈએ ગુજરાતના મહત્વના લોકો સાથે બેઠક કરી ૨૦૨૯ આગામી લોકસભા ચૂંટણી સુધીમાં ગુજરાતમાંથી ડ્રગ્સના મૂળિયાં ઉખેડવા માટે ૧લી ડિસેમ્બરથી પોલીસ તમામ કામ પડતા મૂકી જબરજસ્ત જંગ શરૂ કરનાર છે.

ડ્રગ્સ પેડલરો સામે જંગનું આખુ પિક્ચર કેવું હશે તે દર્શાવવા આખા ગુજરાતમાં ડ્રગ્સ સામે લડાઈ શરુ થયેલ છે. આમાં તમામ પોલિસ કમિશનર, તમામ રેન્જ વડા, તમામ જિલ્લા પોલિસ વડાઓ નાયબ મુખ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી અને રાજ્યના મુખ્ય પોલિસ વડા જ્ઞાનેન્દ્રસિંઘ મલ્લિકના આદેશ મુજબ એક્શન મોડમાં છે.

અંમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના માર્ગ દર્શનમાં ભૂતકાળમાં ડ્રગ્સ પેડલરો તરીકે પકડાયેલ, જામીન પર રહેલ, સજા પુરી કરી આવેલ લોકોને હેડ કવાટરમાં એકઠા કરી, એક ચારે બાજુથી બંધ છાવણીમા એક એક પેડલરોની આગવી ઢબે સરભરા, ક્રાઈમ બ્રાન્ચ વડા શરદ સિંઘલ, જોઈન્ટ સીપી નીરજ બડ ગુજ્જરના નેતુત્વ નીચેની ટીમ દ્વારા થયેલ.

વડોદરા પોલીસ કમિશનર નરસિંહમાં કોમારે અને રાજકોટ પોલિસ કમીશનર બ્રજેશ ઝા દ્વારા ડ્રગ્સ પેડલરો વિરુદ્ધ તવાઈ ઉતારવા સાથે સ્કૂલ, કોલેજના વિધાર્થીઓમાં જાગૃતિ લાવવા ખાસ ટીમોને વિધાર્થીઓને ડ્રગ્સના દુષણથી દૂર કરવા પાયાનું કાર્ય પણ શરુ થયેલ છે. સુરત મુંબઈથી નજીક હોવાથી ત્યાંના દુષણ ઝડપથી વિવિધ સ્વરૂપે પ્રવેશ છે, Sog ડીસીપી રાજદીપસિંહ નકુમ, પોલિસ ઈન્સ. અતુલ સોનરા, પાન પાર્લર, મેડિકલ સ્ટોરોનું સતત ચેકીંગ કરી સીપી વાંબાગ જમીરના માર્ગદર્શનમાં ઐતિહાસિક સફળતા મેળવી છે. આમાં પીસીબી PI આર. એસ. સુવેરા પણ ખુબ સક્રિય ભૂમિકા સીપીના પ્રતિનિધિ તરીકે ભજવી રહ્યા છે. પોલીસ કમિશનરેટ વિસ્તારો માફક રાજકોટ રેન્જ વડા શ્રી. નિરલિપ્ત રાયના સીધા માર્ગદર્શન નીચે આખી રેન્જમાં ડ્રગ્સ પેડલરોને વીણી વીણી શોધી કાઢવા કડક કાર્ય વાહી શરૂ થયેલ છે. રાજકોટ ગ્રામ્યના કાર્યદક્ષ એસપી વિજયસિંહ ગુર્જરના નેતૃત્વમાં LCB pi જે. પી. રાવ અને સ્ટાફ દ્વારા આખા જિલ્લામાં સર્ચ ઓપ્રેશન મોટા પાયે શરુ થયું છે. ડ્રગ્સ શોધી કાઢવાની તાલીમ મેળવેલ ક્રિપ્ટો ડોગનાઝ ઉપયોગ શરુ થયેલ છે. આ તો ફક્ત દ્રષ્ટાંત છે, આ ઝુંબેશ આખા રાજ્યમાં છે. અત્રે એ યાદ રહે કે પંજાબની છબી ઉડતા પંજાબ તરીકે ડ્રગ્સના કારણે ઉપસતા સતા પરિવર્તન થયેલ, એ વાત હાઈ કમાન્ડ સારી રીતે જાણે છે.(૨૩.૨૦)

રાજકોટ રેન્જ વડા નિર્લિપ્ત રાયના આદેશ, પગલે અસરકારક ઝુંબેશ: રાજકોટ ગ્રામ્ય વડા વિજયસિંહ ગુર્જરના નેતૃત્વમાં LCB pi જે. પી. રાવ ટીમ દ્વારા ડ્રગ્સ માટે સર્ચ ઓપરેશનમાં તાલીમબધ્ધ ડોગ સામેલ...

એડવોકેટ અશોકસિંહ વાઘેલાના માતુશ્રી અને પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબાના સાસુમા વિલાસબા મેરૂભા વાઘેલાનું દુઃખદ નિધન : સાંજે સ્મશાનયાત્રા



રાજકોટ : લોલીયા (તા. ધોળકા)ના વતની ગં. સ્વ. વિલાસબા મેરૂભા વાઘેલા (ઉ.વ. ૯૦) તે અશોકસિંહ મેરૂભા વાઘેલા (એડવોકેટ) (લિગલ સેલ ચેરમેન કોંગ્રેસ)ના માતુશ્રી શ્રીમતી ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા (ઉપપ્રમુખ પ્રદેશ કોંગ્રેસ તેમજ પૂર્વ વિપક્ષી નેતા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન)ના સાસુમા તેમજ યશરાજસિંહ વાઘેલા અને દિવ્યરાજસિંહ વાઘેલાના દાદીમાનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રા સાંજે ૪:૩૦ કલાકે તેમના નિવાસ સ્થાન ''જય અંબે'' અમૃતા સોસાયટી, શેરી નં. ૬, ત્રિમુર્તિ બાલાજી મંદિર પાછળ, રૈયા ટેલીફોન એકસચેન્જ સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતેથી નીકળશે. (૩૬.૧૪)

વિદેશ પ્રવાસમાં મોંઘા રોમિંગની ઝંઝટ ખતમઃ હવે WhatsApp પરથી જ સીધું ખરીદી શકાશે ઈન્ટરનેશનલ ટ્રાવેલ eSIM: Reliance Jio સાથે ડીલ!

રિલાયન્સ જિયો સહિતની વૈશ્વિક ટેલિકોમ કંપનીઓ સાથે ભાગીદારી થકી વિદેશમાં પણ જૂના નંબર પર જ WhatsApp ચાલુ રહેશે



નવી દિલ્હી, તા.૨૭: વિદેશ પ્રવાસે જતા લાખો મુસાફરો માટે સૌથી મોટી માથાકૂટ સમાન મોંઘા આંતરરાષ્ટ્રીય રોમિંગ ચાર્જ અને એરપોર્ટ પર નવા સિમકાર્ડ શોધવાની ઝંઝટનો હવે કાયમી અંત આવવા જઈ રહ્યો છે. મેટાની માલિકીની લોકપ્રિય મેસેજિંગ એપ્લિકેશન વોટ્સએપએ ગુરુવારે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું છે કે યુઝર્સ હવે ટૂંક સમયમાં જ વોટ્સએપ એપમાંથી બહાર નીકળ્યા વિના સીધા જ આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે ડેટા eSIM ખરીદી અને ઈન્સ્ટોલ કરી શકશે. આ નવી સુવિધાની સૌથી મોટી અને રાહતદાયક ખાસિયત એ છે કે વિદેશની ધરતી પર પગ મૂક્યા બાદ પણ મુસાફરો પોતાના મૂળ અને જૂના મોબાઈલ નંબર પર જ કોઈપણ અવરોધ વિના WhatsAppનો ઉપયોગ ચાલુ રાખી શકશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને વૈશ્વિક સ્તરે સફળ બનાવવા માટે WhatsApp એ ભારત અને વિશ્વની અગ્રણી ટેલિકોમ તથા eSIM પ્રદાતા કંપનીઓ સાથે હાથ મિલાવ્યા છે. કંપનીએ પોતાની સત્તાવાર બ્લોગ પોસ્ટમાં ખુલાસો કર્યો છે કે ભારતમાં આ સેવા પૂરી પાડવા માટે રિલાયન્સ જિયો સાથે ખાસ ભાગીદારી કરવામાં આવી છે, જ્યારે વૈશ્વિક સ્તરે વેરાઈઝન સ્માર્ટ એક્સિઆટા અને સ્માર્ટ કોમ્યુનિકેશન્સ જેવા દિગ્ગજો પણ આ નેટવર્કમાં જોડાયા છે. વોટ્સએપ ના જણાવ્યા અનુસાર, એપમાંથી eSIM ખરીદવાની અને તેને ફોનમાં એક્ટિવેટ કરવાની સમગ્ર પ્રક્રિયા કોઈને મેસેજ મોકલવા જેટલી જ સરળ અને ગણતરીના ટેપમાં પૂરી થઈ જશે, જેનાથી મુસાફરોને એરપોર્ટ પર સિમકાર્ડના કિઓસ્ક શોધવા કે મફત વાઈ-ફાઈ માટે કાફેમાં ભટકવાની જરૂર નહીં પડે. આ નવી પહેલ અંગે ઉત્સાહ વ્યક્ત કરતાં વોટ્સએપના વડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ પગલાંને ટેલિકોમ અને eSIM ક્ષેત્રે કંપનીના પ્રથમ ઐતિહાસિક પ્રવેશ તરીકે ગણાવ્યું હતું અને વિશ્વભરના અન્ય ટેલિકોમ ભાગીદારોને પણ આ મિશનમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. સમાવેશ થશે અને તેના ડેટા પ્લાનની કિંમતો વિશ્વભરમાં ત્રણ અબજથી વધુ સક્રિય યુઝર્સ ધરાવતા વોટ્સએપની આ સુવિધા ટૂંક સમયમાં દિવસોમાં જાહેર કરવામાં આવશે, જેના પર પસંદગીના દેશોમાં રોલઆઉટ કરવામાં પ્રવાસીઓ અને ટેક જગતની ખાસ નજર આવશે. જોકે, પ્રથમ તબક્કામાં કયા દેશોનો ટકેલી છે. (૨૨.૨૩)

એન્કર-સિંગર હરિતાબેન ચંદારાણાનો જન્મદિવસ



રાજકોટઃ જલારામ ઈવેન્ટ, રાજકોટનાં એન્કર અને સિંગર હરિતાબેન ચંદારાણાનો આજે જન્મદિવસ છે. જલારામ બાપામાં અપાર શ્રદ્ધા ધરાવતાં હરિતાબેન વર્ષોથી દર ગુરુવારે સ્લમ વિસ્તારોમાં જઈને નાના બાળકો અને જરૂરિયાતમંદ લોકોને ખીચડી-શાકની પ્રસાદી આપે છે.

લોહાણા મહિલા મંડળ સહિતની સંસ્થાઓમાં સેવા આપી રહયા છે. (૩૫-૨૨)



કેન્દ્રીય ગૃહ મંત્રાલયની એમઆરએમ સુવિધાથી બેંકોના ધક્કા ખાવામાંથી મુક્તિઃ સાયબર ઠગાઈ થાય તો તાત્કાલિક ૧૯૩૦ નંબર ઉપર ફરિયાદ નોંધાવવા અનુરોધ

સાયબર ઠગાઈનો ભોગ બનેલા લોકો માટે રાહતના સમાચારઃ ફ્રીઝ કરવામાં આવેલી રકમ પરત મેળવવા હવે ઘેરબેઠાં ઓનલાઇન અરજી કરી શકાશે

નવી દિલ્હી, તા.૨૭: સાયબર નાણાં પરત મેળવવામાં મદદ કરવા ઠગાઈનો ભોગ બનેલા નાગરિકોને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મની રિસ્ટોરેશન મોડ્યુલ (એમઆરએમ) સુવિધા કાર્યરત કરવામાં આવી છે.

આ સુવિધા હેઠળ ફરિયાદના આધારે ઠગોના બેંક ખાતામાં ફ્રીઝ કરવામાં આવેલી રકમ પરત મેળવવા ઓનલાઈન અરજી કરી શકાશે.

અરજદારે સાયબર ફરિયાદનો ૧૪ આંકડાનો નંબર, ઓટીપી, બેંક ખાતાની વિગતો અને પાનકાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. અરજી કર્યા પછી મળેલા નંબરથી તેની સ્થિતિ જાણી શકાશે.

આ સુવિધા એપ્રિલ ૨૦૨૬થી કાર્યરત છે. જોકે તમામ ગુમાવેલાં નાણાં પાછાં મળવાની ખાતરી નથી. નંબર ઉપર ફરિયાદ કરવી જરૂરી છે. સાયબર ઠગાઈ થતાં તાત્કાલિક ૧૯૩૦ (૨૨.૨૮)

ટીવીએસ જ્યુપિટર: ૧ કરોડ ભારતીયોનો વિશ્વાસ જીતનારૂ ભારતનું પોતીકું સ્કૂટર



રાજકોટ, તા.૨૭: ટીવીએસ VENUનો એક હિસ્સો અને ટૂ-વ્હીલર તથા થ્રી-વ્હીલરના ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રણી એવી ટીવીએસ મોટર કંપનીએ આજે તમિલનાડુના હોસુર ખાતે આવેલા પોતાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાંથી ટીવીએસ જ્યુપિટરના ૧ કરોડમા યુનિટનું ઉત્પાદન પૂરું થવાની જાહેરાત કરી છે. આ સાથે જ, ટીવીએસ જ્યુપિટર ૧ કરોડના સંચિત ઉત્પાદનનો આંકડો પાર કરનારી ભારતની સૌથી ઝડપી અને સૌથી યુવા સ્કૂટર બ્રાન્ડ બની છે.

છેલ્લાં ૧૩ વર્ષમાં ટીવીએસ જ્યુપિટરે વિકસતા ભારતની સાથે વિકાસ સાધ્યો છે અને સમગ્ર દેશના પરિવારોની રોજિંદી અવરજવરનો અભિન્ન હિસ્સો બની ગયું છે. વર્ષ ૨૦૧૩માં ઝ્યાદા કા ફાયદા ના વિચાર સાથે રજૂ થયેલી આ બ્રાન્ડે લોકોને વધુ આપવાના અભિગમ સાથે રોજિંદી અવરજવરની વ્યાખ્યા જ બદલી નાખવાનો ઉદેશ રાખ્યો હતો. આ સિદ્ધિ અંગે ટીવીએસ મોટર કંપનીના પીપલ મોબિલિટી, ઈન્ડિયા 2W બિઝનેસના સીનિયર વાઈસપ્રેસિડેન્ટ અનિરુદ્ધ હલ્દરે જણાવ્યું હતું કે, 'છેલ્લાં એક દાયકામાં ભારતની સામૂહિક વિચારસરણીમાં મોટું પરિવર્તન આવ્યું છે. પહેલાં મર્યાદિત સાધનોમાં સંતોષ માનવાની માનસિકતા હતી પરંતુ હવે તેની જગ્યાએ આત્મવિશ્વાસ, વિકાસ અને સમૃદ્ધિની ભાવનાએ સ્થાન લીધું છે.(૨૩.૨૩)

અવસાન નોંધ

કરૂણાબેન જોષી

રાજકોટ: મચ્છુ કાઠીયા મોઢ બ્રાહ્મણ મોરબી નિવાસી ગીરજાશંકર ભાણજી જોષીના પુત્ર શ્રી દિપકભાઈ ગીરજાશંકર જોષી હાલ રાજકોટના ધર્મપત્ની કરૂણાબેન દિપકકુમાર જોષી તે રોનકભાઈ જોષી, કિંજલબેન જોષીના માતુશ્રી હર્ષદપુર નિવાસી હરેશભાઈ જાની, પંકજભાઈ જાની તેમજ સ્વ. વિનોદભાઈ જાનીના બહેન તથા પિયુષભાઈ,નીલેશભાઈના કાકીનુ દુઃખદ અવસાન થયેલ છે. પીયરપક્ષનું બેસણું તા.૨૮ ને શનિવારના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ રાખેલ છે. મચ્છુ કાઠીયા મોઢ બોર્ડિંગ,મીલપરા મેઈન રોડ, રાજકોટ. દિપકભાઈ:૮૩૪૭૭ ૩૭૮૫૩,રોનકભાઈ: ૭૬૦૦૧ ૬૦૧૩૯,પંકજભાઈ:૯૯૨૪૭ ૯૨૬૧૨.(૩૫-૧૮)



VYO શ્રીનાથધામ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પૂ.વ્રજરાજકુમારજીના જન્મદિવસે ભવ્ય અન્નકુટ

રાજકોટ : વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના ૪૮મા મંગલ જન્મદિવસ નિમિત્તે VYO શ્રીનાથ ધામ હવેલી ખાતે શ્રી પ્રભુ સુખાર્થે ભવ્ય અન્નકૂટ મનોરથ યોજાયો હતો, જેમાં ૫૧ કિલો અન્નની સખડીની વિવિધ સામગ્રી અને ૧૧ ડબ્બા ઘીની સામગ્રીથી શ્રી પ્રભુને ભોગ ધરાવવામાં આવ્યો હતો અને શિખરની અતિ દિવ્ય સજાવટ કરવામાં આવી હતી, વડોદરાના માંજલપુર સ્થિત વ્રજધામ સંકુલ ખાતે સનાતન વૈદિક પરંપરા અનુસાર શાસ્ત્રોક્ત વિધીથી દીર્ઘાયુષ્ય, આરોગ્ય અને મંગલમય જીવનની અર્થના સાથે માર્કંડેય પૂજન કરવામાં આવ્યું હતું, જ્યારે રાજકોટ ખાતે જાહેર અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, આ મંગલ અવસરે પરમ પૂજ્ય શ્રી ઘુમિલકુમારજી મહારાજશ્રી, પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી મહારાજશ્રી, વલ્લભકુલ પરિવારના સભ્યો,ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદ્યોગપતિ મૌલેશભાઈ ઉકાણી, વિવિધ સમાજના અગ્રણીઓ, સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રના મહાનુભાવો, VYOના સભ્યો તથા હજારો વૈષ્ણવો અને સર્વ સમાજના ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા લાઈફ બ્લિસ - શ્રીકૃષ્ણ સ્વરૂપ ચક્ર બેલેન્સિંગ મેડિટેશન, ફીડ ધ હંગ્રી, હર ઘર ગૌ, સનાતન સ્કૂલ, રાષ્ટ્ર સેવા તથા કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ જેવા અભિયાનો દ્વારા ધર્મ, શિક્ષણ, સંસ્કાર અને માનવતાનો સમન્વય સાધ્યો છે, આ સમારોહ માત્ર જન્મદિવસની ઉજવણી ન રહેતા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, સનાતન સંસ્કૃતિ પ્રત્યેનું સમર્પણ, સામાજિક સમરસતા અને માનવસેવાની ભાવનાનો ભવ્ય મહોત્સવ બની રહ્યો હતો, અન્નકૂટ મહોત્સવનો પ્રસાદ વૈષ્ણવોને તેમજ ગરીબોમાં વિતરણ કરવામાં આવ્યો હતો. (૯.૨૮)



શહેર ભાજપ દ્વારા વિધાનસભા-૬૮ વોર્ડ નં.૪માં સંવિધાન ગૌરવ યાત્રા

રાજકોટ: સવિધાન દિવસ નિમિત્તે રાજકોટ શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વોર્ડ માં સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું તે અંતર્ગત વિધાનસભા ૬૮, ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં. ૪ માં રાજ્યસભાના સાંસદ અને ભારતીય જનતા પાર્ટી, બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમરપાલ મૌર્યજી અને વિધાનસભા ૬૮ ના ધારાસભ્ય ઉદય કાનગડ ની ઉપસ્થિતિમાં સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.. યાત્રા દરમિયાન ભારતના બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરજીને ભાવભીનાં વંદન કરી તેમના રાષ્ટ્રનિર્માણ અને સામાજિક ન્યાય માટેના અમૂલ્ય યોગદાનને સ્મરણ કરવામાં આવ્યું હતું. આ સવિધાન ગૌરવ યાત્રામાં બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય મંત્રી દશરથભાઈ ઠાકોર, શહેર ભાજપ મહામંત્રી લલિત વાડોલીયા. પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી ગૌતમ ગોસ્વામી, કોર્પોરેટરો કંકુબેન ઉધરેજા, રાજેશ્રીબેન માલવિયા, કાળુભાઈ કુંગશિયા, ભરતભાઈ લીંબાસીયા, વોર્ડ પ્રભારી જે ડી ભાખર, વોર્ડ પ્રમુખ કાનાભાઈ ડાંગેયા. વોર્ડ મહામંત્રી દિલીપ બોરીચા, પ્રવીણભાઈ પટેલ, સહિત વોર્ડ સંગઠનના વિવિધ શ્રેણી ના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બંધારણના મૂળભૂત સિદ્ધાંતો, નાગરિક અધિકારો, સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને જનજન સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ જણાવ્યું હતું કે, ભારતનું સંવિધાન માત્ર કાયદાઓનો દસ્તાવેજ નથી, પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓની આશા, આકાંક્ષા, અધિકારો અને રાષ્ટ્રીય એકતાનો આધારસ્તંભ છે. સંવિધાન આપણને અધિકારો આપે છે, પરંતુ સાથે દેશ અને સમાજ પ્રત્યેની ફરજોનું પણ ભાન કરાવે છે. લોકશાહીની સાચી શક્તિ ત્યારે જ પ્રગટ થાય છે, જ્યારે દરેક નાગરિક બંધારણીય મૂલ્યોનું સન્માન કરે અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે. આ તકે રાજ્ય સભાના સાંસદ અને ભાજપ બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમરપાલ મૌર્યજી એ જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબ આંબેડકરજીનું જીવન સંઘર્ષ, જ્ઞાન, સમાનતા અને સામાજિક પરિવર્તનની અદ્વિતીય પ્રેરણા છે. તેમણે સમાજના વંચિત, શોષિત અને પીડિત વર્ગોને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર મળે, દરેક વ્યક્તિને સમાન તક મળે અને ભારત એક ન્યાયી સમાજ તરીકે આગળ વધે તે માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. તેમના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે અને યુવા પેઢી માટે માર્ગદર્શક છે. સંવિધાન ગૌરવ યાત્રા માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ બંધારણ પ્રત્યેની શ્રદ્ધા, લોકશાહી પ્રત્યેની પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રના એકતાના ભાવને વધુ મજબૂત કરવાનો અવસર છે.(૨૩.૨૫)

અરવિંદ કેજરીવાલનું ભૂતપૂર્વ સત્તાવાર નિવાસસ્થાન, 'શીશ મહેલ', જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું

૩.૧૧.૫૬ લાખની કિંમતનું ઝુમ્મરઃ ૩.૫.૪૭ લાખની કિંમતનો સોફા...

૩.૫.૫૮ લાખની કિંમતની ખુરશીઓ, ૩.૬.૭૯ લાખની કિંમતનું સેન્ટ્રલ ટેબલ અને ૩.૫.૬૯ લાખની કિંમતના પડદાનો સમાવેશ થાય



નવી દિલ્હી: તા.૨૭: દિલ્હીની ભાજપ સરકારે આજે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૬, ફ્લેગસ્ટાફ રોડ સ્થિત સત્તાવાર બંગલાને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો. બંગલાની બહાર 'શીશ મહેલ' નામનો એક બોર્ડ લગાવવામાં આવ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બંગલાની કુલ કિંમત રૂ.૫૮ કરોડ ૮૩ લાખ ૬૬ હજાર ૩૧૪ છે. બંગલાના વિવિધ ભાગોની કિંમતો અને આંતરિક ભાગમાં વપરાયેલી સામગ્રી પણ જાહેર કરવામાં આવી છે. ચાલો જાણીએ કે કેમેરા અંદર ગયો ત્યારે શીશ મહેલમાં શું જોવા મળ્યું.

પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર બંગલામાં દરેક વસ્તુ, જેમાં પલંગ, સોફા અને ટેબલનો સમાવેશ થાય છે, તેની કિંમત નક્કી કરવામાં આવી છે. ડાઇનિંગ ટેબલ અને ખુરશીઓ રૂ.૩૦.૫૨ લાખમાં સૂચિબદ્ધ છે. પડદા રૂ.૫ લાખમાં સૂચિબદ્ધ છે, અને ઝુમ્મર રૂ.૧૧ લાખમાં સૂચિબદ્ધ છે. શીશ મહેલમાં સ્લાઇડિંગ દરવાજાવાળા લિવિંગ રૂમ રૂ.૪૧.૧૬ લાખમાં સૂચિબદ્ધ છે. પાવડર રૂમની કિંમત ૫.૮૦ લાખ રૂપિયા છે, જ્યારે લોબી વિસ્તારની કિંમત ૭.૫૮ લાખ રૂપિયા છે. રસોડામાં વસ્તુઓ ઉપર અને નીચે ખસેડવા માટેની ડમ્બવેટર લિફ્ટની કિંમત ૭ લાખ રૂપિયા હોવાનો અંદાજ છે. મીડિયા પ્રવાસ દરમિયાન, અધિકારીઓએ મોંઘા ફર્નિચરનું પ્રદર્શન કર્યું. આમાં રૂ.૧૧.૫૬ લાખની કિંમતનો ઝુમ્મર, રૂ.૫.૪૭ લાખની કિંમતનો સોફા, રૂ.૫.૫૮ લાખની કિંમતનો ખુરશીઓ, રૂ.૬.૭૯ લાખની કિંમતનો સેન્ટ્રલ ટેબલ અને રૂ.૫.૬૯ લાખના પડદાનો સમાવેશ થાય છે. બંગલાના નવીનીકરણ અને ફર્નિચરનો કુલ ખર્ચ રૂ.૫૮.૮૩ કરોડ હોવાનો અંદાજ છે. દિલ્હીના પીડબ્લ્યુડી મંત્રી પ્રવેશ વર્માએ અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કર્યા છે. મીડિયા સાથે વાત કરતા વર્માએ કહ્યું, 'અમારો એકમાત્ર ઉદ્દેશ્ય એ છે કે અહીં જનતાના પૈસાનું રોકાણ કરવામાં આવ્યું હોવાથી, આપણે જનતાને દરેક પૈસાનો હિસાબ આપવો જોઈએ. આપણે સમજાવવું જોઈએ કે તેમના પૈસા ક્યાં ખર્ચવામાં આવ્યા છે; હકીકતમાં, દરેક સરકારે પણ આવું જ કરવું જોઈએ. આ જ હેતુ માટે આ સુવિધા દિલ્હીના લોકો માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આજે અમે મીડિયાને આમંત્રણ આપ્યું છે; ખૂબ જ ટૂંક સમયમાં, દિલ્હીના લોકો પણ તેને જાતે જોઈ શકશે. અમે આ પ્રોજેક્ટ માટે ખરીદેલી વસ્તુઓની સંપૂર્ણ વિગતો જાહેર કરી છે.' આખો દેશ આ સત્યને પોતાની આંખોથી જોઈ શકશે - કપિલ મિશ્રા દિલ્હીના મંત્રી કપિલ મિશ્રાએ કહ્યું, 'આજથી, દિલ્હી અને સમગ્ર દેશ આ 'કાચનો મહેલ' જોઈ શકશે. આજે, તે મીડિયા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. તમારા કેમેરા દ્વારા, આખો દેશ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન દિલ્હી ઓક્સિજન માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે કેજરીવાલ દ્વારા રમાયેલી ભ્રષ્ટાચાર અને લૂંટની ઘૃણાસ્પદ રમત જોઈ શકશે. જે વ્યક્તિએ એક સમયે એક રૂમના ઘરમાં રહેવાનો દાવો કર્યો હતો તેણે જાહેર પૈસાનો ઉપયોગ કરીને મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યો છે. અહીં વપરાતી સામગ્રી વિશ્વના વિવિધ દેશોમાંથી આયાત કરવામાં આવી છે: વિયેતનામથી માર્બલ, બીજા દેશથી ક્રોકરી અને બીજા દેશથી ટેબલ. આજે, તમારા કેમેરા દ્વારા, આખો દેશ આ સત્યને પોતાની આંખોથી જોઈ શકશે.' ભાજપે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પર ગંભીર આરોપ લગાવ્યો છે. દિલ્હી સરકારના મંત્રી પરવેશ વર્માએ અરવિંદ કેજરીવાલની તુલના ફિલ્મ 'ધૂરંધર'ના રહેમાન ડાકોઈટ સાથે કરી છે. તેમણે કહ્યું કે દિલ્હીના લોધી એસ્ટેટમાં કેજરીવાલને ફાળવવામાં આવેલા બંગલાની તસવીરો જોઈને બધા આશ્ચર્યચકિત છે.(૪૧.૨૮)



ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે રવિવારે ઓશો વિપસ્યના ધ્યાન શિબિરનું આયોજન

સ્વામી ધ્યાન અશોક શિબિરનું સંચાલન કરશે : નામ નોંધણી જરૂરી



રાજકોટ : આગામી તા. ૨૯ રવિવારે કિશાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે ઓશો વિપસ્યના ધ્યાન શિબિરનું આયોજન સ્વામી સત્યપ્રકાશજી તેમજ માં ધ્યાન લીલા દ્વારા કરવામાં આવેલ છે.

આ ધ્યાન શિબિર સવારના ૬ વાગ્યે ડાયનેમિક મેડીટેશનથી શરૂ થશે અને રાત્રે ૮ વાગ્યે સંધ્યા સત્સંગ પૂર્ણ થયે સમાપ્ત થશે. આ ઓશો વિપસ્યના ધ્યાન શિબિર સ્વામી ધ્યાન અશોક (ડો. રમેશભાઈ દેવાણી)ના માર્ગદર્શનમાં સવારે ૮ વાગ્યેથી સાંજના ૬ વાગ્યા સુધી સંચાલન કરશે. આ ઓશો વિપસ્યના ધ્યાન શિબિર નિઃશુલ્ક (સ્વૈચ્છિક અનુદાન) આધારિત છે. શિબિર દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થા રાખેલ છે. બહારગામના મિત્રો માટે રાત્રી રોકાણની પણ સુવિધા રાખેલ છે.

શિબિરના સંચાલક સ્વામિ ધ્યાન અશોકનું કેહવું છે કે વિપસ્યના ધ્યાન પદ્ધતિ એ ભગવાન બુદ્ધ દ્વારા નિર્મિત પદ્ધતિ છે ભગવાન બુદ્ધે આ વિશ્વના માનવ સમૂદાયના કલ્યાણ અર્થે બે જ પદ્ધતિ / પ્રયોગો વિકસિત કર્યા. જેમાં એક અનાપાન સતિ યોગ અને બીજું વિપસ્યના. ભગવાન બુદ્ધ કહે છે કે મનની શાંતિ માટે અને જીવનને આંતરિક આનંદિત જીવવા માટે તેમજ આધ્યાત્મિક પરમ આનંદ પામવા માટે આ બે પદ્ધતિ ખૂબ જ કારગર સાબિત થઈ શકે એમ છે.

વિપસ્યના અને આનાપાન સતિ ધ્યાન પદ્ધતિ માત્ર સાધક પૂરતી સીમિત ના હોય વિશ્વના તમામ માનવ સમુદાયના જીવનને આનંદીત, ચિંતારહિત, પ્રેમપુર્ણ અને કરૂણામય માનવ જીવનના કલ્યાણ અર્થે ખુબ જ કામયાબ અને સફળ થઈ રહી છે અને તેથી જ આ પદ્ધતિને માઈન્ડ ફુલનેશ પદ્ધતિ પણ કહેવાય છે.

સાર્થકોને માત્ર સાધના હેતુ જ નહીં પણ સામાન્ય જીવન જીવતા તમામ મનુષ્ય માટે સદગુરુ ઓશો દ્વારા પણ ઘણા ધ્યાન પ્રયોગો નિર્મિત થયેલ હોય. જેમ કે ડાઈનેમિક મેડીટેશન, કુંડલીની મેડીટેશન, નાદબ્રહ્મ , નટરાજ, કીર્તન ધ્યાન, તેમજ સાઈલન્ટ સત્સંગ, વિપસ્યના અને બીજા ઘણા બધા ધ્યાન પ્રયોગો દ્વારા મનુષ્ય પોતાના મન અને ચેતના દ્વારા પોતાનો માર્ગ શોધી જીવનને આત્મિક વિકસિત કરી શકે છે.

આ શિબિરમાં લાભ લેવા માટે (૧) સ્વામી સત્યપ્રકાશજી મો.નં. ૯૪૨૭૨ ૫૪૨૭૬(૨)સ્વામી જીનસ્વરૂપજી મો.નં. ૯૪૨૮૨ ૦૨૨૫૫(૩) માં ધ્યાન લીલા મો.નં.૯૯૭૪૦ ૩૭૭૩૭નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. (૩૬.૧૬)





ભારતીય બંધારણ એ માત્ર કાયદાઓનો સંગ્રહ નથી, પણ આપણી લોકશાહીનો ધબકતો આત્મા છે : ડો. રાજેશભાઈ દવે

રાજકોટ : ભારતીય બંધારણ એ માત્ર કાયદાઓનો સંગ્રહ નથી, પણ આપણી લોકશાહીનો ધબકતો આત્મા છે. તે દેશના દરેક નાગરિકને સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાની ખાતરી આપે છે તથા મૂળભૂત અધિકારો દ્વારા લોકોને નિર્ભય બનીને પોતાનો અવાજ ઉઠાવવાની તાકાત આપે છે. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી સરકારને લોકો પ્રત્યે જવાબદાર રાખે છે અને કોઈ પણ સંસ્થાને મનસ્વી બનતા રોકે છે. વિવિધ ભાષાઓ, સંસ્કૃતિઓ અને પરંપરાઓ ધરાવતા વિશાળ દેશને એકતાના તાંતણે બાંધી રાખવાનું કામ પણ બંધારણના લોકશાહી મૂલ્યો કરે છે. તેમ ભારત સેવક સમાજ અને યુથ ફોર ડેમોક્રેસી દ્વારા સંવિધાન દિવસ નિમિત્તે વકતવ્ય આપા હ્યુમન રાઈટ્સ ડિપાર્ટમેન્ટના આસિ.પ્રો. અને સમાજકાર્ય ભવનના અધ્યક્ષ ડો. રાજેશભાઈ દવે અને યુવા એડવોકેટ ગૌતમભાઈ દવેએ જણાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા યુથ ફોર ડેમોક્રેસીના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયાએ સંવિધાન દિવસે યોજાયેલ આ કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો. એડવોકેટ વિનુભાઈ ગોસલીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમનું આભાર દર્શન ભારત સેવક સમાજના મંત્રી જનાર્દનભાઈ પંડ્યાએ તથા સંચાલન એમ. જે. ચંદેએ કરેલ હતું. આ કાર્યક્રમમાં લોક વિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર ડો. રમેશભાઈ ભાયાણી, ભાનુભાઈ શુક્લ, જીતેશભાઈ પંડીત, નિતિનભાઈ અગ્રાવત, વી.ડી.બાલા, ભાવેશભાઈ આચાર્ય, કથાકાર નિશિથભાઈ ઉપાધ્યાય, સતિષભાઈ જોષી, પરેશભાઈ પંડ્યા, ગજેન્દ્રસિંહ ઝાલા, પ્રકાશભાઈ મોરી, અનિલભાઈ પાટીલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (૧૬.૪)

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ **અંકુરભાઈ આર. દેસાઈ એડવોકેટ-ગોંડલ** વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, **ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના ગોંડલ શહેર તાલુકાના ગોંડલ-૫ ગામના રેવન્યુ સર્વે નં.૭૨૪/૨ પૈકી ૪,ની ખેતીની સીમ જમીન જેના હે.૦-૪૮-૫૬ ખેતર નામે 'વળાવવાળુ' જેના રેવન્યુ ખાતા નં.૪૯૯** વાળી ખેતીની સીમ જમીન **શ્રી ભાવેશભાઈ ઘુસાભાઈ વેકરીયાના** સ્વતંત્ર ખાતે તથા નામે આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન અંગેના માલિકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો લાગ-ભાગ દરદાવો વારસાઈ હકક,ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ, બોજો ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત,હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોયતો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી.કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે સ્પષ્ટ નોધ લેશો.

સ્થળ: ગોંડલ તા. ૨૭-૧૧-૨૦૨૬

અંકુરભાઇ આર. દેસાઈ બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ

એડ્રેસ: કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૨૩૮૭ ૪૨૭૭૫

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ **ગૌતમ એ. શેખડા એડવોકેટ - ગોંડલ** વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, **ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના રૂપાવટી ગામના બિનખેતી રેવન્યુ સર્વે નં.૧૩૫ પૈકીની જમીન એકર ૫-૦૦ ગુંઠાના પાકવામાં આવેલ રહેણાંક હેતુના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૮ ની જમીન ચો.મી. ૩૫૨-૨૦** વાળી રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન **શ્રી દામજીભાઈ ભીમજીભાઈ પાદરીયા** ના સ્વતંત્ર નામે આવેલ છે. સદરહું રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન જમીન અંગેના માલીકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો લાગ-ભાગ દરદાવો વારસાઈ હકક,ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ, બોજો ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત,હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોયતો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે સ્પષ્ટ નોધ લેશો.

સ્થળ: ગોંડલ તા. ૨૭-૧૧-૨૦૨૬

ગૌતમ એ. શેખડા બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ

એડ્રેસ: કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૧૪૧૯ ૨૦૧૧૧

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ **વાજડી (વીરડા) ના રેવન્યુ સર્વે નં.૪૧/૧** પૈકીની **''કૈલાશ પાર્ક-એ''** તરીકે ઓળખાતી બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૮ ની જમીન ચો.વા.આ.૨૮૮-૪૬ બરાબર ચો.મી.આ.૨૪૧-૧૯** વાળો ખુલ્લો પ્લોટ **પ્રતાપભાઈ આણંદભાઈ ગઢવી** પાસેથી ખરીદ કરવાનું નકિક કરેલ છે.

ઉપરોકત વિગતેની મિલ્કત અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી, જો નિયત સમય મર્યાદામાં કોઈપણ વ્યકિતના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, વાંધા-તકરાર આવશે નહી તો, ઉપરોકત મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, વારસાઈ, દરદાવો નથી કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર નથી અને હોઈ તો તે જતા (Waive) કરેલ છે તેમ સમજી અમારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યાર બાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી. જે બાબતની જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬ અમારા મારફત :-

ચેતન જે. ચોવટીયા એડવોકેટ મો. ૯૬૨૪૨ ૧૨૩૩૩

ઉમેશ કોમર્શીયલ કોમ્પલેક્ષ, ઓફીસ નં. ૨૧૨, ત્રીજો માળ, ચૌધરી હાઈસ્કુલની બાજુમા, કસ્તુરબા રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે મારા અસીલ **ચંદ્રકાંત ગોપાલભાઈ ઠકકર** ના પિતાશ્રી **સ્વ.ગોપાલભાઈ ઠકકર** ના નામે **રેવન્યુ સર્વે નં.૧૨૮/૧ પૈકી ૨** વાળી જમીન આવેલ છે. જે જમીન પર મારા અસીલ **ચંદ્રકાંત ગોપાલભાઈ ઠકકર** ના નામે **ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ** દ્વારા **ઔદ્યોગિક વસાહત** બનાવવામાં આવેલ છે. જે જમીન પર મારા અસીલ **ચંદ્રકાંત ગોપાલભાઈ ઠકકર** ના નામે **ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ** દ્વારા **પ્લોટ નં.૧૨૮/૧/૧૨** ની ફાળવણી કર

કોઠારીયા રોડ પૂજા પાર્કમાં શાકભાજીના ધંધાર્થીના ઘરમાંથી 3 લાખની રોકડની ચોરી

કડીયા કામ કરવા આવેલા ૨૫થી ૩૦ વર્ષના હિન્દીભાષી મજૂર કામ અધુરૂ મુકી ભાગી ગયોઃ તપાસ કરતાં રોકડ ગાયબ હતીઃ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૨૭ઃ શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલા પૂજા પાર્ક મેઈન રોડ પર રહેતાં શાકભાજીના વેપારીના ઘરમાંથી ૩ લાખની રોકડ સાથેના પર્સની ચોરી થઈ જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં ભક્તિનગર પોલીસે પૂજા પાર્ક મેઈન રોડ પર રહેતાં હેમંતભાઈ પ્રેમજીભાઈ વાઘેલા (ઉ.વ.૪૧)ની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધ્યો છે. તે હુડકો શાક માર્કેટમાં શાકભાજીનો વેપાર કરે છે. તેની સાથે પત્નિ રીના, પુત્ર મયુર તથા પુત્રી તનીષા સહિતના પરિવારજનો રહે છે. વધુ વિગત મુજબ હાલમાં તેના મકાનમાં રિનોવેશન અને ઓટાનું કામ ચાલી રહ્યું હોવાથી મકાનના કામ તેમજ શાકભાજીના વેપારીને નાણાં ચૂકવવા માટે તેમણે આશરે દસેક દિવસ પહેલાં ૫૦૦ના દરની નોટોના ૫૦,૦૦૦ના પાંચ બંડલ તથા ૨૦૦ અને ૧૦૦ના દરની નોટોનું ૫૦,૦૦૦નું એક બંડલ મળી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦ ગુલાબી રંગના લેડીઝ પર્સમાં મુક્યા હતાં.

ઘરમાં કલરકામ કરવાનું હોવાથી નીચેના રૂમમાંથી ઘરનો સામાન ખાલી કરીને ઉપરના રૂમમાં ખસેડાયો હતો, જેનો દરવાજો ફિટ કરવાનો બાકી હોવાથી ખુલ્લો હતો. દરમિયાન ઓટાનું કામ ચાલુ હોવાથી પરિચિત અને ઘરે ઈલેક્ટ્રિકનું કામ કરતા યોગેશભાઈ સાથે વાત કર્યા બાદ તા. ૧૯/૧૧ના રોજ સુતા હનુમાન મંદિર પાસે ઊભા રહેતા મજૂરોમાંથી આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના હિન્દીભાષી શ્રમિકને કડિયાકામ માટે લવાયો હતો. ત્યારબાદ બીજા દિવસે તા. ૨૦/૧૧ના રોજ સવારના આશરે સાડા નવેક વાગ્યે યોગેશભાઈએ જણાવેલો હિન્દીભાષી શ્રમિક ઘરે અધુરૂ ઓટાનું કામ પુરૂ કરવા આવ્યો હતો. આ શ્રમિક ઉપર મુકેલો કડિયાકામનો સામાન ઉપર-નીચે લેવા-મૂકવા જતો હતો અને બપોરના આશરે બે વાગ્યાની આસપાસ કોઈને જાણ કર્યા વિના કામ અધુરૂ મુકી જતો રહ્યો હતો. સાંજે પાંચેક વાગ્યે હેમંતભાઈ ઉપરના રૂમમાં રાખેલા સામાનમાં મુકેલા પર્સના પાકીટમાં તપાસ કરવા જતાં રૂા. ૩,૦૦,૦૦૦ રોકડા જોવા મળ્યા નહોતા. આ રકમ કડીયા કામ કરવા આવેલો હિન્દીભાષી શ્રમિક ચોરી ગયાની શંકા ઉભી થઈ હતી. ભક્તિનગર પોલીસમાં જાણ કરાતાં પીઆઈ જે. ડી. પરમારની રાહબરીમાં એએસઆઈ એચ. કે. ડાંગરે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. (૧૪.૧૧)

રાષ્ટ્રીય નેતા સંબિત પાત્રાના રાજકોટ ખાતેના કાર્યક્રમમાં શહેર ભાજપ લીગલ સેલના વકીલો મોટી સંખ્યામાં જોડાયા

રાજકોટઃ તા.૨૭,રાષ્ટ્રીય નેતા સંબિત પાત્રાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ વકીલ મિત્રોનો આભાર માનતું ભાજપ લીગલ સેલે આભાર વ્યકત કર્યો હતો.

રાજકોટના અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ માં ગઈ તા ૨૫ -૧૧-૨૦૨૬ ના રોજ પ્રમુખ નાગરિક સંમેલન કે જે આજરાજકતા હટાવો દેશ બચાવોના અનુસંધાને યોજાયેલ હતું જેમાં ભાજપના સાંસદ તેમજ પ્રવક્તા અને રાષ્ટ્રીય નેતા સંબિત પાત્રાએ પોતાનું વક્તવ્ય આપેલ હતું ભાજપ લીગલ સેલ રાજકોટ મહાનગર દ્વારા ઉપરોક્ત કાર્યક્રમ માટેના આમંત્રણ ને માન આપી આ કાર્યક્રમમાં ભાજપ લીગલ સેલ ના બહોળી સંખ્યામાં વકીલ મિત્રો હાજર રહેલ હતા જેમાં ખાસ કરીને પૂર્વ ડીજીપી તેમજ સિનિયર એડવોકેટ ગીરીશભાઈ ભટ્ટ, એસ.કે વોરા, લીગલ સેલના પ્રદેશ કારોબારી સભ્ય કિશોરભાઈ સખીયા, રાજકોટ મહાનગર સંયોજક પિયુષભાઈ શાહ, સહ-સંયોજક કમલેશભાઈ ડોડીયા, સિનિયર એડવોકેટ અર્જુનભાઈ પટેલ, પીસી ભાઈ વ્યાસ , બકુલભાઈ રાજાણી, દિલેશભાઈ શાહ, અજયભાઈ જોશી, મુકેશભાઈ દેસાઈ સી એચ પટેલ આબિદભાઈ શોષ, રાજકોટ મહાનગરપાલિકા બાગ બગીચા સમિતિના ચેરમેન રક્ષિતભાઈ કલોલા રાજકોટ મહાનગરપાલિકા લાઈટિંગ સમિતિના ચેરમેન પરેશભાઈ ઠાકર સંદીપ વેકરીયા તરુણભાઈ માથુર અનિલભાઈ ગોગીયા કિરીટભાઈ નકુમ તેમજ સમગ્ર સંખ્યા માટે



મહેનત કરનાર જયુસુખભાઈ બારોટ, શેફાત્રા, સહિતના નિવેદભાઈ પારેખ દિલસુખભાઈ રાઠોડ ,ચંપેનભાઈ ભાવસાર, યસ ચોલેરા નિશાંત જોશી ,હિરેનભાઈ ડોબરીયા, શિવરાજ સિંહ ઝાલા બાલાભાઈ અકબરભાઈ સુમરા , મોહિત ઠાકર મહિલા ,પ્રશાંતભાઈ પટેલ ,દીપ વ્યાસ ,અકબર સુમરા જીતેન્દ્ર ગીરી ગોસ્વામી, હિરેન ડોબરીયા કૈલાશભાઈ મૈયડ ,હેમાંશુ પારેખ ધારાશાસ્ત્રી હિરલબેન જોશીના નેતૃત્વમાં બહોળી સંખ્યામાં મહિલા વકીલ બહેનો પણ ઉપસ્થિત રહેલા હતા. (૩૫-૧૧)



કોન બનેગા મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન? રોહિત-બુમરાહ કે સૂર્યકુમારઃ સાંજે જાહેરાત

નવી દિલ્હીઃ પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ આજે સાંજે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૭ની સીઝન માટે એના નવા કેપ્ટનની જાહેરાત કરશે. આ મહિનાની શરૂઆતમાં ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પંજાબ કિંગ્સમાં ટ્રેડ કરવામાં આવ્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટનનું પદ ખાલી પડ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા ફરી એક વાર ટીમની કમાન સંભાળે એવી પ્રબળ શક્યતા છે. ઈન્ડિયાની મેન્સ ટી૨૦ઈન્ટરનેશનલ ટીમનો કેપ્ટન તિલક વર્મા વાઈસ-કેપ્ટન બને એવી અપેક્ષા છે, જોકે કેપ્ટન સાથે ડેપ્યુટીની જાહેરાત થશે કે નહીં એ વિશે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી. નેતૃત્વની ભૂમિકા માટે દાવેદાર ગણાતા અન્ય ખેલાડીઓમાં સૂર્યકુમાર યાદવ અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહનો સમાવેશ થાય છે. સૂર્યકુમાર યાદવે આ વર્ષે ઈન્ડિયાને ટી૨૦ વર્લ્ડ કપમાં વિજેતા બનાવ્યું હતું. જ્યારે જસપ્રીત બુમરાહે આઈપીએલમાં ધરમશાલા ખાતે પંજાબ કિંગ્સ સામેની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન્સી કરી હતી.

જો રોહિત શર્માના નામ પર મહોર લાગશે તો એ ટોચના પદ પર રોહિત શર્માનું પુનરાગમન હશે. રોહિત શર્માએ એક દાયકા કરતાં વધુ સમય સુધી મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ કર્યું હતું અને પાંચ વખત ચેમ્પિયન બનાવ્યું હતું. (૪૧.૧૭)





જસદણના શિવરાજપુરના યુવાનને સમાધાન માટે બોલાવી જમાઇ સહિતનાનો લાકડીથી હુમલો

રાજકોટ તા.૨૭ઃ જસદણના શિવરાજપુરના યુવાનને સમાધાન માટે બોલાવી જમાઈ સહિતના પરિવારજનોએ લાકડીથી હુમલો કર્યો હતો.

મળતી વિગમો મુજબ વજુભાઈ ભગુભાઈ સારોલિયા (ઉ.વ.૪૦) ધંધો.મજુરી રહે.શિવરાજપુર ગામે આરોપી (૧) પાંચાભાઈ બાબુભાઈ વાઘેલા, (૨) સાગરભાઈ પાંચાભાઈ, (૩) સાયરભાઈ પાંચાભાઈ વાઘેલા (૪) વિલાશબેન પાંચાભાઈ વાઘેલા (૫) હેતલબેન પાંચાભાઈ તથા અન્ય પાંચ ઈસમો રહે બધા અમરેલી જેશિંગપરા, શેરી નં.૧, તળાવના કાંઠે, તા.જી.અમરેલી સામે જસદણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ અમરેલી ખાતે રહેતા પાંચાભાઈ બાબુભાઈ વાઘેલાના દિકરા સાથે ફરીયાદીના દિકરીના લગ્ન આઠ મહિના અગાઉ થયેલ હતા અને દિકરી તથા જમાઈ સાયરભાઈ પાચાભાઈ વાઘેલાને અવારનવાર લડાઈ થતી હોય જેથી જસદણ પો.સ્ટે. ખાતે ફરીયાદ કરેલ હોય અને કેસ ચાલુ હોય જે બાબતને સમાધાન અર્થે ગોખલાણા રોડ કનૈયા હોટલ પાસે બોલાવી બાદ અચાનક પાચાભાઈ, સાગરભાઈ, વિલાશબેન પાંચાભાઈ વાઘેલા, હેતલબેન પાચાભાઈ તથા તેમના જોડે આવેલ અન્ય ઈસમો ગાળો આપી બાદમાં લાકડીથી ત્રણ ઘા મારેલ હતા જેથી ફરીયાદીને હાથના ભાગે ચાર ટાંકા આવેલ છે અને શરીરના ભાગે પણ સામાન્ય મુંઢ ઈજા પહોંચાડેલ હતી. આ ફરીયાદ અન્વયે જસદણ પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથધરી છે. (૨.૧૩)

ક્રિકેટ અને ફુટબોલ મેચ પર જુગાર રમતા બે શખ્સો ઝબ્બે

રેસકોર્સ રીંગ રોડ પર પીસીબી અને ક્રાઇમ બ્રાંચના દરોડા

રાજકોટ તા. ૨૭ઃ શહેરના રેસકોર્સ રીંગ રોડ નજીક પીસીબી અને ક્રાઈમ બ્રાંચે બે સ્થળે દરોડા પાડી ફોનમાં ઓનલાઈન ક્રિકેટ મેચ અને ફુટબોલ મેચ પર જુગાર રમતા બે શખ્સોને પકડી લઈ કાર્યવાહી કરી હતી.

રેસકોર્સ રીંગ રોડ પર બહુમાળી ભવન પાછળ આવેલી ટી-સ્ટોલ સામેની શેરીમાંથી પીસીબીના એએસઆઈ સંતોષભાઈ મોરી, કોન્સ. દેવરાજભાઈ કળોતરા સહિતના સ્ટાફે ફોનમાં આઈ.ડી. વડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં જયદીપસિંહ પ્રતાપસિંહ જાડેજા (ઉ.વ. ૩૩, રહે. પેસીફિક સ્ટાર એપાર્ટમેન્ટ, રેલનગર મેઈન રોડ, મુળ ઢાંક, તા. ઉપલેટા) ને પકડી લઈ રૂા. આઠ હજારનો ફોન કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ. પુષ્પરાજસિંહ ગોહીલ, અમિતભાઈ ટુંડીયા સહિતની ટીમે રેસકોર્સ રીંગ રોડ પર પોલીસ હેડ ક્વાર્ટરના ગેઈટ પાસેથી ફોનમાં આઈ.ડી. વડે ઓનલાઈન ફુટબોલ મેચ પર જુગાર રમતાં પરાગ દિલીપભાઈ કાનાણી (ઉ.વ. ૩૯, રહે. ધરમનગર શેરી નં. ૧, ભાડેથી, રામાપીર ચોકડી પાસે) ને પકડી રૂા. ૧૦ હજારનો ફોન કબ્જે કર્યો હતો. (૭.૨૬)

બાર એસો. દ્વારા આવતીકાલે ત્રિવેણી સંગમ કાર્યક્રમ હેઠળ મહિલા વકીલો- વકીલ કોર્પોરેટરોના સન્માન સાથે લીગલ સેમિનારનું આયોજન

રાજકોટ, તા.૨૭ઃ રાજકોટ બાર એસોસિયેશનના પ્રમુખ શ્રી સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, ઉપપ્રમુખ એસ કે જાડેજા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલીયા પ્રગતિબેન માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ તથા બાર કાઉન્સિલના કો-ચેરમેન દિલીપ પટેલના માર્ગદર્શન નીચે ભવ્ય આયોજન કરેલ છે. ત્રિવેણી સંગમરૂપી આ કાર્યક્રમમાં ત્રણ વિષય ઉપર લેક્ચર તથા ૨૫ વર્ષથી વધુ વકીલાત કરનાર મહિલા ધારાશાસ્ત્રી અદકેરુ સન્માન અને વકીલાત કરતા કોર્પોરેટર બનેલા તમામ વકીલોનું સન્માન કરવામાં આવશે. આમ ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં તમામ ઈચ્છુક ધારાશાસ્ત્રીઓને પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવા જણાવી લેવામાં આવે છે.

રાજકોટ બાર એસોસિએશન દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમની હારમાળા સજાવવામાં આવેલ છે. કાર્યક્રમ યોજવામાં આવેલ હતા. હાઈકોર્ટ બેંચ માટે આ વર્ષે અસરકારક પ્રતિનિતિ માટે રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે. આ વર્ષે ધારાશાસ્ત્રી માટે આધુનિક કાનૂની ક્ષેત્રની જાણકારી મળે તે માટે તે હેતુથી ડિજિટલ એવિડન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ (AI) જેવા મહત્વના વિષય ઉપર સેમીનાર યોજવામાં યોજેલ છે. આ ઉપરાંત મહિલાને લગતા કાયદા અંગે પણ નિષ્ણાતો દ્વારા સેમિનાર યોજેલ છે. આ ત્રણ વિષય ઉપર ગુજરાતના નામાંકિત તેજસ્વીઓ જ્ઞાન પીરસો.આટલો ભવ્ય કાર્યક્રમ હોવા છતાં સેમીનારમા માત્ર સો રૂપિયા પ્રવેશ ફી રાખવામાં આવેલ છે. માથાદીઠ સંખ્યાને ધ્યાનમાં લઈ વહેલા તે પહેલા ધારાશાસ્ત્રીઓ લાયબ્રેરીમાં તુષારભાઈ પાસે રજીસ્ટ્રેશન કરાવવા જણાવેલ છે. આ આયોજનને સફળ બનાવવા કારોબારી સભ્યો હિરલબેન જોશી, નિશાબેન લુણાગરિયા, મીનલબેન સોનપાલ, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી સંજય ડાંગર, અશ્વિન રામાણી, કલ્પેશ સાકરીયા, દીપ વ્યાસ તેમજ કો-મેમ્બર રક્ષાબેન ઉપાધ્યાય આ આયોજનને સફળ બનાવવા મહિલા બાર એસોસિયેશનના પ્રમુખ નયનાબેન ચૌહાણ, મહેશ્વરીબેન ચૌહાણ, બીનલબેન રવેશિયા, ધારાબેન મૂળશા તથા નોટરી એસોસિયેશનના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, દિલીપ મહેતા, યોગેશ ઉદાણી, આર. ડી. ગોહિલ, રેવન્યુ બાર એસોસિયેશનના પ્રમુખ રમેશભાઈ કથીરિયા, વિજય તોગડિયા તેમજ ક્લેમ બારના પ્રમુખ નિકુંજ શુક્લા, પ્રિયાંક ભટ્ટ, રાજેશ મહેતા સહિતના તમામ બાર એસોશિયેશન હોદેદારો કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરી રહેલ છે. આ કાર્યક્રમ અટલ બિહારી બાજપાઈ હોલમાં શનિવારે સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીનો રહેશે. (૩.૧૦)

હરીપર ગામની જમીન વહેચણીની નોંધ સામેની રીવીઝન અરજી મંજુર કરતા જી. કલેકટર

રાજકોટ, તા. ૨૭ઃ રાજકોટ કલેકટરે હરીપર ગામ જમીન વહેંચણીની નોંધ અંગે મહત્વનો ચુકાદો આપેલ છે.

કેસની હકીકત જોવામાં આવે તો રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ગામ હરીપરના રેવન્યુ સર્વે નં. ૨૫૪ 'જાવાવાળુ'ના નામે ઓળખાતી ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૪૧-૬૪ વાળી ખેતીની જમીન લાલજીભાઈ મેઘજીભાઈ ગમારાના નામે નોંધ નં. ૧૪૬૯ થી તેમના નામે આવેલ છે. લાલજીભાઈ મેઘજીભાઈ ગમારાએ તેમની જમીન ગેરકાયદેસર રીતે કાયદાકીય પ્રોસીજર કર્યા વગર તેમના અનૌરસ સંતાન પુત્ર રવિભાઈ લાલજીભાઈ ગમારાના એકના નામે હયાતીમાં વહેંચણીથી ટ્રાન્સફર કરી દીધેલ, જેની ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૨૨૩૫, તા. ૨૪/૦૯/૨૦૧૨ થી હયાતીમાં વહેંચણીની નોંધ નાખેલ.

સદરહુ નોંધ સામે અરજદાર અમુબેન લાલજીભાઈ ગમારા વિગેરેએ નાયબ કલેકટર રાજકોટ શહેર-૨ સમક્ષ અપીલ કરેલ, જે નાયબ કલેકટર રાજકોટ શહેર-૨ નાએ માઈન્ડ એપ્લાઈ કર્યા વગર ડીલેના ગ્રાઉન્ડ સબબ ના-મંજુર કરેલ છે.

જેથી નારાજ થઈ અમુબેન લાલજીભાઈ ગમારા વિગેરેએ રાકેશ કોઠીયા એડવોકેટ મારફતે રાજકોટ કલેકટર સમક્ષ રીવીઝન અરજી દાખલ કરેલ છે. કલેકટર સમક્ષ સત્ય હકીકત રજુ કરેલ કે લાલજીભાઈ મેઘજીભાઈ ગમારાએ તેમની હયાતીમાં નોંધ નં. ૨૨૩૫ ખોટી રીતે નાખેલ છે. કારણ કે કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે લાલજીભાઈ મેઘજીભાઈ ગમારા અને ભાવનાબેન મેઘજીભાઈ ગમારા (ડો/ઓફ ધીરજલાલ કુબાવત)ના તા. ૦૧/૦૪/૧૯૯૨ ના રોજ નોટરાઈઝડ છુટાછેડા થઈ ગયેલ છે અને તે છુટાછેડાના દસ્તાવેજમાં



રાકેશ ટી. કોઠીયા
એપેલેન્ટના એડવોકેટ

વિગતો જણાવેલ છેં

કુઆપણે બંને પક્ષકારોના લગ્ન તા. ૨૧/૦૫/૧૯૯૦ ના રોજ થયેલા હતા અને આ લગ્ન જીવન દરમ્યાન કાંઈ બાળક થયેલ નથી, તેમજ આજની તારીખે પક્ષકાર નં. ૨ નાને કોઈ પેટમાં બાળક રહેલ નથી.ઙ્ઘ તેમજ પારા-૫ માં એવી હકીકત જણાવેલ છે કે ક્રપક્ષકાર નં. ૧ ના પક્ષકાર નં. ૨ ના પતિ રહેતા નથી તેમજ પક્ષકાર નં. ૨ ના પક્ષકાર નં. ૧ ના પત્ની રહેતા નથી.ઙ્ઘ

આમ લાલજીભાઈ ગમારા અને ભાવનાબેનના છુટાછેડા થઈ ગયેલ હોય, ભાવનાબેન તેમના પત્ની ન હોય અને તેમને કોઈ સંતાન ન હોય છતાં આ કામમાં નોંધ નં. ૨૨૩૫ ભાવનાબેનના દિકરાનું નામ ચડાવેલ છે, જે કાયદાની જોગવાઈ મુજબ રદ થવાને પાત્ર છે. ત્યારબાદ રાકેશ કોઠીયાએ રીવીઝન અરજીમાં એવું સ્પષ્ટ જણાવેલ કે અમુબેન લાલજીભાઈ ગમારા તેમના કાયદેસરના પત્ની છે અને રૂપલબેન તેમના કાયદેસરના વારસદાર પુત્રી છે, તેમજ રાધિકા લાલજી મેઘજી ગમારા તથા રૂચિતા લાલજી મેઘજી ગમારા લાલજીભાઈની કાયદેસરની પુત્રીઓ છે, જેના આધારો અને પુરાવાઓ રજુ રાખેલ.

જેથી જિલ્લા કલેકટર દ્વારા બંને પક્ષકારોને સાંભળી, રજુ થયેલા તમામ પેપર્સનો અભ્યાસ કરી એવા તારણ ઉપર આવેલ કે રજીસ્ટ્રેશન એક્ટની જોગવાઈ મુજબ વેચાણ, ગીરો, બક્ષીસ કે તબદીલ કરવી હોય તો રૂ. ૧૦૦ થી વધારે કિંમતની કોઈપણ મિલ્કત જ્યારે એકબીજાને ટ્રાન્સફર કરવામાં આવે ત્યારે દસ્તાવેજ રજીસ્ટર થવો જરૂરી છે. હાલના કેસમાં સામાવાળાએ માત્ર રૂ. ૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર અનરજીસ્ટર્ડ સંમતી સોગંદનામાને આધારે સીધીલીટીના વારસદાર ગણીને વહેંચણી કરવામાં આવેલ છે, જેમાં વાદગ્રસ્ત નોંધ મંજુર કરનાર અધિકારી અને અપીલ કેસમાં નીચલી કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ નથી તેમજ વારસાઈ આંબો અધુરી વિગતોવાળો જણાઈ આવે છે.

જેથી વાદગ્રસ્ત વહેંચણીની નોંધ ના-મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે આ કામની રીવીઝન મંજુર કરવામાં આવે છે અને હરીપર ગામે હકપત્રક નં. ૬ માં થયેલ નોંધ નં. ૨૨૩૫ ના-મંજુર કરવા આથી હુકમ કરવામાં આવે છે અને નાયબ કલેકટર દ્વારા થયેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

આ કામમાં એપેલન્ટ અમુબેન લાલજીભાઈ ગમારા વિગેરે વતી રાજકોટના એડવોકેટ રાકેશ ટી. કોઠીયા (એડવોકેટ એન્ડ નોટરી) તથા વિવેક અકબરી, એન. આર. કોઠીયા રોકાયેલા હતા. (૯.૨૪)

કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૧૯ માં એડી. સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ પ્રિયા દુઆ સાહેબશ્રી ની કોર્ટમાં (રાજકોટ) કોર્ટમાં પરચૂરણ અરજી નં. ૭૫૪૪/૨૦૨૬ ના કામના અરજદાર શ્રી સિદપરા અનિલભાઈ બટુકભાઈ રહે. ગામ : મહીકા તા.જી. રાજકોટ. ના એ તેના પિતા સ્વ સિદપુરા બટુકભાઈ સવજીભાઈ નું અવસાન તા. ૨૯/૧૦/૨૦૨૪ ન રોજગામઃ મહીકા તા.જી. રાજકોટ મુકામે તેના રહેણાક મકાનમાં અવસાન થયેલ હતું જે અવસાન નોંધ શ્રી મહીકા ગ્રામ પંચાયતના મરણ રજીસ્ટર માં કરાવવા સારું તેમના વકીલ શ્રી રાજ એમ. મારૂ મારફત અત્રે ની કોર્ટ માં ઉપરોકત વિગતવાળી પરચુરણ અરજી દાખલ કરેલ છે તે સબંધે જે કોઈ વ્યકિતને વાંધા તકરાર હોય તો તેમને મુદત તારીખ ૩૦/૧૨/૨૦૨૬ ના રોજ અત્રે ની રાજકોટ ના મહેરબાન ૧૯ માં એડી. સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ પ્રિયા દુઆ સાહેબશ્રી ની કોર્ટમાં (રાજકોટ) કોર્ટમાં ડ્રિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ એફ.સી.આઈ. ગોડાઉન પાસે માધાપર રાજકોટ સમક્ષ રજૂ કરવા, ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૬ માંહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

તૈયાર કરનાર (એમ. બી. ગાબુ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૨૦ માં એડી. સિનિયર સીવીલ જજ સાહેબ **શ્રી સુનિલ ચૌધરી** સાહેબ ની કોર્ટમાં **દીવાની પરચૂરણ અરજી નંબર ૨૩૪૩/૨૦૨૬** થી અરજદાર **મુકેશગીરી બાબુગીરી ગોસ્વામી એ સ્વ. બાબુગીરી ભીખાલાલ ગોસ્વામી** ની સ્થાવર મિલકત અંગે જે હેરશિપ સર્ટિફિકેટ સી.એમ.એ નંબર - ૧૮૨૮ - ૨૦૨૩ થી મેળવેલ તે સર્ટિફિકેટ માં ચૂક સુધારો જે પૈકી ૨૦૧.૬ ચોરસ વાર ની બદલે ૧૦૦.૮૦ ચોરસ વાર કરવા તેમજ દક્ષિણ દિશામાં પ્લોટ નંબર ૧૩ ની બદલે પ્લોટ નંબર - ૧૨ પૈકી જમીન આવેલ છે તે તરફ માપફુટ ૫૫-૦૦ છે તેવા સુધારા કરવા અંગે અરજી તેમના **વકીલો શ્રી ભાવેશ ડી રંગાણી, વિશાલ એસ. ગિણોયા, ઈશાન એચ. ભટ્ટ તથા રુતુરાજસિંહ આર. ઝાલા** મારફતે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે, તે સંબંધે જો કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૦૭.૦૧.૨૦૨૭ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૬ માંહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

તૈયાર કરનાર (આર. પી. કુવાડીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

લોધીકા તાલુકાના ગામ ચીભડાના રેવન્યુ સર્વે નં.૧૨૬ (જુના સર્વે નં.૫૬) ની "ધારવાળુ" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન એકર ૩-૨૫ ગુંઠા અંગે.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, લોધીકા તાલુકાના ગામ **ચીભડાના રેવન્યુ સર્વે નં.૧૨૬ (જુના રેવન્યુ સર્વે નં.૫૬) ની 'ધારવાળું' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૪૭-૨૨ પટેલ લખમણભાઈ મોહનભાઈ રહે. મુ. લોધીકા, તા. લોધીકા, જી. રાજકોટના સ્વતંત્ર માલિકી અને કબજા, ભોગવટાની આવેલ છે. સદરહુ ઉપરોકત ખેડવાણ જમીન અમારા અસીલ તેના માલિક પાસેથી ખરીદ કરવા માંગે છે. સદરહુ ખેડવાણ જમીન બાબતે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ (આઠ) માં અમોને નીચે જણાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહીં, તો ઉપરોકત ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને જો હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા—તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની તમામએ નોંધ લેવી. રાજકોટ તા. ૨૭/૧૧/૨૦૨૬**

સૌરભ પી. પટેલ - એડવોકેટ
'આદર્શ સુખમ', ફોર્થ ફલોર, સંસ્કાર અને નક્ષત્ર-૨ બીલ્ડીંગની પાસે, કેકેવી. ચોકની પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના મોરબી જીલ્લાના **ટંકારા** તાલુકાના મોજે **ગામ છતર** ની નીચેની વિગતેની ખેતી જમીન તેઓના માલીક પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ખાતા નં.	રે.સ.નં.	હે.આરે.ચો.મી.	જમીન માલીક
૮૪૯	૨૦૯/૪	૦-૨૫-૨૯	શ્રી પીયુષ ચતુરભાઈ લીંબાસીયા
૮૪૯	૨૦૯/૫	૦-૪૦-૪૭	શ્રી પીયુષ ચતુરભાઈ લીંબાસીયા

રહે. મધુવન પાર્ક શેરી નં. ૫, મોરબી રોડ, રાજકોટ

સદરહુ મિલ્કત પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દશ)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી તો આ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણનો ચુકતે અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદ જો કોઈનો હકક, દાવો હોય તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬
અમારા મારફત
અનિલ જે. ડોબરીયા
હર્ષદ વી. ડોબરીયા
(એડવોકેટસ)

અનિલ જે. ડોબરીયા
એડવોકેટ

બીઝનેશ બે, ઓફીસ નં. ૨૦૨, સેકન્

બાળ લગ્ન સમાજનું ગંભીર દૂષણ: વર કન્યાના માતા-પિતા જ નહીં પરંતુ લગ્ન કરાવનાર કે પ્રત્યક્ષ-પરોક્ષ સહાય કરનાર પણ સજાને પાત્ર

નાગરિકો, સામાજીક આગેવાનો, ગ્રામજનો સક્રિય સહયોગ આપે: કલેકટરની અપીલ

રાજકોટ, તા. ૨૭: ભારત સરકાર દ્વારા ગત તા.૨૧ ઓકટોબરથી ૧૦૦ દિવસીય ''બાળલગ્ન-મુકત ભારત અભિયાન''નો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત સમગ્ર દેશમાં જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા તા. ૨૭ નવેમ્બરને આજના દિવસને ''આંતરરાષ્ટ્રીય બાળલગ્ન વિરોધી દિવસ'' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ વિશેષ દિવસ નિમિત્તે તા. આજરોજ રાજકોટ જિલ્લાના ગામોમાં વિશેષ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગ્રામજનોને બાળ લગ્ન અટકાવવા અંગેના સામૂહિક શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ અભિયાન સંદર્ભે રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશે જિલ્લાના તમામ નાગરિકોને ખાસ અપીલ કરતાં જણાવ્યું હતું કે, બાળલગ્ન એ સમાજનું એક ગંભીર દૂષણ છે અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય તથા સારા સ્વાસ્થ્ય માટે તેને અટકાવવું અત્યંત જરૂરી છે. ''બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬'' મુજબ લગ્ન માટે દીકરીની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ હોવી ફરજિયાત છે. નિર્ધારિત વયમર્યાદા કરતાં ઓછી ઉંમરે થતા લગ્ન કાયદેસરનો ગુનો બને છે.

કલેકટરશ્રીએ વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, જો કોઈ પણ સ્થળે બાળલગ્ન થાય તો માત્ર વર-કન્યાના માતા-પિતા જ નહીં, પરંતુ લગ્ન કરાવનાર પંડિત, મૌલવી કે અન્ય ધર્મગુરુઓ તેમજ આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયતા કરનાર તમામ વ્યક્તિઓ કાયદા હેઠળ સજા અને દંડને પાત્ર બને છે.

રાજકોટ જિલ્લો સાચા અર્થમાં ''બાળલગ્ન મુક્ત જિલ્લો'' બને તે માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે. આ ઉમદા કાર્યમાં તમામ નાગરિકો, સામાજિક આગેવાનો અને ગ્રામજનો પોતાનો સક્રિય સહયોગ આપે અને ક્યાંય પણ બાળ લગ્ન થતા જણાય તો તેને અટકાવવામાં મદદરૂપ બને તેવી અપીલ જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવી હતી. (૭.૨૭)



રવિવારે સમસ્ત પ્રજાપતિ સમાજના ૫૧ વડીલોનું સન્માન

રાજકોટ : સમસ્ત પ્રજાપતિ સમાજ, રાજકોટ દ્વારા સમાજના વડીલો પ્રત્યે સન્માન, કૃતજ્ઞતા અને સંસ્કારભાવ વ્યકત કરવાના ઉમદા હેતુથી ''વડીલ વંદના કાર્યક્રમ''નું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજના વડીલો આપણા સંસ્કાર, પરંપરા, અનુભવ અને માર્ગદર્શનના અમૂલ્ય વારસદાર છે. તેમના આશીર્વાદ અને જીવનના અનુભવો સમાજની નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહે છે. વડીલો પ્રત્યે આદર અને સન્માન વ્યકત કરવા તથા સમાજના પરિવારોને એક મંચ પર જોડવા માટે આયોજીત આ કાર્યક્રમમાં ૫૧ વડીલોનું શીલ્ડ, સાલ, પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમ : વડીલ વંદના અને સ્નેહમિલન તા. ૨૯ રવિવારે બપોરે ૨ થી ૭, સ્થળ : હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ. સમસ્ત પ્રજાપતિ સમાજ રાજકોટ દ્વારા સમાજના તમામ પરિવારોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે.

તસ્વીરમાં પ્રજાપતિ સમાજના સર્વશ્રી મનસુખભાઈ તલસાણીયા (મો. ૯૪૨૮૨૦૧૩૩૨), બળવંતભાઈ હળવદીયા, ઘનશ્યામભાઈ વાડોલીયા, સતીષભાઈ સતાપરા, દિલીપભાઈ સીતાપરા, મહેશભાઈ ભરડવા, રાકેશભાઈ રાવલ, તુષારભાઈ સરવૈયા, છગનભાઈ જાદવ, નરેશભાઈ ઘરોડિયા, મનસુખભાઈ મોજીદ્રા, યોગેશભાઈ ઉનાગર, પ્રફુલભાઈ નડિયાપરા, વિમલભાઈ સંચાણીયા નજરે પડે છે. (તસ્વીર : અભિજીત બગથરીયા) (૩૬.૧૧)



કુસ્તી સ્પર્ધામાં ગોલ્ડ

રાજકોટ: રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ નો વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી રાજકોટ શહેર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અન્વયે શહેર કક્ષાની કુસ્તી સ્પર્ધામાં સનરાઈઝ સ્કૂલ રેલનગર રાજકોટ માં ધોરણ ૫ માં ભણતી સ્નેહાબા વિરેન્દ્રસિંહ પરમાર એ અંડર ૧૪ (વજન જૂથ ૨૬ થી ૩૦ kg) માં પ્રથમ ક્રમે વિજેતા થઈ ને ગોલ્ડ મેડલ મેળવીને પરમાર કુટુંબનું ગૌરવ વધારેલ છે. તેમને માર્શલ આર્ટ્સની તાલીમ તેમના જ માતા સેન્સાઈ નમ્રતાબા પરમાર આપી રહ્યા છે. હવે રાજ્ય કક્ષા એ રાજકોટ શહેરનું પ્રતિનિધિત્વ કરશે. (૪૧.૨૧)

આહીર સમાજ રાજકોટ દ્વારા રવિવારે સ્નેહમિલન

શિક્ષણ, સામાજિક જાગૃતિ અને સમાજલક્ષી પ્રોજેક્ટ અંગે થશે વિચાર વિમર્શ : આહીર જ્ઞાતિજનોને સહપરિવાર નિમંત્રણ



રાજકોટ તા.૨૭ : આહીર સમાજ રાજકોટ દ્વારા વિક્રમ સંવત ૨૦૮૩ તથા નૂતન વર્ષના આગમન નિમિત્તે સમાજમાં એકતા, સંગઠન, ભાઈચારો અને સામાજિક જાગૃતિની ભાવનાને વધુ મજબૂત બનાવવાના ઉમદા આશયથી સ્નેહમિલન સમારોહ-૨૦૨૬નું આયોજન કરાયુ છે.

'અકિલા' ખાતે વિગતો વર્ણવતા આહીર સમાજના આગેવાનોએ જણાવ્યુ હતુ કે આગામી તા. ૨૯ ના રવિવારે સાંજે ૫.૩૦ કલાકે રાજકોટના મવડી-પાળ રોડ, વગડ ચોકડી પાસે, સરદાર રેસ્ટોરન્ટની બાજુમાં આવેલા ક્રિષ્ના પાર્ટી પ્લોટ-૧ ખાતે આ સ્નેહ મિલન મળશે. જેમાં નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે વિચારવિમર્શ કરાશે.

કાર્યક્રમ દરમિયાન સમાજમાં શિક્ષણ ક્ષેત્રે વધુ જાગૃતિ આવે, યુવા પેઢી શિક્ષણ અને પ્રગતિ તરફ પ્રેરાય, સમાજના રીતિ-રિવાજો અને સંસ્કૃતિનું જતન થાય તથા સમાજમાં ઉત્તમ પરંપરાઓ પ્રસ્થાપિત થાય તેવા વિવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

આ ઉપરાંત સમાજના વર્તમાન અને ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને સમાજને ઉપયોગી થઈ શકે તેવા વિવિધ પ્રોજેક્ટ અંગે પણ વિચારો રજૂ કરવામાં આવશે. સમાજના હિતમાં સામૂહિક રીતે સારા કાર્યોનું આયોજન થઈ શકે તે દિશામાં પણ વિચારણા કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સમાજના તમામ જ્ઞાતિબંધુઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમારોહના અંતે સ્વરુચિ ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આહીર સમાજ રાજકોટ દ્વારા તમામ સમાજજનોને મોટી સંખ્યામાં સહપરિવાર ઉપસ્થિત રહી આ સ્નેહમિલન સમારોહને સફળ બનાવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

તસ્વીરમાં 'અકિલા' ખાતે વિગતો વર્ણવતા ચંદુભાઈ મિયાત્રા, સામતભાઈ બોરખતરીયા, કિરીટભાઈ મૈયડ, મનસુખભાઈ બાળા, ચંદ્રેશભાઈ પરડવા, મહેશભાઈ ઢોલા, કરશનભાઈ મેતા, કેસુરભાઈ વારોતરીયા એડવોકેટ, શૈલેષભાઈ ખાંભરા, અજીતભાઈ લોખીલ, રમેશભાઈ રાવલીયા, અજયભાઈ લોખીલ, પ્રવિણભાઈ ગરચર, જયેશભાઈ કુંભરવાડીયા, જેઠસુરભાઈ ગુજરીયા, ભરતભાઈ કાનગડ નજરે પડે છે. (તસ્વીર : સંદીપ બગથરીયા) (૧૬.૨)

જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ

રાજકોટ તા. ૨૭: શ્રી સ્થાનકવાસી વણીક જૈન બાલાશ્રમ રાજકોટની યાદીમાં જણાવવામાં આવે છે કે જૈન સમાજના કોઈપણ ફીરકાના નબળી આર્થિક પરિસ્થિતિવાળા રાજકોટ શહેર તથા આજુબાજુના ગામોમાં રહેતા કુટુંબોના ધોરણ ૧ થી ૧૨ તથા ઉચ્ચ અભ્યાસ કોલેજ અને યુનિવર્સિટી માન્ય ડિપ્લોમાં વગેરેમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટે શિષ્યવૃત્તિ-શૈક્ષણિક સહાય આપવાનું ચાલુ કરવામાં આવેલ છે.

આ માટે યોગ્યતા ધરાવતા કુટુંબીઓ વિદ્યાર્થીઓએ સંસ્થાના કાર્યાલય શ્રી સ્થાનકવાસી જૈન બાલાશ્રમ, ૮-રજપુતપરા, લોધાવાડ પોલીસ ચોકી સામેની શેરી, ખાતે સંપર્ક કરી તા. ૧ થી તા. ૧૫ ડિસે. સુધી ફોર્મ મેળવી લેવા ફોર્મ ભરીને પરત તા. ૧૬ થી ૩૧ ડિસે. સુધીમાં સંસ્થાના કાર્યાલયે સવારે ૧૦ થી ૧ અથવા બપોરે ૫ થી ૭ દરમ્યાન પહોંચાડવાનાં રહેશે. (૭.૨૬)

કંપની સમાચાર

કેતન ખત્રી

કેન્ટાબિલ દ્વારા જામનગરમાં નવો સ્ટોર શરૂ

અમદાવાદ:કેન્ટાબિલ રિટેલ ઈન્ડિયા લિમિટેડ, ભારતના અગ્રણી એપેરલ ઉત્પાદક અને રિટેલર પૈકીનું એક, ગુજરાતમાં પોતાની મજબૂત હાજરીને વધુ મજબૂત બનાવતાં જામનગર, ગુજરાતમાં તેનો બીજો સ્ટોર લોન્ચ કર્યો છે.

આ ઉત્સાહજનક લોન્ચ અંગે કેન્ટાબિલ રિટેલ ઈન્ડિયા લિમિટેડના ડિરેક્ટર, શ્રી દીપક બંસલે પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું, ''અમે જામનગર, ગુજરાતમાં અમારા નવા પુરુષો અને એક્સેસરીઝના વિશિષ્ટ સ્ટોરને રજૂ કરતાં ખૂબ જ ઉત્સાહિત છીએમ કેન્ટાબિલને મિડ-પ્રિમિયમ સેગમેન્ટમાં ગ્રાહકો તરફથી વિશાળ પ્રશંસા મળી છેમ અમારા નવા સ્ટોરમાં પુરુષો માટે ફેશન-ફોરવર્ડ એપેરલ અને એક્સેસરીઝની વિશાળ શ્રેણી ઉપલબ્ધ રહેશેમ સમગ્ર ભારતમાં અમારી મજબૂત હાજરી સાથે, અમે આગામી વર્ષોમાં અમારા રિટેલ ફૂટપ્રિન્ટને વધુ વિસ્તૃત કરવા પ્રતિબદ્ધ છીએ!''

ટોયોટા કિર્લોસ્કર મોટરે લોન્ચ કરી ઓલ-ન્યૂ ઇનોવા હાયક્રોસ: પ્રથમ ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહન

અમદાવાદ:ટોયોટા કિર્લોસ્કર મોટરએ આજે ઓલ-ન્યૂ ઈનોવા હાયક્રોસ, ભારતનું પ્રથમ ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. સેલ્ફ-ચાર્જિંગ હાઇબ્રિડ ટેકનોલોજીની સુવિધા અને **E20 થી E85** સુધીના તમામ ઈથેનોલ ફ્યુઅલ બ્લેન્ડ્સનો ઉપયોગ કરવાની લવચીકતા સાથે, આ વાહન ગ્રાહકોને ડબલ માનસિક શાંતિ પ્રદાન કરે છે.

ઓલ-ન્યૂ ઈનોવા હાયક્રોસ - ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહનની રજૂઆત કરતાં, ટોયોટા કિર્લોસ્કર મોટરના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી માસાકાઝુ યોશિમુરાએ જણાવ્યું, ''ટોયોટામાં અમે માનીએ છીએ કે ઊર્જા પરિવર્તન અને કાર્બન ન્યુટ્રાલિટી તરફ આગળ વધવા માટે કોઈ એક જ ઉકેલ પૂરતો નથી, ખાસ કરીને ભારત જેવા વૈવિધ્યસભર બજારમાં, જ્યાં ગતિશીલતાની જરૂરિયાતો વિવિધ પ્રકારની છે. ઓલ-ન્યૂ ઈનોવા હાયક્રોસ - ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહન સાથે અમે ગ્રાહકોને વધુ વિકલ્પો પ્રદાન કરી રહ્યા છીએ, સાથે જ ઇલેક્ટ્રિફિકેશન અને **E20 થી E85** સુધીના તમામ ઈથેનોલ ફ્યુઅલ બ્લેન્ડ્સનો ઉપયોગ કરવાની સુવિધાને એકસાથે લાવી રહ્યા છીએ. અમને વિશ્વાસ છે કે આવા વ્યવહારુ ઉકેલો ગ્રાહકો અને સમાજ બંનેના હિતોને પૂર્ણ કરવામાં મદદરૂપ થશે, સાથે જ ભારતની ઊર્જા સુરક્ષા અને ડિકાર્બનાઈઝેશનના લક્ષ્યોને પણ સમર્થન આપશે.''

માતંગી રબર લિમિટેડ ૧૨૫.૧૬ કરોડના આઇપીઓ સાથે વૃદ્ધિની દિશામાં આગામી છલાંગ ભરે છે

સોલિડ ટાયર અને રબર રિસાયક્લિંગ ક્ષેત્રે વિસ્તરણ કરશે

અમદાવાદ: ઉદ્યોગમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતી ટાયર કમ્પોનન્ટ્સ અને રબર પ્રોડક્ટ્સની પ્રસ્થાપિત ઉત્પાદક કંપની માતંગી રબર લિમિટેડએ પ્રાઇસ બેન્ડ (**Rs.163–Rs.172**)ના ઉપલા સ્તરે **Rs.125.16** કરોડના ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (**IPO**)ની જાહેરાત કરી છે. આ ઇશ્યૂ મંગળવાર, ૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરુવાર, ૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. કંપનીના ઇક્વિટી શેરને **BSE** અને **NSE** પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.માતંગી રબરે ટાયર ફ્લેપ્સ, ટાયર ટ્યૂબ, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર ટાયર તેમજ રબર કમ્પાઉન્ડ્સમાં તબક્કાવાર પોતાની ઉત્પાદન ક્ષમતાઓ વિકસાવી છે. વર્ષો દરમિયાન કંપનીએ પોતાની પ્રારંભિક ઉત્પાદન કામગીરીથી આગળ વધીને મલ્ટી-પ્રોડક્ટ બિઝનેસ તરીકે વિસ્તરણ કર્યું છે, જે કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરિંગ, જોબ-વર્ક સેવાઓ અને પોતાની બ્રાન્ડેડ પ્રોડક્ટ્સના વેચાણ દ્વારા ઓટોમોટિવ અને રબર પ્રોડક્ટ્સની વેલ્યૂ ચેઈનને સેવા આપે છે.

ટોરેન્ટ ગ્રુપના યુએનએમ ફાઉન્ડેશન દ્વારા ભારતની સર્જનાત્મક અભિવ્યક્તિઓના જીવંત મંચ તરીકે ઓળખ



અમદાવાદ: ટોરેન્ટ ગ્રુપના યુએનએમ ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધીની સૌથી વિશાળ અને મહત્ત્વાકાંક્ષી એવી 'અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ'ની આઠમી આવૃત્તિનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું છે. આ સાથે જ અમદાવાદની ધરતી ફરી એકવાર દેશભરના કલાકારોની કલા, સર્જનાત્મકતા અને વિવિધ કલાત્મક અભિવ્યક્તિઓના અનોખા સંગમની યજમાન બની છે.

આ પ્રસંગે યુએનએમ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ શ્રીમતી સપના મહેતાએ જણાવ્યું હતું કે, કલાકારો અને કલારસિકોની જેમ જ હું પણ દર વર્ષે 'અભિવ્યક્તિ'ની આતુરતાપૂર્વક રાહ જોઉં છું. ગત વર્ષે ૪ લાખથી વધુ લોકોએ કોઈપણ અવરોધ વિના કલા સાથે જોડાઈને તેનો અનુભવ કર્યો હતો. આ વર્ષે આ આવૃત્તિ વધુ વ્યાપક અને વધુ શ્રેષ્ઠ બની છે, જેમાં અગાઉની આવૃત્તિઓમાંથી મળેલા અનુભવો અને શીખને સમાવવાનો અમે પ્રયાસ કર્યો છે. કલાના માધ્યમથી શહેરને જીવંત બનતું જોવાનો અનુભવ ખરેખર વિશિષ્ટ છે - વિવિધ સ્થળોનું રોશનીથી ઝળહળી ઊઠવું, કલાત્મક ઈન્સ્ટોલેશન્સનું આકાર લેવું અને રંગો, સંગીત તથા સર્જનાત્મકતાની ઊર્જાથી દરેક સ્થળનું જીવંત બની ઊઠવું. 'અભિવ્યક્તિ'ની આ સફરના કેન્દ્રસ્થાને રહેવું મારા માટે ગૌરવની વાત છે. કળાને સૌના માટે સુલભ બનાવવાના એક સરળ વિચારથી શરૂ થયેલી આ પહેલ આજે એક આંદોલનનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. (૩૫-

સત્યસાંઇ હાર્ટ હોસ્પિટલમાં રવિવારે ડાયાબીટીસની જેનેરીક દવા વિતરણ

રાજકોટ: શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિના ની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ તા.૨૯ રવિવારે સાંજે: ૬ થી ૭ સુધી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડમાં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ, સુગર ટેસ્ટ તથા બ્લડ પ્રેશર ફી માપી આપવામાં આવશે તેમ ડો. એ.આર. ભપલની યાદી જણાવે છે. (૩૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ વિચાર વિભાગ પ્રમુખ તથા શિક્ષણવીદે તંત્રનો કાન આમળ્યો

ફાયર હાઇડ્રન્ટ સ્થાપવા મનપાની જવાબદારી નોટીસોથી આગ બુઝતી નથી: નિદત્ત બારોટ

રાજકોટ તા.૨૭: શહેરમાં ફાયર સેફટી મુદે મનપા દ્વારા શાળા-કોલેજોમાં ચકાસણી વચ્ચે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિચાર વિભાગ પ્રમુખ ડો.નિદત બારોટે તંત્રનો ફાયર હાઇડ્રન્ટ મુદે કાન આમળ્યો છે.

આ અંગે ડો.નિદત બારોટે જણાવેલ કે, છેલ્લા ત્રણ દિવસના સમાચાર અનુસાર રાજકોટ મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરની ૩૯૯ શાળા, કોલેજ અને કોચિંગ ક્લાસને ફાયર સેફટી અંગે નોટિસ આપવામાં આવી છે. ફાયર વિભાગની આઠ ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં કુલ ૨,૩૭૪ ઈમારતોને ફાયર સેફટી સંબંધિત નોટિસ આપવામાં આવી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા માટે ફાયર સેફટીના નિયમોનું કડક પાલન થવું જ જોઈએ, પરંતુ આ નિયમોનું પાલન કરાવતી રાજકોટ મહાનગરપાલિકા પોતે પોતાની કાયદેસરની ફરજોનું કેટલું પાલન કરે છે, તેની તપાસ કોણ કરશે? ફાયર **NOC** માટે શાળા-કોલેજોના દરવાજે પહોંચતી મહાનગરપાલિકા આગ બુઝાવવા માટે એ જ દરવાજા પાસે પાણીની વ્યવસ્થા કેમ નથી કરતી?

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ પછી પણ જો શહેરમાં આગ બુઝાવવા માટે જાહેર ફાયર હાઈડ્રન્ટનું પૂરતું નેટવર્ક ઊભું કરવામાં ન આવ્યું હોય, તો તે વહીવટી તંત્ર અને રાજકીય નેતૃત્વની ગંભીર નિષ્ફળતા ગણાય.

બીજા શહેરોનું ઉદાહરણ આપતા ડો.નિદત બારોટે જણાવેલ કે, મુંબઈમાં ૧૦,૪૪૭ ફાયર હાઈડ્રન્ટ હોવાનું ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના ફ્રી પ્રેસ જર્નલના અહેવાલમાં જણાવાયું છે. તેમાંથી અંદાજે ૯,૫૦૦ હાઈડ્રન્ટ બિનકાર્યરત હોવાનો આક્ષેપ થતાં ત્યાંના નગરસેવકે ટેકનિકલ ઓડિટની માંગ કરી છે. સ્થાપના ઉપરાંત તેની નિયમિત જાળવણી કેટલી જરૂરી છે તેનું પણ આ ઉદાહરણ છે.

આવી જ રીતે રાજધાની નવી દિલ્હીમાં ન્યૂ દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ એક્ટ, ૧૯૯૪ની કલમ ૧૫૭ હેઠળ આગ બુઝાવવા માટે યોગ્ય સ્થળોએ પાણીની પાઈપલાઈન પર ફાયર હાઈડ્રન્ટ સ્થાપવાની અને તેની જાળવણી કરવાની જોગવાઈ છે. ઉપરાંત કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૨૫૩ હેઠળ આગ બુઝાવવા માટે અનુકૂળ સ્થળોએ ફાયર હાઈડ્રન્ટ સ્થાપવાની અને કાર્યરત રાખવાની જવાબદારી મ્યુનિસિપલ કમિશનરની છે.

જ્યારે દેશનાં અન્ય શહેરોમાં જાહેર ફાયર હાઈડ્રન્ટની વ્યવસ્થા માટે કાયદાકીય જોગવાઈઓ છે, ત્યારે રાજકોટમાં આવી વ્યવસ્થા વ્યાપક પ્રમાણમાં ઊભી કરવામાં કોની ઉદાસીનતા જવાબદાર છે?

સૌથી ગંભીર બાબત એ છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, ૧૯૪૯ની કલમ ૧૯૩ હેઠળ ફાયર હાઈડ્રન્ટ સ્થાપવાની અને તેની જાળવણી કરવાની જવાબદારી મ્યુનિસિપલ કમિશનરની છે. આગના સમયે પાણી ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી સાધનો અને માળખાકીય સુવિધાઓ ઊભી કરવાની પણ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે.

આ ઉપરાંત કલમ ૬૩(૧)(૫) હેઠળ આગ સામે નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવા સુસજ્જ ફાયર બ્રિગેડની વ્યવસ્થા કરવી મહાનગરપાલિકાની ફરજિયાત જવાબદારી છે. બીજા પાસે કાયદાનું પાલન કરાવતી મહાનગરપાલિકા પોતે કલમ ૧૯૩નું કેટલું પાલન કરે છે, તેનો હિસાબ રાજકોટની જનતાને આપવો જોઈએ.

મહાનગરપાલિકા અને ચુંટાયેલ સભ્યોને પ્રશ્નો

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા જાહેર ફાયર હાઈડ્રન્ટ શા માટે સ્થાપવામાં આવ્યા નથી ?

શાળા-કોલેજોના પ્રવેશદ્વાર નજીક, પ્રેસ બિલ્ડીંગ પાસે, મોલ, મલ્ટિપ્લેક્સ, થિયેટર, હોસ્પિટલ, પ્લે હાઉસ અને વિશાળ કોમર્શિયલ સંકુલો નજીક આગ બુઝાવવા માટે પાણીની શું વ્યવસ્થા છે?

છેલ્લા પાંચ વર્ષમાં ફાયર હાઈડ્રન્ટ સ્થાપવા પાછળ મહાનગરપાલિકાએ કેમ કોઈ ખર્ચ કર્યો નથી ?

ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ જાહેર ફાયર હાઈડ્રન્ટ નેટવર્ક ઊભું કરવા માટે શું વિશેષ આયોજન કરવામાં આવ્યું?

રાજકોટના ચૂંટાયેલા ધારાસભ્યોએ આ બાબતે વિધાનસભામાં ક્યારેય પ્ર' ઉઠાવ્યો છે?

કલમ ૧૯૩ મુજબ પૂરતી સુવિધાઓ ઊભી ન કરવામાં આવી હોય તો જવાબદાર અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવશે?



મહાનગરપાલિકા સમક્ષ માંગણીઓ

શહેરની તમામ શાળા, કોલેજ, કોચિંગ ક્લાસ અને શૈક્ષણિક સંકુલોના મુખ્ય પ્રવેશદ્વાર નજીક તકનીકી રીતે યોગ્ય સ્થળે જાહેર ફાયર હાઈડ્રન્ટ સ્થાપવામાં આવે.

તમામ મોલ, પ્રેસ બિલ્ડિંગ્સ, મલ્ટિપ્લેક્સ, સિનેમાગૃહો, પ્લે હાઉસ, ગેમઝોન, હોસ્પિટલો, લગ્નમંડપો, ઓડિટોરિયમ, બાન્ક્વેટ હોલ અને વિશાળ વ્યાપારી સંકુલો નજીક આવી વ્યવસ્થા કરવામાં આવે. શહેરના તમામ ૧૮ વોર્ડમાં ફાયર હાઈડ્રન્ટનું વૈજ્ઞાનિક ઢબે નેટવર્ક ઊભું કરવામાં આવે. ફાયર હાઈડ્રન્ટ સાથે ચોવીસ કલાક પૂરતા દબાણથી પાણી ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

ફાયર હાઈડ્રન્ટની નિયમિત ચકાસણી કરવામાં આવે અને તેનું સ્થાન **GPS** તથા **GIS** આધારિત નકશા સ્થાપિત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવે. આગામી ૩૦ દિવસમાં શહેરના ફાયર હાઈડ્રન્ટ અંગે શ્વેતપત્ર જાહેર કરવામાં આવે. આગામી છ મહિનામાં પ્રાથમિકતા ધરાવતાં જાહેર સ્થળોએ ફાયર હાઈડ્રન્ટની વ્યવસ્થા ઊભી કરવા સમયબદ્ધ આયોજન જાહેર કરવામાં આવે અને તે માટે અલગ બજેટ ફાળવવામાં આવે. રાજકોટના ચૂંટાયેલા ધારાસભ્યો આ મુદ્દે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરે અને જરૂરી વિશેષ ગ્રાન્ટ મંજૂર કરાવે.

જાહેર ફાયર હાઈડ્રન્ટની વ્યવસ્થા ઉપરાંત દરેક સંસ્થાએ પોતાની ફરજિયાત આંતરિક ફાયર સેફ્ટી વ્યવસ્થા પણ જાળવવી જ જોઈએ.

કરોડો રૂપિયાના ખર્ચે ઓવરબ્રિજ, સર્કલનું બ્યુટિફિકેશન અને સુશોભનના પ્રોજેક્ટ હાથ ધરતી મહાનગરપાલિકા પાસે નાગરિકોના જીવ બચાવવા માટે ફાયર હાઈડ્રન્ટ સ્થાપવાના પૈસા નથી? વિકાસના બણગાં ફૂંકવા કરતાં નાગરિકોના જીવની સુરક્ષા માટે નક્કર કામગીરી કરવી વધારે જરૂરી છે.

મહાનગરપાલિકા માત્ર નોટિસો ફટકારીને, ઈમારતોને સીલ કરીને અને સંચાલકોને જવાબદાર ઠેરવીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. નોટિસોથી આગ બુઝાતી નથી, ફાયર **NOC**ના કાગળોથી જીવ બચતા નથી. તેના માટે કાર્યરત સાધનો અને સમયસર પાણીની ઉપલબ્ધતા જરૂરી છે.(૨.૧૭)

ફાયર હાઇડ્રન્ટ એટલે શું?

ફાયર હાઈડ્રન્ટ એ પાણીની દબાણયુક્ત પાઈપલાઈન સાથે જોડાયેલું વિશેષ સાધન છે, જેમાંથી આગની દુર્ઘટના સમયે ફાયર બ્રિગેડ સીધું પાણી મેળવી શકે છે. તેના કારણે પાણી ભરવા માટે ફાયર બ્રિગેડનાં વાહનોને અન્ય સ્થળે જવાની જરૂર ઘટે છે અને આગ બુઝાવવાની કામગીરી વધુ અસરકારક બને છે.(૨.૧૭)

શાળા-કોલેજો, પ્રેસ બિલ્ડિંગ્સ, મોલ, સિનેમાગૃહો, પ્લે હાઉસ, મલ્ટિપ્લેક્સ, હોસ્પિટલ, વિશાળ કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને જાહેર જનમેદની એકત્રિત થતી જગ્યાઓના પ્રવેશદ્વાર નજીક મહાનગરપાલિકા ફાયર હાઇડ્રન્ટની વ્યવસ્થા કેમ કરતી નથી?

મહિલા અનામત અને સીમાંકન પર વિપક્ષને શાંત કરવામાં સરકારને એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરવો પડશે: સરકાર ૬૭ મતોના અંકગણિતને ઉકેલવા માટે સંઘર્ષ કરી રહી છે

બેઠકો ૫૪૩ રહેશે કે ૮૫૦ થશે ? મહિલા અનામત અંગે સંસદમાં ફરી છેડાશે રાજકીય યુદ્ધ

લોકસભામાં ખાસ બહુમતી મેળવવા માટે સરકારની ફ્લોર મેનેજમેન્ટ વ્યૂહરચના મહત્વપૂર્ણ: એપ્રિલમાં બંધારણ સુધારા બિલ ૫૪ મતોથી હારી ગયું

નવી દિલ્હી,તા.૨૭: એપ્રિલમાં સંસદમાં અણધારી હાર બાદ મોદી સરકાર ફરી એકવાર રાજકીય પડકારનો સામનો કરી રહી છે. મુદ્દો ફક્ત મહિલા અનામત લાગુ કરવાનો નથી, પરંતુ લોકસભા બેઠકોની સંખ્યા વધારવા અને સીમાંકન પ્રક્રિયાને આગળ વધારવા માટે જરૂરી સમર્થન મેળવવાનો પણ છે. ૩૦ નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદીય સત્રમાં સરકાર માટે ખરી કસોટી ફ્લોર મેનેજમેન્ટની હશે. તેણે ફક્ત તેના સાથી પક્ષોને એક રાખવાની જ નહીં, પણ એપ્રિલમાં અધૂરી રહી ગયેલી કાયદાકીય ગણતરીઓ પૂર્ણ કરવા માટે વિપક્ષી છાવણીમાં રાજકીય જગ્યા પણ શોધવી પડશે.

એપ્રિલની હાર અને ૬૭ મતોના પડકારની ગણતરી

સરકાર માટે આ પડકાર વધુ મોટો છે કારણ કે ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલ પસાર થઈ શક્યું ન હતું. આ બિલમાં ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓ પહેલા લોકસભામાં સભ્યોની મહત્તમ સંખ્યા ૫૫૦ થી વધારીને ૮૫૦ કરવાની અને મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાની જોગવાઈ હતી. મતદાન દરમિયાન, ૫૨૮ સભ્યો ગૃહમાં હાજર હતા. તેમાંથી ૨૯૮ સભ્યોએ બિલના પક્ષમાં મતદાન કર્યું અને ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું.

બંધારણીય સુધારા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી તે સમયે ૩૫૨ હતી. આમ, સરકાર ૫૪ મતોથી ઓછી પડી ગઈ. તે સમયે **NDA** ને ૨૯૩ સાંસદોનું સમર્થન હતું. આ હાર સરકાર માટે પણ મહત્વપૂર્ણ હતી કારણ કે તેનાથી બંધારણ સુધારા બિલ પસાર કરવા માટે સંખ્યાબંધ મુદ્દાઓનો અભાવ સ્પષ્ટપણે ઉજાગર થયો.

ગૃહ પરત ફર્યું, પરંતુ કાર્યસૂચિ પર સસ્પેન્સ યથાવત: કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ૨૬ નવેમ્બરે સંસદ ફરી બોલાવવાની જાહેરાત કરી. તે મુજબ, લોકસભા ૩૦ નવેમ્બરે અને રાજ્યસભા ૨ ડિસેમ્બરે ફરી મળશે. બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધી ચાલુ રહેવાની ધારણા છે. સરકારે આને તાત્કાલિક સરકારી કામકાજ માટે બોલાવવામાં આવેલી બેઠક તરીકે વર્ણવી છે, પરંતુ સત્તાવાર રીતે જાહેર કર્યું નથી કે કયા બિલ રજૂ કરવામાં આવશે. જો કે, અટકળો પ્રવર્તી રહી છે કે મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલ ફરીથી રજૂ કરવામાં આવશે.

દરમિયાન, એક મહત્વપૂર્ણ સંસદીય પાસું છે. ચોમાસુ સત્ર ૧૩ ઓગસ્ટના રોજ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યું હતું, પરંતુ તે હજુ સુધી ઔપચારિક રીતે પૂર્ણ થયું નથી. તેથી, બંને ગૃહો નવા સત્રને બદલે એક જ સત્ર માટે ફરી



બોલાવવામાં આવી રહ્યા છે.

લોકસભામાં સૌથી મુશ્કેલ કસોટી

બંધારણના અનુચ્છેદ ૩૬૮ હેઠળ, સુધારા બિલ પસાર કરવા માટે બે શરતો પૂરી કરવી આવશ્યક છે. પ્રથમ, ગૃહના સૌથી મોટો પડકાર છે.

એપ્રિલ મતદાનમાં, ૫૨૮ સભ્યો હાજર હતા, અને તે બધાએ મતદાન કર્યું. પરિણામે, ૩૫૨ મતોની જરૂર હતી, જ્યારે બિલને ફક્ત ૨૯૮ મત મળ્યા. આ વખતે પણ, જો બધા વિપક્ષી સાંસદો મતદાનમાં ભાગ લે છે અને તેની વિરુદ્ધ મતદાન કરે છે, તો સરકારે વધારાનું સમર્થન મેળવવું પડશે. જો કે, જરૂરી મતોની સંખ્યા ગૃહમાં હાજર અને મતદાન કરતા સભ્યોની સંખ્યા દ્વારા નક્કી કરવામાં આવશે. તેથી, તેને ફક્ત લોકસભાના કુલ સભ્યોની સંખ્યા સાથે જોડી શકાય નહીં.

વિપક્ષી છાવણી તોડવી કે મતદાનથી દૂર રહેવું?

સરકાર પાસે સમર્થન મેળવવાના બે સંભવિત રસ્તા છે. પ્રથમ, બિલને સમર્થન આપવા માટે વિરોધ પક્ષોના કેટલાક સાંસદો મેળવીને. પરંતુ પક્ષપલટા વિરોધી કાયદા અને પક્ષના વ્હીપ્સને કારણે આ સરળ રહેશે નહીં. કોઈ સાંસદ પોતાના પક્ષના નિર્દેશો વિરુદ્ધ મતદાન કરે તો તેમના માટે રાજકીય અને સંસદીય મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

બીજો વિકલ્પ મતદાન દરમિયાન વિપક્ષી સભ્યોની ગેરહાજરી હોઈ શકે છે. જો કેટલાક વિપક્ષી સાંસદો ગેરહાજર રહે, તો હાજર અને મતદાન કરનારા સભ્યોની સંખ્યા ઘટશે. આનાથી બે તૃતીયાંશ બહુમતી પ્રાપ્ત કરવા માટે જરૂરી મતોની સંખ્યા પણ ઘટશે. ઉદાહરણ તરીકે, જો ૪૪૦ સભ્યો મતદાન કરે, તો બે તૃતીયાંશ બહુમતી માટે ૨૯૪ મતોની જરૂર પડે છે. આવી સ્થિતિમાં, **NDA** ના ૨૯૩ સાંસદોનો ટેકો પણ પૂરતો નહીં હોય; તેને ઓછામાં ઓછા એક વધુ મતની જરૂર પડશે. આ જ કારણ છે કે સરકારની રણનીતિ ફક્ત તેની સંખ્યા વધારવાની નહીં, પરંતુ સમગ્ર મતદાન સમીકરણને તેના પક્ષમાં ફેરવવાની રહેશે.

મહિલા અનામત પર વિપક્ષની અલગ અલગ શરતો

એપ્રિલમાં, ભારત ગઠબંધન એક થયું અને માંગ કરી કે હાલની ૫૪૩ લોકસભા બેઠકોમાં મહિલા અનામત લાગુ કરવામાં આવે. વિપક્ષે દલીલ કરી હતી કે મહિલાઓને ૩૩ ટકા અનામત આપવા માટે સીમાંકન અને લોકસભા બેઠકોમાં વધારો ફરજિયાત શરતો ન હોવી જોઈએ. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ મુદ્દા પર સરકારના પ્રસ્તાવ સાથે અસંમતિ વ્યક્ત કરી છે.

ડીએમકેએ હાલની લોકસભા બેઠકોમાં રાજ્યોનો હિસ્સો જાળવવા પર પણ આગ્રહ રાખ્યો છે. દક્ષિણ ભારતીય રાજ્યો ચિંતિત છે કે વસ્તીના આધારે સીમાંકન વસ્તી નિયંત્રણમાં વધુ સારા પ્રદર્શન સાથે રાજ્યોના સંસદીય પ્રતિનિધિત્વને અસર કરી શકે છે. આરજેડી સાંસદ મનોજ ઝાએ મહિલા અનામતને સીમાંકન સાથે જોડવાના સરકારના અભિગમ પર પણ પ્રકાશ ઉઠાવ્યો છે. સરકાર માટે વિપક્ષી પક્ષોમાં સર્વસંમતિ બનાવવી મુશ્કેલ બનશે.

સુપ્રિયા સુલેના વલણથી રાજકીય અવકાશ વધ્યો છે

જોકે, વિપક્ષમાં કેટલાક સંકેતો છે કે સરકાર રાજકીય રીતે અનુકૂળ ગણી શકે છે. એનસીપી (શરદચંદ્ર પવાર) ના સાંસદ સુપ્રિયા સુલેએ ૨૫ નવેમ્બરના રોજ કહ્યું હતું કે પ્રસ્તાવિત બિલ પહેલા સંસદમાં રજૂ થવું જોઈએ. તેની જોગવાઈઓની સમીક્ષા કર્યા પછી જ અંતિમ વલણ નક્કી કરવું જોઈએ. તેમણે રાષ્ટ્રીય હિતમાં સરકાર અને વિપક્ષ એકસાથે આવવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી.

અગાઉ, સુલેએ તમામ રાજ્યોમાં લોકસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકા સમાન રીતે વધારો કરવાના પ્રસ્તાવ પર સકારાત્મક વિચારણા વ્યક્ત કરી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે બેઠકોમાં વધારો વસ્તીના આધારે ન હોવો જોઈએ અને મહિલા અનામતનો અમલ સમાન પ્રક્રિયા દ્વારા થવો જોઈએ. જો કે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમના પક્ષને હજુ સુધી કોઈ ઔપચારિક બિલ મળ્યું નથી અને સાથી પક્ષો સાથે ચર્ચા કર્યા પછી જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

રાજ્યસભા અને રાજ્ય મંજૂરી પણ મહત્વપૂર્ણ

સરકાર માટે ફક્ત લોકસભા ગણિત ઉકેલવું પૂરતું રહેશે નહીં. બંધારણ સુધારા બિલને રાજ્યસભામાં સમાન વિશેષ બહુમતી સાથે પસાર કરવાની જરૂર પડશે. વધુમાં, જો સુધારો રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાજ્ય પ્રતિનિધિત્વ જેવી સંઘીય જોગવાઈઓને અસર કરે છે, તો ઓછામાં ઓછા અડધા રાજ્ય વિધાનસભાઓની મંજૂરી પણ જરૂરી રહેશે. તેથી, પ્રાદેશિક પક્ષો અને રાજ્ય સરકારોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ બની જાય છે.

૩૦ નવેમ્બરથી શરૂ થતી સંસદીય કાર્યવાહીમાં સરકાર બિલનું કયું સંસ્કરણ રજૂ કરે છે અને વિપક્ષ સાથે સર્વસંમતિ મેળવવા માટે કયો માર્ગ અપનાવે છે તેના પર હવે બધાની નજર રહેશે. એપ્રિલમાં ૫૪ મતોથી હારી ગયેલી સરકાર માટે આ વખતે પડકાર ફક્ત બિલ રજૂ કરવાનો નથી પરંતુ બંધારણમાં સુધારો કરવા માટે જરૂરી વિશેષ બહુમતી મેળવવાનો છે.(૨૩.૪)

CM વિજયની ઐતિહાસિક જાહેરાત

બાળકના જન્મ પર પુરુષ કર્મચારીઓને મળશે ૧૫ દિવસની રજા

રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત પુરુષ કર્મચારીઓને આ સુવિધા મળશે: બાળકના જન્મના ૧૫ દિવસ પહેલા અથવા જન્મના ૬ મહિનાની અંદર આ રજા લઈ શકાશે

ચેન્નાઃ તા.૨૭: તમિલનાડુ સરકારે રાજ્યના પુરુષ સરકારી કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા તેમને ૧૫ દિવસની પિતૃત્વ રજા (પેટરનિટી લીવ) આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ગુરુવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરવાની સાથે જ જરૂરી આદેશો પણ જારી કરી દીધા છે. રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત પુરુષ કર્મચારીઓને આ પ્રકારની સુવિધા મળવા જઈ રહી છે.

રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, પુરુષ કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી પિતૃત્વ રજાની માંગ કરવામાં આવી રહી હતી. કર્મચારીઓની આ લાગણી અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણય પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકના ઉછેરમાં પિતાની ભૂમિકાને મહત્વ આપવાનો છે, જેથી તેઓ પણ પોતાના નવજાત શિશુની યોગ્ય દેખભાળ કરી શકે.

સરકારે આ પિતૃત્વ રજાનો લાભ લેવા માટે ચોક્કસ સમયમર્યાદા નિર્ધારિત કરી છે. નવા નિયમ મુજબ, પરિણીત પુરુષ સરકારી કર્મચારીઓ બાળકના જન્મના ૧૫ દિવસ પહેલા અથવા બાળકના જન્મ થયાના ૬ મહિનાની અંદર ગમે ત્યારે આ ૧૫ દિવસની રજા મેળવી શકશે. આ વ્યવસ્થાને કારણે કર્મચારીઓને પોતાની અને પરિવારની અનુકૂળતા મુજબ રજા પસંદ કરવાનો પૂરતો વિકલ્પ મળી રહેશે.

તમિલનાડુ સરકારનું સ્પષ્ટ માનવું છે કે બાળકની સંભાળ અને ઉછેરની જવાબદારી માત્ર માતા પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તેમાં પિતાનો સક્રિય સહયોગ પણ એટલો જ આવશ્યક છે. આ રજા મળવાથી પુરુષ કર્મચારીઓ બાળકના જન્મ સમયે પોતાના પરિવાર સાથે રહી શકશે અને જવાબદારી વહેંચી શકશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં મહિલા સરકારી કર્મચારીઓને અગાઉથી જ ૩૬૫ દિવસની માતૃત્વ રજા (મેટરનિટી લીવ) આપવામાં આવે છે, ત્યારે હવે પુરુષ કર્મચારીઓ માટે ૧૫ દિવસની રજાની શરૂઆત કરવામાં આવી છે.



૨૦૨૮ કર્ણાટક ચૂંટણી પહેલા કુમારસ્વામીનું વચન

જો NDA સરકાર બનશે તો ગ્રામીણ મહિલાઓને બે ગાયો મળશે

આશા કાર્યકરોના આંદોલન પર કોંગ્રેસ સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા

બેંગલુરુ:તા.૨૭: ૨૦૨૮ ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે રાજકીય શેતરંજીની પટ્ટી પહેલેથી જ ગોઠવાઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી અને જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે એક મોટું વચન આપ્યું છે, તેમણે કહ્યું છે કે જો ૨૦૨૮ માં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) સરકાર બનાવે છે, તો ગ્રામીણ પરિવારની દરેક મહિલાને બે ગાય આપવામાં આવશે. કુમારસ્વામીએ દાવો કર્યો હતો કે આ યોજના મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે. તેમણે આશા કાર્યકરોના આંદોલન અંગે રાજ્ય સરકારના અભિગમ પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

એચડી કુમારસ્વામીએ કહ્યું કે વિવિધ પક્ષો ચૂંટણી દરમિયાન લોકોના ખાતામાં સીધા રોકડ ટ્રાન્સફરના વચનો આપી રહ્યા છે. તેમણે કોંગ્રેસની ગેરંટી યોજનાઓની ટીકા કરતા કહ્યું કે તેમને ખબર નથી કે કોંગ્રેસ ભવિષ્યમાં કઈ નવી ગેરંટી રજૂ કરશે.

તેમણે કહ્યું કે જો ૨૦૨૮ માં એનડીએ સત્તામાં આવશે, તો ગ્રામીણ પરિવારોની મહિલાઓને આજીવિકા અને આર્થિક સશક્તિકરણ માટે બે ગાય આપવામાં આવશે. તેમના મતે, આનાથી મહિલાઓ નિયમિત આવક મેળવી શકશે અને તેમને તેમની નાણાકીય જરૂરિયાતો માટે અન્ય પર નિર્ભર રહેવું પડશે નહીં.

કુમારસ્વામીએ બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં આશા કાર્યકરો દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શન માટે રાજ્ય સરકારની પણ ટીકા કરી. તેમણે આરોપ લગાવ્યો કે સરકારનું વલણ 'અમાનવીય' અને ગરીબો પ્રત્યે અસંવેદનશીલ છે. કુમારસ્વામીએ કહ્યું કે મુખ્યમંત્રી કે કોઈ જવાબદાર મંત્રીએ વિરોધ કરી રહેલા આશા કાર્યકરોને ઔપચારિક વાતચીત માટે બોલાવ્યા નથી. તેમણે કહ્યું કે મહિલાઓ ૧૦ દિવસથી તેમની માંગણીઓ માટે વિરોધ કરી રહી છે, પરંતુ સરકાર તરફથી કોઈ અર્થપૂર્ણ પહેલ જોવા મળી નથી.

આશા વર્કર્સ યુનિયનના ઉપપ્રમુખ ઉમા દેવીએ કહ્યું કે તેઓ છેલ્લા ૧૦ વર્ષથી માનદ વેતનમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે. તેમના મતે, છેલ્લા નવ વર્ષમાં માનદ વેતનમાં ફક્ત ૩.૧,૫૦૦ નો વધારો થયો છે, અને હાલમાં તેમને ફક્ત ૩.૫,૦૦૦ મળે છે. વિરોધ કરી રહેલા આશા કાર્યકરો ૩.૧૫,૦૦૦ ના માસિક માનદ વેતનની માંગ કરી રહ્યા છે.

ઉમા દેવીએ જણાવ્યું હતું કે વરસાદ, ઠંડી અને અન્ય મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતાં, નાના બાળકો સાથે ઘણી મહિલાઓ વિરોધ સ્થળ પર હાજર છે, પરંતુ સરકાર તેમની માંગણીઓને ગંભીરતાથી લઈ રહી નથી.

કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે આશા કાર્યકરોને તેમનો વિરોધ સમાપ્ત કરવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર તેમની સમસ્યાઓથી વાકેફ છે અને ઉકેલ શોધવાના પ્રયાસો કરી રહી છે. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે તેઓ આ બાબતે ચર્ચા



કરવા અને યોગ્ય ઉકેલ શોધવા માટે નાણાં વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.(૪૧.૫)

આ વર્ષે બોક્સ ઓફિસ અને દર્શકોના દિલ પર રાજ કરનારી ખાસ ફિલ્મોની યાદી

બોક્સઓફિસ પર 'હનુમાન અંશ', 'મિર્ઝાપુર' થી લઈને 'મૈં વાપસ આઉંગા' સુધીની ૫ ગેમ ચેન્જર ફિલ્મો



મુંબઈ: તા.૨૭: વર્ષ ૨૦૨૬માં ઘણી નોંધપાત્ર ફિલ્મો રિલીઝ થઈ, જેણે દર્શકોને સતત સિનેમાઘરો તરફ ખેંચ્યા. જો તમે પણ આ વર્ષની શ્રેષ્ઠ ફિલ્મો વિશે વિચારી રહ્યા હોવ, તો ચાલો પાછળ વળીને આ ખાસ ફિલ્મો પર એક નજર કરીએ. ૨૦૨૬ની ૫ ફિલ્મો જે સાબિત થઈ 'ગેમ ચેન્જર'.

'હનુમાન અંશ' ૧૩ વર્ષના લક્ષ્મી નારાયણની આધ્યાત્મિક યાત્રાની વાર્તા છે. માતાના અવસાન બાદ તેમને ફરી મળવાની આશાએ તે હનુમાનજી દ્વારા ભગવાન રામની શોધમાં ઘર છોડી દે છે. તમામ સાંસારિક સુખોનો ત્યાગ કરીને તે વર્ષો સુધી ભ્રમણ કરે છે અને ભક્તિનો સાચો અર્થ શોધે છે. મોટા થઈને જ્યારે તે લક્ષ્મણ દાસ બને છે, ત્યારે તેને સમજાય છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ સંસાર છોડવામાં નહીં, પરંતુ નિઃસ્વાર્થ સેવા અને જરૂરિયાતમંદોની મદદ કરવામાં છે.

'મિર્ઝાપુર: ધ મૂવી'માં કાલીન ભૈયા અને પંડિત ભાઈઓ એક ખતરનાક સત્તા સંઘર્ષમાં ફસાઈ જાય છે, જ્યારે એક હરીફ બિઝનેસમેન બબ્બન યાદવ મોટા કન્સાઈનમેન્ટ સાથે મિર્ઝાપુરમાં પ્રવેશે છે. એક ડીલ તેમને જેસલમેર લઈ જાય છે, જ્યાં અણધાર્યા વિશ્વાસઘાત અને બદલાતી વફાદારી બધાને એકબીજાની સામે લાવી દે છે. કાલીન ભૈયાને બચાવવા માટે ગુડ્ડુ, બબલુ અને મુન્ના એક સાથે આવે છે, જેનાથી તણાવ વધે છે અને મિર્ઝાપુરની ગાદી પર કબજો જમાવવા માટે એક ભીષણ જંગનો તખ્તો તૈયાર થાય છે.

'ઓબ્સેશન' બેર નામના એક શરમાળ મ્યુઝિક સ્ટોર વર્કરની વાર્તા છે, જે એક જાદુઈ ઈચ્છા માંગે છે કે તેનો વર્ષો જૂનો કશ નિક્કી તેને દુનિયામાં સૌથી વધુ પ્રેમ કરે. જોકે, તેની આ ઈચ્છા એક ભયાનક વળાંક લે છે જ્યારે નિક્કી અત્યંત પઝેસિવ પાર્ટનર બની જાય છે અને તેનો પ્રેમ ખતરનાક વર્તનમાં ફેરવાઈ જાય છે. જેમ-જેમ નિક્કીનું ઝનૂન વધતું જાય છે, તેમ બેરને ખબર પડે છે કે અસલી નિક્કી પોતાના જ મગજમાં કેદ થઈ ગઈ છે, અને હવે તેણે પોતાની જ ઈચ્છાના ભયાનક પરિણામોનો સામનો કરવો પડે છે.

'મૈં વાપસ આઉંગા' નિર્વેર નામના યુવાનની વાર્તા રજૂ કરે છે, જે ડિમેન્શિયા (ભૂલી જવાની બીમારી) થી પીડિત પોતાના દાદા ઈશર સિંહનું વર્ષો જૂનું અધૂરું વચન પૂરું કરવા લંડનથી પાકિસ્તાનના સરગોધા જાય છે. ફ્લેશબેક દ્વારા ફિલ્મમાં યુવાન ઈશર અને અફસાનાના પ્રેમની દાસ્તાન બતાવવામાં આવી છે, જેમની જિંદગી ભાગલા (પાર્ટીશન) ના કારણે વેરવિખેર થઈ ગઈ હતી. નિર્વેર તેમના દર્દનાક ભૂતકાળના ટુકડાઓને જોડીને ઈતિહાસથી અલગ થયેલા બે પ્રેમીઓને ફરી મિલાવવા અને દાયકાઓથી અધૂરા રહેલા વચનને પૂરું કરવાની એક ભાવનાત્મક સફર નીકળે છે.

'વાઈલ્ડવુડ' બાર વર્ષની પ્રુ મેકકીલની વાર્તા છે, જેના નાના ભાઈને કાગડાઓનું એક ટોળું ઓરેગોનના પોર્ટલેન્ડ બહાર આવેલા એક રહસ્યમય જાદુઈ જંગલમાં ઉપાડી જાય છે. પોતાના ભાઈને બચાવવાના દ્રઢ નિશ્ચય સાથે પ્રુ આ પ્રતિબંધિત જંગલમાં પ્રવેશે છે, જ્યાં તેનો સામનો બોલતા પ્રાણીઓ, કાળા જાદુ અને જંગલના શક્તિશાળી જૂથો સાથે થાય છે. પોતાના ક્લાસમેટ કર્ટિસ સાથે મળીને તે જંગલના શાસકના એક ખતરનાક ષડયંત્રનો પર્દાફાશ કરે છે અને પોતાના ભાઈને બચાવવા તથા વાઈલ્ડવુડમાં શાંતિ સ્થાપવા અણધાર્યા સાથીઓને એકત્ર કરે છે.(૪૧.૭)

વરરાજા પક્ષના પરિવારે લગ્નની તૈયારીઓ માટે કન્યા પક્ષ દ્વારા ખર્ચવામાં આવેલી રકમ પરત કરી દીધી

'વરરાજો મારો બોયફ્રેન્ડ છે' : કોન્સ્ટેબલના લગ્નમાં મહિલા પોલીસનો હોબાળો : લગ્ન તોડાવી જતી રહી

ફિરોઝાબાદ : ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાંથી એક લગ્ન સમારંભમાં અચાનક ત્યારે હોબાળો થઈ ગયો, જ્યારે સાત ફેરાની તૈયારી ચાલી રહી હતી, ત્યારે એક મહિલા પોલીસકર્મી મેરેજ હોલમાં આવી ગઈ. તેણે વરરાજાને પોતાનો બોયફ્રેન્ડ ગણાવ્યો અને લગ્નનો વિરોધ કર્યો.

મહિલાના આ દાવા બાદ દુલ્હન પક્ષે લગ્નની વિધિ અટકાવી દીધી. મામલો એટલો વધી ગયો કે પોલીસને વચ્ચે આવવું પડ્યું. આખરે બંને પક્ષો વચ્ચે પોલીસ સ્ટેશનમાં સમાધાન થયું. વરરાજાના પરિવારે લગ્નની તૈયારીઓ પર થયેલા ખર્ચ દુલ્હન પક્ષને પાછો આપી દીધો.

હકીકતમાં જોઈએ તો, આ આખો મામલો ટૂંડલાના સ્ટેશન રોડ સ્થિત રોયલ



ગાર્ડન મેરેજ હોલનો છે. અહીં ૨૪ નવેમ્બરના રોજ મૈનપુરીના બરનાહલ વિસ્તારની એક યુવતીના લગ્ન થવાના હતા. તેના લગ્ન નારખી વિસ્તારના નગલા રામકુંવરી જાટઉના રહેવાસી યુવક સાથે નક્કી થયા હતા. વરરાજો ઉત્તર પ્રદેશ પોલીસમાં સિપાહી છે.

લગ્નની વિધિઓ ચાલી રહી હતી. પરિવાર અને સંબંધીઓ કાર્યક્રમમાં આવી ગયા હતા. સવારે સાત ફેરાની તૈયારી થઈ રહી હતી. આ દરમ્યાન એક યુવતી અચાનક મેરેજ હોલમાં આવી પહોંચી. તેણે વરરાજા સાથે પ્રેમ સંબંધ હોવાનો દાવો કર્યો. યુવતીએ લગ્ન પર પણ સવાલો ઊઠાવ્યા.

મહિલાના દાવા બાદ લગ્ન રોકાયા, યુવતીએ અચાનક પહોંચ્યા બાદ સમારંભમાં અફરાતફરી મચી ગઈ. દુલ્હન પક્ષના લોકોએ તેની વાત સાંભળ્યા બાદ લગ્ન કરવાની ના પાડી દીધી. તેમણે લગ્નની વિધિઓ અટકાવી દીધી. કહેવાય છે કે વર પર પ્રેમ સંબંધનો દાવો કરનારી યુવતી પણ યૂપી પોલીસમાં કોન્સ્ટેબલ છે.

યુવતીએ પોતાનો દાવો કર્યા બાદ મેરેજ હોલમાંથી નીકળી ગઈ. પણ ત્યાં સુધીમાં લગ્નનો માહોલ બદલાઈ ચુક્યો હતો. સાત ફેરાની તૈયારી વચ્ચે લગ્ન અટકી ગયા. ત્યાર બાદ વરના પરિવારમાં પણ તણાવની સ્થિતિ ઊભી થઈ.

પોલીસ સ્ટેશનમાં થઈ પંચાયત, લગ્નનો ખર્ચ પરત કર્યો. વિવાદની જાણ થતાં જ ટૂંડલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંને પક્ષના કેટલાક લોકોને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. ત્યાં બંને પરિવારના સંબંધીઓ વચ્ચે વાતચીત થઈ હતી. લાંબા સમય સુધી ચાલેલી પંચાયત બાદ બંને પક્ષો સમાધાન કરવા માટે રાજી થઈ ગયા હતા.

સમાધાન મુજબ, વરરાજા પક્ષના પરિવારે લગ્નની તૈયારીઓ માટે કન્યા પક્ષ દ્વારા ખર્ચવામાં આવેલી રકમ પરત કરી દીધી હતી. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે સહમતી બની હતી અને મામલો શાંત થયો હતો.

પોલીસે આ મામલે વરરાજા, દુલ્હન કે આરોપ લગાવનાર યુવતીની ઓળખ જાહેર કરી નથી. બંને પક્ષો વચ્ચે સમાધાન થયા બાદ પોલીસે પણ આ મામલે વધુ કોઈ માહિતી આપી નહોતી. આમ, જે લગ્નમાં સાત ફેરા થવાના હતા, તેનો અંત પોલીસ સ્ટેશનમાં થયેલા સમાધાન સાથે આવ્યો હતો. (૩૬.૩)

બંગાળીઓને મદદ કરવાને બદલે, ભારતે પાકિસ્તાનને નબળું પાડ્યું, અને શેખ હસીનાના શાસનમાં બાંગ્લાદેશ ભારતીય વસાહત બની ગયું

પાકિસ્તાનના મહેમાન બનેલા બાંગ્લાદેશના સ્પીકરે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું

નવી દિલ્હી: તા.૨૭: પાકિસ્તાનની મુલાકાતે આવેલા બાંગ્લાદેશના સંસદના સ્પીકર હાફિઝ ઉદ્દીન અહેમદે ભારત વિશે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ભારતે ૧૯૭૧માં બંગાળીઓને મદદ કરી ન હતી, પરંતુ પાકિસ્તાનને નબળું પાડ્યું હતું. ઈસ્લામાબાદમાં પોતાના નિવેદનમાં, અહેમદે ૧૯૭૧ના યુદ્ધના ઇતિહાસમાં ભારતની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા.

બુધવારે ઈસ્લામાબાદમાં સંસદ ભવનની મુલાકાત લેતી વખતે, હાફિઝ ઉદ્દીન અહેમદે ૧૯૭૧ના યુદ્ધ અને ઢાકાના પતનની આસપાસની ઘટનાઓને યાદ કરી. બીબીસી ઉર્દૂ અનુસાર, તેમણે કહ્યું કે ભારતે ૧૯૭૧માં બંગાળીઓને મદદ કરી ન હતી, પરંતુ પાકિસ્તાનને નબળું પાડ્યું હતું.

અહેમદે એવો પણ આરોપ લગાવ્યો કે શેખ હસીનાના ૧૫ વર્ષના શાસન દરમિયાન, બાંગ્લાદેશ ભારતની વર્ચ્યુઅલ ક્લવસાહતક્ષ બની ગયું હતું, અને તેના પરિણામે દેશના લોકોએ ભોગવવું પડ્યું હતું. અહેમદ પોતે પાકિસ્તાની સેનામાં ભૂતપૂર્વ કેપ્ટન છે. તેમણે ૧૯૭૧ના યુદ્ધમાં ભાગ લીધો હતો અને બાદમાં બાંગ્લાદેશમાં બહાદુરી માટે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

હાફિઝ ઉદ્દીન અહેમદે કહ્યું કે ૧૯૭૧માં બંગાળીઓ લોકશાહીની માંગ કરી રહ્યા હતા, પરંતુ તેમને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા. બાંગ્લાદેશ અને પાકિસ્તાનની સંસદીય પ્રણાલીઓની તુલના કરતા, તેમણે કહ્યું કે ૧૯૭૫માં બાંગ્લાદેશમાં એક-પક્ષીય વ્યવસ્થા લાગુ કરવામાં આવી હતી. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે દેશમાં સાચી લોકશાહી પ્રાપ્ત થઈ નથી. જો કે, તેમણે ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાયેલી બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીઓને મુક્ત અને ન્યાયી ગણાવી.

બાંગ્લાદેશ સ્પીકરે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના અંગે ભારત પર પણ નિશાન સાધ્યું. ઓગસ્ટ ૨૦૨૪ માં બાંગ્લાદેશ છોડ્યા પછી શેખ હસીના ભારતમાં છે. અહેમદે કહ્યું કે જો હસીના બાંગ્લાદેશ પરત ફરશે, તો તેમને સીધા જેલમાં મોકલવામાં આવશે. તેમણે હસીનાના વાપસી અંગેના નિવેદનોને તેમના સમર્થકોને આશ્વાસન આપવાના પ્રયાસ તરીકે વર્ણવ્યા



અને દાવો કર્યો કે તેઓ ઓછામાં ઓછા આગામી ૧૦ વર્ષ સુધી બાંગ્લાદેશ પાછા ફરે તેવી શક્યતા નથી.

તેમણે હસીના પર એવો પણ આરોપ લગાવ્યો કે તેઓ એવા દેશમાં આશ્રય માંગે છે જેને તેમણે મુસ્લિમો પ્રત્યે પ્રતિકૂળ ગણાવ્યો હતો. બાંગ્લાદેશે ભારત પાસેથી હસીનાના પ્રત્યાર્પણની સતત માંગણી કરી છે. અહેમદે કહ્યું ક

બહુમાળી ભવન ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં પ્યુન પ્રભાબેન સરવૈયાનો ગળાફાંસો ખાઇ આપઘાત

નિવૃત થવાને ત્રણ વર્ષ બાકી હતાં: બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું બહાર આવ્યું: પતિના અવસાન પછી તેમની જગ્યાએ આ નોકરી મળી હતી: ૮૦ ફુટ રોડ પર આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતાં પરિવારજનોમાં ગમગીની



રાજકોટ તા. ૨૭: શહેરના ૮૦ ફુટ રોડ પર સત્યમ્ પાર્કમાં રહેતાં અને બહુમાળી ભવનમાં બીજા માળે આવેલી ભુસ્તર શાસ્ત્રીની કચેરી ખાતે પ્યુન તરીકે ફરજ બજાવતાં સતાવન વર્ષના મહિલા કર્મચારીએ સવારે ઓફિસમાં જ પંખામાં લટકી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં તેમણે બિમારીથી કંટાળીને પગલુ ભર્યાનું ખુલ્યું છે. કચેરીમાં આપઘાતની ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં સમગ્ર કચેરીના કર્મચારીઓ સહિતના લોકો દોડી આવ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ ૮૦ ફુટ રોડ હુડકો શો રૂમ સામે સત્યમ્ પાર્કમાં રહેતાં પ્રભાબેન રતિલાલ સરવૈયા (ઉ.વ.૫૭) નામના મહિલાએ સવારે બહુમાળી ભવનમાં બીજા માળે આવેલી ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં પંખામાં દોરી બાંધી દેહ લટકાવી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનારા પ્રભાબેન સરવૈયા આ કચેરીમાં જ પ્યુન તરીકે નોકરી કરતાં હતાં. સવારે ઘરેથી નોકરીએ આવ્યા પછી તેમણે ઓફિસમાં જ આ પગલુ ભરી લીધું હતું. અન્ય કર્મચારીઓ ઓફિસમાં પહોંચ્યા ત્યારે ઘટનાની જાણ થતાં તુરંત ૧૦૮ બોલાવી હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં અને તેમના મોબાઈલમાંથી સગાને તેમજ પોલીસને જાણ કરી હતી.

આપઘાત કરનારને સંતાનમાં બે દિકરા પૈકી મોટા દિકરા હેમરાજભાઈનું દસેક વર્ષ પહેલા અકસ્માતમાં મૃત્યુ થયું હતું. નાના દિકરાનું નામ જયદિપભાઈ છે. જે વર્ક ફ્રોમ હોમ કરે છે. પતિ પણ હયાત નથી. વીસેક વર્ષ પહેલા તેમનું અવસાન થયું હતું. પતિના અવસાન પછી તેમની જગ્યાએ જ પ્રભાબેનને અહિ ભુસ્તર શાસ્ત્રી કચેરીમાં નોકરી મળી હતી. નિવૃત થવાને ત્રણ વર્ષ બાકી હતાં. બિમારીથી કંટાળી પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. કેટલાક સમયથી તેઓ ઓફિસે આવ્યા પછી ગુમસુમ રહેતાં હતાં. એક ચિઠ્ઠી મળી હોઇ તે પોલીસે કબ્જે કરી વિશેષ તપાસ યથાવત રાખી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઈ ગયો હતો. (૧૪.૧૩)

આપઘાતની ઘટના જ્યાં બની તે બહુમાળી ભવનમાં આવેલી ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ઘટના સ્થળે મહિલા કર્મચારીનો નિષ્પ્રાણ દેહ, સગા સ્વજનો, પોલીસ સ્ટાફ અને તેમનો ફાઈલ ફોટો જોઈ શકાય છે (તસ્વીર: સંદિપ બગથરીયા)

જોઈએ છે
૧૫૦ ફિટ રિંગ રોડ પર ડેન્ટલ આસિસ્ટન્ટની જરૂર છે
૯૬૮૭૨ ૨૨૧૯૮

જુની ખુરશી આપો નવી ખુરશી લઇ જાઓ
માત્ર રીનોવેશન સોફા સેટ
રીવોલ્વીંગ ચેર, વીઝીટર ચેર, ડાયનીંગ ચેર, કોમ્પ્યુટર ચેર, ઓફીસ ચેર
મોમાઈ લાઈનીંગ વર્કસ શનીભાઇ
રીપેરીંગ તેમજ નવી બનાવી આપીશું
99243 45419

પ્લોટ લે-વેચ માટે મળો
વાગુદળ / છાપરા / દેવગામ
ઈશ્વરીયા / અમરેલી / બાલસર
બ્રો. 96015 72169

જોઇએ છે
રીસેપ્શનીસ્ટ B.Com. ૧
એકાઉન્ટન્ટ B.Com. ૧
બાયોડેટા તથા અનુભવની વિગતો સાથે રૂબરૂ મળો :
શ્રી કન્સલ્ટન્સી
"વ્રજ" ૩/૫ જુલાઇ વાટીકા, પીરામીડ ટાવર પાછળ, અમીનમાર્ગ, રાજકોટ
મો. 63527 87972

ઓપરેશન વગર પથરી
ફક્ત ૫ ડોઝમાં ભૂકો થઇને નીકળી શકે
સોનોગ્રાફીનો રીપોર્ટ જરૂરી છે
– સંજીવની ક્લિનીક –
◆ ડૉ. એમ. વી. ફીનાવા ◆
ઓર્થોપેડિક સર્જન
ગોંડલ : ગાયત્રી બંગ્લોઝ પાસે, બસ સ્ટેન્ડ નજીક
રાજકોટ : ફ્રસ્ટ ફ્લોર, આલાપ હેરીટેજ સામે, સંત્યસાઈ હોસ્પિટલ રોડ, ઓફ ત્રિલોચન રોડ, રાજકોટ
મો. ૯૩૭૫૮ ૦૩૭૩૦
કુદરતી દવા મેળવવી શક્યારો
શનીવારે તથા રવિવારે રાજકોટ મળશે

સ્વરાજ મઝદા બસ વેચવાની છે
મોડેલ 2011, 40 સીટર બસ, નોન AC,
કુલ ચાલેલ: 3,00,000 કિ.મી., રાજકોટ પાસિંગ, તમામ ડોક્યુમેન્ટ્સ અપડેટ
સંપર્ક: 80004 34440
સંપર્ક સમય : સવારે 10 થી સાંજે 4 વાગ્યા સુધી.
નોંધ : આમ ખરીદવાની ઇચ્છા ધરાવતા ગ્રાહકોએજ સંપર્ક કરવો

ડ્રાયવર જોઇએ છે
ઉ.વ. ૩૫ થી ૪૫ સુધી
અનુભવી/ લાયસન્સ હોવું જરૂરી
અરજી સાથે રૂબરૂ મળો: સાંજે ૪ થી ૫
આર.પી.ભાલોડીયા કોલેજ
૭-મનહર પ્લોટ, રાજકોટ
99248 44093

સેકસ સમસ્યાઓ માટે વર્ષોના અનુભવી
ડો. પ્રકાશ શેઠ
(ગુજરાતના અગ્રગણ્ય સેકસોલોજીસ્ટ)
લગ્ન પહેલા-લગ્ન પછીના પ્રશ્નો, શુક્રાણુની કમી નિસંતાનતા, સેક્સ સ્ત્રી-પુરૂષના ગુપ્તરોગ અને સેક્સની તમામ સમસ્યાઓ અને તકલીફો માટે
સમય: સવારે ૧૧ થી ૨, સાંજે ૬ થી ૯
(એપોઇન્ટમેન્ટ લઇને મળવું)
હેપી સેકસ ક્લીનીક
ગ્રામશિલ્પ ખાદી ભંડાર સામે, ગ્રેવીસ હોસ્પિટલ સામે, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ
૯૮૯૮૦ ૭૯૫૭૭

Raymond શુટ રૂા. ૩૫૦૦
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂા.૧૫૫૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂા. ૧૨૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા.૧૩૫૦
ભાડે મળશે શુટ-સેરવાની
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ન્યુ ફ્રેશ કલેકશન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

ગ્રીન-ટીના શોખીનો માટે
શેઠ બ્રધર્સ લાવ્યા છે
પ્રતિકાર ડિટોક્સ ગ્રીન ટી
✓ તાજગીભર્યો ટેસ્ટી સ્વાદ
✓ આયુર્વેદિક ગુણોથી ભરપૂર
SHETH BROTHERS SINCE 1972
Pratikar
Refreshing Detox Green Tea
10 TEA BAGS
અશ્વગંધા, તુલસી અને હલ્દી યુક્ત
વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો
પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામા ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. શરદીમા રાહત આપે છે.

vamika PRODUCTIONS
ZSTUDIOS
ZSTUDIOS & VAMIKA PRODUCTION PRESENT
JAI HANUMAN
KING OF SALANGPUR
तुम रक्षक काहू को डरना
A FILM BY PRASHANT DESHAVAL
PRODUCED BY DHRUV DESHAVAL, AMIT SANTOKI, CHETAN THUMMAR, ANAND AGHARA
HARDIK GADARA CO-PRODUCER MOHIT VAGHASIYA
આજથી સિનેમાઘરોમા
BOOK TICKETS book my show
OVERSEAS RELEASE BY OMG PICTURES
A ZSTUDIOS RELEASE

જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકી૨ ની ખેતીની જમીન સંબધે

આથી અમો નીચે સહી કરનાર **શૈલેન્દ્રસિંહ આર. જાડેજા - એડવોકેટ** તે મારા અસીલ **શ્રી મધુભાઈ દેવજીભાઈ કોળી** રહે: રાજકોટ વતી આ જાહેર ચેતવણી આપી લાગતા વળગતા સૌ ને જણાવવાનું કે, અમારા અસીલની માલિકીની અને કબ્જા ભોગવટાની ખેડવાણ જમીન કે જે રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના **રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકી૨** ની ખેતીની જમીન આવેલ છે.

રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકી૨ વાળી ખેડવાણ જમીન અમારા અસીલ તથા અન્ય વારસોને વારસાઈ નોંધ નંબર: ૩૮૧૭ તા: ૦૨-૦૬-૧૯૭૯ થી **દેવજીભાઈ નાનજીભાઈ** ના કાયદેશરના વારસદાર દરજ્જે પ્રાપ્ત થયેલ છે.ત્યારથી સદરહું જમીનનો અવિરત પણે કબ્જો - ભોગવટો અમારા અસીલ ધરાવે છે.ત્યારબાદ **રઘુભાઈ દેવજીભાઈ અને અરવિંદભાઈ દેવજીભાઈ** નું અવસાન થતા તેમના વારસોની વારસાઈ નોંધ પ્રમાણિત થયેલ છે. તાજેતરમાં સદરહુ ખેડવાણ જમીનમાં અમારા અસીલના રેવન્યુ રેકર્ડમાં કોઈ જાદવભાઈના વારસોએ ઉભા કરેલ દસ્તાવેજોના આધારે આશરે ૪૬ વર્ષ બાદ વર્ષ-૧૯૭૯ ની કાયદેશરની વારસાઈ નોંધને પ્રાંત અધિકારીશ્રી, રાજકોટ શહેર-૧ સમક્ષ તકરારી બનાવી ગેરકાયદેશર અને ગેરકાનુની રીતે અમારા અસીલની વારસાઈ નોંધ ને રદ કરવાનો હુકમ મેળવી ત્રાહિતનુ હીત ઉત્પન્ન થાય તે રીતે ખોટી અને ગેરકાયદેશર રીતે બોગસ વારસાઈ નોંધ દાખલ કરાવી ત્રાહિત નું હીત ઉતપન્ન કરવાનું શડયંત્ર ઘડતા હોવાનુ ધ્યાને આવતા અમારા અસીલે નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ સમક્ષ અપીલ/રીવીઝન અરજી ના કામે યથાસ્થિતિ જાળવી રાખવા અંગે મનાઈહુકમ મેળવવા માટે અરજી કરેલ હતી જે અરજી નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને સદરહું જમીનમાં તબદીલી,ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ વ્યવહારો થવા ન પામે એટલા સારુ સદરહું કેસનો આખરી નિર્ણય ન આવે ત્યા સુધીનો મનાઈહુકમ ફરમાવવામાં આવેલ છે જેની લાગતા વળગતા સૌ એ ખાસ નોંધ લેવી.

અમારા અસીલની ખેડવાણ જમીનના ટાઈટલ દુષિત કરવા અને યેનકેન પ્રકારે ત્રાહીતનું હીત ઉતપન્ન કરી કપટપુર્વક અમારા અસીલ પાસેથી આર્થિક ગેરલાભ મેળવવા માટે ઉંચી પંહોચ ધરાવતા ચોક્કસ લોકોનો ડોળો મંડાણો છે અને જમીન કૌભાંડીયાઓ સક્રિય થયેલ છે અને યેનકેન પ્રકારે અમારા અસીલ પાસેથી ગેરકાયેશર રીતે કબ્જો મેળવવાના જુદાજુદા હથકંડા ઓ અપનાવી રહ્યા છે. અમારા અસીલની કાયદેશરની વારસાઈ નોંધ ને ૪૬ વર્ષ બાદ ખોટી રીતે રદ કરાવી ખોટી અને ગેરકાયદેશર રીતે બોગસ વારસાઈ દાખલ કરવામાં આવતા અમારા અસીલની નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ સમક્ષ ધોરણસરની અપીલ/રીવીઝન સહીતની કાનુની કાર્યવાહી હાલ ચાલુ છે. વધુમાં અમારા અસીલના રેવન્યુ રેકર્ડમાં કોઈ જાદવભાઈ નું નામ ન હોવા છતા ઉભા કરેલ દસ્તાવેજો ને આધારે અમારા અસીલની ખેતીની જમીનમાં કહેવાતા જાદવભાઈ ના વારસો એ ખોટી નોંધ દાખલ કરાવી અમારા અસીલના ટાઈટલને દુષિત કરેલ છે જેથી અમારા અસીલ જાદવભાઈ ના તમામ વારસો વિરુધ્ધ તથા તેમને સીધી અને આડકતરી રીતે મદદ કરતા તમામ ઈસમો સામે કાયદેશરની કાર્યવાહી કરી રહ્યા છે. જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ ખેડવાણ જમીન નો કબ્જો ભોગવટો અને માલિકી અમારા અસીલની હોય અને નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ દ્વારા સદરહું જમીન સંબધે મનાઈ હુકમ કરવામાં આવેલ હોય કોઈએ સદરહું જમીન સંબધે કોઈપણ જાતનો આર્થિક વ્યવહાર કે ત્રાહિત વ્યક્તિનું હીત ઉતપન્ન થાય તેવો કોઈ વ્યવહાર કરવો નહી અને આવો કોઈ વ્યવહાર અમારા અસીલને બંધન કર્તા નથી. તેમ છતા વ્યવહાર થયેલ માલુમ પડશે તો અમારા અસીલ આવા તમામ કૌભાંડકારો વિરુધ્ધ ધોરણસરની કાનુની કાર્યવાહી કરશે અને તેના ખર્ચ અને પરીણામની જવાબદારી તેમના શીરે રહેશે જેની સર્વે એ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬

મારી સુચના, સંમતિ અનુસાર
શ્રી મધુભાઈ દેવજીભાઈ કોળી

અમારા મારફત:
LAWMATIX ASSOCIATES

શૈલેન્દ્રસિંહ આર. જાડેજા
એડવોકેટ

સંદિપ આર. જોષી - રશ્મિન એ. પટેલ
શુભમ આર. જોષી - દેવેન્દ્રસિંહ એસ. જાડેજા

ઓફીસ નં. ૨૧૭-૨૧૮-૨૧૯ લેન્ડમાર્ક બિલ્ડીંગ, એસ્ટ્રોન ચોક, રાજકોટ. મો. ૯૮૨૫૧ ૯૭૯૭૩

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત

સરદાર ભવન, બ્લોક નં.૭, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
વેબસાઈટ : https://ceo.gujarat.gov.in/

મતદાર યાદી
ખાસ સંક્ષિપ્ત સુધારણા (SSR) - ૨૦૨૬

સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ ૨૭.૧૧.૨૦૨૬

મુસદ્દા મતદારયાદીમાં તમારૂં નામ અને વિગતો તપાસો

મુસદ્દા મતદારયાદી અહી પ્રદર્શિત કરવામાં આવી છે :

- તમારૂ મતદાન મથક
- મતદાર નોંધણી અધિકારીની કચેરી
- ચૂંટણી પંચની વેબસાઈટ : https://voters.eci.gov.in/
- મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ : https://ceo.gujarat.gov.in/

હક્કા-દાવા અને વાંધા અરજીઓ : ૨૭ નવેમ્બર થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૬ સુધી

તમારે શું કરવાની જરૂર છે ?

ફોર્મ ૬ સબમીટ કરો
મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા માટે અરજી કરવા

ફોર્મ ૬(એ) સબમીટ કરો
વિદેશ વસતા ભારતીય નાગરીકોએ મતદાર તરીકે મતદાર યાદીમાં સમાવેશ કરાવવા માટે અરજી કરવા

ફોર્મ ૭ સબમીટ કરો
નામ દાખલ કરવા પર વાંધો અથવા નોંધાયેલ નામ રદ કરવાની અરજી કરવા

ફોર્મ ૮ સબમીટ કરો
સરનામું બદલવા, વિગતો સુધારવા, EPIC બદલવા અથવા દિવ્યાંગતા ચિહ્નિત કરવા

તમારી અરજી કેવી રીતે સબમિટ કરવી

- ઓનલાઈન : https://voters.eci.gov.in/ અથવા ECINET એપ દ્વારા.
- ઓફલાઈન : તમારા બૂથ લેવલ ઓફિસર (BLO) અથવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીની કચેરીનો સંપર્ક કરો.

ખાસ ઝુંબેશની તારીખો
૨૯ નવેમ્બર, ૬ & ૧૩ ડિસેમ્બર ૨૦૨૬

મદદની જરૂર છે? કૉલ કરો | મતદાર હેલ્પલાઇન: 1950

@CEOGujarat | Chief Elecoral OfficerGujaat | gujaratceo | @CEOGujaratState